કલાવંત માટે જાહેર છાપાના મત.

PIONEER.

THE SCIENCE OF ARYAN MUSIC.

Mr. D. N. Patel, who has made his mark in vernacular literature by his able and interesting contributions to the Native Press, has added to the obligations he has conferred on Indian readers by the publication of a book called *The Science of Indian Music.* It treats of almost all the important points in Indian music and contains a series of lectures on Indian music delivered by the author during the last ten years. Treating of the many interesting departments of Indian music, the author throws a great deal of light on the effects of music on physical powers and mental culture. There is an interesting chapter on the theory of sounds and vibrations, their causes and consequences under the sun, symbolising sound as Destroyer, Preserver, and Creator. Mr. Patel has also added some mythological legends at the close of the book.

BOMBAY GAZETTE.

28th December 1905.

THE SCIENCE OF ARYAN MUSIC.

Mr. D. N. Patel, who has made his mark in vernacular literature by his able and interesting contributions to the Native Press, has added to the obligations he has conferred on Indian readers by the publication of a book called "the Science of Indian

Music." Among the few fine arts that India can boast of, the science of Indian Music stands foremost. Some light has been thrown by that eminent scholar, Sir William Jones, on the theory and antiquity of Indian Music. Much has been said also by Western scholars on the subject but a correct knowledge of the art of Indian Music still remains enveloped in darkness; and its light is but inadequately diff[illegible] present civilised times. Some works have been written in Sanskrit by Indian Savants on the subject; **Mr. Patel's book is the first important contribution by a Parsee in the Gujerati language, adapted to the appreciation of ordinary Gujerati readers.** It treats of almost all the important points in Indian Music, and is the more valuable as proceeding from the pen of one who enjoys a perfect and practical acquaintance with the subject, of which he treats. It contains a series of lectures on Indian Music delivered by the author during the last ten years in a popular and fascinating form. Treating of the many interesting departments of Indian Music, the author throws a great deal of light on the effects of music on physical powers and mental culture. Music as medicine is not unknown to the German. Mr. Patel seems to be in touch with such power of music, and he treats of Indian Music from medical and physiological point of views. At the close of the book we find an interesting chapter on the theory of sounds and vibrations, their causes and consequences under the sun, symbolising sound as Destroyer, Preserver, and Creator. We are afraid the author has over-acted his part in trying to prove the problem. Mr. Patel has also added some mythological legends at the close of the book, which were highly appreciated at the time they were contributed to one of the vernacular dailies of Bombay. The book is likely to prove very useful to all students and lovers of Indian Music.

.31, November 1905, Vol. I, No 11.

KALAWANT.

..ncient India was alive to the importance of the ..d art of music, is evident from the ancient literature on the subject. We find the Courts of Hindu Chiefs and ..al households holding concerts, and not infrequently we find even princesses taking part in them Princess Mrignayana and Rani Mirabai, both Rajputanis, distinguished themselves by their mastery over vocal music. But Indian music has had its ups and downs. The puritanic Mahomedans regarded it with contempt, and it had a narrow escape at the hands of some of the Mogul Emperors. The Southern India Chiefs, however, cultivated the art and it developed considerably under their fostering care. During those disturbed times when the Maratha Confederacy was busily engaged in constant warfare, very little progress was made in popularising the fascinating art. The *Lavanis* sung at the time of sowing the seed, and the warlike *powadas* were the only songs and ballads known to the Marathas, in addition to the easy tunes of the *Shlokas*, *Aryas*, *Ovis*, and *Abhangas* which the poet saints had introduced into the Maratha Country. The *Kalawant* was a recognised institution, which confined itself to the teaching and practice of music, dancing and acting. The dancing girl was known as the *Kalawantin*, literally "Mistress of the Art." These "M. A.'s" of music of the early period in India had none of the degradations attached to them, which in these times, unfortunately, are almost inseparable from their class. To attend to the temple, to sing devotional hymns—*punchpadis*—and at times to dance, were the functions of the *Kalawantin*, and she .. services received her [illegible] ..nt allowance

many respects the Fire-maidens of the early . or the Vestal-virgirs of the Ancient Rom'ns, fell Dr. D. N. Patel, who is a well-known critic of India. written a very interesting book on this subject, in wh. attempted a comprehensive survey of Indian music. . chapters of the book deal with the various classificat. Indian tunes and they are interspersed with anecdotes o entertaining character. In Chapter IX **the author advoca. forcibly the introduction of music as a part of female education.** The X chapter covers the history of Parsi music; at the end the author gives a brief and rapid sketch of dancing in India. **The varieties described, show a keen power of observation in the author** and add to the interest of the book. The author's suggestion about establishing a Parsi Philharmonic Society for the cultivation of music is well worth the consideration of all lovers of music amongst us.

જામે જમશેદ, તા० ૧૬ મી ડીસેમ્બર ૧૯०૫.

કલાવંત યાને આર્ય પ્રજાનું સંગીત.

હીંદુ સાહીત્યનુ શાસ્ત્ર આધારે વીવેચન.

કરનારઃ—**મી० હરીશચંદર આનંદરાવ, તાલચેરકર, બી. એ.**

साहित्य संगीत कला विहीनः | तृणं न खादन्य पिजीवमानः
साक्षात्पशुः पुच्छ विषाण हीनः ॥ | तद्भाग धेयं परमं पशूनाम ॥ १ ॥

भर्तृहरि.

* * * * *

મી० ડી० એન० પટેલનું પુસ્તક "કલાવંત."

આ પ્રસંગે પડી ભાગેલાં હીંદુ સંગીતની મદદે બરોબર વખતે ઉપયુ પુસ્તક બહાર પડયું છે. ખાસ કરી પારસી અને ગુજરાતી હીંદુ જેઓ દેશી સંગીતના હુનરની ખરી ખુબીની વીગતવાર [illegible]નાથી અજાણ રહયા છે, તેમની આ પુસ્તક, ખરેખર એક મોટી ગરજ સારે છે, આ[illegible]ના [illegible] તરી "ઑપે[illegible] [illegible]) [illegible] ગવાતાં ગાયને

અંજાણ છે, કલાવંત ગુજરાતી સાહીતયમાં એક અપુરવ પુસ્તક છે અને તેનો કરતા વાજબી રીતે એક કલાવંત (master of music) કહેવાઈ શકાય. એક પછી એક જાણવા જોગ સંગીત બાબદોના પ્રકરણોથી મઢી લીધેલું આ પુસ્તક કરતાનો સંગીત કળાનો અનુભવ અને અભ્યાસ કેટલો ઉંડો છે, તે દેખાડી આપે છે. મી પટેલે આ પુસ્તક સંપુરણ બનાવવા માટે જે અથાંગ મેહેનત લીધેલી છે, તે એટલાજ ઉપરથી માલમ પડે છે, કે તેઓએ યુરોપીયન તેમજ હીંદી સંગીત કળા ઉપર લખાયલાં કેટલાંક ઉમદા પુસતકો (standard works) નો અભ્યાસ કરી તેમની સાહદત ખટકે ખટકે ફુટનોટ આંપી ટાંકી છે.

સંગીત દંતકથાનું પહેલું પુસ્તક--કલાવંત છે.

હીંદુ શાસ્ત્રને આધારે કેટલીક લોકપ્રીય સંગીત દંતકથા અને કહાણીઓ જે આ પુસ્તકમાં કરતાએ રજુ કરી છે, તેથી આ પુસ્તકની કીરતી વધારો કરનારી છે. આ પુસ્તકના પહેલાં આંઠ પ્રકરણો રાગ રાગણીની અને સુર વીદયાની બાબદ ઉપર લખાયલાં નજરે પડે છે અને તે વીશયને રસીલો બનાવવા માટે કરતાએ આતુરતાથી હીંયા ને તયાં મનપસંદ દંત-કથાઓ ચીતારેલી દેખાય છે. સ્ત્રી કેળવણીનાં એક ભાગ તરીકે સંગીતની હીમાયત કરવામાં નવમાં પ્રકરણમાં કરતાએ જે મુજાહેમત અને તકરારે જાહેર કરી છે, તે ખરેખર વખાણવા તેમજ ધ્યાન પુગાડવા જોગ છે.

ગાયનનો અભ્યાસ કરનારાઓને તેમજ ગાનારાઓને ઉપેયોગી થઈ પડે એવી કેટલીક સુચના અને કંઠની જાળવણી માટે કેટલાક નુસકા, કર-તાએ પ્રગટ કીધા છે તે બેશક ઘણાજ ઉપયોગી છે.

આપણું પારસી સંગીત.

આ પુસ્તકનું દશમું પ્રકરણ પારસી ગાયનોની બાબદ ઉપર લખાયલું છે, જે એક પારસી કલાવંતની કલમથી લખાયલું હોવાથી તે વધારે ધ્યાન ખેંચ એવું છે. અગીયારમાં પ્રકરણમાં, હીંદુસ્તાનમાં જુદી જુદી જાતની નાચનારીઓની જે એક ઝડપી તપાસ કરતાએ લીધી છે, તે આ પુસ્તકના કરતાંની વખાણવા લાયક અવલોકન શકતીનો આપણને ખ્યાલ આપે છે. છેલ્લે આસાવરી રાગના મુલવાળી દંતકથા, તેમજ કહાનરા અને ઈંદરાણી તથા તેનો પુત્ર જે, પોતાની માની

પ્રતીશકા માટે પોતાની જીંદગીનો ભોગ આપે છે, તે બનાવ આ પુસ્તકને સમાપત કરે છે. કરતા પોતે એક કલાવંત છે. પારસી કોમમાં, હીંદુ હરીફારતનોની ઢપ ઉપર પારસી શાસ્ત્રીક બનાઓના પારસી કીરતનો શરૂ કરનાર તથા તેનો શોખ પારસીઓમાં વધારનાર તરીકે જણાયલા છે. એમની મોટી મરજી એક પારસી ફીલહારમોનીક સોસાયટી ઉભી કરવાની છે, જે સુચના ખરેખર ઉપકારદાયક ગણાવી જોઇએ.

JAME-JAMSHED, 30th Nov. 1905.

A BOOK FOR COMMENDATION.

There could be no hesitation in commending to public notice and approval the book Mr. D. N. Patel has recently brought out: "The Music of the Aryan or Kalavant." There is no sphere of Mr. Patel's activities in which he may be so unhesitatingly acknowledged to be doing a public service than that in which his many enviable gifts as a singer and a musician are displayed. He has been a devoted lover of Music all his life. He has spent himself ungrudgingly in her service. He has willingly and deliberately let her be an exacting mistress, and now when he has given one more proof to the public, Parsi public especially, of his long, patient and ardent interest in her fortunes, is it too much to expect that that public will make it a point to mark in as handsome a way as it could its appreciation of that devotion and worship? If it is only remembered what Mr. Patel has done for promoting a love of music and the cultivation of what might be called scientific music especially, among natives of all classes and creeds by his many lectures and contributions in the press, we should not despair of his most recent work on the subject being handsomely

received on all hands. The book, it deserves to be mentioned, is the product of his knowledge and study of the subject extending over a quarter of a century, **and it is the first time that a work of this nature has come from the pen of a Parsi.** It is surely a work with a claim on the patronage and support of the public, and it could be asserted with equal justice that it is essentially a work that has a right on the patronage of those hereditary and traditional patrons of fine arts—the Rajas and Princes of Gujarat and elsewhere. Such Chiefs and Rulers as the munificent and enlightened Maharaja of Bhavnagar for instance, who have themselves devoted not a little of their time and attention to the cultivation of Indian music and to popularizing it among the classes and the masses, may especially be looked to to take Mr. Patel under their wings and to assist him to devote himself more strenuously to the promotion of the good work he has been doing in this direction. Works like this have the right on the patronage and support of such princes and of the public generally on two distinct grounds—viz their intrinsic usefulness and excellence, and secondly the patient, devoted toil of years that alone could make them possible. If such toil is not to be adequately rewarded, if such deep study and excellence of production are not to be appreciated, where are the devotees of the art like Mr. Patel to look to for encouragement, and support, what is to lend an incentive to their labours, what is to compensate them for their patient toil of years and the sacrifices such toil must necessarily involve? Patronage and support to such work must be held to be a duty by every lover of music and the fine arts, and we count upon that duty being willingly and enthusiastically discharged in the present case by the Princes and people of the country.

રાસ્ત ગોફતાર તથા સત્ય પ્રકાશ, તા૦ ૫ મી નવેમ્બર ૧૯૦૫.

"કળાવંત યાને આરીય સંગીત કળા."

વેટીરિનરિ. સર્જન મી૦ "ધનજીભાઈ" નવરોજજી પટેલ પોતાના ધંધાની રોકાણ છતાં વખત ફાજલ પાડીને ઉસ્કેરનારી વાર્તાના પુસ્તકો લખે, તેના કરતાં સંગીતના ગ્રંથો લખે તે વધારે અમો ઘણા ખુશી થઇયે. મી૦ પટેલ આર્ય સંગીતના એક શોકીન અને સેવક દાખલ ઘણાં વર્ષોથી જાણીતા છે. * * * તોપણ મી૦ પટેલને આપણ વારંવાર સંગીતનાં કથન આપતા જોઇએ છિયે, અને એમના રૂસ્તમ સોહરાબનાં કથન વેળા પ્રમુખસ્થાનેથી મી૦ કેખુસરો કાબરાજીએજ એમની પેહલી ઓળખાણ પ્રજાનાં લોક સાથ કરાવી હતી તે અમને યાદ છે. આવાં કથન તે વખત પછી મી૦ પટેલે અનેક આપ્યાં છે, અને તે બહુ પસંદગી પામ્યાં છે, દાખલા તરીકે એમનું સર્વથી છેલ્લું કથન ગયે સોમવારેજ એઓએ અશો જરતોસ્તના સંબંધમાં આપ્યું તે એક આવાજે વખણાયું હતું—તો જેકે પેગમબરની જન્મ કથામાં એઓએ પુષ્કળ શબ્દાઘાત કરીને કેથે કેથે જબરી ભૂલથાપ ખાધી હતી..

જેમ કથનો આપી પ્રજાનાં શોકીન લોકોને રાજી કીધાં છે તેમ મી૦ પટેલે સંગીત ઉપર ભાષણો પણ આપ્યાં છે. આપણી "જ્ઞાન પ્રસારક મંડળી" તરફથી મી૦ કાબરાજીએ ગાયનવિદ્યાના સંબંધમાં બે ડજન-નથી* વધારે ભાષણો આપ્યાં તેમની ફતેહ જોઇને મી૦ પટેલે પણ એ ઉસ્તાદને રૂડે પગલે ચાલી એમની શુભ નકલ કીધી છે, અને અત્યાર સુધીમાં દશ ભાષણો આપ્યાં છે. આ સઘળાં ભાષણોને ભેગાં કરી તેમનું એક સુંદર પુસ્તક એઓએ હમણાજ બાહેર પાડ્યું છે, અને સંગીતનું એક પારસી કલમથી લખાયલું આ પેહલુંજ પુસ્તક અમો ધારિયે છિયે. આ સીઝનનાં "દશ" ભાષણો નીચે મુજબનાં હતાં :—

૧ લું—આર્ય સંગીત, તેની ભેદી શકિત, અને તેના જુદા જુદા રાગોથી માણસનાં મન ઉપર થતી જુદી જુદી અસરો.

---

*મરહુમ મી૦ કાબરાજીએ આ લખનારની ગણત્રી પ્રમાણે સંગીત ઉપર બે દજન ભાષણ આપ્યાં નથી.

ધ૦ ન૦ પટેલ.

૨ જું—દેશી રાગોની શીકલ, અને સુરોની બારીકીને લીધે રાગોનું બદલાઈ જવું.

૩ જું—દેશી ગાયનનો શૃંગાર—તાન.

૪ થું—દેશી ગાયનનો શૃંગાર—આલાપ.

૫ મું—રાગરાગણીના ભાગ અને વિભાગ.

૬ ઠું—સંપૂર્ણ અને સંકિર્ણ રાગો.

૭ મું—સુર સંભોગ—રાગરાગણીનાં મૂળ સ્થાન.

૮ મું—આર્ય સંગીતની ગુપ્ત શક્તિના ભેદો.

૯ મું—સંગીત—તેના તનમનની કેળવણી સાથ સબંધ.

૧૦ મું—પારસી લગ્નનાં ગાયનોની હિંદી સંગીતનાં કાનુન મુજબ તપાસ.

વાંચનાર જોશે કે આ દશ ગાયનોના વિષયની ચુંટણી સારી રીતે થયલી છે, અને એ સર્વ ભાષણોમાં કર્ત્તાએ નાની નાની ગાયન વગેરેની લાગુ પડતી કથાઓથી ઠીક રસિકતા ઉમેરી છે. આ ભાષણો ઉપરાંત બે તદ્દન ખાસ પ્રકરણો આ ગ્રંથના છેલ્લા ભાગમાં ઉમેરેલાં અમો જોઇએ છિયે, જેઓ મધેનું એક "હિંદી નાચની ઉડતી તપાસ" એ નામનું છે. એમાં આર્ય, તાન્જુરી, ધાગર, તલવાર, પતંગ, વાંસળી, માળણ, મોર, થાળ કટોરા, દક્ષિણી વગેરે કિસમ કિસમના નાચોનું ટુંક ટુંક બયાન આપેલું છે. આ બયાન વાંચનારને કેવળ નવુંજ લાગશે; પણ ગ્રંથની શેવટે જુદા જુદા રાગરાગણીઓને લગતી જે દંતકથા વાર્તારૂપે આપી છે તેબી કેવળ નવીજ લાગે છે. આસાવરી, કાહાન્ડો, સુહા, દીપક વગેરે રાગોની આ કથા છે, જેમાં જોકે હિંદુ માન્યતા મુજબ અવતાર અને પુનર્જન્મની વાતો આવે છે, તોપણ કથા દાખલ એ વાર્તાઓ ઓછી ખેંચાણ કારક નથી. ગ્રંથકર્તા મી૦ પટેલ જોકે થીઓસોફીસ્ટ નથી, અને સઘળા થીઓસોફીસ્ટો પુનર્જન્મ માનતા નથી, તોપણ મી૦ પટેલને "અવતાર" બોલ બહુજ મોહક હોય એમ લાગે છે, કેમકે ગ્રંથમાંની કાંઈ ઉપલી દંતકથા ઉપરાંત અર્પણ પત્રિકાની સામેનાં પાના ઉપર નીચલી બેદી ત્રણ લીટીઓમાં મી૦ પટેલ "દશે દશ અવતાર" [illegible] જણાય છે :—

" ૐ

સ્વેચ્છા

... ... એ મારૂં વચન,
દસેદસ અવતાર ન ભુલું તુંને—
ધન."

ગમે તેમ હોય, પણ આ પુસ્તક પ્રજા તેમજ સરકાર તરફનો આશ્રો મેળવવા યોગ્ય છે.

જામે જમશેદ, તા૦ ૨૧ મી અકટોબર ૧૯૦૫.

કળાવંત યાને આર્ય સંગીત કળા.

રચનાર—મી૦ ડી. એન. પટેલ.

હીંદી સંગીત જેવી બીકટ બાબદને લગતા સાહીત્યનું આ પુસ્તક પારસી કલમે લખાયલું છે, છતાં તેની અંદરની રંગત અને ઇબારત જે રચવામાં આવી છે અને રાગરાગણીઓનાં મુળ દંત કથાઓથી તેને જે રસીક બનાવવામાં આવ્યું છે તેથી તે એકવાર વાંચવા માંડયા પછી પુરૂં કરયા વગર હાથમાંથી મુકવા ગમતું નથી. સંગીતનો શોખ, તેની બારીક સમજ અને ઓહોળું વાંચન આ કલમમાં નજરે પડે છે, કે જેવું ભંડોલ ધરાવનારા પારસી કોમમાંથી બહુ થોડાજ આંગળી ઉપર ગણાય એટલાજ નીકળશે. મી૦ ધનજીભાઈ પટેલ, તે આ સંગીત સાહીત્યના પુસ્તકના લેખક પ્રજાથી અંજાણ્યા નથી. સંગીતની બાબદ ઉપર જાહેર તખતાઓ પરથી તેઓના જાહેર ભાષણોએ સંગીતના શોખીનોને એક જાતની લેહ લગાડેલી છે. આ પુસ્તકમાં આપેલી તેમની સંગીતની રસીલી દંત-કથાઓ 'જામે'ની કરારોમાં અગાઉ છુટક છુટક પ્રગટ થઈ ગઈ છે, અને તેનો હાલ સામટો સંગ્રહ કરી પુસ્તક રૂપે પ્રગટ કરાવી બાહેર પાડવામાં છે. આથી સંગીતના સાહીત્યના વાંચકોને તે એક ઈ પડશે. * * * સંગીતની કળા અને તેના

બારીક ભેદોનું આ પુસ્તકમાં વરણન આપેલું નથી એમ મી૦ પટેલ કબુલ કરે છે, તોપણ એની અંદર જે કંઈ વીવેચન કરેલું છે, તે નવુંજ માલમ પડે છે. આર્ય સંગીતના અભ્યાસીઓ તેની ખુબીઓ બરોબર પીછાણી શકે છે, અને બીજી પ્રજાના સંગીત સાથે સરખાવતાં આ સંગીત આલા દરજ્જે મેલાયલું છે અને આ લેખકે પણ આર્ય સંગીતનો ઉંચો દરજ્જો સાબેત કરી દેખાડયો છે. રાગ વીદયા, તાલ વીદયા અને નરતય વીદયા ઉપર લેખકે વીવેચન કરયું નથી, અને તેને માટે તેઓ કહે છે, કે તેઓની ઘણી મરજી છતાં આ લઘુ પુસ્તકમાં તેવન કાંઈબી લખી શકયા નથી. પરંતુ સંગીત જેવી પોતાની માનીતી બાબદના આ મુખ્ય ભાગોથી શોખીન વાંચનારાઓને બેનસીબ રાખવા કરતાં, મી૦ ધનજીભાઈ પટેલ સંગીતના બારીક બારીક ભેદો અને તેના ભીતરમાં સમાયલું ગુપત રહસય સાથનું પુસ્તક પોતાની ચટકદાર કલમે લખીને બાહેર પાડે, તો સંગીત સાહીત્યના પુજારીઓની બહુ સારી સેવા તેઓ બજાવી શકે. છતાં તેમના આ 'કળાવંત'માં અનેક કળાઓ નજરે પડે છે. આર્ય સંગીત અને તેની ભેદી શકતી, માણસોના મન ઉપર થતી અસર, ગાયનના જોસ અને જુસસા, દરેક સાથે તેની સરગમ અને સમજ અને ઉતપતી, મીંડ, ગમક, અલાપ, તાન, પલટા વગેરેના ભેદો, વઈદ્દાં તરીકે અસર, મોતને બીછાને પડેલા માણસના મોતનો અટકાવ, હીંદી નાચની ઉડતી તપાસ લીધી છે. તે ઉપરાંત પારસીઓમાં ગવાતાં ગાયનો, પારસી લગનસરાના ગીતોની હીંદી સંગીતના કાનુને તપાસ, પારસી ગાયનોની તવારીખ, પારસી હાલરડું—એક માહેતમ—વગેરે અસરકારક રીતે સમજાવ્યાં છે. ભએરવ, માલકોશ, કાહાનડો હીંડોલ, માલશ્રી, ભુપ, કલયાણ, તીલંગ વગેરે રાગોનું કથન, આસાવરી અને કાહનડાના રસીલા દાસતાનો અને દીપક મેઘના અદભુત પરાક્રમો વાંચયા પછી, મગજ એવું તો પ્રફુલ્લીત બને છે, કે એના કરતાં બીજું કોઈ વધારે સારૂં 'સટીમયુલંટ' મળવું મુશકેલ છે.

189, MARKET ROAD,
RAVAL PINDI.

DEAR DR. PATEL,

I shall feel obliged if you send me per V. P. P. 1 copy of "*Kalawant*".

I am an admirer of Indian Music and I believe this book '*Kalawant*' is the first of its kind written by a Parsee Gentleman for which I believe the Parsee Community should be proud of.

* * * * *

Yours truly,
FRAMROZE R. UNWALA.

સાલમુબારક.

અમરતસર ૬-૧-૦૬

પ્યારા ભાઇજી સાહેબ ધનજીશાહ પટેલ,

હું ખરાં અંતઃકરણથી તમોને તમારાં સાહસ માટે મુબારકબાદી આપું છું. સંગીત વિદ્યા કાંઇ સેહેલી નથી, પણ ખંત અને કાળજીથી તમો ભાઇ તેને પુરે નહીં, મગર થોડે દરજ્જે બી પોહોંચી વળ્યા એ ખરેખર સ્તુતિ પાત્ર છે. જરથોસ્તીઓને શોભા આપનારૂં છે. એવા વીરલા અનેક પયદા થાવો, ભારતભૂમીની વિદ્યા કળાના જસ ગુણ ગાવો. સલામત રહો, અને બીજાં એવાં યસપૂર્વક કામ બજાવી નામના મેલવી આવતા જમાનામાં તહમારી યાદગારી જાણવો. આમીન. જો આવાં નાદર પુસ્તકને મુંબઇ નગરીના શ્રીમંતો મદદ કરી ઉત્તેજન નહીં આપે, તો બીજી એવી ઉત્તમ તક ક્યારે મલશે? એ પુસ્તક સરકારી શાળાઓમાં ઇનામ આપવા લાયક થયું છે, તેથી સરકારમાં તમારો બોહલો લાગ વગ લગાડી તેનો ઉપયોગ કરાવાની પેરવી કરો તો, હું ધારૂં છું, તેમ કરવું મુસ્કીલ નથી. તમારી ફતેહ ઇછું છું. * * *

બીજી ખયર છે. સાહેબજી. મિત્રોને સલામ.

લા. ખાકસાર ખુ. મે. બાલીવાલા.

ચશ્મનો ખસમ.

લખનાર

ડી. એન. પટેલ.

તે

લૈલા
કેનેથ,
અનારકલી,
ગંગાબાવ્હ,
વીક્ટર આલબમ (બે આવૃતી)
કલીયોપેત્રા, (બે આવૃતી)
ઓરતનો ગુલામ,
કાલાં મેંહાં (બે આવૃતી)
કળાવંત,
જરથુસ્ત્રા, વિગેરેના લખનાર.

"The benefit which is derived from the literature will depend not so much upon the literature itself, as upon the skill with which it is studied."

Buckle's civilization, 1,247 (1858.)

આવૃતી પેહેલી, નકલ ૫૦૦

મુંબઇ જુન ૧૯૦૬.

કીમત રૂ. ૨.

શ્રી "સરસ્વતી" પ્રિન્ટીંગ પ્રેસ, ક્રાફર્ડ માર્કેટ પાસે—મુંબઈ.

અરપણ પત્ર.

<u>સાંભલ.</u>

છે જીવતાં આ તનમા જ્યાં સુધી રુહ,
ને દમમા છે દમ, જ્યાં તક હૈયાત,
વસી રહેશે/ મન મંદીર તારીજ યાદ.
ફરે અગર આસમાંન હવાબી ફરે,
દસે દસ અવતાર અગર મુજ ફરે,
પણ-વચન મારૂં એકજ, કદી નહી ફરે.

આધીન

ધ. ન. પટેલ



સાંકલીયું.

ચશ્માંનો ખસમ.

પ્રકરણ ૧ લું

બામદાદનો આધિપતિ.

"મારાં ભાશાણનો વખત થઇ જાયછ."

"વૅલ, મી० ચાંઉ, જરા ઝડપ કરો જોઉ. પેલી પારસી સંસાર સુધારક મંડળી તરફથી આજે મારૂં ભાશાંણ છે. હજી તો મેં મારી 'નોટ' બીલકુલ જોઇઅી નથી. તમે આવતી કાલના અંક માટે એકાદ બે લીડર ચીતરી કાહાડી પ્રીનટર ઉપર મોકલી આપશો?"

"હું ધારૂંછ, કે વધુ લીડર લખવાની કાંઇ જરૂર પડશે નહી." મી० ચાંઉ, બામદાદ પત્રના સબ એડીટરે જવાબ દીધો. "તમારાં ભાશાણની બાબદ ઉપરજ મેં એક લીડર ગેઇ કાલની લખી કાહાડીછ, તે ચાલશે, અને તમારૂં ભાશાંણ તો ટાઇપમાં તઇયાર છે. પણ સાહેબ, બીજી બે લીડર જો જોઇતીજ હોય, તો હું એખલે હાથે લખી——"

"ઓ! આઇ સી." અધિપતિ સાહેબ, ડોલા ચહડાવી વીચારમાં પડયા. "સ્ટાફ ઉપર આદમી પુરતાં નહી રાખવાની આએ મોહકાંણ જોઇ! મને બે નવીજ આરટીકલ કાલને સારૂ જોઇતીતી. વારૂ, સીનીયર રીપોરટર બાહાલી દુધપાંઉ શું કરેછ?"

"તેવન સીક પરી ગીયાછ." 'સબ' મી० ચાંનજી ચાંઉએ જવાબ દીધો.

"ઓહો! સીક છે? તાહારે આપરા ખબર ધામટને—

"ખસરૂ ધામટ તો 'સેશન્સ' માં રોકાયોછ. સોરાબને આજે ચાર દાહાડા થયાં ગ્રાવરૂં આવેલું છે, અને માણેકલાલની ભાભી મરી જવાથી તે આયો નથી." ચાંઉએ પોતાના સ્ટાફનો હિસાબ આપી દીધો.

"એ લેવો! આપરો કાવસ કરાકરી આયો. બોલાવો એને." દાદીબાની નજરે પોતાના માનીતા રીપોરટર ઉપર પડતાંજ તે બોલી ઉઠયો. "હિયર, હિયર, મી૦ કરાકરી."

"જી આયો." કાવસ કરાકરી અધિપતિના ઓરડામાં તુરતજ દાખલ થતાં બોલ્યો. "કેમ સાહેબ?"

"મી૦ ચાંઉ તમે હવે જાવો. હું કરાકરી સાથ ગોઠવણુ કરૂંછ.' દાદીએ કરાકરી તરફ નજર કરી પોતાના સર્ણને ખેરવવા માડયું.

'મી૦ કાવસ, આવતી કાલના અંક માટે મને બે આરટીકલ તુને આપવી પડશે: એક આરટીકલ, સર હેનરી અરવીંગ જેવો દુનીયા વરણુનો નાટકી મરી ગયો, તેની ઉપર અને—

"બીજી?" કરાકરીએ અધીરો પડી પુછ્યું.

"બીજી આરટીકલ, મુંબઇની કોરપોરેશને પેશી કાગડા મારવાની બેહુધી દરખાસત ઉપર સુન્નહેમત ચલાવી છે, તે વિરૂધ."

"કયારે જોઇએછ?"

"અરે હમણાજ? કયારે જોઇએછ કરી શાંનુ પુછોછ?" દાદીએ અકકડમાં જણાવ્યું. "તમે જાણોછ કેની કે આજે મારૂ પારસી સંસાર ઉપર લેકચર છે તે? સાઢા પાંચ વાગે લેકચર છે, અને હજી તો મેં મારી 'નોટસ' જોઇબી નથી. હુ તમુને થોડી "પૉઇન્ટ" આપુંછ, તે ઉપરથી આવતી કાલ સારૂ બે લીડરો લખી કાહાડજો."

"પણ મુરબ્બી સાહેબ, મારી ઉંમરમાં મે લીડર કે લીડરેટ જેવું કાંઇ લખીસુંજ નથી."

"અરે સુવારે તમે!" દાદી હવે અધીરો પડી બોલ્યો, "તાહારે કોઇ દાહાડો વધવુંછ કે નહી. જુવો સાંભલો. મેં ઘણાક

લેબાગુ રીપોરટરોમે આજે કમાતા ધમાતા કરી મેલીયાછ. પણ તે લોક-માંજ જો મીઠું નહી હોય, તો પછી અધિપતિ શું કરે ? તમારામાં કંઇ પાણી છે, પણ જ્યારે તે પાણી દેખાડવાનો વખત આવેછ, તાહારે તમે——

"નહી સાહેબ. હું તેવો નથી." કેરાકરીએ જોયુ કે અધિપતિ જો નારાજ થશે, તો તેની નજરમાં તે હલકો પડશે. "તમારો સેવક મુંબઇ સમશેહરનો જાહારે અધિપતિ હતો, તાહારે જરૂર પડતાં, કમ્પોઝીતરનું તેમજ પ્રીનતરનુંબી કામ કરતો હતો. એમ તો ખોરૂં ઘી કાંઇ દીવેલમાંથી જાએછ કે સાહેબ. અરે સાહેબ, સેવકે અનેક રીપોરટ લાવી, લખી, કમ્પોઝ કરી છાપીયાછ. અને કામ પડવે બીલબી મેંજ ઉઘડાવીયાંછ."

"તાહારે મી૦ કરાકરી, તમારૂ પાણી દેખાડવાનો આએજ વખત છે. મી૦ એજનજી બગભગની આગલ તમારે માટે હું એકજ સખુન નાખું, તો ચપ દેતું કે પંદર વીસનું પ્રોમોશન નકી જાણવું."

"તે તો સાહેબ તુમારા જેવા કાબેલ અધિપતિની લાએકી છે." કરાકરી ખુશી થઇ બોલ્યો.

"મી૦ કરારકરી, હેનરી અરવીંગના મરણ માટે તમુને એડવોકેટમાંથી આઇતી બાબેદ મલશે. પણ કાગડા મારવાની તરફેણમાં બીજાં બધાં પેપરો બકબકારો કરે છે, તેની હું સખત વિરૂધ છેઉં. બે કારણસર. પેહલુ કારણ, બીજાં પેપરો જેબી કાંઇ લખે તેની વિરૂધ આપરે લખવું એ આપરો નીયમ છે. પછી ગુરદાં બેહસ્ત જાઓ કે દોજખ ! અને બીજું, 'કાગડા મારવાની દરખાસ્ત' એ કાંઇજ નહી પણ આડકતરી રીતે પારસીઓની ઠેકડી કરવા જેવું છે. તમે સાફ લખજો કે હિંદુસ્તાનમાં કાગડા જેવું રસુજી, કાગડા જેવું નિરદોશ, અને કાગડા જેવું ઉપીયોગી પંખી મલવું મુશકીલ છે. કાગડાનો એલકાબ પારસીઓને આપવામાં આ દેશના દેશીઓએ કાંઇક લુચ્ચાઇ વાપરેલી છે. પારસીઓ જેમાં તેમાં માથું મારના હોવાથી, અને ફોકટ કીટ કીટ કરતા હોવાથી, તેમને 'કાગડા' કેહવામાં આવે છે. કાગડો આખો દાહાડો કા-કા-કા-કા-કરતો હોવાથી પારસીઓને એ

કાગડા સાથ સરખાવવામાં આવેલા છે. મને ઠીક યાદ આવી. કાગડા બાબે તમે માર્કટ્વેનમાં જો જો."

આ વાતચીત ચાલતી હતી, તેટલાં અધિપતિના સીપાંઇએ એક સુંદર નાહનાં પરબીડાંમા બીડેલું કાગજ લાવી અધિપતિ દાદીના હાથમાં મુકયું. દાદીએ તે પરબીડું જોતાંજ તેના લખનારને પીછાણી ચીઠી લાવનારને પુછયું.

" એ ચીઠી કોણ લાયું ? "

" એક આદમી આપીને ચાલી ગીયો. "

" તાહારે મી૦ કંરાકરી મારી મતલબ તમે સમજીયા કે ? "

" હા જી. "

" તાહારે તમે જલદી જઇ કામે લાગો. સાડાત્રણ થયા ? " દાદી ઘડીઆલ તરફ જોઇ બોલ્યો. " ઓહો ! હજી તો મે ડ્રેસ કીધો નથી, અને નોટ્સબી વાંચી નથી. અજબ છે, કે પારસીઓ છતી આંખે આવી કીસમની એક ભયંકાર પારસી અનીતી ઉપર આંખ્યુ વીચાંમણા કરેછ. અરે યાર, કોઇ લખનાર મલે નહીરે ! જો હલકારૂ જેવા અધિપતિઓ આજે લખનારા હોય, તો મકદુર શું કે પારસી અનીતી——

દીલાવરખાંનના ખાનદાનનાં એક પુરો દીકરો ખાનબાહાદુર બેહરાંગશાહની આગલી બઇરીને પેટનો એક પુરો બેટો, આ દાદી હતો. ઉંમરે દાદી સુમારે પચીસ વરશનો જવાંન હતો. દેખાવમાં તે ઘણોજ ખુબસુરત, અને રંગે સાંમલો હતો. તેની આંખમા કાંઇ અજબ રીતનો પ્રકાશ એવો તો ચમકતો હતો, કે તેના ચેહરાને તેથી ખાસ ખુબસુરતી મલતી હતી. દાદી મુંબઇની યુનીવરસીટીના બી. એ. ના ધોરણ સુધી અભ્યાસ કરી ચુકયો હતો. બેહરામશાહ શેઠની ખાએશ પેહલેથીજ દાદીને પોતાની પેહડીમાં સામેલ કરવાની હતી, પણ દાદીનો વીચાર જુદોજ હતો. ઉંચા પ્રકારની ઇંગ્રેજી કેલવણીનો જો કે તે શોખીન હતો, છતાં છાપામાં લખાંન કરવાનો શોખ બચપણથીજ તેને લાગેલો હતો. બાપના પઇસાની રેલછેલમાં ખેલતો આ એક પુરો જવાંન દીકરો, બી. એ.ની પરીક્ષામા પોતાની મોજીલી

જીંદગીને લીધે, પાંચ પાંચ વખત નાપાસ થયાથી, તે નાસીપાસ થઇ ગયો હતો.

તેણે વધુવાર બી. એ.ની પુરીક્ષામાં પસાર થવા માટે પોતાના નસીબને અજમાવવાનો વીચાર છોડી દીધો. બેહરામુશાહ શેઠ પોતાની પેહડીનો હિસાબ બંધ કરી, ફકત મીલકતની આવક ઉપર મોજ મારવા લાગ્યા; અને જવાંન દાદી કોલેજનો અભ્યાસ છોડી દોસ્તોની સંગતમાં પોતાનો વખત પસાર કરવા પડયો.

એવાંમા મુંબઇમા એક નવા છાપાનો સાહાસ મી૦ બેજનજી બંમબંમ નામના એક ઉમંગી પારસી લેખકે માથે ઉઠાવી લીધો હતો. પારસી કોમમાં ઘણાક અગત્યના સંસારીક, અને ધારમીક સવાલો ઉપર મોહટી ઝુંમબેસ ચાલવાથી, તથા કોમનો કેટલોક ટાલો બેહકેલો માલમ પડવાથી, મી૦ બંમબંમે એક નવો પારસી છાપો કાહાડવાનું કાંમ માથે ઉઠાવી લીધું હતું. લગભગ દરેક સવાલે પારસી કોમમાં તડાં પડાવ્યાં હતાં. પારસી કોમને માટે એકમતી મુશકીલ થઇ પડી હતી. જુના વીચ્યારવાલાઓ અરધે રસ્તે આંવવા તઇયાર થયા હતા, પણ સુધારાવાલાઓ પોતાનોજ કકો ખરો કરાવવાની જીદ અને જીકર લઇ બેઠા હતા. એવે પ્રસંગે પારસી કોમના લાભ, મધ્યમસર નીયમે જાલવવાને માટે, એક પારસી છાપાની ખાસ જરૂર હતી. એ જરૂરત ખોટી નહી હતી. પારસી પ્રજાની તે ફરીઆદ હતી, અને મી૦ બેજનજી બંમબંમે પારસી કોમની સેવા બજાવવાની મતલબથી એવો એક છાપો છાપવાનું કાંમ આરંભ્યું હતું.

આવા વિચારથી, તેવને મુંબઇમાં 'બામદાદ' નામનું એક રોજીંદુ પત્ર છાપવાની શરૂઆત કીધી. તે છાપાનુ અધિપતિપણું એક પારસી ગ્રેજ્યુએટને સ્વાધીન કરવાનો તેવણે વિચાર કીધો, અને મી૦ દાદી દીલાવર, બામદાદના અધિપતિ તરીકે નેમાયો હતો.

દાદીને નોકરીની કાંઇ જરૂર હતી નહી. નોકરી કરી પઇસા પેદા કરવાની ફરજ હજી તેને માથે પડી નહી હતી. પણ જેઓને જરનેલીઝમનું જાલમ દરદ લાગુ પડયું છે, તેઓંજ ફકત કહી શકશે, કે એક છાપાના

અધિપતિ તરીકે નૂમાઇ, વગર હાંસલે હઝારો જંજાલીયત અને જોખમો, માથે ખેંચી લેવાનું તે એક દીવાનાપણું માત્ર છે.

દાદીને જરનેલીઝમનું દરદ શરૂઆતથીજ હતું. પોતાના માલેતુજાર બાપની બેસુમાર દોલત છતાં, એક રોજીંદા છાપાના અધિપતિ તરીકે તેણે જાહેરમાં ઓલખાવાનું વધારે પસંદ કીધું. એક જાહેર લખનાર થયા પછી, તુરતજ જાહેર તખતા ઉપર એક જાહેર બોલનાર તરીકે તે પ્રજાની જાણમાં આવી ગયો. તેની બોલવાની છટા, તેના હસમુખા ચેહરાની અદા, અને ઉછરતી જવાંનીનો રોબ, એ સરવે તેની જાહેર જીંદગીને દીપાવનારા ગુણો હતા, જેની ભેગી મદદથી બામદાદનો અધિપતિ મુંબઇમાં જાણીતો થઇ પડયો હતો.

"પ્રકરણ ૨જું."

પારસી અનીતી ઉપર દાદીનું ભાશાણ.

જોઇએ છે. પારસીઓમાં બદી અટકાવનારી એક મંડલી.

સરનશીનની ખુરસી જાણીતા સુધારાવાલા શેઠ મેહેરજીભાઇ મોહોકાંણીયાંએ લીધી હતી.

દાદીના ભાશાણે ચોતરફ પારસીઓમાં ચકચાર ઉભી કરી હતી. પારસી અનીતી ઉપર દાદીનું જાહેર ભાશાણ સાંભળવા, ફરાંમજી કાવસજી હૉલમાં પારસીઓની એક મોહટી ઠઠ મલી હતી. ખાસ કરીને મી૰ મેહરજીભાઇ મોહોકાંણીયાં જેવાં આગલ વધેલા વીચારવાલા, અને સુધારાવાલાઓની પક્ષના એક માનીતા ગૃહસ્થ જ્યારે એવાં એક ભાશાણમાં સરનશીન તરીકે બીરાજનાર છે, એમ છાપામાં જાહેર થયાથી, પારસી પ્રજા તેમના વીચારો જાણવા ખંતી હતી.

પણ જેમ બધા અગતના પારસી સવાલોમાં બને છે, તેમ આ ખહુ અગતના સવાલ ઉપરથી પારસી કોમમાં બે તડાં પડી ગયાં

હતાં. ખુદ જાહેર છાપોઓ સુધારાવાલાઓના જેવીજ વલણ પકડી બેઠા હતા. દાદી આ અગતના સવાલને પારસી પ્રજા આગલ રજુ કરી તેના અટકાવ માટે જીકર કરવા, એક અધિપતી, અને મધ્યમ રીતે કાંમ લેનાર તરીકે જયારે બાહાર પડયો હતો, ત્યારે મી૦ મેહરજીભાઇ એક સુધારાવાલા હોઇને, તે ભાશાણની સભામાં સરનશીન તરીકે બેઠા હતા, એ લગારતેલ અને પાણી, સાથે મલી જવા જેવો બનાવ પારસીઓને લાગતો હતો.

દીવાંનખાનું ચીકાર ભરાઇ ગયું હતું. તેમાં કેટલોક ભાગ પારસી બાંનુઓનો હતો. પારસી બાંનુઓ નથી કયાં નજરે પડતી! પણ આ ભાશાણમાં તો કેટલીક પારસી ઓરતો, પોતાની સાથ પોતાના દુધમલ બાલકોનેબી લેઇને ઉતરી પડી હતી.

"બશણ્ંર સાડા પાંચે મી૦ દાદી આ સભામાં દાખલ થયા, અને તેમની પછવાડે સરનશીન મી૦ મેહરજી મોદાકાંણીયાં અને બીજા કેટલાક જાણીતા ગૃહસ્થોએ આવી પ્લાટફારમ ઉપર બેઠક લીધી. લેકચરરને સભાસદોએ તાલીથી વધાવી લીધો, અને રાએતાના નીયમ પ્રમાણે સરનશીને સભાનું કાંમ શરૂ કીધું."

"બાંનુઓ અને ગ્રહસ્થો,

આજના ભાશાણ કરતાની તમારી સાથ ઓલખ કરાવવા માટે મને ઝાઝું બોલવું પડે એમ નથી. મી૦ દાદીબા આપણા શેહરના જાણીતા શેઠ દીલાવરખાંનના બેહરાંમશાહના દીકરા થાય છે. એવણ બામદાદ પત્રના અધીપતી છે, અને અતીયાર આગમજ એવણ એક છટાદાર ભાશાણ કરતા તરીકે આપણને જણાયલા છે. એવણ એક બહુજ અગતના સવાલ ઉપર આજે જાહેર ભાશાણ આપવા ઉભા છે. તે સવાલ પારસી અનીતીનો છે. ભાશાણ કરતા શું કેહવા માંગે છે, તે હું જાણતો નથી, પણ એ બાબદ ઉપર એવણના વીચારો જાંણી લઇ, ભાશાણની સેવટે હું મારા વીચારો જણાવીશ. એટલું કહી હું મી૦ દાદીબાને એવણનું ભાશાણ શરૂ કરવાની અરજ કરૂછું."

તાલીઓના ગડગડાટ વચ્ચે જવાંન દાદી પોતાનું ભાશાણ શરૂ કરવા ઉઠીયો. તે એક છટાદાર ભાશાણ કરતા હતો. તેના સરોદમાં કાંઇ ચોકસ કીસમનો એવો મીઠાસ હતો, અને તેના હાવ ભાવ એવા તો મનહરણ હતા, કે તે સાંભળનારના દીલ જીતી લેતા હતા. દાદીના એક ભાશાણ કરતા તરીકેના આ ગુણો ઉપરાંત, તેની જવાંન ઉંમર, અને તેનો દેખાવડો ચેહરો, કાઇબી સાંભળનારનું દીલ જીતી લેવા પુરતાં હતાં.

આવા એક જવાંન જાહેર વકતાએ પારસી અનીતીના સવાલ ઉપર બોલતાં, તેણે અનેક બાજુથી તે સવાલને પકડી, તેની સુફેદ તેમજ કાલી બાજુ ઉપર વીગતવાર ખુલાસો કરી, પારસી કોમને આ વધી જતી બદીનો અટકાવ કરવાની અરજ કરતાં, તેણે 'પારસી બદીનો અટકાવ કરનારી એક મંડલી' ઉભી કરવાની સખત ભલાંમણ કરી, પોતાનુ ભાશાણ નીચલા ટીકા કરી બંધ કીધું.

"સદહઝાર અફસોસ, કે એક પેહલવાંની અને લડાયક પુરાણી કોમની આજની ઓલાદ પોતાની કોમની કેટલીક કપાતર ઓરતોની બુરી ચાલને લીધે, પોતાની કીરતીને કલંક લાગવા દે છે. સદહઝાર અફસોસ, કે પારસીઓ પોતાની છત્તી આંખે, અપંગ થઇ, આવી કીસમની ફરીઆદ તરફ અખાડા કરી બેસે છે. પારસીઓએ જાણવું જોઇએ, કે આવી કીસમની જાહેર અનીતીનું મુલ કારણ ખાનગી અનીતી કેહવાય છે. એ ખાનગી અનીતીને પેદા કરનારાં કારણોમાં ૧, કુટુંબની મુફલેસી, ૨, દુખી સંસાર, ૩, ફીશીઆરી, ૪, ફેશનમાં ઘસડાવું, ૫, કરજદારી, ૬, ખોટી ગરીબી, ૭, હદ વગરનું છુટાપણું, ૮, આગલના જેવા પારસી અકાબરોની પારસી આલમને પડેલી ખુટ, ૯, પારસી સંપની જરૂર, ૧૦, હરકારૂ જેવા પારસી છાપાના અધીપતીની ખુટ, ૧૧, ઘેરની રૂડી કેલવણી, અને છેલ્લે પારસી કુવારાપણું છે. એ સઘલાંમાથી કાઇબી કારણ અનીતીને જનમ આપે છે. બાંનુઓ અને ગૃહસ્થો, તમો અગરજો માતબર હોવો તો હું તમુને તમારાં તે સુખ માટે મુબારકબાદી આપું છું.

પણ તમો જો માતબર નહી હોવો, અને મધ્યમ વરગમા રેહવાનુ માન ધરાવતાં હોવો, તો હું તમુને ભલામણ કરૂં છું, કે તમો માતબરોના ખોટા સુધારાથી અંજાઇ, તેમની પછવાડે ઘસડાઇ જતાં ના. આ કેલવણીનો જમાનો સુધારા માટે જણાયલો છે, પણ દરેક સુધારો તમે નકલ કરી કરતાં ના, પણ તેનો અભ્યાસ અને અનુભવ મેલવીને કરજો. યાદ રાખો, કે તમારી કોમની કીરતી જાલવવાની આએજ તક તમુને મલી છે. એ તક તમે જતી મુકશો, તો ભવીશના સડાનુ મુલ જડ ઘાલશે. આ બુરા રોગને કોમમાથી જડ મુલથી ઉખેડી નાખવાની તમારી દરેકની ફરજ છે. તે ફરજ તમો અદા કરો. હીંમતથી બાહાર પડો, તે દાદાર તમુને મદદ કરશે."

દાદીનાં ભાશાણથી અને તેના ટીકાથી ફ૦ કા૦ હૉલમા ભેગી મલેલી સભાના સભાસદો એટલા તો દાદીના વીચાર સાથ મલતા થઇ ગયા, કે તેઓ તેના દરેક ટીકાને તાલીઓના ગગડાટથી વધાવી લેવા લાગ્યા. સરનશીન મી૦ મોહોકાંણીયાંને ગલે દાદીના કેટલાક ટીકા ઉતરતા નહી હોવાથી, તેઓએ અત્યાર આગમજ દાદીનુ ધ્યાંન 'ઓરડર'ની બાહાર નહી જવા માટે અવાર નવાર ખેચીયા કીધુ. પણ દાદીના આ સીલસીલાબંધ ભાશાણમા અંતે ભાશાણની છેવટે એક નહી ધારેલો ખતરો પડયો. સરનશીન મી૦ મોહોકાંણીયા લાલ પીલા થઇ એકદમ દાદીના ભાશાણની વચ્ચે ઉઠી ઉભા થઇ બોલ્યા:—

"મી૦ દાદીબા, તમે ભાશાણની મુલ બાબદ છોડી ભલતી બાબદ ઉપર ના રવા ટીકા કરોછ, તેમ હું તમુને કરવા દેનાર નથી. મેં અનેક વાર તમારૂં ધ્યાંન ખેંચીયુ છતાં તમે——

"બોલવા દેઓ, બોલવા દેઓ." મી૦ ઉક્કરજી આદામુદી નામના એક બુજરોગ પારસી ઉસકેરાઇ જઇ બોલ્યા. "તમે તેવનને કેમ બોલવા દેતા નથી?"

"અરે સુધારાવાલાઓને કદાચ શરમ લાગતી હોસે!" મનચી મકોરી નામના એક જવાને ગ્યાલરી ઉપરથી ટાઉકો પુરીયો.

"તમે તમારૂં ભાશાણુ ચલાવો, પણ નાલાએક ટીકા——

"મીસતર સરનીશન, તમો સાહેબ નકામો વખત ગુમાવોછો." પેસ્તનજી સમજુએ પોતાની બેઠક પરથી ઉઠી કેહ્યું. "મી○ દાદીબાના વીચાર વિરૂધ તમારા ટીકા ભાશાણુની સેવટે તમે જણાવી શકશો."

સભામાં ગડબડ મચી રહી. સભાનો મોહટો ભાગ દાદીના વીચાર સાથ મલતો હોવાથી, મી○ મોહોકાંણીયા વિરૂધ તે ઉસકેરાઇ ગયો. દાદી જે અત્યાર સુધી ગુપચુપ ઉભો હતો, અને જેની તરફ સભાસદોની નજર એકકી ટગરે ટીકાઇ રહી હતી, તેણે હવે સભાની તરફ નજર કરી બોલવા માંડયું:—

"સરનશીન સાહેબની તરફ પુરતાં માન છતાં, હું જાણવા માગું છું, કે મારાં ભાશાણુનો કીયો ભાગ અને કાયા ટીકા ના રવા અને બીન જરૂરતના છે. જો મને તે જણાવશો તો—

"તમો અનીતીના લાભ અને ગેરલાભ ઉપરજ બોલી શકો." મી○ મોહોકાંણીયાએ ખુલાસો કીધો.

"મે તેમજ કીધું છે સાહેબ, અને હવે હું મારૂં ભાશાણુ ટુંકમાં પુરૂં કરૂં છુ." દાદીએ પોતાની વકતાભરી કુનેહથી કેહ્યું.

"તેમ નહી, તેમ નહી, તમે બોલો બોલો—"

સભામાં મોહટી ગડબડ પાછી મચી રેહી, અને અંતે દાદીએ સભા તરફ નજર કરી બોલવા માંડયું.

"એક બહુ અગતની બાબદ, અને કોમની બહેતરીના લાભવાલી બીના હું જાહેર કરૂં, તે આગમજ સરનશીન સાહેબે મારે મોહોડે ડુચો મારવાનો હુકમ કીધો છે. ખેર, હું સરનશીનના હુકમને માન આપવ બંધાએલો છું. હવે હું મારી તરફથી કાંઇભી બોલી સરનશીનના હુકમને અનાદર કરૂં, તેના કરતાં, ખુદ તમારો પારસી છાપો શું કહે છે, તે ઉપર હું તમારૂં ધ્યાન ખેંચુછુ. મારા મીત્ર મી○ ડી. એન. પટેલે, એતેકાદ

મંડલી તરફથી પારસી સંસાર ઉપર જાહેર ભાશાણો આપવા શરૂ કીધાં, તે ભાશાણોની મતલબ એજ હતી.* સંસારી સવાલનો મી. પટેલે અભ્યાસ કીધા પછીજ, તેવને છેલ્લાં ત્રણ વરશ થયાં એ બાબદ પારસીઓ સમક્ષ રજુ કરી હતી, અને તે ભાશાણો જામેજમશેદની કટારોમા છપાઇ વંચાઇ ગયાં છે. પણ એ ઉપરાંત ખુદ તમારો સુધારાવાલો છાપો, આજથી સુમારે પંદર વરશ ઉપર પારસી નીતીના સવાલ ઉપર બોલતાં શું લખેછે, તે ઉપર હું તમારૂ ધ્યાંન ખેંચુ છું." દાદીએ પોતાના ખીસાંમાથી કાગજો કાહાડી વાંચવા માંડયું.

*"બૈરાંઓની આ કરજદારીના સંબંધમા સહુથી ત્રાસદાયક બીના એ છે, કે કેટલાંક ઘેરોમા તો બૈરાં કરજ કરેછે, તે તેમના માટીડા જાણતા પણ નથી. માંગનારાઓ ઘેરના વડાના નહી, પણ ઘેરનાં બચ્ચાં પાસે માગેછે તેઓ પુરૂષોના નહી પણ સ્ત્રીઓના માગનાર હોયછે, માટે પુરૂષો બાહાર જાય ત્યારે સ્ત્રીઓ પાસે તેના આંકડા આવેછે. તે લેણદેણના દાવા અને તકાજાઓ ઘેરધણીની ગેરહાજરીમા ચાલેછે, ચુકેછે યા માંડવાળ થાયછે. કેટલીક દુકાંનોમા તમારી આજના વખતની પારસી મડમ પોતાના બાપ કે ભરતાર સાથે નહી, પણ પોતાના કોઇ પુરૂષ દોસ્ત સાથે જાયછે, તે દોસ્તને નામે ખરીદીઓ થાયછે, તે દોસ્તને નામે રકમો નોધાય છે, તે દોસ્ત આંકડા ચુકવે છે, યા નહી ચુકવી શકે તો તે દોસ્ત વંજો માંપી ને પોબારા ગણી જાએ છે × × × કેટલાંક ઘરોમાં ધણીની જાણ પીછાંણથી અને કેટલાંકમાં ધણીની પીછાંણ વગર તે સઘલું બને છે. × × ×"

શેમ—શેમ—ના અવાજો.

"અને તેમાંથી પછી નીતીની ખરાબીનો રસ્તો મળે. તેમાં શી નવાઇ? અમે એમ નથી કુહેતા કે અમે ઉપર જે નાનું ચીત્ર આપ્યુ છે, તે સઘળાં ઘેરોમાં સંસાર નીતીની ખરાબીઓ ચાલે છે. નહી- અમે એમ કેહતા નથી, અને માનતાબી નથી, અને દાદગર પારસીઓને, તે

*રાસ્ત ગોફતાર તારીખ ૨૨ મી નુવેંબર ૧૮૯૧

દાહડો કદી દેખાડશેબી નહી એવી અમે દુવા ચાહીએ છીએ. × × ×
અમારા કેટલાક ચરચાપત્રીઓ કેહ છે, અને અમે તે માનીએ છીયે, કે પારસણ વેશીયાઓ જે વધી પડી છે, તેમનો પાપી પેશો મુખ્ય કરીને દીવસે તેમના ધણી યા વડા ઘરની બાંહાર જવા પછીજ ચાલી શકે છે. બીજા ચરચાપત્રીઓ, કેહ છે કે પારસી મડમોના માગનારાઓ તેમના ધણીઓની ગેરહાજરીમાં ઘણું કરીને ઉઘરાણીએ આવે છે. એ સઘળું એક જાતનું બેહકી ગયેલું છુટાપણું દેખાડે છે. જો એને 'છુટાપણું' કહો તો તેના કરતાં તો પરદેપોશપણુ બેહતર છે. જો એને 'સુધારો' કહો તો ખુદા એવા સુધારાથી પારસી કોમની પનાહ રાખે."

"હીયર——હીયર"

સભાએ તાલીના ગગડાટો કરી દાદીને વધાવી લીધો.

"ગ્રહસથો, પારસી નીતીની હાલત એક પ્રસીધ પારસી છાપાંમા તેના લખનાર અધીપતીએ ૧૮૯૧મા કેવી હતી તેનો આ કંઇક ચીતાર, આવી રીતે ચીતારીયો છે. ત્યાર પછી એ સવાલે ઘણું ગંભીર રૂપ લીધું છે. પણ એજ છાપાના તારીખ ૧૩મી ડીસેંમબર ૧૮૯૨ની અંકમાંથી થોડીક લીટીઓ હું રજુ કરૂંછું.

"× × × આ વાત અમે ઘણી સાંભળતા હતા. પણ માનતા નહી હતા. તે માનવાની સઘળી નાખુશી વચ્ચે અમોને તે માનવી પડે છે, અને તેની સચાઇ વીશે અમારી ખાતરી થયા પછીજ અમે આ દુખનો ઉભરો બાહાર કાહાડીએ છીયે. સાડી, પોલકા, બુટ, સ્ટાકીંગ સાથની પેહરેલી ઓઢેલી અને ઘરેણા ગાંઠાનો શણગાર સજેલી કોઇ જુવાન, કોઇ ખુબસુરત, કોઇ આંબરૂદાર દેખાતની, કોઇ ઉંચી પેશાનીની જરથોસ્તી બાઇને દોજખી બદીમા ગીરફતાર જાણી કોણ કયાની બચાને કમકમાટ, કોણને દયા, કોણના લોહીને ઉકલાટ નહી ઉપજે?"

"સાહેબો," દાદીએ વાંચવાનુ પુરૂં કરી બોલવા માડયું. "આ બહુ અગતના સવાલ ઉપર મત બાંધવાનું હું તમારી મુનસફી ઉપર છોડુછું. પણ

યાદ રાખજો, કે ઉપલી ફરીયાદ ૧૮૯૧મા થઇ હતી. ત્યાર પછી મામલો કાંઇ સુધરીયો નથી. મી૰ ડી.એન. પટેલ જેવણે એ સવાલને ઉંચકી લેઇ નવી ચરચા ઉભી કરી છે, તેવન કેહ છે, કે અનીતીની મોહકાંણ પારસી ઓરતોમા આજે ઘણીજ વધી ગેઇ છે, અને તે તેવન પુરવાર કરવાને આજે શકતીવાન છે. તેવન એ સવાલ ઉપર ઘણું અજવાલું નાખે એમ છે. પારસીઓની ફરજ છે કે તેઓએ પોતાની કોમના ભવીશના ભલાં માટે આ અગતનો સવાલ હાથ ધરવો."

તાલીના ગગડાટ વચ્ચે દાદીએ પોતાનું ભાશણ પુરૂ કીધું, અને સરનશીન મી૰ મોહોકાંણીયાં પોતાના વીચાર જણાવવા ઉઠીયા, પણ સભા વીખરાવા માંડી, અને મી૰ મોહોકાંણીયાં શું બોલ્યા તે કોઇને સંભલાયું નહી.

સભાસદો વીખરાઇ જવા લાગા, અને કેટલાકો જેઓ દાદીને ઓલખતા હતાં, તેઓ તેને મુબારકબાદી આપવા પ્લાટફોરમ આંગલ આવી શેકહૅન્ડ કરવા લાગ્યા.

"વૅલ-ડન! વૅલ-ડન, મી૰ દાદી." એક મીત્રે દાદીને શેકહૅન્ડ કરી કેહ્યું.

"આઇ. સે.. મી૰ દાદી, મી૰ ડી. એન. પટેલ શું કેહવા માગેછ." ખરશેદ ખરખરે દાદીને પુછયું.

"અરે યાર, તેવણ જે જાણેછ, અને તેવણે જે જોયુંછ, તે તો છાતી ફાટે તેવું છે. મી૰ પટેલ કેહછ કે જો કોઇબી શખસ આ વાત ના પાડતો હોય, અને જો તે પોતાની ખાતરી કરવા માંગતા હોય, તો——"

"વૅલ—દાદીબા, ઠીક કીધું હોકે?" ઉકરજી આદામુડી હાથમા રૂપાંની મુઠવાલી લાકડી ફેરવતા ફેરવતા દાદી પાસે આવી બોલ્યા. "હું તો ઘનોજ ખુશી થયો. બધો તાલો બગડી ગીયોછ. વાજુંજ બધું બેહેકી ગીયુંછ."

"હું મી૰ મેહરજી સારૂ બરેખર દલગીર છેઉ." દાદી બોલ્યો. "જો એવણ મને બોલવા દેતે, તો આએ જુન્ના પુરાંણા ફકરા ગને કદીમી ટાંકવા નહી પડતે."

"પણ ચાલો એ ઠીકજ થયું." ખસરૂં ખરખરે માથું ધુનાવ્યું. "આજે પારસીઓમા અરદેશ જેવા અકાબરો કાંહાં છે, જે એ કામ માથે ઉઠાવે. છાપાવાલાઓ સુરીઆણી દલીલ દેખાડેછ, કે એ તો ગામ તાંહાં ઢેડવાડ હોવોજ જોઇએ."

"દાંદીબા સાહેબજી." મી૰ આદાસુડી જતાં જતાં બોલવા લાગો." પપાને ફેવકની ફલાંમ કેહજો,"

"સાહેબજી, સાહેબજી, શેઠીઆઓ. સેવક તમારી રજા લીએછ.' દાદી જતાં જતાં સરવેને હસી હસી સલામ કરી બોલ્યો. "હું એટલુંજ માગુંછ, કે આ સવાલ ઉપર તમો કાંઇ વીચાર ચલાવો. સાહેબજી."

પ્રકરણ ૩ જું.

પારસી ફીમેલ-વર્ક-કલાસ.

"ઓ વાએ! વાએ! ગુલીસ્તાંન એ શું ફંજેતા! તમે શું મારૂ નાખ કપાવા માગોછ? બે દાહાડાની કબુલાતે તમે મારી પાસે કાંમ લેઇ ગીયાં, ને આજે તંન તન દાહડા થયાં—"

"આલીબાઇ હું માફ માગુંછ." ગુલીસ્તાંને જવાબ દીધો. "તમે ભુલી જનોછ બેહન, કે ગેઇ કાલે તો રવીવાર હતો. હું સનીવારે સહવારના—

"તે હું કંઇ જાણુતી નહી." આલીબાઇ આગબોટે બુમ પાડી. "પેલાં દોલાવરના બાંનુબાઇને તાંહાંથી બએ આદમીઓ સહવાર પછી આવી ગીયા. આજે રાતે તેવનને તાંહાં મોહટી પારટી છે, અને એ પારટીને સારૂ તો તેવને એ પોલકા ખાસ સીવવાનો.—"

"પણ બેહન, એ પોલકામા બારીક કાંમ એટલું બધું—

"મરેરે કાંમ કાંમ શું કરેછ?" આલી છેડાઇ પડી બોલી. "ઓ-લેરે! શું તારે લીધે કોઇ પોલકા સીવરાવે નહી કે? તું શું મને દીવાર કહરાવવા બેઠીછ કે?"

"નહી બેહન, તમે ગુસ્સે ના થાવો." ગુલીસ્તાંને જવાબ દીધો. "પોલકો તો મેં તઇઆર કીધો છે, પણ—

"પણ તે કાંહાં છે કાંહાં?" આલી જરા ઠંડી પડી બોલી. "તાહારે પેહલેથીજ બોલી દેઇએ કેની, કે એટલાં કલેજાં તોડવા પડતે.નહી. જા જા મારી મા એ કર, જલદી એ પોલકો ઉપર લેઇ જઇ મડમને દેખાડ. ચાલ, હું બી તારી પુઠે આવી. મડમને પુછ કંઇ ખામી બામી રેહી હોય તો જોઇ લીએ."

આ તકરાર 'પારસી રીમેલ વર્ક કલાસ'ની માલેક આલીબઇ આગબોટ, અને ગુલીસ્તાંન નામની એક ખુબસુરત જુવાંન પારસી છોકરી વચ્ચે થતી હતી.

આલીબઇ આગબોટ પોતાના કદાવર કદ અને બુલંદ અવાજ માટે એટલાં તો લોકોમા જાણીતાં હતાં, કે તે ઉપરથી તેવનને લોકોએ 'આલી આગબોટનો' એલકાબ આપ્યો હતો. પોતાના ધણી કાવસજી કેરવઇના કવખતના મરણથી આલીબઇ આગબોટ ચાલીસ વરસની બરજવાનીમા રંડાઇ પડયાં હતાં. ફરીથી જો બની આવે, તો કોઇ સાથ 'ચાર ચોખા' પાડવાની ઘણીબી મરજી છતે, 'મેત્રીમોનીયલ મારકીટ'માં પોતાનો ઉઠાવ તેવન કરી શકયાં નહી. મરહુમ કાવસજી કેરવઇ જે કાંઇ કરકસરથી પાંચ પઇસા એકઠા કરી ગીયા હતા, તે ઠાવકી આલીએ ઠેકાણે પાડવાની હવે તજવીજ કીધી, કેમકે 'ચાર ચોખા' પાડવાની ઉમેદમા જો તરીમ તરાક થઇ 'રોજ દરરોજ' માંછીની જાલ લઇ બીલ્લુ પકડવા માગે, અને પાસેના પાંચ ચીચોડા ચવાઇ જાએ, તો આગલ જતાં પોતાના રૂવાન રખડી રેહ, એવો ભવીશનો વીચાર પડતાંજ, આલીબઇ આગબોટને એક નવો ખ્યાલ સુજ પડયો. તે ખ્યાલ, એક વર્ક-કલાસ, પારસી બઇરાંઓના લાભના ઓઠાં હેઠલ કાહડવાનો હતો. આલી પોતે અચ્છી રીતે સીવી સાંધી, તથા વેતરી કાતરી જાણતી હોવાથી, ખેતવાડી મધે એવો એક વર્ક-કલાસ તેણીએ ઉઘાડયો. એ વર્ક કલાસનું નામ પારસી રીમેલ વર્ક કલાસ આપ્યું, અને ન્યુસપેપરોમાં એ વર્ક કલાસની તેણીએ જાહેરખબરો છપાવી. જાહેરખબર આપીનેજ

આલીબાઇ આગબોટ બેસી રહી નહી. જાહેરખબર આપતાંજ તેણીએ છાપાના અધીપતીઓની મુલાકાત લીધી, અને એ વર્ક કલાસથી ગરીબ પારસી ઓરતોને કેમ અને કેવો લાભ થશે, તે તેવણને તેણીએ સમજાવી કેહ્યું, કે એક હાથ ઉપર જેમ તે પોતે પોતાનું ગુજરાંન સ્વતંત્ર રીતે કરી શકશે, તેમજ બીજા હાથ ઉપર બેકાર પારસી ઓરતોને તેના કલાસ તરફથી સીવવા સાંધવાનું કાંમ મલશે, જેથી તેઓ પોતાના નીભાવ જેટલી આવક એ વર્ક કલાસમાંથી કરી શકશે.

અધીપતી બીચારા ઘણું કરી હમેશાં બાંનુઓને રાજી રાખવા વધારે રાજી હોય છે. વર્ક કલાસના ભીત્તરમા શું હોય છે, અને શું થાય છે, તે તેવન બીચારા શું સમજે? આલીબાઇ આગબોટ, એ વર્ક કલાસની આવકની 'ક્રિમ' ઉપર ઉપરથી કેટલી બધી ખાઇ જાએ છે, અને મજુર સીસાલ મેહનત કરનારી બીચારી પારસણોને બાકી રહેલી 'છાસ' કેટલી આંપે છે, તેની ખબર એ બીચારા અધીપતીઓ શું સમજે?

આલી આગબોટના કાલાવાલા અને વર્ક કલાસથી થતાં લાભોની તકરાર સાભલી અધીપતી સાહેબે જાહેર ખબરના પ્રમાણમાં પારસી ફીમેલ વર્ક કલાસની તારીફ ઉપર તારીફ કરી, પોતાના છાંપામાં તેની નોંધ લીધી. પરીણામમાં, વર્ક કલાસ તરફ પારસી કોમની દીલસોજી ચોતરફથી ખેચાઇ, અને આલી આગબોટના વર્ક કલાસમા મોહટે મોહટે ઘરથી સીવવા સાંધવાનું કાંમ આવવા લાગ્યું.

વધતાં જતાં કાંમને પોંહોચી વલવા માટે આગબોટે તુરતજ એક મડમને ફેશનવાલાં કપડાં વેતરવા, તેમજ નવી નવી ફેશનો ઉભી કરવા માટે નોકરીએ રાખી.

આ મડમનું નામ મીસ બેનેટ હતું. મીસ બેનેટ ઉમરે પચીસ તીસ વરસની હતી. દેખાવમાં તે રૂપાલી અને સ્વભાવે હસમુખી હતી. તે ભાગું તુટું ગુજરાતી તેમજ હીનદુસ્થાની બોલી જાણતી હોવાથી, આગબોટના કલાસમા સીવવાનુ કાંમ કરતી પારસી ઓરતોને તેની સાથે ઝાઝી માથાંફોડ કરવી પડતી નહી હતી.

આલીબઈ આગઓટ અને તેના વક-કલાસથી વાંચનારને જાણીતાં કરી, હવે મારી ગુલીસ્તાંન સાથ તેમની પીછાણ કરાવવાની થોડીક જરૂર છે.

અઢારથી વીસ વરશની ભરજવાંનીમા ઉધરતી, જોબંનના બહારમાં ખીલતી, ખુબસુરતીથી હલમલી રહેલી, સરવ જેવાં ઉંચાં કદની, ભરેલાં આંગવાલી, પણ સામલા ચહેરાની, નમાની, લાએકીવાલી છોકરી, તે ગુલીસ્તાંન હતી. તેની ખુબસુરતીની વધુ તારીફ કરવી, તે સોનાં ઉપર ગોયા ગીલીટ ચહડાવવા મીસાલ હતું.

ગુલીસ્તાંન ગરીબીમા પરવરીશ થાએલી હતી. તેના માબાપ તરફથી તેણીને મલેલા તમામ વારસામા ફકત તેની ખુબસુરતીજ હતી. જો કે ગરીબી અને મુફલસી સીવાય તેણીએ આજ શુધી કસ્સીબી ખુશી, કે ખુશાલીનો અનુભવ લીધો નહી હતો, છતાં, સંતોશ અને શાંતી તેની પેશાની ઉપર ચમકી રેલાં હતાં, અને તેથીજ તેની તબીયત, લાખો લાડ અને સેંહકડો સુખ ભોગવનારાંઓના કરતાં વધારે સુખી અને વધારે મજબુત હતી. દુઃખ અને દરદ શું, તે ગુલીસ્તાંન આજ સુધી જાણતી નહીં હતી. આજ કાલની 'મરી જાઉં—ધરી જાઉં' પારસી છોકરીઓની માફક ગુલીસ્તાંન નાજુકમા ખપી, દરદી ગણાવા માંગતી નહી હતી. ખુબસુરતીમા ભલા ધનેતરની સુખવાસી છોકરીઓને ટક્કર મારે તેવી તે હતી. મધ્યમ કેલવણી પામેલી હોવા છતાં, ભલી ભલી 'કેરવાઇને કલેવર' થાએલી છોકરીઓ, તેની રીતભાત અને ચાલચલણ આગલ કુચ્છ બીસાદમા નહી હતી. પોતાના સાદાપણાંમા તે મોજ અને માન, અને પોતાની ગરીબીમા તે પોતાનુ સુખ અને ખુશી સમજતી હતી.

મજગામ મધે મરહુમ ભીખાજી બાભરભુજાની એક ખડખડપાંચમ જેવી બંધાએલી ચાલીના એક મજલા ઉપરના નાંહલ્લા જેવા ઓરડામા ગુલીસ્તાંન રહેતી હતી. આ મકાંનનુ માસીક ભાડું રૂપીઆ પાંચ તે આપતી હતી. પાણીનો નળ ઉપર નહી હોવાથી, પોતાને પીવાનુ તેમજ વપરાસ જોગું પાણી, તેણીને ભોએ તલીએથી ઉપર લાવવું પડતું હતું. ગુજ-

રાંનના સાંચનને એકબી ઇલાજ પોતા પાસ નહી હોવાથી, તે સીવી સાંધી પોતાનું ગુજરાંન કરતી હતી. ગરીબીમા ગુલીસ્તાંન ગોયા રીબતી હતી. આવા સંજોગ વચ્ચે, દીવસમા બે વાર ખાવાનુ તેણીને કયાંથી મલે? પણ લાચાર! પોતાની આવી લાચારીમા પણ તે સંતોશી હતી. એકજ વખતની ચાહ અને રોટલી ઉપર તે ઘણીવાર આખો દીવસ કાહાડતી હતી.

પણ આલી આગબોટનો વર્ક-કલાસ નીકલ્યાની ખબર પડતાંજ, ગુલીસ્તાંનની છાતીમાં નવી ખુશાલી પ્રગટી નીકલી હતી. એ વર્ક-કલાસમાંથી સીવવા માટે તેણીને સારૂં દાંમ મલશે, એમ તેણીએ નકી ધારયું. આલી આગબોટને તે તુરતજ જઇ મલી, અને પોતાની ઉમેદવારી જાહેર કરી, સીવવાનું કાંમ મેલવવામા તે ફતેહ પાંમી. એ બનાવને આજે ઘણુક માસ વહી ગયા છે. આગબોટના વર્ક-કલાસમાં ગુલીસ્તાંન આજે નવી જુની થાઇ ગઇ છે. આલીના વર્ક-કલાસનું કાંમ આજે ધંમધોકાર ચાલે છે. કાંમને પોહોચી વલવા માટે, આલીએ મીસ જૅનેટને પોતાના ખાતાંમા મોહટા પગારે નોકરી રાખી છે. નવી નવી ફેશનો મીસ જૅનેટ પોતાના ખાતાંમાથી કાહાડી, પારસી બાંનુઓને તે ફેશનના ચસંટા લગાડે છે, અને આલી આગબોટ પોતાની ફેશનો માટે પારસીના ગ્રહસ્થો પાસ મોહટાં દાંમ મોહોડે માગ્યાં લીએ છે. તેના ખાતાંના ફકત એ બીલના નમુના ઉપર વાંચનારનું ધ્યાંન ખેંચેલું અકારતા જશે નહી.

બાઇ બચુંબાઇ આદરજી ધતુરાને માટે સીવેલા પોલકાનો આંકડો

	રૂ. આ.
તન વાર મજલીન, પોલકાં સારૂ. દર આના ૩) લેખે. તેના.	૦– ૯
પોલકાને જડવાની લેસ, ૮ વાર. દર આના ૮ લેખે. તેના.	૪– ૦
કાલર સારૂ કારી મખમલ.	૧– ૦
લેસ ઝીની, વાર ૬. દર આના ૬, લેખે.	૨– ૪
લેસ, રીબન, ફરતી બાંયને. વાર ૧૦. દર આના ૬ લેખે તેના.	૩–૧૨
સીલાઇ પોલકાની	૫– ૦
રૂપીઆ	૧૬– ૯

તા. ક. બાંઇજી મજલીન ફકત તન વાર હતી, પણ એ તન વારમાંથી અરધાવારનું ચીરીયું વધયું છે, તે જાણજો.

નમુનો બીજો.

મીસ કેટી જમુજી દીવાલીઆ માટે સીવેલા પોલકાં તથા પેટી કોટનો આંકડો.

	ર૦ આ.
પેટી કોટ માટે જગનાથી ૪ વાર. દર વાર આના ૬ લેખે.	૧– ૮
પેટી કોટને માટે લેસ મોહટી પોહોળી. વાર ૧૪. દર વાર ૧૦) આના લેખે.	૬– ૪
સીલાઇ રૂ. ર)	ર– ૦
	રૂપીઆ ૯–૧ર
પોલકા માટે રેસમી કપડું વાર બે. દર વારના રૂ૦ ૮–૦) લેખે.	૧૬–૦
બે બાંય. તેના.	૮–૦.
લેસ વાર ૧૦) પોહોળી. દર વારના આના ૧ર) લેખે.	૭–૮
લેસ ચેપટી, વાર ૧૫. દર વારના આના ૧૦) લેખે.	૯–૬
જીની લેસ વાર રપ). બાંયમા ઠેસવવા. દર વારના આના ૮) લેખે.	૧ર–૮
અસતર રેસમનું, વાર ૫. નાહલ્લા પનાહતું. દર વાર રૂ. ર) લેખે.	૧૦–૦
રેસમ, પોલકાની સીવાંમણ સારૂ વાપરીયું.	ર–૦
બાંયનું રેસમી અસ્તર. વાર બે. દર રૂપીઆ ૧૫ લેખે.	૩–૦
સીવાંમણ પોલકાની.	રપ–૦
	જુમલે. રૂ. ૯૫–ર

આવી રીતનો આલીનો કારભાર હતો. આવી રીતનો આલી આગબોટનો વર્ક–કલાસ હતો. આવી રીતના આલીના ઘરાકો હતાં. અને આવી રીતની

તેની ફેશનોને વખાણનારાં અને પુંજનારાં હતાં, કે જેઓ કપડાંની અસલ કીમત કરતાં સીલાઇનું બેસુમાર દાંમ આપતાં હતાં.

પણ આપણી ગુલીસ્તાંન ?

હા. ગુલીસ્તાંનની યાદ ઠીક પડી. આલી આગબોટ સાથ ખટપટ થતી આપણે છેલ્લી તેણીને જોઇ હતી.

પણ એ ખટપટનું કારણ ?

તે ખટપટનું કારણ એ હતું, કે દીલાવરખાંનની બાંનુબાઇએ પોતાનો એક ખાસ પોલકો આલીને ત્યાં સીવડાવ્યો હતો. એ પોલકો બાંનુબાઇને સોમવારની સાંજ આગમજ પોહોંચતો કરવો હતો, કેમકે બાંનુબાઇને તે પોલકો તેજ દાહાડે રાતના પેહડવો હતો. એટલુંજ નહી, પણ દીલાવરખાંનની બાંનુબાઇ ઉપર આલી આગબોટના જે આગલા હીસાબના આંકડા ચહડી ગયા હતા, તે, આ પોલકો જો બાંનુબાઇને સાંજ આગમજ મલેં, તો ચુકવી આપવાની તેણીએ કબુલાત આપી હતી. એ પોલકો સીવવા માટે આલીએ ગુલીસ્તાંનને આપ્યો હતો. તે પોલકો ઘણોજ કિમતી હતો. બીજા પોલકાની કાંની એ પોલકો કાંઇ કપડાં કરતાં વધારે મોઘી સીલાઇનો બનેલો નહી હતો, પણ તે પોલકો ઘણાંજ કિમતી કપડાંનો હતો. એટલુંજ નહી, પણ તેમાં લેસ, રીબન, વીગેરે મુકવા માટે દીલાવરની બાંનુએ જે હુકમ આલીને આપ્યો હતો, તેથી તે પોલકો ઘણોજ મોઘો કીમતનો થયો હતો. આવો કીમતી પોલકો, બાંનુને વખતસર પુગાડી દઇ પોતાનાં ચહડી ગએલાં નાણાં કહડાવી લેવા આલી આગબોટ ઘણીજ ખંતી હતી. પણ ગુલીસ્તાંનને તે દીવસે વર્ક-કલાસમાં જતાં અસુરૂં થયાથી આલીના છેડા ફેરફાર થઇ ગયા હતા.

પણ ગુલીસ્તાંન, આલી જેટલી આકરી નહી હતી. તે જાણતી હતી કે આલીને ત્યાં તેની રોજી છે, અને પોતાના ગુજરાંનનુ એખલું સાધણ આલીનો વર્ક-કલાસ છે.

"મીસ બૅનેટ, આ પોલકો જોઇ લેશો ?" ગુલીસ્તાંને ઉપર જતાંજ મડમને કેહ્યું.

મીસ બૅનેટે તે પોલકાને તપાસી જોયો, અને કાંઇબી ખાંગી વગરનો બનેલો જોઇ, તે બોલી:—"તમે પોલકો તો ઠીક ઉતારીયોછ. પણ તમે એક કસુર કીધી. તમારે આજે જલદી આવવું જોઇતુંતું. મારાં બધાં આદમીઓ ઉઘરાંણીએ નીકલી ગીયાંછ. હમણા અગીઆર થયા, અને આએ પોલકો કોઇબી રીતે મીસીસ દીલાવરને બાર વાગા અગાઉ મલવો જોઇએ."

"બેહન ગુલીસ્તાંન, મારી ઉપર તમે મેહરબાની કરો." આલીબઇ આગબોટ નરમ પડી કગલઇને બોલી. "આ પોલકો તમે પોતે દીલાવરના બાંનુને હાથોહાથ આપી આવો તો મોહટી મેહરબાની થાય. જો મારી માય કરૂં, તેવણુને તાંહાં આજે રાતના મોહટી પારટી છે, અને આએ પોલકો તેવણે ખાસ એ પારટીને તાંકણે પેહરવા સારૂજ કરાંવીયોછ. વલી મારૂં બીલબી અટકી પડયુંછ. તમુનેબી પઇસા આપવાના છે. વાસને ઝટ દેતાંકે જઇ આવો. માણુસ ઘણાં સારાં અને બોલકણાં છે. થોરાં થોરાં થઇ જસે. એવણુમા જાણુવા જોગ ખુબી તો એ છે, કે ગરીબને દીલોજાનથી ચાહેછ."

"જેવી તમારી મરજી." ગુલીસ્તાંને જવાબ દીધો. "તમે કેહશો તો એ પોલકો હું પોતે લેઇ જવસ. પણ આલીબઇ——

"બાંનુબઇનુ બીલ મે તઇયાર કીધુંછ." આગબોટ બોલી. "એવણુનો બંગલો પેડર રોડને નાકે, 'ચંપાબાગ" ને નામે જણાયલો છે. દીકરી! ગુલીસ્તાંન, લે આએ બાંનુબઇનું બીલ. મને પઇસાની ઘણીજ જરૂર છે. બાંનુબઇએ કેહલુંછે, કે હું આગુલો હીસાબ ચુકવી આપી, નવો હીસાબ પાછલથી આપસ. આએ બીલ લીધા વગર આવતી નાહ કે ?"

મીસ બૅનેટે તુરતજ પોલકાને એક નાહનાં જેવા દાબડામા મુકી, ગુલીસ્તાંનને સ્વાધીન કીધો, અને ગુલીસ્તાંન તે દાબડો પોતાની બગલમા મારી દેલાવરખાંનની બાંનુબાઇને બંગલે જવા નીકલી.

પ્રકરણ ૪ થું.

લાવ દે, લવામંન દે. લાવનેવાલા સાથ દે!

ગરીબ બીચારી ગુલીસ્તાંન!

શું ગરીબી તે ખરેખર ગુનેહગારી હતી?

આલી આગબોટે ગુલીસ્તાંનની ગરીબીનો ખરેખર ઘણોજ અઘટીત લાભ લીધો હતો. ખરી વાત હતી, કે ગુલીસ્તાંનની રોજનું સાધન આગબોટના વર્ક-કલાસમા હતું, પણ તેથી શું આગબોટ ગુલીસ્તાંનની ગરજાઉ હાલતને લીધે પોતાના ઘરાકને ઘેરે બીલ ઉઘડાવવા, અને સીવેલાં કપડાં પોહોંચાડવાળી તેણીને મોકલાવે?

અને તોપણ નમાની અને કેલાગરી ગુલીસ્તાંને તે કાંમ પોતાની ફરજ સમજી માંથે લીધું. દીલાવરની બાંનુનુ બીલ ઉઘડાવવાનુ કાંમ માથે લેઇ લેવા તે રાજી થઇ ખરી, પણ તે કાંઇ બીલ ઉઘડાવનાર સીપાઇ નહી હતી. બીલ ઉઘડાવીં લાવવાનુ કાંમ તેનુ નહી હતું, તેમજ બીલ ઉઘડાવી લાવી તેના પઇસા વસુલ કરવાનુ કાંમબી કાંઇ તેનુ નહી હતું. ત્યારે વાંચનાર સવાલ કરશે, કે ગુલીસ્તાંનને આવુ પારકું કામ માથે લેઇ લેવાની શી જરૂર હતી?

ખરી વાત તો એ હતી, કે ગુલીસ્તાંનને પઇસાની ઘણીજ જરૂર હતી. બે પાવલી ચોખા અને બસેર તુવરની ડાલ, જે તેણીએ ગયાં અઠવાડીઆંમા પોતાના કણીયા પાસે લીધાં હતાં, તેના પઇસા તેણીએ હજી આપ્યા નહી હતા. વલી ગયા મહીનાનું ભાડુંબી હજી તેણીએ આપેલું નહી હોવાથી, તે બેચેન બની હતી. તેમજ પોતાના રોજના ગુજરાંન માટે આજે તેણીની પાસ એક ખોટી દમડીબી ફાજલ નહી હતી.

તેણીને એવી આશા હતી, કે આખ્ખા માસમા તેણીએ કરેલાં કાંમના પઇસા, આજે તેને મલી જશે. પણ આલી આગબોટ તરફથી સનાંનના સમાચાર સાંભલી તેણીએ નક્કી જાણ્યું, કે તેણીએ કીધેલાં કાંમના પઇસા આજે તેણીને મલે તેમ નહી હતું. એટલાંજ માટે તેણીએ દીલાવરવાલાંઓને

બંગલે જઇ બીલ ઉઘડાવી લાવવાનું કામ માથે લીધું, કે તે ઉઘરાંણીમાથી તેણીને પઇસા મલે.

સાડા દસ બાગાનો વખત! સોમવારનો દાહાડો! આફીસમા જતાં લોકોની ધમાલ! ટ્રામની ગડબડ! લોકોની ભીડ! ગાડીઘોડાની ધરપકડ! એ સઘલી બલાગતમાથી રસ્તો કાપતાં ગુલીસ્તાંનને ખરેખર ઘણીજ મુશકેલી પડી. કમબખત આલી આગબોટબી કેવી બેકદર અને હઠણુ હૈડાંની, કે એક બાનુની વીકટોરીયાબી કરાવી નહી આપી. વસતીથી ભરચક અને ગાડીઘોડાની આવજાના વખતે, એક નાવારેસ જવાંન બાંનુની સલા-મતીની તે બેકદર ઓરતે જરાબી કાલજી કરી નહી.

પણ ગુલીસ્તાંનને ગાડીની જરૂરજ નહી હતી. તે કાંઇ આજ કાલની જવાંન છોકરીઓ જેવી નાજુકમાં ખપવા માગતી નહી હતી. તે જાણતી હતી, કે નાજુકાઇ કાંઇ 'ફેશન' નથી. બીજાંઓ નાજુકાઇને 'ફેશન' તરીકે જયારે પંપાલતાં, અને નાજુકાઇમા ખુબસુરતી સમજતાં, ત્યારે ગુલીસ્તાંન નાજુકાઇને એક જાતનું દરદ સમજી, તેનાથી તે દુર રહેતી હતી. "ગાડી વગર શું જવાએ નહી કે? શું તરામ ગાડીમાં જાત પરજાત વચ્ચે દબાઇ ચંપાઇ બેસવામાં બઇરાંની શોભા છે કે? બલા જાણે એવી નાજુ-કાઇને. મારા પગ કેવા ગાડીને બાજુ મુકે એવા છે."

એક હાથમાં પોલકાનો દાબડો, અને બીજા હાથમા છતરી લઇ, ગરીબ બીચારી ગુલીસ્તાંન બેધડક ખેતવાડીને રસ્તેથી ચાલતી ગોવાલીઆ તલાવના રસ્તા સુધી મુશકેલીએ જઇ પુગી.

ગમે તે હોય, પણ ઓરતોની મરીઆદા પુરૂશો કરતાં નાજુક તો બેશક ખરી. બગલમાં દીલાવરખાંનની બાંનુબાઇના પોલકાનો લાંબો જેવો દાબડો, અને એક જુની પુરાંણી છતરી ઓધી, ગોવાલીઆ તલાવના રસ્તા ઉપરથી પસાર થતાં, સાંમેથી ખરેખાટ પારસીઓની ઝુંમ અને લેબડો-ગાડીઓ ધમધમ કરતી ઓફીસ વખતે તેણીની આગળથી પસાર થતાં,

અંદર બેઠેલા પારસીઓ ગાડીમાંથી ડોકીયું બાહાર કરી ગુલીસ્તાંનને ટીકીટીકી જોતા હતા.

ગાડી ઘોડે બેઠેલાઓની આવી નફટાઇથી ગુલીસ્તાંનની મરીઆદા લજવાવા લાગી. આવતી જતી ગાડીઓમાં બેઠેલાં ગુલીસ્તાંનને એમ નીરખી જોતાં હતાં ખરાં, પણ તેમની આવી ચાલથી ગુલીસ્તાંનના નીરદોશ જીગરમાં ગભરાટ, અને લાજ બંને એકદમ ભડકી ઉઠયાં.

"મરેરે આએ શું બલા!" ગુલીસ્તાંન મનમા ફફડી ચટકી બોલી. "મુવા માટીડાઓનેગી કંઇ લાજ શરમ છે કે નહી? મારાં મોહડાંપર કાંઇ હીરાબીરા જડીઆછ, કે એમ ટીકી ટીકી જોયા કરેછ? કોઇ જબરા નફ્ટ અને નકટા! બાપદાદાના જનમમા કોઇ બઇરીને જોઇતી કે નહી? પણ એ ભુલ મારીજ થઇ. મારે બપોરના નવરે વખતે નીકલવું હતું. માટીડાઓનો આફીસમા જવાનો વખત, અને ગાડીમાંથી ટીંગાઇ ટીંગાઇ મને જોયા કરેછ, તે મારે બરડે તો પાણી ઉતરેછ."

આ ધકારાની ધુન્દમા ગુલીસ્તાંન ગોવાલીઆ તલાવના રસ્તાને નાકે આવી પુગી. પેડર રોડ ઉપર જવા માટે હવે કેઇ તરફનો રસ્તો લેવો તેના વિચારમા તે એમ તેમ નજર કરી જોતી હતી, તેવામા એક ઉંચા કદના અને સોહાંમણા ચેહરાવાલા પારસી જવાંન ઉપર ગુલીસ્તાંનની નજર પડી. ગુલીસ્તાંન તેને જોતાંજ લજવાઇ ગઇ, અને પેલો જવાંન પારસી ગુલીસ્તાંનના ખુબસુરત ચેહરા તરફ ટીકી ટીકી જોવા લાગ્યો.

એક પળમા તે સમજી ગયો, કે આ નવજવાંન ઓરત રસ્તે ભુલી પડી ગઇ છે. તેણે તુરતજ આગલ વધી ગુલીસ્તાંનને પુછયું:—"તમે ભુલાં પડેલાં લાગોછ?"

"હા—નહી—હા જી."

ગુલીસ્તાંન આ જવાંનને પોતાની સામે અચાનક આવી બોલતો જોઇ પેહલાં તો ડરકી ગઇ, પણ તુરતજ તે જેમ તેમ હીમત કરી જરા શરમાતી, જરા ગભરાતી, જરા અચકાતી બોલી:—"નહીજી, હું ભુલી નથી પડી."

"ઓ આઇ સી! ત્હારે તમો કોઇને સોધોછ?"

"નહી જી. હું કોઇને શોધતીબી નથી. હું તો—

"નહી? ત્હારે હું તો તેમજ સમજીયો. કેમકે તમને તમારી આજુ-બાજુ નજર કરતાં જોઇ, મે એમ ધારીયું, કે તમે—

પેલા જવાંન પારસીએ ગુલીસ્તાંન સાથની મુલાકાત દરમ્યાન વાત લંબાવવાની તજવીજ કરવા માંડી. આવા એક જાહેર રસ્તા ઉપર ગુલીસ્તાંન એક બેગાંના જવાંન સાથ વગર ઓલખાણે વાતચીત કરતી ઉભી રહે, એ તેણીને પસંદ પડયું નહી, અને તેથી તે તુરતજ તેને ખેરવી કાહાડવાની, અને પોતે ત્યાંથી ચાલી જવાની ઉતાવલમા પડી.

"બાઇ, મેહરબાની કરી, કેહશો કે પેડર રોડ—

"આએ રસ્તો ગીબ્સ રોડ ઉપર જવાનો છે. હિંયાથી 'હેંગીંગ ગારડન' તરફ—

"પેડર રોડ તરફ—" "ગુલીસ્તાંને સવાલ કીધો, અને પેલા જવાંને આગલ બોલવી માંડયું.

"આએ રસ્તે નેપીયન સી—

"જી, મને તો પેડર રોડ તરફ—"ફરીથી ગુલીસ્તાંને ચીરડાઇને કહ્યું.

"હા જી. આએ રસ્તે વોરડન રોડ—

"બાઇ, મને એ બધા રસ્તા દેખાડવાની જરૂર નથી. મને તો પેડર રોડ ઉપર જવું છે?" ગુલીસ્તાંને હવે જરા અધીરી પડી કહ્યું.

"પેડર રોડ?" પેલા પારસી જવાંને આ સાદી સુતરી રૂપસુંદરીને વાતમાં ઘેરવાની મતલબથી પુછ્યુ. "પેડર રોડ? ઓ માઇ? અરે તે ત્હારનું બોલીએ કેની? પેડર રોડ જવાનો આ સીધો રસ્તો. તમે મને જે રસ્તેથી આવતો જોયો તેજ—

"નહીજી, મે તમુને એ રસ્તેથી આવતાં બીલકુલ જોયા નહી." ગુલીસ્તાંને સાફ ના પાડી. "કીએ રસ્તો બાઇ?"

"જુઓં આએ સીધો રસ્તો તે પેડર રોડ." પેલા જવાંન પારસીએ લાંબે હાથે બતાવી કહ્યું.

"આએ સીધો રસ્તો ?" ગુલીસ્તાંન જરા ફફડીને બોલી. "તમારી મેહરબાની થઇ."

"તમે સુમજ્યાં કેની—

"હા જી હું સમજી. તમારી મેહર—

"તમે કેહતાં હોવો, તો તમુને તમારે ઠેકાંણે પુગાડવા—

"નહીજી. હું જવસ."

"હમણા ગાડીઘોડાનો વખત છે. તમે એખલાં છઓ, વાસ્તે ચાલે હું તમુને—

"નહી બાઇ, તમુને તજદી આપવા હું માંગતી નથી. માફ કરજો. હું એ રસ્તો જાણું છ."

પેલા એસકી જવાંનની મરજી આ સોહામણી છોકરીની રાહબરી કરવાને બહાંને તેની ઓળખાણ કરવાની હતી., આ તો દેખઇતું હતું, કે આ સાદી સુતરી અને સોહામણી ગરીબ છોકરીની ખુબસુરતી જોતાંજ, તે જવાંન તેની ઉપર મોહી પડયો હતો, અને કોઇબી રીતે વાત લંબાવી તેણીના, નાંમ અને ઠાંમથી વાકેફ થવાના તે ફાંફાં મારતો હતો. પણ ગુલીસ્તાંનના મકમ ઠેડાવ આગલ તે જવાંનનું કાંઇ ચાલી શકયું નહી. અંતે તે તેને પડતો મુકી ચાલી જવા નીકલી. પણ એમ એકાએક ચાલી જઇ પેલા જવાંનને અપમાન કરવા જેટલી જાહેલી કરતાં, તે ખુબસુરત છોકરીની સાદી સમજે ના પાડી. ગુલીસ્તાંને એટલાવારમાં તે જવાંનની સજધાજ અને અદા તથા તેના ચેહરાની પેશાંની ઉપરથી અટકલ કરી લીધી હતી, કે તે કોઇ કેલવાએલો તેમજ સારાં ખાનદાનનો જવાંન છે.

"જી માફ કરજો તમુને ખોટી થવું પડયુંછ."

ગુલીસ્તાંન એટલાજ "સખુન" કહી, એટલી તો ઝડપથી પેલા જવાંનને પડતો મુકી ચાલી ગઇ, કે પેલા જવાંનને તેનો વલતો જવાબ આપવાનીબી

તક મલી નહી. તે તો ડધાઇજ ગીગો, અને ડાચું વકાસી ડોલા ફાડી જોતોજ ઉભો.

"પેડર રોડ ને" પેલો જવાંન અંતે મનમા બોલ્યો. "એ પેડર રોડ ઉપર કોણને તાંહાં જતી હોસે? સહવારને પોહોર ! આવી ગીરદીને વખતે ! એ કોણ હોસે ! લાગેછે તો ગરીબ પણ શું એની ખુબસુરતી ! શું એની આંખોનુ તેજ ! શું એના બોલવાની ધપ ! શું એના મોહોડાંનો મલકાટને શું એના ચહેરાનો ઘાટ ! બાપરે ! બાપરે ! પારસી કોમમા કેવી કેવી ખુબસુરતીઓ પડીછે તેનો પારસીઓને કાંઇબી ખ્યાલ હોય, એમ હું માનતો નથી. કેહછે કે પારસી ઓરતો ખુબસુરત નથી, વાસતે સંસાર અને ઓલાદને સુધારવા પારસીઓએ વેલાતથી મડમો પરણી લાવવી જોઇએ. રેંટ ! એવા વીચારવાલાંઓના ભેજાંમા કેટલો ભુસો છે, તે આ એકજ ખુબસુરતીના નમુનાપરથી સાબેત થાયછે. ભેજાંના ધસેલા પેલા ફરાકરી બીસકોટવાલાઓ કેહછે, કે ખરો સુધારો મડમો પરણવામા છે. રાજા બોલીયા અને દાહાડી ઢીલી ! એવા ડોલઘાલુ સુધારાવાલાઓની સુંજે જો પારસી કોમ ચાલે, તો આખી કોમ સાતરે સાત થઇ જાય ! એ લોકની કેવી જોખમભરી હિંમત ! હિંમત નહી પણ હેવાકત ! કેહવત કંઇ ખોટી છે. "Fools rush in where angels fear to tread" અરરર ! પણ હું કેવો મુરખ ! કનફાઉન્ડઇટ ! પેલીનું નામ પુછતાં હું બીલકુલ ભુલી ગીયો ! જરા નાંમ પુછ્યું હોતે ? અરે જરા ઠેકાણુ પુછ્યું હોતે ! કેવી ગફલાતી ! ખેર ! એ આએ તરફથી આવતી દેખાઇ હતી ! અને પેડર રોડ તરફ ગેઇછે. એ પાછી તો ફરસેજ. તાહારે ફરીથી એનો મેલાપ થાય એવો કંઇ દાવપેચ રમવો જોઇએ."

પ્રકરણ ૫ મું.

મીસીસ દીલાવરખાંન

વાંચનારને દીલાવરખાંનના ચંપા બાગની રચણાથી વાકેફ કરવા, તથા દીલાવરખાંનના કુટુંબની ઓળખ કરાવવા માટે લંબાન કરવાની કાંઇ જરૂર નથી, કેમકે આ વારતાના બનાવો જેમ જેમ ખીલતા જશે, તેમ તેમ એ કુટુંબીઓ વારાફરતી વાંચનારની સાંમે રજુ થતાં જશે.

દીલાવરખાંનનો કુસાદે બગીચો પેડર રોડ ઉપર આવેલો હતો, અને તે રોણકદાર મકાંન ચંપા બાગને નામે જાણીતું થાએલું હતું. ગુલીસ્તાંનને ચંપા બાગ જેવું એક જાણીતું મકાંન, પેડર રોડ ઉપર શોધી કાહાડતાં વાર લાગી નહી. ચંપા બાગના રોણકદાર 'ગેટ' ઉપર તેનું નાંમ વાંચતાંજ તે બેધડક અંદર દાખલ થઇ. આ મોહટે ઘરના મોહટાં મકાંનમા અગાઉ તે કોઇબી વાર આવેલી નહી હોવાથી, હૉલમાં એકાએક દાખલ થવાની તેણીએ હીંમત કરી નહી, પણ કોઇબી ત્યાં આવી લાગે તેની ઇંતેજારીથી રાહા જોતી, બંગલાના વરંન્ડા ઉપર તે ઉભી.

ગુલીસ્તાંન ત્યાં આવતાં જતાંની રાહા જોતી ઉભી, પણ કોઇબી તેની નજરે પડયું નહી. તેની અધીરાઇનો પાર રહ્યો નહી. તે ઇંતેજારીથી ખાલી દીવાંનખાના અંદર નજર કરી એમ તેમ જોતી હતી, તેવાંમા તેણીની નજર દીવાલ ઉપર ગોઠવેલાં એક નકસીદાર ઘંટ ઉપર પડી. ગુલીસ્તાંન આ ઘંટની પાસે ગઇ, તો તેણીની નજરે, 'Push' એવો હરફ ઘંટના બટંન ઉપર કોતરેલો પડયો.

આ હરફો વાંચતાંજ ગુલીસ્તાંને તે બટંન દાબ્યું, અને તે પાછલ હટે, તેટલાં એક ગોવાનીસ આયા, ગુલીસ્તાંનની સાંમે લટકો મટકો કરતી આવી ઉભી.

"એ કોણ સે ? તું કોણ સે બાઇ ? આરે તું કોણને પુચેસ ?"

પેલી મોહટે ધરની એસકી આયા, ગુલીસ્તાંનને પુછતી તેની સામે આવી ઉભી.

"દીલાવરખાંનના બાંનુબાઇનો પોલકો લેઇને હું આવીછ. આયા, તું તેવણુને જઇને કેહ કે———

"બૅાસ બૅાકુ," પેલી આયા ગુલીસ્તાંનનું બોલવું જાણે બધું સમજી ગઇ હોય, તેમ તકારો કરી બોલી. "મોટા ફોલકા લેઇ આયોસ તે મીજાસ કેટલા બધા કરેસ! ઉભો રહે! હું બાઇને કેહસ!"

આ મીજાસની કુતરીનો કડાકો જોઇ ગુલીસ્તાંન તો ડઘાઇજ ગઇ.

"ખુદા ખેર કરે. જે મકાંનના નોકરો પોતાના નાંખ ઉપર માંખ બેસવા દેતાં નથી, તો તેના શેઠ શેઠાણી કેવાં હોસે?" ગુલીસ્તાંન મનમાં બબડવા લાગી.

અર્ધો કલાક થઇ ગયો. પેલી આયા ગઇ, અને હજી કોઇ આવ્યું નહી. ગુલીસ્તાંનની અધીરાઇનો પાર રેલો નહી. લગભગ બાર, સાડા બાર થયા, પણ કોઇનું નામ કે નીશાન મલે નહી. હવે શું કરે! ફરી એકવાર ગુલીસ્તાંને પેલા ઘંટનું બટન દાબવાનો વીચાર કીધો, પણ તેવામાં એક પારસી નોકરે આવી ગુલીસ્તાંન તરફ જોઇ પુછ્યું:—

"છે—તે—કરીને—બાઇ સાહેબનો પોલકો કોણ લઇ આયુંછ?"

"જી હું." ગુલીસ્તાંને માથાં ઉપરની સોડ તાંણી જવાબ દીધો, અને પેલો નોકર ગુલીસ્તાંનના સોહામણા ચેહરા તરફ જોઇ રેલો.

"હું લાવીછ." ગુલીસ્તાંન તે નોકરને કેહવા લાગી. "દીલાવરખાંનન બાઇ સાહેબનો"———

"પોલકો, પોલકો," પેલો નોકર વચમા બોલી ઉઠીયો. "તેવણુનો પોલકો તમે લાયાંછની? ઠીક થયું. તેવણુ એ પોલકાનીજ વાર જોતાંતાં. એક અરધોં કલાક જો મોડું થતે, તો મને બેજવાડી દોડવું પડતે. લે ચાલો મારી સાથે, બાઇની પાસે."

ગુલીસ્તાંન આ પારસી નોકરની પુઠે ચાલી. દીવાંનખાંનામાંથી આગલ ચાલી, તેઓ માલ ઉપર જવા માટે એક સંગેમરમરના દાદર ઉપર ચહડયાં, અને ઉપર ચહડતાંજ એક રોણકદાર દીવાંનખાંનાની સાંમે તેઓ બંને જન આવી ઉભાં. પેલો પારસી નોકર ગુલીસ્તાંનને આ દીવાંનખાંનામા બેસાડી નીકલી ગયો, અને ગુલીસ્તાંન આ રંગીલાં દીવાંનખાંનામા એકલી પડી. ચોતરફ નજર કરી આ દીવાંનખાંનુ તે જોતી ઉભી. કાંઇ કીસમ કીસમના પુતલાં, અને કીસમ કીસમના ચીતારોથી આ દીવાંનખાંનુ સંગારેલુ જોઇ, ગુલીસ્તાંન મનમા તરેહવાર અટકલ કરતી હતી, તેવામા તે દીવાંનખાંનામા એક સુંદર દેખાવની રૂપાલી મડમ આવી ગુલીસ્તાંનને પોતાની પાછલ આવવા કહી, તેણીને પોતાની સાથે તેડી ગઇ.

* * * *

દીલાવરખાંનના બાંનુંબાઇ સુમારે પાતરીસ વરસની 'ઉંમરે' પુગેલાં, દેખાવે ખુબસુરત, અને શીકલે સોહામણા હતાં. પાતરીસ વરસની ઉંમરની બીજી ઓરતોની સાથે સરખાવતાં, તેવણે પોતાના જવાંનીને એવી તો સરસ રીતે જાલવી રાખી હતી, કે વીસથી પચીસ વરસની કુમારી છોકરીઓ જ્યારે પોતાની જવાંનીનો ગુલાબ કરમાવી નાખી, પરણીને પાર પડી ગએલી ઓરતોના જેવી દેખાતી હતી, ત્યારે પાતરીસ વરસના આ દીલાવરના બાનુ-બાઇની જવાંનીનો બહાર, તેમણા ચેહરાની ચાંમડીનો ચલકાટ, તેમણા કાલાં ભંમર જેવાં બાલના જુલફાં, અને તેવણના ઠસ્સા સાથના ચટકા ભરીયા લટકા આગલ, જવાંન કુમારી છોકરીઓ ઝંખવાઇ જતી હતી. અગરજો દીલાવરની બાંનુ આજે કુમારી હોતે, તો બેશક મેત્રીમોનીયલ મારકેટમા તે એક અજબ કીસમનો ધરતીકંપ મચાવતે. પણ તેમ હતું નહી. તેવણ પરણીની પાર પડી ગયાં હતાં. દીલાવરખાંનના ખાનબહાદુર બેહરામ-શાહ સાથ 'તેવણ પરણી' ચુકેલાં 'હતાં. ખાનબાહદુર બેહરામ-શાહ, પોતાની પેહલી ધણીઆણીના મરણ પછી, મોહટી ઉંમરે 'પરણવા નીકલ્યા હતા. આજે ઘણીક દીકરીના માબાપો પઇસા ખાતર

જેમ ઘરડા ખાવીંદને પોતાની દીકરીઓ ખુશીથી વેચે છે, તેમ બાનુબાઇના લગન ખાનબાહદુર બેહરામશાહ સાથે તેવણુની મોહટી ઉંમર છતાં, પઇસા અને માંનના લોભને ખાતર થયાં હતાં.

પણ મીસીસ દીલાવરખાંનને એમ "એકદમ" ઉપર ટપકેથી તપાસી વાંચનારે વીસારી દેવી નહી. આ ખુબસુરતીની પુતલી જેટલી ખુબસુરત હતી, તેણીની ફેશન અને શીશીઆરીનો પારજ નહી હતો. નવી ફેશનો શોધી કાહાડવા માટે મીસીસ દીલાવરખાંન મલબાર હીલ ઉપર વસનારાંઓમાં જાણીતી થઇ હતી. લેડી કરઝને દીલ્લી દરબારમાં 'ઓરીએનટલ ફેશન' ખાલનો સેંહટો પાડયો, તેની પેહલી નકલ મુંબઇમા મીસીસ દીલાવરે કીધી, અને તે ઉપરથી એ ફેશન માતબરોમા ફેલાઇ. પણ સેવટે તે એટલી હદ સુધી ગરીબોમા ફરી વલી, કે ગલી ગુંચીઓમાં વસતી, અને સીવી સાંધીને પેટ ભરતી, તથા ધરમના મકાંનોમા રેહતી ગરીબ અને મુફલેસ પારસણો પણ 'ઓરીએનટલ બ્યુટી' તરીકે ગલી ગલીએ નજર પડતી હતી. એવી એવી કાંઇ અનેક ફેશનો મુંબઇમાં દીલાવરખાંનની બાંનુને આભારી હતી. સ્વભાવે બાંનુ જેટલી તેજ હતી, તેટલીજ દીલે તે દુલ્લી અને માયાલુ હતી.

એવી દીલેરખાનની બાંનુ હતી. એવી તેની ખુબસુરતી હતી, અને એવો તેનો ખવાસ હતો. તેવી એક મોહટે ઘરની મોહટીબાઇ સામે સાદી પણ નમાની ગુલીસ્તાંન જઇ ઉભી.

પ્રકરણ ૬ ઠું.

પોલકો પાસ થયો.

એક સુંદર દીવાંનખાંનામાં ગુલીસ્તાંન દીલાવરખાંનના બાંનુબાઇની સામે જઇ ઉભી. બાંનુબાઇનો હસ્સો, તેવણુનો દમામ, તેવણનો તોર અને તુમાખ, અને તેની સાથે તેવણુની ખુબસુરતીનો રૂબાબ જોઇ ગુલીસ્તાંન ડગાઇજ ગઇ. ખરી વાત હતી કે ગુલીસ્તાંન કોઇબી વખત, એવાં

ઉધરાંણીના કાંમ સારૂં કોઇને ઘર ગઇ નહી હતી, પણ જ્યારે તેણીને એવું કાંમ પેહલીજ વખતે કરવું પડયું, અને આવે મોહટે ખાંચરે તેણીને ચહડવું પડયું, ત્યારે તેણીની સાદી પણ નઆની મગરૂરી લજવાઇ જવા લાગી. પોતાની ગરીબી હતાં તે મનમા શરમાઇ બોલી:—"કેવું હલકું કાંમ મારી ગરીબીને લીધેઅમને કરવું પડેછ. બીલ ઉઘરાવવાનું કાંમ મારૂં નથી? તે તો તેના માણુસોનુ કાંમ છે? પણુ લાચાર.!"

"એ કોણુ?" પેલાં મોહટે ઘેરના દીલાવરબાઇએ ગુલીસ્તાંનને જોતાંજ કાંસી કુંસી પુછયું.

"જી, એ તો હું છેઉ. પારસી પ્રીમેલ, વર્ક-કલાસમાથી તમારોં પોલકો—

"પોલકો? અં હાં લાવો કાહાડો. જોઇએ? કેટલું મોડું થયું. જો હું કોઇ મડમને સીવવા આપતે, તો એટલું મને ખોટી થવું પડતેજ નહી. લાવો જલદી કરો. મને 'ત્રાઇ' કરવો પડશે."

"જી, હા, સુખેથી "ત્રાઇ" કરો." ગુલીસ્તાંને પોતાના હાથ માહેલો દાબડો ઉંઘાડી તેમાથી પેલો સુંદર ફેશનનો પોલકો બાહાર કાહાડી મીસીસ દીલાવરખાંનની પાસે જઇ તેવણુના હાથમા આપ્યો.

"મીસ બાલફૂર, જુવોની મને એ કેવો શોભેછ?"

મીસ બાલફૂર, જે મીસીસ દીલાવરની નોકરીમા તેની 'કંપેનીયંન' તરીકે રહેલી હતી, તેણીએ તે પોલકો ખુશીથી બાંનુને પહેરાવવાનું માથે લીધું. આ મોહટે ઘેરના મોહટાંબાઇના નાજ અને નખરાં જોઇ, ગુલીસ્તાંનના જીવમા જીવ રેહ્યોજ નહી. મીસીસ દીલાવરનો ઠરસો, અને તેનો તોર તથા દોર જોઇ, તે ઠસકીજ ગઇ હતી, પણુ તેવામાં બાનુંબાઇની મડમ કંમપેનીયંને જ્યારે પોલકો પેહરાવવાનું કાંમ માથે લીધેલું તેણીએ જોયું, ત્યારે તેણીએ નકકી ધારયું કે પોલકો જરૂર 'નાપાસ' થવાનો, અને મીસીસ દીલાવરનો બીજોજ જતો રેહવાનો.

પણ અંતે પોલકાની 'ત્રાયલ' પુરી થઇ, અને ગુલીસ્તાંનના જીવમા જીવ આવવા લાગ્યો. પોલકો દરેક રીતે મીસીસ દીલાવરને પસંદ પડયો,

અને મીસીસ દીલાવરે પોતાના આંગમાંથી તે કાહાડી મીસીસ બાલફુરને આપી, ગુલીસ્તાંન તરફ જોઇ કેહ્યું:—"ઠીક છે. આલીબખ્ષને કેહજો, કે પોલકો પુગોછ."

"જી વારૂ." ગુલીસ્તાંને લાએકીથી જવાબ દીધો. "જી, આએ પોલકાનુ બીલ આલીબખ્ષએ મોકલીયુંછ."

મીસ બાલફુરે પરબીડાંમાં બીડેલી એક ચીઠી ગુલીસ્તાંનના હાથમાંથી લેઇ મીસીસ દીલાવરના હાથમાં આપી, અને મીસીસ દીલાવરે તે ઉપર નજર કીધી.

બાઇ સાહેબ બાંનુબાઇ બેહરામશાહ દીલાવરખાંન. Dr.

		રૂ. આ.
૪,	ગજ રેસમી કપડું, પોલકા સારૂં. દર વારના રૂ. ૧૦, લેખે. ૪૦)	૪૦
૩,	ગજ રેસમી કપડું, બોંય સારૂં. દર વારના રૂ. ૧૦, લેખે ૩૦)	૩૦
૦।,	ગજ ઉંચીમાની મખમલ, કાલર સારૂં. દર ગજના રૂ. ૨૦, લેખે. ૫)	૫
	આખા પોલકામાં લેસ અને રીબનના રૂ. ૧૫.	૧૫
	પોલકાને પાંસરામાં અને પીઠે ચાપીઆ મુકીથા તેના.	૧૦
	અસતર જેપાનીસ સીલ્કનું પોલકાને રૂ. ૧૦	૧૦
	સીવવા માટે રેસમ રૂ. ૨	૨
	સીલાઇ રૂ. ૨૫.	૨૫
	જુમલે રૂપીઆ	૧૩૭

રૂપીઆ લેનારની સહી.

બાનુ આ બીલ ચીપી ચીપી વાંચી જોયા પછી બોલ્યાંઃ—" આએ બીલ લેવા કોણ આવ્યુંછ ?"

" જી, એ બીલ લેવા હું પોતેજ આવીછ."

" તમે પોતે ? એટલે ?"

" જી, આલીબાઇએ મને એ બીલના રૂપીઆ લાવવા કહેલું છે, અને કહેલું છે કે——

" તમને હું કંઇ ઓલખતી નથી. વલી સરેસતા પરમાણે આલીબાઇની પોતાની સહી આ બીલ ઉપર નથી, તેથી એ બીલના પઇસા તમુને મલશે નહી. વોટ ડુ યું થીંક મીસ બાલફ્રર ?"

" સરતનલી." મીસ બાલફ્રરે કંમરમાથી લચકઇ જઇ પોતાની સ્ટાઇલમા બાનુજઇના મતને મલતો જવાબ આપ્યો. " આ બીલની રકમ મોહટી છે, અને તેટલાં સારૂ—

" આંએ બીલ તમે આપો પાછું." બાનુએ પેલું બીલ મડમના હાથમા આપ્યું અને મડમે લટકો કરીને ગુલીસ્તાંનને તે પાછું આપ્યું.

આવો મામલો જોઇ ગુલીસ્તાંન ફ્રગલાઇ ગઇ. તેણીએ તે બીલ પોતાના હાથમા લીધું, પણ શું જવાબ દેવો તેનો તે કાંઇબી વીચાર કરે, તે આગમજ તેણીની નજર અડછતી બીલમા લખેલી એક રકમ ઉપર પડી.

તે બીલમા શું લખેલું હતું, અને કેટલા રૂપીઆનું તે બીલ હતું, તેની તેણીને ખબર પણ નહી હતી. પણ મીસીસ દીલાવરની કંમપેનીયન મીસ બાલફ્રરે જેવું તે બીલ ગુલીસ્તાંનના હાથમા આપ્યું, તેરીજ તેણીની નજર ચોલકાની 'સીલાઇ'વાલી રકમ ઉપર પડી. અફસોસ ! ગરીબ બીચારી ગુલીસ્તાંન ! જે ચોલકો સીવીને તઇયાર કરવા સારૂ આ પારસી દરજણને આખી આખી રાત બેસી કાંમ પુરૂં કરવું પડીયું હતું, અને જેની સીલાઇ તેણીને ફ્રકત રૂ. ૩–૮ થી રૂ. ૪ મલવાની હતી, તેજ સીલાઇનો આલી-આગબોટે મીસીસ દીલાવરને રૂ. ૨૫)નો આંકડો કીધો હતો.

ગુલીસ્તાંનની આ નારીપારી મોહટી હતી. પણ તે કાંઇબી વીચાર કરે, તે આગમજ પેલી મોહટે ઘરની બાંનુએ સવાલ કીધો:–

"પણ તમે ચાલી ચલાથી બીલ ઉઘડાવવા આયાં તાહારે તે ઉપર સહી કરાવવી હતી કે ની?"

"બેઅદબી માફ છે, મારૂં કાંમ કાંઇ બીલ ઉઘડાવવાનું નથી."

"એમ કે? તાહારે તો તમુને બીલ આપવુંબી સલામતી ભરીયું નથી. જાવો તમે આલીજાહને કેહવો, કે તમારૂં બીલ હું મોકલી આપસ. સહી વગરના બીલ હમો કોઇને પગાર કરતાંજ નથી. એ પારકી બલામાં કોણ પડે! પઇસા પુગા, નહી પુગા, તો તેની ખટપટ કોણ કરે!"

"બેઅદબી માફ છે, તમારે ગમે તો બીલ આપો, અને ગમે તો ના આપો, પણ મારી દયાનત ઉપર તમે શક ના લેઇ જાવો." ગુલીસ્તાંન દીલાવરની બાંનુના છેલ્લા સખુનો સાંભલી છછણી પડી, પોતાના ગુસ્સાને દાબી બોલી. "આલીજાહનો મારી ઉપર વીસવાસ હોવાને લીધેજ તેવને એ બીલ લાવવા મને આપીયુંછ. જો તેવનનો વીસવાસ મારી ઉપર હોય નહી, તો આવો સોઘો પોલકો તેવન મને કેમ આપી મોકલે?"

"ઠીક, ઠીક. હોસે! એ બીલના રૂપીઆ હું મારાં માણસ સાથેજ મોકલવા માગુંછ." બાંનુએ ઠંડે પેટે જવાબ દીધો.

"જેમ તમારો વીચાર." ગુલીસ્તાંન બજીદ થવા લાગી. "પણ મને તો આલીજાહનો હોકંમ છે, કે રૂપીઆ લીધા વગર—

"બસ, બસ, લાંબી ટુંકી વાત ના કરો." દીલાવરની બાંનુ એકદમ ગુસ્સે થઇ ગુલીસ્તાંન તરફ ટીકી ટીકી ડોલા ઘુરકી તુંછાઇથી બોલી. "મે ના કેહુંની કે હું તમુને ઓરખતી નથી. જાવો, મને તમારી ઉપર વીસવાસ નથી."

"બેઅદબી માફ છે, મને તમારા વીસવાસની જરાબી જરૂર નથી." ગુલીસ્તાંન જરા ઉસકેરાઇને બોલી. "તમારો વીસવાસ મારી ઉપર નથી, પણ આલીજાહ ઉપર છે. અને આલીજાહનો વીસવાસ મારી ઉપર છે,

એટલે રૂપીઆ આપી મને જવા દેઓ. રૂપીઆ વગર જો હું પાછી જાસ, તો આલીબઇ મારી ઉપર ઝારના ઝાર તોડી પાડશે."

"મીસ બાલફૂર, આએ છોકરીનું નામ લખી લેઇ, આલીબંઇને જણાવો, કે ફરીથી એવાં અનઘડ આદમીઓને મારે બંગલે બીલ આપી મોકલે નહી." બાંનુએ પોતાની કમપેનીયંનને હુકમ કીધો. "આલીબઇ ગીયાં ઝાંનમમેં અને તમનેબી કંઇ કહેતીતી. તમે જાણોછ કે તમે કોણુની સાથે એવી તુંદઇથી વાત કરોછ?"

"હાજી. હું જાણુછ, કે મને ખા૦ બા૦ દીલાવરખાંનના બાંનુબાઇ પાસથી બીલના નાંનાં વશુલ કરવા આવી રીતે બોલવું પડેછ. મોહટાંઓ ગરીબો ઉપર પોતાનો ગુસ્સો ખાલી નહી કરે તો કોણુ ઉપર કરે? પણ તેથી એમ નથી ઠરતું, કે સઘલાંજ ગરીબો અપ્રમાણીક હોય છે, અને સઘલાંજ મોહટાંઓ પ્રમાણીક હોયછે. કોઇ ગરીબ દયાનત અને ઇજતે એવાં માંતબર હોયછે, કે માતબરોની લાખોની દોલતની તેઓ પોતાની ઇજત ખાતર પરવા કરતાં નથી. મારા જેવી ગરીબની દયાનત ઉપર શક લેઇ જવાનું મે તમુને કદીથી કારણ આપીયું નથી."

"બોલો, તમારૂં નાંમ શું?" મીસ બાલફૂર ઓરડાની એક બાજુએ ગોઠવેલી 'ડેવનપોર્ટ' ઉપર બેસી હાથમા પૅન લેઇ ગુલીસ્તાંન તરફ જોઇ પુછવા લાગી.

"મારૂ નામ ગુલીસ્તાંન કેકાસજી સીકનંદર."

એકાએક એ શું થયું?

દીલાવરખાંનની બાંનુ જે ગુસ્સાથી લાલ અને પીલી થઇ ગેઇ હતી, તે ગુલીસ્તાંનનુ 'આખુ' નામ સાંભલી એકાએક ફીક્કી પડી ગેઇ. તેણીના ચહેરા ઉપરનો ગુસ્સો એકદંમ ઉડી ગયો. તેણીની આંખોમા ચલકતું તેજ ઝાંખુ પડી ગયું. તેણીનાં મોહડાંનો મલકાટ ઉતરી ગયો, અને તેણીની છાતીની અંદર, લોહડીની એરણુ ઉપર પડતા હથોડાના જરબ મીસાલ ધપ ધપ ધકાકા થવા લાગ્યા.

એકાએક એ શું થયું? શું ગુલીસ્તાંને બાંનુને કાંઇ નવું અપમાન કીધું?

કાંઇબી નહી. ગુલીસ્તાંન બીચારી કાંપતી અને ધ્રુજતી મીસ બાલફરને પોતાનું નાંમ લખાવતી હતી. બાંનુની તબીયતમાં આવી રીતે એકાએક જે ફેરફાર થઇ ગયો, તેનું તો ગુલીસ્તાંનને તેમજ મીસ બાલફરને કાંઇ ધ્યાનબી નહી હતું:

હા. તે એક વીજલીનો ઝટકો હતો. જેટલી ઝડપથી વીજલીનો ઝટકો આદમીને લાગી પાછો ગુંમ થઇ જાએ છે, તેમજ દીલાવરની બાંનુને લાગેલા આ અચાનક ઝટકાની અસર, વીજલીના ઝટકા જેટલીજ ઝડપથી પાછી ઉતરી ગેઇ.

આ બધી તકલીદી અસર એક પલકમાં પાછી ઉતરતાંજ, બાંનુ પાછી જેવીને તેવી થઇ, ગુલીસ્તાંનનો સોહાંમણો ચેહરો, તેના બદનનો બાંધો, તેનું સુરત જેવું રીધું કદ, તેની સુંદર પેશાંની, અને ચમકતી ચસમોમાં દીપી રહેલી તેની ખુબસુરતી, તે ટીકી ટીકી જોવા લાગી.

"મેડમ બાલફર," બાંનુએ પોતાની કંમપેનીયંનને કહ્યું. "જાવો, સેઠની પાસે તમે જલદી જઇ રૂપીઆ પાંનસો મારે નાંમે માગી લાવી તેમાંથી આએ બીલ એકદમ ચુકવી આપો. આએ બીલ એકદમ આપી દેઓ. જલદી જાવો."

બાંનુમા એકાએક આવો ફેરફાર થઇ ગએલો જોઇ, ગુલીસ્તાંન વીચારમાં પડી. મીસ બાલફરે, પોતાની શેઠાણીના ફરમાન પ્રમાણે મોહટા શેઠ પાસ ગઇ અને બાંનુએ ધીમે અવાજે ગુલીસ્તાંનને સવાલ કીધો.

"તમે, આલીબઇને તાંહાં ચાકરી છેઓ કે?"

"જી, નહી. હું ચાકરી નથી. તમારો આએ પોલકો મેં સીવેલો છે. એ પોલકો હું આલીબઇને આજે સતારના આપવા ગેઇ, અને તેવને એ પોલ્કો તમુને પોહોચાડવાની મને ફરમાસ કીધી."

"તાહારે તમે ઘેર બેસી કાંમ કરતાં હોસો." બાંનુ જરા દયાલું દીસે ફગલીને બોલ્યાં. "તમે તમારાં. મા બાપ સાથે રેહતાં હસો?"

"જી, નહી. મારાં માયબી નથી અને બાપબી નથી." ગુલીસ્તાંનની છાતી આ સખુનો બોલતાંજ ભરાઇ આવી, અને તેણીનો ભરાઇ રહેલો ડોમો તાંમોસ નહી થયાથી તેણીની આંખમાંથી આંસુની ધાર તપકવા લાગી. "માયબાપ જો જીવતાં હોતે, તો આવાં દુખ——

"નસીબ તમારા——" બાંનુ દલગીર થઇ દીલાસો દેવા લાગી. "ગરીબના નસીબ ગરીબ. કેટલું થયું તમારાં માયબાપ ગુજરીયાને?"

"જી. મારા બાવાને હું જોવા પામીજ નથી." ગુલીસ્તાંને જવાબ દીધો. "પણ મારાં માય——ખુદા તેવનને હજારો હજાર બહેસ્ત બખસે. તેવનની મારી ઉપર એંટલી તો માયા અને મેહરબાની હતી, કે શું કેહું. તેવનને ગુજરી ગીયાંને આજે તણ વરસ થયાં."

"તણ વરસ?"

"જી, હા. તણ વરસ." ગુલીસ્તાંને પોતાની આંખો લુછી જવાબ દીધો. "મોત, તે કેવું મોત! એક આફત જેવું મોત! નહી મનમા, નહી ચીતમા, ને એકાએક! રાતના હસી બોલી સુતાં, અને ખુદા માલમ શું થયું, કે એકાએક સહવારના ઘોલીઆ ઉપર મુવેલાં માલમ પરીયાં."

દીલાવરની બાંનુથી ગુલીસ્તાંનના દુખની કકલાતભરી હકીકત સાંભી શકાઇ નહી. તેણીનું દીલ ફાટફાટ થવા લાગ્યું. તે કાંઇ વધુ બોલવા જતી હતી, પણ તેટલાંમાં મીસ બાલફરને આવતી જોઇ તે બોલી—"ઓ, કંમ ઑન——કંમ ઑન મીસ બાલફર!"

મીસ બાલફરે ગુલીસ્તાંનનું બીલ ચુકવી આપ્યું. ગુલીસ્તાંને તે બીલ ઉપર સહી કરી ઉપકાર સાથ બીલના રૂપીઆ લીધા, અને બાંનુબઇને નમીને તેવનની રજા માંગી.

"હું રજા લેઉછ જી."

"આવજો." બાંનુબઇએ ટુંકો જવાબ દીધો.

પ્રકરણ ૭ મું.

' LOVE AT FIRST SIGHT !'.

ચંપાબાગમાંથી ગુલીસ્તાંન બાહર નીકલી જે રસ્તે તે આવી હતી, તેજ રસ્તે તે હવે પાછી ચાલી. બપોરનો સુરજ એવો તો જોરમાં તપતો હતો, કે ગુલીસ્તાંનથી તે તડકાંનો તાપ ખમાયો નહી. બેજાર થઇ તે જેમ તેજ રસ્તાને નાકે આવી ઉભી, તેટલાંમાં તેની નજર ફરીથી પેલા ફાંકડા સોહામણા પારસી જવાંન ઉપર દુરથી પડી.

ખરી વાત તો એ હતી, કે તે જવાંન ગુલીસ્તાંનને જોતાંજ તેની ઉપર મોહી પડયો હતો. તે જાણતો હતો, કે તે નવજવાંન નાર કાંઇ કાંમ સારૂ પેડર રોડ ઉપર કોઇને બંગલે ગઇ છે, અને તેણીનો પાછો જવાનો રસ્તો પણ એજ હોવાથી, તે ગોવાલીઆ તલાવનું નાકું ઘેરીને ઉભો હતો.

પણ એન્તો જુલમ થયો ? આ ચલકતો પારસી રસ્તેથી પસાર થતી એક સોહામણી બાંનુ ઉપર એમ મોહી પડે, તો ભલે, પણ તેનો રસ્તો ઘેરી ધોલે દીવસે તેણીને પજવવાની હીમત કરે, એ તો પાક બેહાઇ થઇ.

એવા પરવાસ્તાઓ, એક કલાકમા એક દજન જુદી જુદી છોકરીઓ જોઇ, દજન વખત તેઓ ઉપર મોહી પડી પરણવા તૈયાર થાય, પણ એવા સાબુ સુકાલીઆઓની જામીનગીરી શું ?

અને તોપણ આ જવાંનને જેમ ગુલીસ્તાંન ઓલખતી નથી, તેમ તે પોતે પણ ગુલીસ્તાનને જાણતો, કે પીછાંણતો નથી. તેના બાપદાદાના જનમમા તેણીને પહેલ્લી વહેલ્લી તેણે આજેજ જોઇ છે, અને પહેલ્લી વખતેજ જોતાંને વાર તેની ઉપર તે એવો તો મોહી પડયો છે, કે તે પોતાનું કાંમ કાજ ખોઇ, સખત તડકાંના તાપમા સેકાતો અને ભુંજાતો તેણીનો રસ્તો ઘેરી ઉભો છે.

એ તો પ્યાર કરીને પરણનારાં જોડાંઓની ભાશામા 'Love at first sight' કહેવાય ! સુધારો કરવા નીકલેલાઓની રીત પ્રમાણેનો સુધારાવાલાઓનો સુધરેલો પ્યાર એ હતો !

એ પ્યાર કંઇ જેવો તેવો નહી, પણ ઓવાઇ નવાઇનો અને ઉંચે ઉપારેનો લેખાતો હતો! એ પ્યાર તો કેલવાએલો,'લગનની ડામીજી!' ભરાવનારો, આગલી રાતે પરણી, પાછલી રાતે છંડાઇ પડવા જેવો હતો!

પણ અપવાદો તો દરેક દાખલામા ગણવાજ જોઇએ. થોડાક દાખલામા એવા પ્યારને બદનામીનો કલંક લાગ્યો હોય, તો તેથી કાંઇ બધાંજ પ્યાર કરી પરણનારાં નીશફલ નીવડતા નથી!

એક વખત એવો હતો, કે સુધારો કરી પરવારી ગએલા સાહેબો આવી કીસમના જોડાંને મુબારકબાદી પોતે આપતા, તેમજ બીજાઓ પાસે તેમને મુબારકબાદી અપાવવાની ભલામણ કરતા હતા. પણ એવા પોકલ પ્યારથી દુખદાયક પરીણામોની મોહોકાંણો જયારે તેઓ કાંને કાંન સાંભલવા લાગ્યા, ત્યારે તેઓ 'હમે નહી ધારતા હતા કે આવું સેવટ આવશે,' એવો લુલો લંગડો બચાવ કરવા લાગ્યા છે. તોપણ વાંચનારાં-બહેરબાંનો એવાઓને એટલો બધો ગેરઇનસાફ નહી કરશે. Love at first sight ફતેહમંદથી નીવડે; પણ સવાલ એ છે, કે પારસી સંસારનુ હાલનુ ધોરણ તેટલા સુધારાની ટોંચ ઉપર ચહડયું છે કે નહી?

ગુલીસ્તાંન આ જવાંનને દુરથી જોતાંજ સમજી ગઇ, કે તે જવાંન તેનો રસ્તો ઘેરી હજી ઉભો છે. પણ ઇલાજ શું? તેજ રસ્તો ગુલીસ્તાંન માટે હતો, કે જે રસ્તે તે આવી હતી.

તે વીચારમા પડી. આ જવાંન સાથ કેવી રીતે કાંમ લેવું, તેનો તે ખ્યાલ કરતી હતી, તેટલાંમાં તો તે તેની પાસે આવી ઉભો, અને ઘણીજ સભ્યતાથી બોલ્યો:—

"માફ કરજો, મારી મતલબ તમુને જરાબી અપમાંન કરવાની નથી. હું તમને જરાબી ગુસ્સે કે દલગીર કરવાનો નથી. હું તમારી સાથ કાંઇ વાત કરવા માગુંછ."

"મારી સાથ કાંઇ વાંત કરવા માંગોછ?" ગુલીસ્તાને ચાલતાં ચાલતાં પુછ્યું. "હું તમુને જરાબી ઓલખતી નથી. મારી સાથ તમને શું વાત કરવાની હોય, જે આવા ઘેરી રસ્તા ઉપર તમે મને—

તમે-ત-મે, પણ તમે ગભરાવોછ શું કરવા? મારે તમુને—પણ તમે કેઇ તરફ જાવોછ? ચાલો, હું તમને નાકા સુધી મુકવા—

ગુલીસ્તાંન આ જવાંનને પોતાની આગલથી દુર કરી શકી નહી. ગુલીસ્તાંન સાથે ચાલવા તે જવાંન માનભરી રીતે બજીદ થવા લાગ્યો, અને ગુલીસ્તાંન તે જવાંનની લાએકી, સભ્યતા, તથા ચબરાકી છતાં તેને ખેરવવાની તજવીજ કરવા લાગી. કાંઇભી જીવ વગરની વાતચીતનો પટપટારો કરતાં તેઓ બંને જન ગોવાલીઆ તલાવનુ દલાંણુ પુરૂં કરી, નાકા ઉપર આવી લાગ્યાં.

પેલા જવાંનના ચહેરા ઉપર તરેહવાર જુસ્સાઓની ચહડ ઉતર થઇ રહી હતી. તેની મુખ્ય આર્જુજી અને મીનત એ હતી, કે ગુલીસ્તાંન તેનું બોલવું ધીરજથી સાંભલે.

પણ તેમની વાતમાં એકાએક ખલલ પડી. ગુલીસ્તાંન પોતાના ધ્યાન માંજ ચાલતી હતી, અને પેલો જવાંન કાંઇ લાંબો હાથ કરી બોલવા જતો હતો, તેટલાંમાં પછવાડેથી કોઇએ બુમ પાડી:—

"હલ્લો! દાદીબા! અરે મારા અધીપતી, એ ધોરે દીવસે, ધોરી રસ્તા ઉપર એ શું ગડબડ માડીછ! દાદી-દાદી આઇ સે—

"હલ્લો! ગી૦ રૂસ્તમ જાબુલી?" દાદી તુરતજ આ બોલનારને પીછાણી તેની તરફ ધ્યાન અને સભ્યતાથી બોલ્યો. "રૂસ્તમ બા? હું છે— તે આએ જવાંન બાંનુને—હું તરાંમના નાકા સુધી———

"અરે યાર, બસ કર! દાદી—દાદી એ શું? હુ ખરેખર દલગીર છેઉં!" રૂસ્તમ જાબુલી મોહોડું કુમલાવી બોલ્યો.

"અરે! તમે મારૂ માનતા નથી?" દાદી ફજેતુ પડી ગયાથી, તકરાર કરવા લાગ્યો. "પુછો એ બાંનુને કે હું એોનન સાથ શું વાત કરતો તો"

"અરે પણ યાર ઑરીસ મુકી, એોમ જવાંન બાંનુઓને તરાંમના નાકા ઉપર પોહોચાડવાના ધકેલા તમારા જેવાં અધીપતીઓએ નહી ખાવા જોઇએ, બાવા!"

આ સખુનોથી હાદીનું તો નાખાજ કપાઇ ગીયુ! પેલી જવાંન જોબનવંતીની આગલથી, રૂસ્તમ જાંગુલીના ઉપલા ટીકા સાંભલ્યા પછી, હાદી ફજેત પડી નીચી મુંડીએ ગોફતમ ચાલી ગયો, અને ગુલીસ્તાંન આ બનાવ જોઇ પથરની કાંની જડ થઇ, જ્યાંની ત્યાં ડાંઘાઇ જઇ કાંપતી અને લેર્જવાતી ઉભી.

"ગભરૂાવાનુ કાંઇ કાંમ નથી દીકરા." રૂસ્તમ જાંગુલી ગુલીસ્તાંનની હાલત જોઇ બોલ્યો. "બીહીશો ના. મને તમારા બાપ સમાન સમજને. તમુને કાંહાં જવુંછ?"

"જી, ખેતવાડી, પારસી ફીમેલ વર્ક-કલાસમાં." ગુલીસ્તાંને જવાબ દીધો. "હું એખલી જવસજી. મને રસ્તો ખબર છેજી."

"ફીકર નહી. આએ બાઇ તમારી સાથે હતા, તેવનને તમે ઓલખોછ કે?" રૂસ્તમે સવાલ કીધો, અને બંને જને હવે આગલ ચાલવા માંડયું.

"નહી જી."

"એ કોણ છે, તે તમે જાણોછ કે?"

"નહી જી. હું એવનને બીલકુલ જાણુતી નથી."

"તાહારે ધારો, કે હું જો વચમાં નહી પડયો હોતે, તો આવા એક ખુબસુરત ફાંકડા જવાન સાથ તમારી દોસ્તીનો ગાંઠ જરૂર બંધાયો હોતે ખરો!"

"જરાબી નહી. આજકાલના એવા ચીબાવલા છોકરાઓના ટાપટીપના ભપકા ઉપર, ખુબ બારીકીથી જોવાની દરેક સમજુ ઓરતની ફરજ છે."

"શાબાસ દીકરા. શાબાસ!" રૂસ્તમ જાંગુલીએ ગુલીસ્તાંનને શાબાસી આપી. "તારૂં નાંમ શુ બાય?"

"જી મારૂ નાંમ ગુલીસ્તાંન કેકાસજી સીકનદર."

"ખુદા તારૂ તાલે સીકનદર જેવું બુલંદ કરે." રૂસ્તમે ગુલીસ્તાંનની તારીફ કીધી. "દીકરી ગુલીસ્તાંન સુખી રેહજે. તે દાદાર તુને સુખી, અને ખુશી રાખે, ગુલીસ્તાંન, યાદ રાખજે. કે 'આ દુનીયામા

એક ઓરતને તારનાંર, અને બચાવનાર તેનો સદગુણ છે આજના જવાંનોની લોભી લાલચો જોઇ, તું ભોલવાતી ના. આએ પોરીઆઓ તરીમતરાક થઇ ફરે, તે ઉપર ભુંલવું નહી હો? જે ઘણા વાંકાટીકા થાય, જે ઘણી પટપટ કરી બઇરાંઓને ઘણા હસાવે; અને મનાવી. લીએ, તેવાઓથી તું દુર રહેજે. પારસી સંસારનુ, કમુબીઆ સુધારાવાલાઓએ નખોદ વાલ્યું છે. જેને તું સુધારો સમજેછ, તે ખરો સુધારો નથી, પણ ખરો કુધારો છે. તે બધું તુને સમજાવવાનો આએ વખત અને આએ જગા નથી. તું સમજુ અને ચાલાક છે. તુને વધારે કેહવાની જરૂર નથી. લે. આએ રસ્તો તારા વર્ક કલાસ ઉપર જવાનો આવી લાગો. સુખી રેહજે. ખુદા તારો નીગેહબાન થજો. સાહેબજી ગુલીસ્તાંન."

*　　　*　　　*　　　*

ગુલીસ્તાંન રૂસ્તમ જામુલીથી છુટી પડી પાધરી આલી બાગબોટના વર્ક કલાસમાજ ગઇ. તે ત્યાં પુગવા એટલી તો અધીરી થઇ પડી હતી, કે રૂસ્તમ જામુલીથી છુટી પડતાંજ એવડી ઝડપે તેણીએ ચાલવા માંડયું, અને રસ્તામા ચાલતા આજુબાજુ કાંઇબી નજર કીધા વગર મનમા ફદફદવા-લાગી:—

"આએ શું જુલમ! એક પોલકો સાડા ત્રણ રૂપીઆમા સીવાડી, તેનું પચીસ રૂપીઆ બીલ કરવું! હું જો એમ જાણતે, તો કદીબી એ પોલકો એટલાંમા સીવતેજ નહી! મે તો આજેજ જાણીયું કે, વર્ક કલાસ-વાલાંઓ ગરીબો પાસે સોજજુ કાંમ સસતામાં કરાવી, આવો મોહટો નફો તે કાંમ ઉપર કરેછ!"

*　　　*　　　*　　　*

આ ધકારાની ધુનમાં ગુલીસ્તાંન બોલ બોલતાં આલીના વર્ક કલાસમાં જઇ પુગી. આલી અને મીસ બેનેટ તેણીની રાહ જોતાંજ બેઠાં હતાં..

ગુલીસ્તાંને બીલના નાંનાં તુરતજ આલીને સવાધીન કીધાં, અને પોતાનો આખા માસનો હીસાબ કરાવી, તેના પઇસા માગી લેઇને,

તે બોલી:—"બહેન આલીબઇ, ફરીથી એવા પોલકા, હું એટલાંમાં શીવસ નહી. તમે વીચાર કરો બેહન, કે જે પોલકાની સીલાઇ પચીસ રૂપીઆ તમે ઘરાક પાસથી લેવોછ, તેના તમે મને ચારજ રૂપીઆ આપોછ?"

"બો હાય?" આલી છછણી પડી. "ગુલીસ્તાંન તમે એમ નજર ફેરવીને કેમ બોલોછ? તમુને કંઇ વીચાર છે? પચીસ રૂપીઆ એ પોલકાના કંઇ ઘણુા થયા કે? અને આ બધાંનાં હાજરાં કોણ તમારો સગો વહાલો ભરે? મહીનો થતાં વાર લાગે નહી, ને ભાડાં તોડાં, માનસના પગાર, મડમનો પગાર, માલ મસાલાનો ખરચ, એ બધું કીઆ ચુલામાંથી લાઉ? જાવો, જાવો, જરા વીચાર કરી બોલો?"

"તે ગમે તે હોય, પણ ચાર ટીકડીમાં આખી આખી રાત બેસીને આવી મેહનત મારેથી થાય નહી."

આ ખટપટનુ સેવટ જો ગુલીસ્તાંન માલ પરથી નીચે ઉતરી પડતે નહી, તો કદી આવતે નહી. આલી આગબોટ, કદીબી તેણીને એ પોલકાની વધારે સીલાઇ આપનાર હતીજ નહી, એવું જ્યારે ગુલીસ્તાંને જોયું, ત્યારેજ તે નીચે ઉતરી પડી, પણ તેવાંમા દાદર ઉપર મીસ બેનેટ સાંમે મલી.

"કેમ, ગુલીસ્તાંન તમે જાઓછ કે?"

"હા મેડમ. હું જાઉછ, અને હું ફરીથી તમુને મલનાર નથી. આલીબઇને, સારૂં કાંમ સસતી કીમતમા જોઇએછ, અને મારાથી સારૂં કાંમ સસતી કીમતમા થતું નથી."

"એ વલી કાંઇ તમારી નવી વાત છે." મીસ બેનેટ બોલી.

"હા. મીસીસ દીલાવરના પોલકાની સીલાઇ, એવને પચીસ રૂપીઆ લીધી, અને મને ફક્ત તેના ચાર રૂપીઆ આપી એવને પતાવી દીધું."

"ગુલીસ્તાંન, તમે હમણાં તો જાવો. બેશક તમારૂ કાંમ તો વખાણવા જોગ છે. હું આલીબઇ સાથ એ વીશે વાત કરસ. તમે કાલે સાંજના મને

મારે ઘરે મલશો? આપણ સાથે ચાહ પીઇસું? કેમ? બે વાત કરશું? હું તમુને થોડી નવી લેસના નમુનાઓ બતાવસ."

"તમારી મેહરબાંની મેડમ." ગુલીસ્તાંને ઉપકાર માન્યો. "પણ તમારું ઘેર મને ખબર નથીં?"

"કલેર રોડ. નંબર. ૩૧ ફૉકલૅન્ડ ટેરેસ. બાયખલા."

પ્રકરણ ૮ મું.

ફ્રૅાકલૅન્ડ-ટેરેસમાં ટી-પારટી.

મીસ બેનેટ ખરેખર એક ખુબસુરત ઓરત હતી. તેનું સરવ સમાન સીધ્ધું કદ, ખરેખર શોભાયમાન હતું. તેની કાલી ભંમર જેવી આંખો, અને કરચેલીઆ લાંબા બાલ, તેની ખુબસુરતીને દીપાવનાર બે અગતના મદદગાર હતા. તેની ચાલવાની ધપછપ, બોલવાની લહણુ, અને હાથ તથા ગરદનની મરોર, કોઇનુંબી દીલ ખુશ કરી હરી લેતાં હતાં. તે કાંઇ ઘણી 'આંબાંપ્વાં' નહી હતી. તેમજ વલી તે કાંઇ સુકકા ખુમલા જેવી સોહોરાએલી સુકાએલી, કે કંમરમાંથી તુરીયાં મીસાલ લચકાઇ ગએલીગી નહી હતી. સાંમની રીતે લેતાં મીસ બેનેટ એક ખુબસુરત, ચબરાક અને ખુશ મીજાજવાલી ઓરત હતી.

મીસ બેનેટ પંજાબની એક રેજીમેન્ટના કરનલની એક બુરી દીકરી હતી. કરનલ બેનેટના અચાનક મરણ પછી, તે છોકરી પોતાની બરજવાંનીમાં એખલી મુંબઇ આવી વસી હતી. પંજાબમાં પોતાના લાંબા વસવાટને લીધે, મીસ બેનેટ ઊરદુ જબાંન ઘણી સરસ રીતે બોલી તેમજ સમજી શકતી હોવાથી, મુંબઇમા તેણીનાં વસવાટ દરમ્યાંન દેશીઓ સાથ મલી બેઠી કાંમ લેતાં, તેણીને ઘણી મુશકેલી પડી નહી.

મીસ બેનેટ કાંઇ વગર કેલવાએલી નહી હતી. પોતાની કેલવણી ઇંગલન્ડમાં લીધા પછી, તે પોતાના બાપ સાથ પંજાબ જઇ વસી હતી. કેલવાએલી અને ભણેલી હોવા છતાં, મુંબઇ જેવાં શેહરમાં મીસ બેનટને પોતાના ગુજરાનનું સાધન એકાએક મેલવવું બહુ મુશકીલ થઇ પડયું હતું. એક ગવરનેસ તરીકે, યા એક કંમપેનીયન તરીકે કોઇ મોહટે ઘરના પારસી કુટુંબમાં રહેવાની તેણીની ઘણીબી મરજી છતાં, તેવી નોકરી તે મેલવી શકી નહી. અંતે તે લાચાર થઇ. લાઇલાજ થઇ. એમ સમજો, કે તે ગરીબ અને મુફલેસ બની, બીલકુલ નાસીપાસ બની ગઇ.

ઓ, તું કંગાલ મુફ્લેસી ! ઓ તું દલીદર ગરીબી ! ! આદમીની સરજતના દોજખી દુશમન, તું તારા ભોગને કયાં ઘસડી જાએ છે, તેનો ખરો વીચાર અને ખરો ખ્યાલ, બીનઅનુભવીઓને જરાબી હોય એમ લાગતું નથી.

વાંચનાર, મીસ બેનેટની ખરી હાલતનો ચીતાર ચીતારવાની હું આ જગો જોતો નથી, કેમકે મારી વારતાના વાંચકોની નજરે તે આપો આપ નજર પડશે.

એવા સંજોગ, અને એવી કીસમની જીંદગીની સંકડાંમણ વચ્ચે સીકડાઇ ગએલી મીસ બેનેટને અંતે 'પારસી ડીમેલ વર્ક કલાસમા' રૂ. ૪૦) ના માસીક પગારે 'સુપ્રીનટેનડન્ટ' ની નોકરીએ રહી જવાની ફરજ પડી. પણ એક લશકરી બાપની અને ખાંનદાંની કુલની દીકરી, રૂ. ૪૦)ના માસીક પગારમા સઘલે પ્રકારનું સુખ કેમ મેલવી શકે? તોપણ લાચારીએ તેણીને રૂ. ૪૦) ઉપર ગુજર ગુજારી કરવાની ફરજ પડી હતી.

મીસ બેનેટ ફરજની અને ગરજની મારી ડીમેલ વર્ક કલાસમાં રૂ. ૪૦) માં રોકઇ ગઇ, પણ તેણીની નજર તેણીના છુપાઇ બેઠેલાં, યા ટોપલાં હેઠલ સંતાઇ રહેલાં સુખની પાછલજ હતી. તેણીને ઉમેદો તો ઘણી હતી. તે ઇચ્છતી હતી, કે ઉંચી કીસમના જલસાંમા જલસાં 'મ્યુઝીક' તે ગાએ ! તે ચાહતી હતી, કે તેણીના હૉલમાં પીઆંનો અને મેનડોલીન તે વગાડે ! તેની ઉમેદ હતી, કે ઉંચી કીસમના ચીતારોથી પોતાનું દીવાનખાનું તે સંગારે ! તે ઇનતેજાર હતી, કે તે ઑપેરા અને નાટકોમા જાએ, અને ઉંચી બનાવટની ફેશનવાલા પોશાકો પહેરે ! તેની મરજી ઘણી હતી કે તે 'ટી-પારટી 'ના મેલાવડા અવારનવાર કરે અને સાંજના ઘોડાની ગાડીમાં લતાર મારી આવે. પણ———

પણ શું ? પણ ગરીબી અને મુફ્લેસી તેના આ સુખોની વચ્ચે આડી આડી પડી હતી. તે ખુબસુરત તો એવી હતી, કે તેણીને જોતાંજ જોનારાંઓ અંજાઇ જતાં, પણ તે લાચાર પોતાની ગરીબીને લીધે હતી.

પણુ તેથી શું થયું? એક ખરી ખુબસુરત ઓરત જો પોતે-પોતે-પોતે એમ ચાહે, કે પોતાને સુખી કરવું તો શું, તે પોતાની ગરીબીને પોતાના ઘરના ઉંબર ઉપરથી હાંકી કાહાડી નહી શકે?

પણુ એ સીધાંત અને એક તકરારની ફીલસુફીને હીયાંજ પડતી મુકી મીસ બૅનેટ સાથ, જરા આપણુ આગલ ચાલીએ.

* * * *

ઠેડવેલે વખતે, ગુલીસ્તાંન મીસ બેનેટની મુલાકાતે ફ્રૅાકલંડ ટેરેસમા આવી ઉભી.

ફ્રૅાકલંડ ટેરેસ કાંઇ મોહટી ઇમારત નહી હતી. તે એક માલનુ નાંહનુ પણુ સાદું અને સમકલું મકાંન હતું. તેની ચારો બાજુએ ફરતો નાંહનો જેવો કંમપાંઉન્ડ હતો. આ કંમપાંઉન્ડને ફુલોના ઝાડ અને કયારાથી સંગારી, લોખંડની રેલીંગોથી ઘેરી લીધો હતો. ગેટ ઉપર

મીસ બેનેટ

એવું એક નાંહનુ પાટિયું મારયું હતું.

આ પાટિયાંની સરતે કેકાસજીની ગુલીસ્તાંને મીસ બેનેટનુ ફ્રૅાકલંન્ડ ટેરેસવાલું મકાંન શોધી કાહાડયુ હતું.

"કોણુ? મીસ ગુલીસ્તાંન! ઓ! હું તમારીજ વાર જોતી હતી. હું સમજી કે મારૂ ઘેર શોધતાં તમુને મુશકેલી——

"નહી મેડમ. નાકા ઉપરથી હું દાખલ થઇ, તેવીજ મારી નજર તમારા નાંમના પાટિયાં ઉપર પડી."

"બી-એટ-હોમ, માઇ ડીયર. સીટ-એટ-ઇઝ!" મડમ હસીને પોતાની રીત પ્રમાણે બોલી." કેમ ગુલીસ્તાંન આ મારૂં મકાંન તમુને ગમેછ કે? આએ મારો પીઆંનો, આએ મારાં મ્યુઝીક, આએ મારો હોલ——

"એખલા એક જીવને જોઇએ તે કરતાં મને તો આએ બધું ઘણુંજ વધારે લાગે છે." ગુલીસ્તાંન હૉલની ચારો તરફ નજર કરી બોલી. "તમારો એખલો જીવ અને આટલી બધી ખટપટ? આએ આખો બંગલો તમારા એખલા જીવને બેશક ઘણો છે! એનું ભાડું શું છે મીસ બેનેટ?"

"સો રૂપીઆ." મીસ બેનેટે તુરતજ જવાબ આપ્યો, અને ગુલીસ્તાંન તે સાંભલી વીચારમા પડી.

"બાપરે! રૂ. ૪૦નો પગારં, અને સો રૂપીઆ ભાડું! એ ઇંગ્રેજ લોકના એવાજ ખરચ તો! આવો ખરચ કોણ રાખે. વેહવારીઆ કે દીવા-રીઆ! હોસે, પાસે બાપનો કાંઇ છાંડો હોયા વગર કાંઇ એમ હોય?"

"તમે શું વિચારમા છેઓ ગુલીસ્તાંન?" મીસ બેનેટે સવાલ કીધો. "તમારા જેવી જવાંન અને ખુબસુરત બાંનુને એક વર્ક કલાસમા સખત મહેનત કરતાં જોઇ મારો તો જીવ બરી જાએછ."

"હું એજ કારણુ સર તમારી પાસે આજે આવીછ." ગુલીસ્તાંને જવાબ દીધો. "સખત મેહનત તે કેવી! પેલો દીલાવરની બાંનુબો ગેઇ કાલવાલો પોલકો પુરો કરતાં મને એટલી સખત મેહનત કરવી પડીછ મીસ બેનેટ, કે હું તમુને શું કેહું. ફકત તમે તો તે વેતરી કાતરીને મને આપીયો, અને મે તે એવો તો સરસ સીવીયો, કે દીલાવરની બાંનુ, તેમજ તેની કંમપેનીયંન પેલી મીસ બાલફ્રર, એકબી ખામી તે પોલકામા દેખાડી શકી નહી. એકબી કરચલી નહી. એકબી ડાઘ કે ડુઘ નહી. કંમર બેવડ બની ગઇ! બરડાનો કાંઠો વલી ગીયો! આખી રાત જાગીને તે પોલકો મે પુરો કીધો, અને તેના ફકત ચાર રૂપીઆ! પણ તમે તો જાણોછ, કે આલીબઇએ તેજ પોલકાની સીલાઇ પચીસ રૂપીઆ બાંનુબાઇ પાસે લીધીછ! હું હવે એવંનનુ કાંમ એવે સસતે ભાવે

કદીબી કરનાર નથી. હવે મારી આંખ ઉંઘડીછ. મીસ બેનેટ. એ વર્ક-કલાસવાલાંએ ગરીબો પાસ સસતું અને સોજું કામ કરાવી, ઘરાકો પાસ મોહદું દાંમ મેલવેછ. મીસ બેનેટ, હું તમારી પાસે બીજાંજ કાંમ સર આવીછ."

"હું તમહ્રે વાસ્તે કાંઇબી કરવા ખુશી છેઉ ગુલીસ્તાંન. તમારી હાલત ઉપર મને દયાં આવેછ. અરે રે! તમારા જેવી ખુબસુરત ઉપર આવો જુલમ!"

"મને કોઇનું સીવવાનું કાંમ પરબારૂં મલે, એવી તમો ગોઠવણ કરી આપો." ગુલીસ્તાંને અરજ કીધી. "હું વર્ક-કલાસ જેટલો મોંઘો ભાવ લેવસ નહી. પેલા ગઇ કાલના પોલકા જેવો પોલકો હું દસ રૂપીઆમાં કોઇનેબી સીવી આપસ."

"ગુલીસ્તાંન, તમારે સારૂં હું મારાથી બનશે, તેટલુ કરવાની તમુને કબુલાત આપુંછ." મીસ બેનેટે ગુલીસ્તાંનને સધીઆરો આપતા કહ્યું. "હું જાણુછ બેહન, કે તમારો સંસાર ઘણો ગરીબ છે. પણ ગરીબી અને મુશ્કલસીને મારી હટાવવાની તમારી કોશેસો બીલકુલ નબલી અને નીરબળ છે. એવી રીતની જીંદગીને તમો કયારે સુખી કરશો? એવી રીતે સીવી સાંધી શું તમે તમારો ગરીબ સંસાર સુખવાસી કરવા ધારોછ ગુલીસ્તાંન?"

"મીસ બેનેટ, મારી હાલત ઘણીજ ગરીબ છે." ગુલીસ્તાંને જવાબ દીધો. "આલીબઇનુ કાંમ કરવા મે ના પાડીછ, અને આજે મારી પાસે સીવવાનુ કાંઇ નથી. જો મને સીવવાનું નહી મલશે, તો કેવી રીતે હું નીભી શકસ, તેની હું ફીકરમાં પડીછ."

"જરા હિંમત રાખો." મીસ બેનેટે ગુલીસ્તાંનની પીઠ ઉપર હાથ મુકી કહ્યું. "તમારા જેવી હાલતનો મને પુરેપુરો અનુભવ મલી ચુકેલો હોવાથી, તમારા દુખ અને ચીંતાનો મને પુરેપુરો ખ્યાલ આવી શકેછ. પંજાબથી જાહારે હું એખલી મુંબઇમાં આવી વસી, અને જે થોડું ઘણું મારી પાસે હતું, તે સઘલું હું ખરચી પરવારી ગઇ, તાહારે

મારી હાલત તમારા જેવી, બલકે તમારા કરતાંબી ખરાબ થઇ પડી હતી. એક રાત મારી એવી ખરાબ આવી હતી, કે મને સુકાં પાંદડાના ટુકડા ઉપર ગુજારો કરવો પડયો હતો. મે જોયું, કે એથી વધારે બુરો વખત મારે સારૂ બીજો શું સંતાઇ રેહ્યો હશે?"

"મીસ બેનેટ તમારી જીંદગીની કાંહાંણી આવી છે, એમ આજ સુધી હું જાણતી નહી હતી." ગુલીસ્તાંન મીસ બેનેટની કાંહાંણી સાંભલી અજબ થઇ બોલી. "માયરે—તમેબી કેથાં મારા જેવાંજ નસીબના લીલાં દેખ્યું! પણ મીસ બેનેટ, આજે હું તમુને આવી સુખવારી હાલતમાં જોઇ ઘણીજ ખુશી છેઉ."

"થેંક યુ ગુલીસ્તાંન" મીસ બેનેટે જવાબ દીધો. "એ સઘલા પરતાપ મારા એક મીત્રના છે. બેશક હું તેનેજ આ મારી સુખી જીંદગીને માટે આભારી છેઉ. હું જો કે સુપ્રીનટેનડંન્ટ તરીકે વર્ક-કલાસમા નોકરી કરૂં છ, પણ તે ફકત મારો વખત પસાર કરવા સારૂ. મારી મુફલેસી, મારી ગરીબી, મારી દલીદરતા દુર કરવા માટે ખરૂં કેહું, તો હું ખાસ તે મીત્રની મેહરબાંનીને આભારી છેઉ ગુલીસ્તાંન."

મીસ બેનેટના આ સખુનોની કાંઇબી મતલબ નીરદોશ ગુલીસ્તાંન સમજી શકી નહી.. તોપણ તેણીના સખુનો સાંભલી ગુલીસ્તાંન કાંઇ ઝાંખી શંકામાં પડી. તે શંકામા પડતાંજ કાંઇ ઉંડા વિચારમાં તે અટવાવા લાગી. મીસ બેનેટનુ તમામ બોલવું, ગુલીસ્તાંનના કાનમાં, એક ઘુંઘરીઆ સાંપની પુછડીમાથી નીકલતાં ચમકાવનારા દહેશતનાક અવાજ મીસાલ ગણગણવા લાગ્યું. ગુલીસ્તાંનની આ વિચીત્ર હાલત મીસ બેનેટે એક પલકમાં જાણી લીધી, અને તેજ વખતે તેણીની ગાફેલીમાથી તેને જાગરૂત કરવાં, મીસ બેનેટ તેણીનો હાથ પકડી લીધો. જેવો મીસ બેનેટનો હાથ ગુલીસ્તાંનને લાગ્યો, તેવીજ તે પોતાની ગાફેલીમાંથી ચમકી, મીસ બેનેટ તરફ જોવા લાગી.

"ગુલીસ્તાંન હવે આપણ એ વાત પડતી મુકીએ. તારે સારૂં કાંઇ સીવવાનું હું તુંને મેળવી આપસ. તું ગભરાના. ચાહ તૈયાર છે, તે પીઇ, હું મારી મીત્ર મેડમ ડારકી ઉપર તુને એક ચીઠી આપુંછ. મેડમ ડારકીનુ સીવવાનું ખાતું કોટમાં રાગપાર્ટ રો ઉપર છે. મોહટે ઘરના પારસી બંઇરાંઓનું તે ખાસ કામ કરનારૂં ફેશનવાલુ ખાતું છે. મેડમ ડારકી તુને જરૂર કાંઇ કામ આપશે, એવી મને ખાતરી છે, કેમકે તે મારો સખુન પાછો ફેરવે એમ મને લાગતું નથી."

"મીસ બેનેટ તમારો ઉપકાર હું કદી ભુલસ નહી" ગુલીસ્તાંને ખુશી થઇ જવાબ દીધો, અને બંને જન ચાહ પીવા માટે હૉલમાંથી ઉઠી ટેબલ ઉપર ગયાં.

* * * *

પ્રકરણ ૯ મું.

ચંપાબાગમાં એક ઉડતી નજર. સુધરેલા સંસારમાં એક ડોકીયું!

દુનીઆં! મતલબની દુનીઆં!

ચંપાબાગમાં આજે સાંજ પડતાંજ ધાંમધુમ મચી રહી હતી.

ધાંમધુમ, તે કાંઇ જેવી તેવી ધાંમધુમ! મોહોટી ધાંમધુમ!

આખો ચંપા બાગનો કંમપાઉન્ડ રોશનીથી ઝકઝકી રહ્યો હતો. બાગના ગેટ ઉપર રોશનીના આરકો લટકાવ્યાં હતાં, અને 'વેલ-કંમ' એવા ગોહટા રંગીન હરફોના લેખનો એક સુંદર તખ્તો ઉભો કીધો હતો. ગેટની આગલજ એક રોણકદાર માચરા ઉપર એક સુંદર બેંન્ડ, મધુર સરોદ વગાડતું હતું. બાગની અંદર ફુલોના કુંડાંમા, તેમજ ઝાડને પાતરે પાતરે રંગ બેરંગીન બતીઓની રોશની ચલકી રહી હતી. આખ્ખા બાગમા જાપાનીસ રંગબેરંગી ગાંહના ફાંનસો, હવામાં લટકી રોશનીથી દીપી રહ્યાં હતાં.

ચંપાબાગનો કંમપાઉન્ડ એક પરસતાંનના બાગ જેવો દીપી રહ્યો હતો: પણ ખુદ અંદરના મકાંનનો સીંગાર કાંઇ તેથી ઓછો નહી હતો. જેવી સુંદર રોશની અને દીલ મોહક રચણાથી બાગને સંગારેલો હતો, તેવીજ રીતે, બલકે તેથીબી વધારે સરસ રીતે અંદરના મકાંનને સંગારેલું હતું.

પણ એ બધી ધામધુમની મતલબ?

મતલબ વગર, દુનીઆંમા કોઇબી ચીજ થતીજ નથી. મતલબની દુનીઆં છે, એ વાત કાંઇ નવી નથી. ચંપાબાગના માલેક ખાંનબાહાદુર બેહરામશાહના સુંદર મકાંનમા આજે થતી ધાંમધુમે, આખ્ખી મલબાર હીલ ઉપર અનેક અટકલોને ચરચા આંપી હતી.

આજે ખાનબાહાદુર સાહેબ પોતાના મહેલમા પોતાના દોસ્તમંડળને એક પારટી આપતા હતા.

કારણે, યા વગર કારણે, જ્યારેબી આવી પારટીઓ અપાય છે, ત્યારે તે પારટી આપવાની મતલબ ઉપર અનેક ચરચા અને અનેક ટીકા થાય છે.

કોઇ સક્કર ફુલ્લાઓ ખાં૦ બા૦ સાહેબની આ પારટીને માટે એવા ટીકા કરવા લાગ્યા, કે બેહરામશાહ, ખાનબાહાદુરના ખેતાબથી નહી ધરાતાં સી. એસ. આઇ. થવા માગે છે, તો કોઇ કહેતું કે 'સર' થવાના ફાંફાં મારે છે!

કોઇ દોહોડ ચતુરો, જેઓ ફકત ચાંદરાત ચાંદરાતેજ હસવા માટે જનમ્યા હતા, તેઓ એવું કહેવા લાગ્યા, કે 'અરે યાર એ પારટીમા મોહટી મતલબ દાંખરાનીએ છે, કે "માથાં ઉપરવાલી આગલી બાઇરીને પેટની બે ઉખરા જેવી પોરીઓને કોઇ સધ્ધર બિલ્લુંને ગરે ઓરવી દેવી."

કોઇ કહેતું કે "ખુદાનુ નરીયું ફસકેલું લાગેછ, કેમકે ગામમા તો એવી ખુમ છે, કે આખો ચંપા બાગ અને ખુદાની તમામ બીજી મીલકતો મારગેજ પડીછ, અને આવી પારટી કોઇનુ ગલું ફાંસવાજ કીધીછ."

ગમે તે હોય પણ આજે રાતના ચંપા બાગમાં મોહટી ધામધુમ વચ્ચે ખાનબહાદુર બેહરામશાહ એક પારટી આપતા હતા, એ વાતતો ખરી હતી.

ઠેડવેલે વખતે નોતરેલા પરોણાઓની હાર કટાર ચાલુ થઇ. દીલાવર ખાંનના બેહરામશાહ પોતાની ખુબસુરત બાંનુ, બાંનુબાઇની સાથે હૉલના દરવાજા ઉપર પરોણાઓને 'રીસીવ' કરવા ઉભા હતા.

સાડા નવનો અમલ થયો નહી, તેટલાં તો લગભગ ખાંનબહાદુર, તેમજ મીસીસના પાંનસોથી વધારે દોસ્ત આશનાઓથી ચંપા બાગની બુલંદ ઇમારતનો ગંજાવર હૉલ ગાજી વાજી રહ્યો.

આ પરોણાઓમા, આજના બેહકેલાં હંમ્બગો જોવા જેવી તક, કદીબી કોઇ બીજે ઠેકાણે મલે, તેમ નહી હતી. જ્યારે આવો ધપધપ મેલાવડો જોઇ મીસતર અને મીસીસ બેહરામશાહ મગરૂરી લેઇ લચકાઇ મચકાઇ બોલતાં, કે મારૂ આજનુ 'ગૅધરીંગ' 'ક્રિમ ઑફ પારસી સોસાયટી' છે, ત્યારે છાપાનો એક પ્રતિનિધી, જે ચેંગોમેંગો થઇ એક બાજુએ આ પારટીનો રીપોરટ લેવા ઉભો હતો, તેણે પોતાનું અવલોકન ચલાવ્યું.

"ચાલો જોઇએ તો ખરા, આ પારટીમાં કોણ કોણ છે—તે——

બાંનુ પરોણાંઓમાં, સમજુ, અને મધ્યમપણું જાલવાનારાંઓ જ્યારે ઘણાંજ થોડાં હતાં, ત્યારે ઇત્તર અને તચાક વર્ગનો મોહટો ભાગ તેની નજરે પડતો હતો. કેટલીક બાંનુઓ ૩૫ થી ૪૦ વરશની ઉંમરની હોવા છત્તાં, તેઓ ૨૫ થી ૨૮ વરશ જેટલી જવાંન ખપવા, એટલી તો ખંતી હતી, કે તેમની તે નજવીજો તુરત માલમ પડી જતી હતી! તેઓ ઘણીજ નાજુક, ઘણીજ હસમુખી અને ઘણીજ ખુબસુરત દેખાવાના ફાંફાં મારતી હતી! કેટલીક જવાંન ઉધરતી ઉંમરની બાંનુઓ, જવાંનીના બહારમા પોતાની ખુબસુરતી ઉપર મલકાતાં, કોઇની દરકાર કરતી નહી હતી, ત્યારે કેટલીક છછાછલીઓ, આસપાસ ભમતા કોઇ ગીકાસદારોને પકડવા 'નખરાંની જાલ, લેઇ આવેલી દેખાતી હતી! કેટલીકો ખરેખર નિરદોશ હતી, કેટલીકો આ 'હંગ્મગ' ને ધિક્કારથી જોતી હતી, અને કેટલીકો ફકત આ મેલાવડાની મોજ અને લ્હાવો લેવા આવી હતી.

જેવો મામલો બાંનુ મંડલનો, તેવોજ મામલો ગ્રહસ્થ મંડલનો દેખાતો હતો. કેટલાકો બેશક ઇજ્જતદાર અને માનને લાએક હતા, જેઓ ખા૦ બા૦ દીલાવરખાંનને માન આપવા આવ્યા હતા. કેટલાક ખરા ખાંનદાંની, પણ તુમાખી હતા! કેટલાક કેલવાએલા, પણ ટચાક હતા! કેટલાક પોતાના પઇસા ઉપર કુદનારા હતા! કેટલાક ગજવે ભારી, પણ મગજે ખાલી હતા! કેટલાક સોભણુ સાભણુના ભઇઆ! કેટલાક આપતાં ઉપર કોઇતું મારનારા! કેટલાક સાસુ સસરા યા બહેનીને માંથે પડેલા! અને કેટલાક 'દેખનેમે ઘણુ, ઓર ચલનેમે સીરવઇ' જેવા ઇચમજી હતા!

પણ પરોણાઓની વીગતને લંબાન કરવાનું મોકુફ કરી હવે જરા આગલ નજર કરીએ.

મીસીસ બેહરામશાહની ઓલખાંન વધુ આપવાની જરૂર નથી. તેવન દેખાવમાં કેટલાં ખુબસુરત છે, તે વાંચનારે જોઇ લીધું છે. પોતાંના ખાવિંદની સાથે, પેલાજ સુંદર પોલકામાં સજજ થઇ, ઉંચી કિસંમની સાડી પેહરી, તેવન હસી હસી પોતાના મીત્રોને આવકાર દેતાં હતાં.

પણ, મી૦ બેહરામશાહ? તેવનને ઓલખવાની ખાસ જરૂર છે.

દીલાવરખાંનના આ તાલેવંત ચેરાગની ઉંમર હાલ ૬૩, વરશની છે. આવી મોહટી ઉંમર છતાં તેવન બાવલની ગાંઠ જેવા તત્તાર અને તત્તરબંધ નજરે પડે છે. તેવનના મોહોરદાર બાંનુબાઇથી તેવન કાંઇ ઉંમરમાં ઘણા મોહોટા નથી! આ માટી બઇઅર વચ્ચે ફકત ૨૩, વરશનોજ ફરક છે! તેવનના બાલ જો કે બીલકુલ સફેદ થઇ ગયા છે, પણ અવારનવાર તેવન એવી સફાઇથી તેને 'કલપ' ચહડાવે છે, કે જાણે ૩૫ વરસના જવાંન પઠ્ઠા તમે તેવનને જોઇજ લેવો! બાંનુબાઇ તેવનના બીજી વારના ધણીઆણી છે. પોતાની પેહલી ધણીઆણીના મરણ પછી, ત્રણ વરશની મુદત બાદ, બા૦ બા૦ બેહરામશાહ, અમદાવાદના એક જાણીતા, પણ જમાનાની ગીરદેશમાં આવી ગએલા પારસી મેહરનોશજી મામલતદારની રૂપાલી દીકરી, બાંનુ સાથ, શાદીના ગાંઠથી જોડાયા હતા. આ બીજી વખતના લગણથી બેહરામશાહ શેઠને ત્યાં કાંઇબી વધુ ફરજંદની વરૂધી થઇ નહી, અને તેથી, બાંનુ પોતાના સાવકાં દીકરા દીકરીઓને વધુ પ્યાર અને હેતથી ચાહાતી હતી.

બેહરામશાહની આગલી બઇરીને પેટના ત્રણ ફરજંદમાં, એક દીકરો, અને બે દીકરીઓ હતાં. એ દીકરાને વાંચનાર સારી રવેસ ઓલખે છે. તે જવાંન કોઇજ નહી, પણ આપણી વારતાના પહેલાં પ્રકરણમાં, અધિપતિની ખુરસી ઉપર બેઠેલો દાદીબા છે, જે પાછલથી કેકાસજીની ગુલીસતાંનને પેડર રોડના લત્તા ઉપર મલ્યો હતો, અને રૂસતમ જામુલ્લાને જોતાંજ તે તેણીને છોડી ગયો હતો.

જવાંન દાદીબા બુરી સંગતના પરીણામનો ભોગ થઇ પડયો હતો. તેના તમામ સદગુણો, દુરગુણોમાં બદલાઇ જવાનુ મુળ કારણ તેના સોબતીઓની સંગત હતી.

બેહરામશાહની વડી દીકરીનું નામ, આજના ચસકેલા સુધારા પ્રમાણે, 'એમીલી' હતું, જેથી દોસત આશનાવઓમાં, આ એમીલીબાઇ, 'એમી'ના નામથી જણાયલી હતી. પણ૦ જેટલું ચસકેલું એ નાંમ હતું, તેટલીજ

ચસકેલી અને બેહેકેલી આ વેલાતી નામવાલી 'ઍમી' હતી! તે ૨૫ વરશની ભરજવાંનીના બહારમાં ખીલેલી એક ખુબસુરત છોકરી હતી: લાડમાં ઉછરેલી, તથા માતપીતાની નજર અને અંકુશની ગેરહાજરીને લીધે, ઍમીને કોઇબી પુછનાર કે પરછનાર નહી હતું. તેણીએ જોઇતી કેલવણી તો લીધી હતી, પણ ઍમીના જેવાં 'એજયુકેટેડ ફુટસ' તો ઘણાંબી નજરે પડે છે!

ઍમીની નાંહની બેહન જર તેથી જુદાજ ખવાસ અને ખાસીયતની છોકરી હતી. એકજ માબાપની આ બે દીકરીઓના ખવાસ અને ખાસીયતમાં ઘણો મોહતો ફરક હતો. ખુબસુરતીમાં જર પોતાની મોહટી બેહનથી સેહજબી ઉતરતી તો નહીંજ હતી, પણ તેથી ઉલટી સદગુણોમા દરેક રીતે તે ચહડીઆતી હતી.

મતરાઇને નાંમના રોદરા નથી કોણ ગાતું? પણ બેહરામશાહના કુટુંબમા જુદોજ મામલો હતો. આ મોહટે ખાંચરેની મતરાઇની હાલત ગાંમની મતરાઇ કરતાં જુદીજ કિસમની હતી. દીલાવરખાંનની બાંનુની ખુબસુરતીની ઉપર, તેણીની પાતરીસ વરસની જરા સેહજ વધુ ઉંમર છતાં, ભલા ભલા જવાંનો ભંમરાની કાંની ભંમરી ખાતા હતા. કેલવાએલ ઍમીલીબાઇ, આ કોતક જોઇ શકતી નહી હતી. પોતાની મતરાઇની ખુબસુરતી, તેણીને મનથી તેના સુખના 'કવાબમા હાડકાં' મીસાલ હતી, કેમકે જે જે સોહામણા જવાંનોને ઍમીલી પોતાના નખરાંથી મોહાવી નાખતી, તેઓ એક યા બીજાં કારણને લીધે, બાંનુ ઉપર અછોઅછો થઇ જતા હતા. એજ કારણને લીધે 'ઍમી' પોતાની મતરાઇ તરફ કપટ અને વેરની નજરથી જોતી હતી., બાંનુને તે પોતાની હરીફ સમજી તેની તરફ સદા નાફરમાન, અને બેદરકાર રહેતી હતી.

"ખાંનબાહાદુરનુ ખાંનુ આબાદ રેહ! લેઓ સાહેબો, આપણા ખાનબાહાદુરનું ખાંનુ આબાદ રેહ!"

આવી રીતે અરસપરસની મુબારકબાદીઓ દીવાંનખાંનામાં સંભલાતી હતી. આ મુબારકબાદીઓ વચ્ચે જવાંન દાદીબા દીવાંનખાંનામા પોતાના પુર દમામ અને ઠાઠમા દાખલ થયો.

દાદીબાને દીવાંનખાંનામા દાખલ થતો જોઇ, બાંનુઓનાં મંડલમાં કચ કચ જાગી. કેટલીક જવાંન બાંનુઓ તેની ઓલખ કરવાનાં ફાંફાંમા પડી! કોઇ તેને પરણી જવાની ઉમેદમાં, કોઈ તેને મલવાની ઉમેદમાં, તો કોઇ તેની પીછાંણ કરવાની ઉમેદમાં ફાંફાં મારવા લાગ્યાં!

સબબ? સબબ તે એક ઉગતો સુરજ હતો. તે દીલાવરખાંનના ખાંનદાંનનો રોશન ચેરાગ હતો! ખા૦ બા૦ બેહરામશાહની બેસુમાર દોલતનો તે એખલો વારસ હતો! આવા સધ્ધર તાંજા અને તડપડતા બીલ્લુને જે કોઇ ભાગ્યશાલી પરણશે, તે કોઇ દાહાડો 'લેડી દાદીબા' બનશે, એવી ઉમેદમાં સઘલાં ઉફનાતાં ઝટકાતાં હતાં!

આ કચકચાટ બાંનુ મંડલમાં ચાલી રેહ્યો હતો, અને સરવે કોઇ દાદીને જોઇ રેહ્યું હતું, તેવામાં એક સરવ સમાન સીધ્ધી, સત્તર વરશની સોહામણી અને ગુલાબને શરમાવે એવી એક ખુબસુરત બાંનુ, તે બાંનુઓનાં મંડલમાંથી બાહાર નીકલી પડી, દાદીબા પાસે ઉતાવલે કદમે હસતી હસતી જઇ ઉભી, અને તેનો હાથ પોતાના હાથમાં પકડી બોલી:—

"દાદી, હાઉ—લેટ—યુ—આર? એટલો મોડો તું કાંહાંથી આયો?"

"કેમ જર? તુંને કાંઇ મારી ફીકર કરવી પડી?" દાદી હસતાં બોલ્યો. "પણ તું કોણને શોધેછ? અરે તારૂં ધ્યાંન કાંહાં છે? અરે તું વાત તો મારી સાથ કરેછ, ને દરવાજા ગમ કોણને જોએછ?"

"દાદી, તેં મારા જીંગુને જોયોછ?" આ સોહામણી પુતલી કોઇજ નહી પણ દાદીની નાંહાની બેહન જર હતી. "જોની હજી તે આયો નથી? બધાં આયાં ને તેજ નહી?"

"પણ નહી આયો, તો શું થયું? ચાલ બાવાને એક પ્લેત આઇસ કરીમનો ખરચ ઓછો થશે." દાદીએ જરની મશકરી કીધી. "અરે પણ લેજ પેલું સીમેથી કોણ આવેછ? મી૦ રૂસ્તમ જાંબુલી અને તારો જેહાંગીર!"

"હલ્લો! દાદીબા!" રૂસ્તમ જાબુલી તથા જેહાંગીર દાદીબા ઉપર નજર પડતાંજ બોલ્યા.

"હલ્લો, ડીયર." જેહાંગીર જરનો હાથ પકડી બોલ્યો.

"હું તમારી કયારની વાર જોતીતી જહાંગીર." જરે જેહાંગીરને કહ્યું.

"જરબાનુ તમારાં માએજી કાંહાં છે? દરવાજા ઉપર કોઇ મલે નહી! નહી મલે ખાનબાહાદુર, કે નહી મલે બાનુબઇ?"

"જી, માએ, હમણુંજ પેલાં મીસીસ બેનકોટક સાથે વાત કરતાં ઉભાંતાં, તેટલામાં, સીપલાજીના શીરીનબાઇ તેવનને લેઇ, રીફ્રેશમેન્ટ રૂમ તરફ ગીયાં."

"કંઇ નહી, હું તેવનને સોધી કાહારસ?" રૂસ્તમ જાબુલીએ જવાબ દીધો." અરે! પણ આએ કોણ? મી૦ તેમુલજી ટગુમગુ? ઓ! વેરી ગ્લેડ ટુ સી યુ." રૂસ્તમ જાબુલીની નજર પોતાના બુજરોગ દોસ્ત તેમુલજી ટગુમગુ ઉપર પડતાંજ પુછ્યું. "તેમુલજીભઇ! માફ કરજો હું, મે બીલકુલ તમુને ઓલખીયા નહી."

"ઘને વરસે મલે, તે એમજ તો." મી૦ ટગુમગુએ જવાબ દીધો. "પણ રૂસ્તમબા, તમારા સીંગાપોરના કેવા સમાચાર?"

"સમાચારમા સમાચાર એ, કે સારો જેવો છાંડો અને ઘની જેવી તનદરોસતીના એવન ગાસડા બાંધી સીંગાપોરથી મુંબઇ આયાંછ." દાદીબાએ મી૦ ટગુમગુને જવાબ દીધો.

"હા, હા, એમજ લાગેછ તો." ટગુમગુએ ડોકું ધુનાવ્યું. "લે ચાલ રૂસ્તમબા, હવે મારૂં માને, તો કોઇ સાથ ચાર ચોખા પાડી નાખ દોસ્ત."

"કેમ, મી૦ ટગમગુ, હવે રેહી રેહીને ઘરડે ઘડપણ કાજ કરવાનો ધંધો માંડયોછ કે શું?" રૂસ્તમે મજાક કીધી. "પણ આએ તમારી સાથે કોણ? તમારી દીકરી કે?"

"અરે અરે એ શું બકેછ? રૂસ્તમબા બેહકીગેો કે?" મી૦ ટગુમગુ ફગલ્લાંઇ જઇ શરમાઇને બોલ્યો." અરે એ તો મારી 'વાઇફ' છે."

"વાઇફ!" રૂસ્તમ ડાચું વકાસી અજબ થઇ બોલ્યો. "હું તો તમારી દીકરી સમજીયો. ઓ આઇ બૅગ યૉર પારડન!"

"રૂસ્તમબા, તમે જાણુતા નથી? એવન ગીએજ વરસે પરણીયા."

"મને બીલકુલ ખબર નહી." રૂસ્તમે ખુલાસો કીધો, અને ઘરડે ઘડપણ ૭૦) વરશની ઉંમરે ૨૫) વરશની જવાંન છોકરી પરણી લાવેલો પારસી, રૂસ્તમ જામુલીના ટીકાથી પાંણી પાંણી થઇ ગયો.

આ વાતચીત મી૦ ટગુમગુ સાથ ચાલતી હતી, તેટલાંમાં જરબાંનુ, જે મીસીસ ટગુમગુની સાથ એક બાજુ દુર ઉભી રેહી વાતચીત કરતી હતી, તેનું ધ્યાન એકાએક ચાલીસ હજારની મેહરી ઉપર પડતાંજ તે બોલી:—

"મેહરબઇ! ઓહો! કેમ ક્યારે આયાં? મે તો તમુને હમનાંજ જોયાં? દાદીબા, દાદીબા, આપરાં મેહર—

"કોણ? મેહરબઇ? કેમ છેઓ! ખુશ તો ખરાં? બાંનુબઇને મલીયાં કે?" દાદીએ પુછયું.

"નહીરે બા! તાહારની સોઇ છ પન દેખાતાંજ નથી." ચાલીસ હજારની મેહરીએ હાંફતાં હાંફતાં જવાબ દીધો. "હું તો ઠાકી ગેઇ. મારા ગુસીને કેહું, કે બાંનુબઇને સોધી કાહારો, તે તેવન તો કેહજે મને સરમ લાગેછ!"

"એવા સરમાળુ ઝાડ તમારા ગુસી છે, તો તેવનની એ આદત તમારે છોરવવી જોઇએ." રૂસ્તમ જામુલી, મેહરીને ઓળખ્યા વગર હસતાં હસતાં બોલ્યો. "તેવનને પાસાંમા બેસારી બેસારી શીખામણ દેવો, ને નહી સમજે, તો પછી અમરાવીને ચમટો ભરો."

"જી હા." મેહરીએ જવાબ દીધો, અને દાદી મુછમા હસવા લાગ્યો.

"નાદાંન છોકરાઓની સરમ મુકાવવીજ જોઇએ. તમે સમજીયાં કે મોટાંમાય?" રૂસ્તમે ગંભીરતાથી કેહું. "શરમાવાની આદત એક વખત પરી ગેઇ, તો મોહટપણુમા તે જતી નથી."

"હારેબા હા." મેહરબઇએ જવાબ દીધો. "તે સારૂં તો હું જાંહાં પારટી ફારટીમાં જાઉંછ, તાંહાં મારી સાથેજ લેતી જાઉંછ. લેવો તેવનજ જીભરાયા આવેછ."

ગુસતાદ, ઉરફે, ગુસી, જે બાંનુબઇની શોધમાં ફરતો હતો, તેને પોતા તરફ, આ હાલી મવાલી આગલ આવતો જોઇ, રૂસ્તમબાએ પુછ્યું:—

"કેમ બાવા, બાંનુબઇ પકડાયાં કે? બીલ્લુ છુટું કે?"

"એટલે?" ગુસી રૂસ્તમને ઓલખતો નહી હોવાથી બોલ્યો.

"અરે મારા ભઇ સરમાવોછ શાના?" રૂસ્તમે પુછ્યું. "એમ આવો, એમ આવો! બોલો જોઉ તમે કેઇ ઇસકોલમાં જાવોછ? તમે કીયા સ્ટેનડર્ડમા છેઓ?"

ગુસી રૂસ્તમબાના આ સવાલથી ફગલાઇ ગીયો, અને શરમનો મારીયો બોલી શકયો નહી. તોપણ હીમત કરી તેણે પુછ્યું:—

"મારા સાહેબ, એ શું બોલોછ?"

"આએ જોયું કેની?" રૂસ્તમે પોતાની આજુબાજુ ઉભેલાં તરફ નજર કરી કેહ્યું. "અરે પણ માસતર તમે ગભરાવો ના! આજના જવાંનો જરા શરમાઉ તો હોય. પણ માસતર ગુસી, તમે મને જવાબ નહી દીધો? તમે ઘનાજ ગોઝા લાગોછો! આપરા ધરમનુ ફરમાન તમે બીલકુલ સમજતા નથી. તમે સહવારના પોહોરમા તરો કસતી કરોછ કે? મોહટાંમાય, તમારે એ છોકરા ઉપર દેખરેખ રાખવી જોઇએ—

ગુસીનો ફાંદો હવે ખીલી ગીયો. તે સમજી ગીયો, કે રૂસ્તમ તેની મજાક કરતો નહી હતો, પણ એક ઘણીજ કમનસીબ ભુલ કરતો હતો. તે ગુસ્સે થઇ બોલ્યો:—

"અરે એઇ કાકા—

"સાયલંન્સ!" રૂસ્તમે જરા નરમ અવાજે કેહ્યું. "તમે તમારાં માએ બાપનુ જો કેહણુ નહી કરશો, તો—

"અરે માસતર, તમે એ શું——

"ચુપરાવ!" પાછો રૂસ્તમે તેને બોલતો અટકાવી કેહ્યું "તમે તમારાં માયજીનીબી દરકાર નહી કરતા?"

આએ સખુનો સાભલતાંજ ચાલીસ હજારની બેહરી તેજ વખતે બાંનુબઇની શોધમા આએ હાલી મવાલી આગલથી ચાલી ગેઇ, અને દાદી અને જર, પેટ પકડી હસવા લાગ્યાં, અને ગુસતાદે ડોલા ચહલવી પુછ્યુ:—

" મારા સાહેબ એ તમે શું ફાડું ફાડું બોલોછ? કંઇ બોલોછ તેનો વીચારબી છે કે?"

" ચુપરાવ! યુ નૉટ્ટી બોય!" રૂસ્તમે કહ્યું. " જુવો, તમારી આવી ચાલથી પેલી બચારી તમારી ઘરડી માય કેવી—

" અરે એ કાકા, માય સાની? એ કંઇ મારાં માય નથી!" ગુસીએ જણાવી દીધું.

" અરે નહી નહી!" દાદી હવે અંતે વચમાં પડયો. " રૂસ્તમબા, એ તો મી૦ ગુસીના 'વાઇફ' થાયછ. એ તમે તારનો શું ચોટાલો———

" વાઇફ?" રૂસ્તમ અજબ થઇ બોલ્યો. " અરે! પણ હું તો, એ બેઉને કેવારનો માય દીકરાં સમજીને બોલુંછો એ! હવે માલમ પડી!"

" અરે તમે સમજ્યા નહી રૂસ્તમબા———

" અરે યાર બસ બસ! હું બધું સમજીયો." રૂસ્તમે મોહોડું કુમલાવી જવાબ દીધો. " માફ કરજો મીસતર ગુસતાદજી. પણ મારા ભઇ, જરા પેહલ્લેથીજ—એ લેઓ? પેલ્લાં રેહ્યાં બાંનુ?"

રૂસ્તમ જાબુલી એટલું બોલતાંજ બાંનુની તરફ ચાલ્યો, અને જેહાંગીર, જરને લઇ રીફ્રેશમેંત રૂમ તરફ ગયો. ઍમીલી એખલી પડી ગેઇ હતી, પણ તેટલામાં મી૦ ઉકરજી આડામુંડી નાંમના ૬૦ વરશના ખરખર પાંચમ શેઠ, જેવનને છેલ્લી દરબીમાં ત્રણ લાખનો તડાકો પડયો હતો, અને જેવન જબાંની ખુદરતી ખામીને લીધે સ, ને બદલે ફ, અને ર ને બદલે વ, બોલતા હતા, તેવન ત્યાં અચબુચ આવી લાગ્યા, અને મીસ ઍમીલીને જોતાંજ તેવન કટકા બુકલા થઇ બોલ્યાઃ—

" કેમ છેઓ મીફ. ઍમીલી! ફાવી કાની તો છેઓ! મીજાજ ખુફ! પેલી મૂડંમ 'પૅનો' ઘણો ફવફ વગાવેછ હો?"

" જી—હા. તમુનેબી કાંઇ મ્યુઝીકનો શોક ખરો કે?" ઍમી કંટાલી આ બુઢ્ઢાની ઠેકરી કરવા બોલી.

' અલબત! અવે 'તમે શું' જાનોછ? તમાવા ફંમ! જયાવે હું નાંહલ્લો ઉતો, તાવે હું તુવા ને કલગીના ગાયન દફ પવ આખી આખી વાત ગાતો—તો—કેમ બાંનુ ચાલફો કે!"

પ્રકરણ ૧૦ મું.

રંગમાં, ભંગ !

"ઓહો ! રૂસ્તમ તમે કયારે આયા ? મે તો ધારીયું કે તમે જાણી જોઇ આજે આવવાના અખાડા કરી ગીયા ! હું છેક દસ વાગા વેર તમારી વાર જોતાં જોતાં ઠાકી ગઇ, અને હમણાંજ હિયાં આવી."

"બાનુબાઇ, સેવકને સારૂ એટલી બધી તમારી કાલજી માટે હું તમારો બેશક આભારી છેઉં." રૂસ્તમ જાબુલીએ હસીને ખુશ મીજાજે કહ્યું. "હું તો આજે આવવાના ખરેખર અખાડાજ કરતો તો હો? પણ ભલાં મનીખ, પેલો જેહાંગીર જંગબારી———

"કોણ જેહાંગીર ? મારી જરનો જાંગલો ! તે ને તમે બેઉ સાથેજ આયા કે? લે એબી ચાલો ઠીકજ થયું. કેવારની જર ધુવર જેવી બની, વંસનાએલી દાર જેવું મોહોનુ લેઇ ફરીયાજ કરતી'તી. રૂસ્તમ, મારી જરને એ જેહાંગીર વગર જરા ચાલતું નથી."

"એમજ છે." રૂસ્તમે જવાબ દીધો. "જેહાંગીરનીબી હાલત તેવીજ છે. મને લાગેછ, કે તમારી જરને ઠેકાંણે પાડવાનો આંએજ વખત છે. એવો છાંડાવાલો જમાંઇ તમારા ખાનબાહાદુરને બીજો મલવો મુશકીલ છે હો ? અને વલી ખાંનદાંનેબી કાંઇ જેવો તેવો નથી હો ? એવો જમાઇ જો હાથ લાગે, તો તમારા ખાનબાહાદુરની મુશકેલીમા કેવો તે કાંગનો———

"રૂસ્તમ—રૂસ્તમ," રખે કોઇ રૂસતમના ટીકા સાંભલે, વાસતે બાનુ આસપાસ જોઇ બોલી. "ખુદા ખાતર એ વાત હીયાં ના કરો. કોઇ સાંભલસે તો—

"હા, હું ભુલીયો." રૂસ્તમ ધીમે અવાજે બોલ્યો. "તમારા ધણીની મોહોકાંણના રોદરા રડવાની આએ જંગા નથી. ગમે તો ચાલોં, આપણુ જરા બાગમાં જઇ વાત કરીએ."

"હા. બાગમા કૉનઝરવેટરી આજે પ્રાસ સંગારેલી છે." બાનુ બોલી. "તાંહાં રીફ્રેશમેન્ટબી ગોઠવીયુંછ."

તેઓ બંનેજન દીવાંનખાંનામાંથી બાહાર નીકલી બાગમા ઉતરયાં, અને બાગમા સંગારેલી કૉનઝરવેટરીમા તેઓ દાખલ થયાં. ખાંનબહાદુર બેહરામશાહે પોતાના મેજબાનોની સગવડને ખાતર આ કૉનઝરવેટરીને આજે ખુબ ઠાટમાઠથી સંગારી, તેમાં રીફ્રેશમેન્ટની ટેબલો ગોઠવાવી હતી.

"મેં ખોટું શું કેહ્યું બાંનુ? હું ખરૂં કેહુંછ, કે હવે તારા ખાંનબાંહાદુરનુ ગાડું વધારે વાર આગલ ચાલે એમ મને લાગતું નથી." રૂસ્તમ કૉનઝરવેટરીમા દાખલ થતાંજ આજુબાજુ નજર કરી બોલ્યો. "તારે લીધે ખાનબહાદુર બેહરામશાહની ઇજ્જત જતી, મેં બચાવીછ. બાંનુ, બાંનુ, એવો ખ્યાલ તું સ્વપનામાંબી ના કરતી, કે તારા એ ધણીની દોસતીને લીધે મે તેની ઇજ્જત બચાવીછ? નહી. જે કાંઇ મે કીધુંછ, તે તારે લીધે, તારી દયા ખાઇને–

"બસ! બસ કર! રૂસી કોઇ સાભલસે, બસ કર!" બાંનુ રૂસ્તમ તરફ જોઇ, તેનો હાથ પકડી, કરગરી બોલી. "અરે હું કેવી કમનસીબ!"

"કમનસીબ!" રૂસ્તમ બાંનુની આંખોની અંદર જોઇને બોલ્યો. "કમનસીબ કોણ? તું કે હું? જો તું ખરેખર કમનસીબજ હોય, તો તેમાં મારો વાંક શું? તુંને બંધી વાત યાદ તો રેહી હશેજ ડીયર? મને આપેલો તારો વચન——

"નહી, નહી. હું તે વચન હજી ભુલી ગેઇ નથી." બાંનુ રૂસ્તમ જાબુલીનો હાથ પકડી લેઇ બોલી. "તુંને પરણવા અને ચાહાવાના મે લીધેલા કસમ, મને હજી યાદ છે. પણ હું લાઇલાજ થઇ ગઇ. તાહાર પછી હું પરણીને પરવારી ગેઇછ, પણ પરણીને સુખી તો નથીજ થઇ. એક ઓરત તરીકેની મારી ઇજ્જત, એક પરણેતર તરીકેની મારા ધણી તરફની મારી તમામ ફરજ, અને મારી દયાનત, મે આજ સુધી મોહટી મુશકેલીએ જાલવી રાખીછ. પણ રૂસી, ડીયર રૂસી, શું હવે તેનો નાશ થશે? શું મારી ઇજ્જત અને હુરમતનો તું નાશ થવા દેશે?"

"કદીબી નહી. બાંનુ, તારી ઇજ્જતને ખાતર તો મે મોહટો ભોગ આપીયોછ." રૂસ્તમે બાંનુના ખંભા ઉપર હાથ નાખી તેને સમજાવવા માંડયું

"એક પરણેતર તરીકેની તારી ખરી ફરજ તું બજાવતી રેહ. તારી ઇજ્જત અને કીરતીને હું કદીબી કલંક લાગવા દેનાર નથી. મે જેને એક વખત ચાહી, મારા જીવથી વધારે વાહલી ગણી, તેને પાછલથી ખરાબ થતી હું કદીબી જોઇ શકુંજ નહી. બાંનુ, ડીયર બાંનુ, એક વખત તું મારી હતી, આજે તું બીજાની થઇ ! મારો તારી પર હવે કાંઇબી હક રેહ્યો નથી. પણ યાદ રાખ, કે તારી ઇજ્જત, તે મારી ઇજ્જત. તારૂં સુખ, તેજ મારૂં સુખ. તુને સુખી જોઇ હું સુખી થવસ. તુને દુખી જોઇ હું દુખી થવસ. તુને કોઇબી રીતનો ડાઘ કે કલંક લાગે, તું દુખી કે ખુવાર થાય, તે કરતાં તો મારી તમામ દોલત ખુવાર થાય, તો તેની મને જરાબી પરવા નથી. તું બેકસુર છે. તું તો સુખી થવાની ઉમેદમાં પરણી. પણ તુને યાદ છે, કે મે તુને શું વચન આપીયો હતો, અને મેં કેવા કસંમ લીધા હતા? તે મારા આપેલા વચન પ્રમાણે હું તારા સીવાય બીજી કોઇને હજી સુધી પરણીયો નથી. મારા લીધેલા કસંમ મેં આજ સુધી કુમારો રેહીને પાલીયાછ. તે વચનથી હું બેવચન થયો નથી. મારા લીધેલા કસંમથી હું પાછો ફરીઓ નથી. પણ તારા વચંન અને સોગંદનું શું થયું? ઓ ! રખે કોઇ ઓરતના સોગંદને ભરૂસે રેહતું ! હું તો મારો બોલ પાલસ. તારા પ્યારની યાદને ખાતર, મારી દોલતનો મોહટો ભાગ તારા ધણીને તેના મીલકત ઉપર મેં ધીરીઓછ, તે તો તું જાણેછ. તેમ જો હું નહી કરતે, તો આએ ચંપા બાગમાંથી ગાંસડા બાંધી, તમો બધાંને કયારનુ બાહાર જવું પડતે. પણ તુને તેવી હાલતમાં જોઇ, હું કદીબી રાજી નહી થાઉં. ચાલ બસ. ગઇ ગુજરીનો આટલો ખુલાસો હું તારી પાસ કરવાજ આજે હીંયાં આયોતો. હવેથી એ વાત ફરી આપણ કરશુંજ નહી."

"અરે શું કાંમ તેં એ વાત છેરી !" બાંનુ રડતી આંખે રૂસ્તંમ તરફ જોઇ બોલી, અને બોલતાં બોલતાં તેના ખભાં ઉપર પોતાનું માથું નાખી ડચકાં ખાવા લાગી.

"ના રડ ! ઓ ! જુદા પડેલા જાંન ! તું ના રડ !" રૂસ્તંમ બાંનુને સમજાવવા લાગ્યો. "બાંનુ, કોઇ આવી જશે ! બાંનુ, મુંગી રેહ."

"અરેરે ખુદા! આવા ભલા, આવા નેક, અને આવા ઉદાર દીલના એક શખ્સની ફીદાગીરીને હું કેમ ભુલી ગઇ?" બાંનુ રડતી આંખે બબડી. "મારાં સગાં વાહાલાંઓનું શું ભલું થશે? મારા બાપને અને મારાં માયને હું શું કેહું? તે લોકની હુજ્જત અને ગોંહાસ આગલ મારૂં કંઇ ચાલીયું નહી. રૂસી, કાંએ નંહી તું મને પરણી ગીયો!"

"પરણી ગીયો?" રૂસ્તમ ઉસકેરાઇ બોલ્યો. "કેમ પરણુતે? તે વખતે તો હું ગરીબ અને મુફલીસ હતો? તારા બાપને તો ઉંચે, ઉપારેનો, અને મોહટાં ખાંનદાંનનો જમાઇ જોઇતો'તો? તારા બાપને તો પઇસા જોઇતા'તા?"

"ના માર! અરે એવા તાણા મને ના માર રૂસી!" બાંનુ પોતાના બંને હાથ રૂસ્તમના ગલાંમા નાખી બોલી.

"તાણા? હવે તુને તાણા મારવામા મને શું લાભ થનાર છે બાંનુ?" રૂસ્તમે બાંનુને સધીઆરો આપવા પોતાને ગલે લગાડી કેહ્યું. "કીસમતના લેખ! સુખી રેહજે. દુખી તો હું થગીછ! બેવડો દુખી! દુખી તુને ખોઇને, અને દુખી તુને જોઇને! તારા ખાવીંદે તુને સુખી કીધી નથી. તેનો આ બપકો પોકલ છે. તેની તમામ મીલકતો મારગેજ પડેલી છે, અને મોહટાં બ્યાજમા તે ડુબતી જાએછ."

"અરેરે આએ નામોસી, અને આએ ખરાબી!" બાંનુ હાંય મારી રડી પડી બોલી. "રૂસ્તમ, તારી તરફ હું બેવફા થઇ, તેની આએ સજા મને થાયછ, કે શું? હું મુઇ પરણતી! પરણીને એક દીવસબી હું સુખી થઇ ફરી નથી, કેમકે તુને આપેલો વચન મારી છાતીમાં હમેશ ખટકતો હતો. આજ વરસો થયાં હું પરણી, પણ પરણીને એક પરણેતર તરીકેની મારી ફરજ મેં વફાદારીથી બજાવીછ. મેં મારા ધણીનો સંસાર સુખી કરવાની દરેક તક આજ સુધી જતી મુકી નથી. હું દયાનતે સાફ રહીછ, પણ હવે—હવે—હું શું કરૂં, રૂસ્તમ—

"બાંનુ એમ ચેરાં ના કાહલડ." રૂસ્તમ બાંનુની હાલતમાં કાંઇ અજબ જેવો ફેરફાર થએલો જોઇ, તેને સમજાવી લેવા બોલ્યો. "જરા વીચાર કર, ડીયર! કામ આવી જશે તો—

"નહી, હવે હું હીંયાં રેહવા માંગતી નથી." બાનુ દીવાની જેવી બની બકવા લાગી. "હું વીચાર કરી ચુકી ! મને તારી સાથ લઇજા ! બસ— હું તારી સાથ—."

"નહી. કદીબી નહી. ખબરદાર, બાનુબાઇ ! તમે ભુલી જાવો છો કે તમો કોણ છેઓ." રૂસ્તમ ઘાડે અવાજે દુર ઉભો રહી બોલ્યો. "બાનુ, યાદ કરો, કે તમે પરણેલાં છેઓ. મારા જેવા આદમીથી તમે એવી વકી કદીબી રાખતાં ના."

"તું ના પાડેછ ? રૂસ્તમ, તું મને તારી સાથે લેઇ જવા ના કેહછ ?" બાનુ એકદમ ચમકી ઉઠી ઉભી થઇ, અને રૂસ્તમની સામે ટીકી ટીકી જોઇ બોલી. "શું ?" રૂસી, તું ના કહેછ ?"

"હજાર વખત ના." રૂસ્તમે ડોલા કાહાડી જવાબ દીધો. "જે પ્યારથી મે તુને એક વખત ચાહી, તે પ્યાર પાપી નહી, પણ પાખ હતો. તું પરણીને જો મારા પરણેતર થતે, તોજ તારા પ્યાર ઉપર મારો હક રેહતે. પણ તું બીજાને પરણી, એટલે તારી મોહોબત અને પ્યાર ઉપર મને કસ્સો હક હવે છેજ નહી. હવે તારો પ્યાર મારે કાંમનો નથી. હવે તો ફકત તારી ઇજ્જત અને હુરમતની દેખરેખ રાખવાનુ કાંમ મારૂં છે. મે તુને એક વખત ચાહી, દુનીઆમાં વસ્તી તમામ ઓરતોથી વધારે ખુબસુરત ગણી, અને હવે તુને કલંક લાગેલો જોવા, અને તારી નીંદા થતી સાંભલવા, હું કદીબી રાજી નાસ નહી. તુંને આડે મારગે હું કદીબી જવા દેનાર નથી. યાદ રાખ કે ——

"ઓ ! હું આંએ આગમાં હું બલી મરૂછ." બાનુ એકદમ રૂસ્તમને વલગી પડી બોલી. "રૂસી ! તું મને આ દોજખમાથી કાહાડી લઇ જા ! હું તારી સાથે આવવા——

"દુર થા મારી આગલથી. આવા તારા વીચારો !" રૂસ્તમે બાનુથી છુટો થઇ તેને પોતાની પાસેથી દુર કરી ઠપકો આપ્યો. "તુને આવે આડે રસ્તે હું દોરવું ? કદીબી નહી ! તારી આવી ખુબસુરતી, અને તારી આવી જવાંની સાથ, તારી આવી નાદાંની અને આવી નબળાઇનો આંજના કાલાં મેંઢાં કાય નહી લાભ લીએ ?"

"તાહારે તું મને આએ દોજખમાથી લેઇ જવા ના' પાડેછ?" બાંનુ રડી પડી બોલી. "ત્યાહારે તો લે મારો જીવ! લે! મારો જીવ લે! નહી તો, હું મારો જીવ આપસ!"

દીલાવરની બાંનુના મગજની હાલતમા કંઇ અજાએબ ફેરફાર થઇ જતો હતો. પાસે પડેલી ટેબલ ઉપરથી ફ્રૂટ કાપવા માટે ગોઠવેલી છરીઓમાથી તેણીએ તુરતજ એક છરી ઉચકી લીધી! પણ તેજ વખત તેની આંખે અંધારાં આવી ગયાં! તેનુ મગજ ચક્કર ખાવા લાગ્યું! રૂસ્તમે તેની તેવી હાલત જોઇ લીધી, અને તેજ વખત પોતાની બગલમા તેણીને પકડી લેઇ, તે પ્યારભરી રીતે ધીરજના સખુનો તેણીને સંભલાવવા લાગો.

એક પળ! એક ઘડી! અને બસ!

* * * *

"અરે ખુદા!" રૂસ્તમ જાણુલીએ એકાએક ચીસ પાડી.

એકાએક એ શું થયું?

એક ભયંકાર ચીસ ચંપાબાગના ખુશી ખુરમીથી ભરયાં દીવાંનખાંનામાં મધરાતને સમે રંગરાગમા પડેલાં મહેમાંનોના કાંન ઉપર જઇ પડી! સરવે કોઇના ચેહરા એ ચીસ સાંભલતાંજ ફીકા પડી ગયા! ખુશી ખુશાલી નાબુદ થઇ ગઇ! રંગરાગ બંધ પડી ગયાં! સઘલાં ઉચાટ જઇ એક બીજાંના મોહોડાં જોવા લાગ્યાં! થોડાક મહેમાનો અગાસી તરફ ધસી ગયાં, કેટલાકો નીચે ઉતરી પડયાં, થોડાકો બાગમા અને કેટલાકો કૉનઝરવેટરી તરફ દોડી ગયાં!

પણુ નખોદ!

કૉનઝરવેટરીમા તેઓએ શું જોયું?

દીલાવરખાંનની બાંનુને કૉનઝરવેટરીમા પોતાના કીમતી પોશાક સાથ, લોહીમા તરબોર થઇ તરફડતી, જમીન ઉપર પડેલી, અને રૂસ્તમ જાણુલીના હાથમાં ફ્રૂટ કાપવાની છરી લોહીથી ઝઝરતી તેઓએ જોઇ.

"ખુંન! બાંનુનું ખુંનુ!"

"પકડો એ સા—ને." એક જને બુમ પાડી. "અરે એ કોણુ? રૂસ્તમ જાણુલી! પુલીસ, સીપાઇ, કાનૂસટેબલ—દોડો—દોડો—"

પ્રકરણ ૧૧ મું.

બે કલાકમાં બદલાએલો મામલો! બીજી આફત!

"પણ શેઠ કાંહાં છે? દોડો—દોડો? અરે કોઇ બેહરામશાહ શેઠને તેડી લાવો?"

પણ બેહરાંમશાહ શેઠનું કાંહાં ઠેકાણું હોય, જે તેવનને તેડવા દોડે. દોડાદોડ તો આદમીઓએ ઘણીગી કીધી, પણ તેવનનો પત્તો માણસોને મલ્યો નહી.

પણ કૉનઝરવેટરીમા આ હોનારત બની, તે આગમજ ખાંનબહાદુર બેહરામશાહ શું કરતા હતા, તે તરફ નજર કરવાની ખાસ જરૂર છે.

રૂસ્તમ જાબુલી અને દીલાવરની બાંનુ દીવાનખાનું છોડી બાગમાં ગયાં, ત્યારે બેહરામશાહ શેઠ મી૦ ઉકરજી આદામુડી સાથ વાતે ઉભા હતા.

"પપા, ઓલખોછ કે?" સીપલી ઍમીલીએ મી૦ આદામુડીને પોતાના બાપ સાથ 'ઇનટ્રોડયુસ' કરાવી આદામુડીને બનાવવા માંડયો. "મી૦ ઉકરજી આદામુડી, જેવનને દરબીની સોરતી લાગી—

"જી હા! તમારો ફેવક પોતે!" આદામુડીએ નમીને સલામ કીધી.

"પણ આમલીબઇ——

"વૉટ નૉનિસૅન્સ," ઍમીલી પોતાના સુંન્નાધુર જેવાં નાંમનો આવો છબરડો અને કચડઘાંન નીકલેલો જોઇ છીડી પડી. "આમલીબઇ શું બરીયુંછ! જરા—

"અવે જે નોંમ હોય તે તમુને મુબાવક!" આડામુડીએ ચટકો મારી ઠંડુ પાણી રેડવા માંડયુ. "પણ જુત્રોની, તમે એમ ચીબાં થઇ તમાવા પપાજીની સાથે મને ઓલખાંન સાંની કવાવોછ? અમે તો અવાવ નવાવ ઘણ્પા બાગમા મલીએછ! કેમ બોલીવા નહી બેવામફા ફેઠ?"

"ઓહો! મી૦ ઉકરજી! કેમ છો? તમુને જોઇને હું ખુશી છેઉ."

"અને ફાએબને કેઉ, કે હુબી ઘણોંજ ખુશી છેઉ." ઉકરજીએ જવાબ દીધો. "બેવામફા ફેઠ, તમાવી આએ મહેનતને ખુદા જપ આપે, અને ખુદા તમાવી બોલબાલા કવે? કેમ બોલીઆં નહી બાંનુ આમલીબઇ!"

"આમલી નહી પણ એમીલી." બેહરામશાહે જરા હસીને ઉકર આદામુડીની ભુલ સુધારી.

"અવે ફ્રાએબ ભુલીઓ. એમીલી." ઉકરે પોતાની ભુલ સુધારી. "બેઅદબી માફ છે બેવામફા, પણ પાવશી લોક હવે હવે મડમો અને જંગલાઓના નામો વાખતાં કાએ હોફે? ફુ આપવાં ઇવાંની નામો કાંઇ કમતી છે? અવે ઇવાંની નામો એવાં ફોબઇતાં છે, કે બોલ્લીએ તો મોહનુ બવાઇ જાએ! દાખલા તવીકે વોદાબે—

"વોદાબે? એટલે? વોદાબે શું જરીયુંછ?" ખાનબહાદુરે પુછયું.

"વોદાબે એટલે રોદાબે?" એમીએ ખુલાસો કીધો.

"ફરબાફ! વોદાબે? આપવા ઇવાંની પેહેલવાન ઉફતમની માએ? દાખલા તવીકે બીજુ નામ લેવો? બાંનુ ગોફઆફ. પવીચેહ. ગોવદાફીદ, ફોદાબે, ફવંગીફ, મેહવેફીવીન!" ઉકર આદામુડીનુ કીયાંની લોહી, તેના બદનમા જોર કરી રેલાથી તે ઇરાંની નામોનુ દફતર ખોલવા લાગ્યો. "એવાં એવાં હજાવો નામો ફાનામામાથી મલફે, તે મુકીને તમે ફુ આંમલી! આબોફી! એવાં એવાં ફોકીયંત્ર નામો વાંખીયાં."

"જાવો જાવો મી૦ આદામુડી, તમેબી કેથા પહેલ્લે નંબરના ધાનશાખ છેઓ!" એમીલીનુ ગરી ગીયાથી તે બોલી. "એવાં એવાં નામો તમુને નહી ગમતાં તેમાં હમારો શું વાંક? તમુને કેવાં નામ ગમે? સોબઇ, કોબઇ, ફુફીઆઇ, રૂપીઆઇ. એવાં રીજાડાં પીજાડાં નામો તે શું આજે સોભે કે? અરે આજે તો જેવી કેલવણી તેવાં નાંમ! જેવું ખાંનદાંન તેવાં નાંમ!"

આ કીટકિટ ચાલતી હતી, તેટલાં બેહરામશાહ શેઠના નોકરે આવી, તેવનના હાથમાં એક ચીઠ્ઠી મુકી, અને તે ચીઠ્ઠી ઉખેડી વાંચતાંજ બેહરામશાહ, ઉકર આદામુડીને પોતાની દીકરી સાથ પડતો નાખી, ઉતાવલે પગલે ત્યાંથી ચાલી ગીયા.

"ક્યાંહા છે આ ચીઠ્ઠી મોકલનાર ?"

"લાઇબ્રેરીમાં સાહેબ."

"તમારૂં નામ મી૦ બ્રાંઉન ?" બેહરામશાહે દબાતે અવાજે લાઇબ્રેરીમાં દાખલ થતાંજ સવાલ કીધો.

"હા સાહેબ." મી૦ બ્રાંઉને જવાબ દીધો. "હું પોને. હાઇ કોરટનો બેલીફ બ્રાઉન. હું દલીગીર છેઉ સાહેબ, કે આવી અરધી રાતે તમારી મોજ મજાહમાં મને ખલેલ કરવી પડી. પણ મારો તેમાં જરાએ વાંક નથી મી૦ બેહરામશાહ. સોલીસીટર મી૦ સોલીભાઇનો હુકમ એવોજ થયો, કે આજે રાતનાજ કોરટનું હુકમનામું મારે બજાવવું, એટલે હું લાચાર થયો. તમારા ઉપર ચીઠ્ઠી લખીને મેં એટલાંજ વાસતે મોકલી, કે તમારી વધુ ફજેતી થતી અટકે."

"તમારી મેહરબાની થઇ." બેહરામશાહ ફગલાઇ જઇ, બધી વાત સમજી જઇને બોલ્યા. "હું સમજી ગીયો. તમો હાઇ કોરટના બેલીફ છેઓ, અને પેલાં બે માનસો તમારી સાથે આવેલાં છે. પણ શું સોલીભાઇએ તમુને—

"મને હીંયાંથી ખીસવાને પણ તેવને ના કેહુંછે." મી૦ બ્રાંઉને જવાબ દીધો. "જો તમે આખી રકમ ભરી દેઓ, યા તો કોઇ સધ્ધર જામીનગીરી આપો, તોજ આએ મકાંન ઉપર નાખેલી જપતી હું ઉંચકી શકું."

"આવી મોડી રાતે સોલીભાઇને મલવુ મુશકીલ છે." બેહરામશાહ બોલ્યા. "તમારાં માનસો જો હીંયાં રેહશે, તો મારા નોકર નફરો કાંનાસુંની કરશે."

"એક વખત મકાંન ઉપર જપતી નાખીયા પછી હું કાંઇ કરી શકતો નથી." બેલીફે ખુલાસો કીધો. "એક લાખ એકાવન હજાર રૂપીઆનુ હુકમનામું છે. આએ રેહું તે. એ રકમ ભરી દેઓ, તો પછી મને હીંયાં ઉભા રેહવાનું કંઇ કાંમ નથી."

"આ વાત જો જાહેર થઇ, તો મારી ઇજજત અને આંતની ખરાબી થશે." બેહરામશાહ બેલીફને સમજાવવા લાગ્યા. "અને તેમ થયું, તો પછી

સમજુતી થવાનું જરાબી 'ચાન્સ' રેહશે નહી. મારા બીજા માંગનારાઓ જો ઉઠી ઉભા થયા, તો——

"તમે જાહારે બીજા કરજદારોને સારૂ બોલોછ, તાહારે મને જણાવવું પડેછ, કે, આવતી કાલે બીજા બે કે ત્રણ હુકમનામાં એક્કી વખતે તમારી સામે નીકલનારાં છે, તે વીશે તમુને હું ચેતાંઉછ. મી૦ સોલીભાઇને તેની આગમજદી ખબર પડી, અને તેથીજ તેવને રાતોરાત ખાસ ગોઠવણ કરી, આએ હુંકમનામું બજાવવા મને મોકલીઓછ."

"લાચાર! મી૦ બ્રાંઉન તમે જાહારે મારે સારૂં કબજ કરી શકતા નથી, તાહારે આએ વાતથી મારે મીસીસ બેહરામશાહને જાણીતાં કરવાં જોઇએ. ખુદા ખાતર મારી ફજેતી થાય, તેવું કાંઇ ના કરતા. મારાં મહેમાનો જો જાણુસે, તો મારી રૂસવાઇ થશે. સહવારૂં પડતાંજ છાપામાં એ ખબર છપાસે, અને આખું ગાંમ એ વાત જાણુસે. તમે હીંયાંજ રેહો, હું પાછો આઉછ."

બેહરામશાહ લાઇલાજ થઇ ડગમગતે પગલે બાંનુને મલવા લાઇબ્રેરીમાંથી બાહાર નીકલી પડયા, અને બ્રાંઉન ટેબલપર પડેલી એક ચોપડી લઇ તેના પાનાં ફેરવવા લાગ્યો.

પા કલાક થઇ ગયો.

બ્રાંઉન પોતાના ધ્યાનમાંજ હતો, તેટલાં બેહરામશાહ પાછા લાઇબ્રેરીમાં દાખલ થયા, અને ઓરડાના બારણાં જોરથી બંધ કરી, પાસે પડેલી આર્મચેર ઉપર ફસડાઇ પડી, બેસી ગયા. બારણાંનો ખડખડાટ સાંભલી બ્રાંઉને પાછું ફરી જોયું, તો બેહરાંમશાહનું ચીત ઠેકાણે નથી, એમ તેણે જોઇ લીધું.

"ઓ મારૂં મગજ ફરેછ! મારો જીવ બગરી આયોછ." બેહરામશાહ બકરવકર કરતાં બોલ્યા.

"મને કાંઇ ખાસ હોકમ છે સાહેબ?" મીક બ્રાંઉને ધીમે અવાજે બેહરામશાહને પુછ્યું.

" મીસીસ બેહરામશાહને મે દીવાનખાનામાં બધ્ધે સોધી, પણ મને તે મલી નહીં." બેહરામશાહે જવાબ દીધો. " તે કોણ જાણે કાંહાં—

પણ તેટલાં બેહરામશાહના મહેમાનોમાંના કેટલાક લાઇબ્રેરીમાં તેવનનેજ શોધતા ધસી આવ્યા.

" બેહરામશાહ? બેહરામશાહ શેઠ? ખાનબાહાદુર બેહરામશાહ?"

" શું છે? કોણ છે? કાંય કાંય? એ શું ગડબડ?" બેહરામશાહે આ ગડબડ સાંભલી ચમકીને પુછ્યું.

" અરે ખુંન થયું! બાંનુબઇનું ખુંન ——

" હેં ખુંન—મારી બાંનુનુ ખુંન! કોણે કીધું?"

બેહરામશાહથી વધુ બોલાયું નહી. તેવન ચક્કર ખાઇ પટકાઇ પડયા. મી૰ બ્રાઉન અને તેના આદમીઓ આ આફતભરી ખબર સાંભલી હરણફાર થઇ ગયાં, અને સઘલું ચુપચાપ થઇ ગયું.

પણ બેહરામશાહે હીંમત ખોઇ નહી. તેવન તુરતજ હીંમત પકડી, પોતાની મેલે હુશીઆર થયા, અને પોતાની પાસે ઉભેલાંઓ તરફ જોઇ કાંઇ બોલવા જતા હતા, તેટલાં બીજાં બે મહેમાનો દોડતા લાઇબ્રેરીમાં દાખલ થયા, અને દાખલ થતાંજ બોલ્યા:—" અરે ગભરાવો ના! છે! છે!"

" હેં! છે! કોણ છે? શું છે?"

" અરે જીવેછ! જીવેછ! બાંનુબાઇ જીવેછ! જખમ ઉંડો થયોછ ખરો, પણ તેવન મરી નથી ગીયાં. ફકત બેહોશ થયાંછ!"

" ખુદા જેમ તારો હુકંમ!" બેહરામશાહ આસમાન તરફ નજર કરી બોલ્યા. " પણ તેવન હુશીઆર તો છેની! કાંઇ બોલીઆં કે? કાંઇ કેહ્યું કે? ડાકટર છે કે?"

" હા, હા. તેવન હુશીઆરીમા છે, પણ લોહી જવાથી નબલાં પડી ગીયાંછ."

"ચાલો સાહેબો, હવે મેહરબાની કરી મારા પપાને જરા આસાએસ લેવા દેઓ!" દાદીબા દાખલ થતાંજ બોલ્યો. "પપા, કાંઇ ફીકર ના કરો. બાનુબાઇનો જખમ જીવ જેવો નથી. જરા સેહજ ઉંડો છે. ડાકટરે તેની તપાસ કીધી, અને કહ્યું કે કાંઇ જોખમ નથી. તેવનના ઓરડામા હું હમણાજ તેવનને મુકી આયોછ. ડાકટરે કહ્યુંછ, કે તેવનને સુવા દેજો, અને કોઇને આગલ જવા દેતાં ના. ફકત મીસ બાલફર સીવાય કોઇ તેવનની આગલ નથી. મીસ બાલફરે એવનની સારવાર કરવાનું માથે લીધુંછ. તમે જરાબી ફીકર ના કરો, પપા."

"છોકરીઓ કાંહાં છે દાદી?"

"જર આ ખબર સાંભલતાંજ સીક પડી ગેઇછ." "દાદીએ જવાબ દીધો." "અમીલીને પાછું હીસતીરીયાનુ જોર થઇ આયાથી, તે પોતાના રૂમમા છે. જેહાંગીર પોતાના ડાકટરને તેડવા પોતાની ગાડીમાં કેવારનો ગીયોછ."

ખાનબહાદુરના કુટુંબનો મામલો આવી રીતે બોલ બોલતાં બે કલાકમાં કેવો બદલાઇ ગયો! દાદીએ કરેલા ખુલાસા પછી બેહરામશાહની ઇનતેજારી જરા નરમ પડી, પણ પેલાં સરકારી હુકમનામાની તેને જેવી પાછી યાદ પડી, તેવોજ તે પાછો બેચેનીમાં પડયો.

પણ રૂસ્તમ જાબુલી? તેનું શું થયું?

તેની ઉપર ખુંનનુ બોહોતાંન મુકાઇ ચુકયું હતું. તે ખુની તરીકે પકડાઇ ગયો હતો. બેહરામશાહના મહેમાનોએ, રૂસ્તમના હાથમા પકડેલી છરી જોતાંજ, તેને ખુની તરીકે જયારે પકડયો, ત્યારે તે લોકના હાથમાંથી છટકી કે છુટી જવાની જરાબી તજવીજ તેણે કીધી નહી. તે નીરદોશ યા બેગુનાહ છે, એમ જણાવવાની તેણે જરાબી કોશેસ કીધી નહી, પણ તે ખુશીથી તેમને તાબે થઇ ચુપચુપ ઉભો રહ્યો.

ખુનની ખબર મોડી રાત છતે આગ મીસાલ ચોતરફ ફેલાઇ ગઇ, અને પુલીસ કોન્સટેબલો રાતોરાત ચંપા બાગમાં આવી ઉભો; અને રૂસ્તમ જાણુલીને પુલીસે પોતાના કબજામાં લીધો.

જરને માટે જેહાંગીર જે પોતાના ખાસ ડાકટરને બોલાવવા ગયો હતો, તે આવી પુગ્યો. ડાકટરે જરને એક 'સ્ટીમ્યુલંટ ડોઝ' આપ્યાથી તે હુશીઆર થઇ ગઇ. દાદીની સમજાવટથી જંગબારવાળા જેહાંગીરે બેહરામશાહના માંગનારનું એક લાખ એકાવન હજારનું હુકમનામું પગાર કરવાનુ પોતે માથે લીધું, અને ઓલીફ મી૦ આંઉન જેહાંગીરશાહની સીકયુરીટી લેઇ પોતાના આદમીઓ સાથ ચંપાબાગ ઉપરનો પોતાનો કબ્જો છોડી ગયો.

પ્રકરણ ૧૨ મું.

એક ચાંદ્રાબાઈએ!

વાજી ગાજી રહેલું ચંપાબાગનુ મકાંન, જે ખુશી ખુશાલીનું મથક હતું, તે એક બે કલાકમા તો ગંમ અને આફ્તનુ ઘર થેઇ પડયું. કંમબખ્તી પોતાના ડોલાં ધુરકતી તે રલીઆંમણા મકાંનના દરવાજા ઉપર બેમાલુમ આવી ઉભી. પરોણાંઓ ગમગીન ચેહરે એક પછી એક વીખરાઇ ગયાં, અને એક કલાકમા બહેસ્તની ખુશાલી, દોજખની દલગીરીમા ફેરવાઇ ગઇ.

પેલો હાઇ કોરટનો બેલીફ મી૦ બ્રાઉન ગુપચુપ પોતાના માણસો લેઇ ચાલી ગયો. જંગબારવાલો જેહાંગીરશાહ, જે બેહરામશાહની દીકરી જરના હાથનો ઉમેદવાર હતો, તે રાતોરાત બેહરામશાહની નોક જાલવવા પોતાના બનિશના ધારેલા સસરાના કરજનો જોખમદાર થયો, અને એવી રીતે ચંપાબાગના રંગનો ભંગ થયા પછી, સુમારે એક વાગે, આ વાજી ગાજી રહેલું આ મકાંન, મસાંન જેવું એકાંત થઇ પડયું.

"દીકરા દાદી, દીલાવરખાંનના ખાંનદાંનની ઉપર આજે ખુદાઇ કેહર ઉતરીયોછ!" બેહરામશાહ ખુરસી ઉપર ફસડાઇ પડી બોલ્યો. "હવે મારીથી કેમ નીભી શકાશે?"

"પપા, તમો કરજદાર હતા, તે તો હું જાણુતો હતો, પણ તમારી કરજદારી આટલી બધી હદ સુધી વધી ગએલી છે, એવો તો મને સ્વપનેબી ખ્યાલ નહી હતો." દાદીએ જવાબ દીધો.

"તું એમ હારી ના ખા." બેહરામશાહે હીંમત આપી કહ્યું. "આવે કટોકટ વખતે મારાં દુઃખમા તું મારે મદદગાર થા. સહવાર પરતાં મારા બધા માંગનારાઓ ઉભા થવાના, અને બેલીફોની હાર ને હાર ચંપા બાગમાં ઉતરી પડવાની. અરેરે! એ કેવી આફ્ત!"

"એ શું બોલોછો, પપા ડીયર ?" દાદી હેબતી જઇ બોલ્યો. "શું હજી બીજા માંગનારા —

"હમણા કેટલા વાગા ?"

"એક"

"એક ! દોડ ! એકદમ દોડ ! ! નાકા ઉપરથી ગાડી કરીને તું લાગલો સોલીભઇ સોલીસીટરને ઘેર જા. તેને જઇને કેહ, કે બેહરામશાહ રાતોરાત તમુને પોતાને બંગલે બોલાવેછ. જા જલદી કર. મારતી ગાડીએ નીકલી જા. તેનું ઘેર તુને ખબર છે કે ?"

"હા. કોલાબે ?"

"તાહારે ઝડપ કર." બેહરામશાહે કેહ્યું. "કોઇબી રીતે સહવારૂં પડતા આગમજ આપણે આફતનો નીકાલ થઇ જવો જોઇએ."

પોતાના બાપના હુકમ પ્રમાણે, દાદી તેજ વખતે ગુપચુપ ચંપા બાગમાથી બાહાર નીકલી પડયો, અને દાદીની પછવાડે બેહરામશાહ કોટડાં પેહડી, કોઇ જોણે નહી તેમ બાહાર જવા નીકલ્યા.

તેવન કાંહાં ગયા ?

ખુદા જાણે ? તે જાણુવાની અને જણાવવાની કાંઇ હાલ જરૂર નથી. વાંચનારાંઓણી એવા ચટપટીયા જીવના છે, કે બધું એકદમજ જાણુવા માંગેછે !

પણ તેવન ઘણો વખત બાહાર રેહા નહી. પોણા કલાકમાં તો તેવન ગુપચુપ જેવી છુપી રીતે બાહાર ગયા હતા, તેવીજ રીતે તેવન ચંપા બાગમા પાછા દાખલ થયા.

પણ તેવનનો ચહેરો સુફેદ રૂની પુણી જેવો ફીક્કો દેખાતો હતો, અને તેવનના હાથ એટલા તો ધ્રુજતા હતા, કે પોતાના દગલાના બટનણી તેવન કાહાડી શકતા નહી હતા.

હવે તેવન સોલીભાઇની વાટ જોતા બેઠા. દરેક મીનીટ તેવનને મન એક એક કલાક જેટલી લાંબી લાગવા લાગી. અંતે બે વાગ્યા. ના દાદી પાછો ફરયો, કે ના તો સોલીભાઇ આવી લાગ્યો.

અંતે સવા બે વાગે એક ભાડેની ગાડીમાં તેઓ બંને જન આવી પુગ્યા. બેહરામશાહ આ રીતુરી સોલીસીટરને મલવા તઇયાર થયા. લાઇબ્રેરીના દરવાજા દાદીબાએ ઉઘાડયા અને સોલીસીટર સોલીભાઇ ધીમે કદમે અંદર દાખલ થયા.

"આવો મી૦ સોલીભાઇ." ધીમે અવાજે ખાંનબાહાદુર બેહરામશાહે કહ્યું. "દીકરા દાદી, હવે તું જા. તારૂં હવે કાંમ નથી. હું સહવારના તુને મલસ. સોલીભઇ સાથે મને કેટલીક ખાંનેગી વાતો કરવી છે."

દાદીનું દીલ જરા દુખાયું તો ખરૂં. તેની મરજી આ વાતચીત દરમીયાન પોતાના બાપની સાથે રેહવાની હતી. પણ તે બજીદ થઇ શકયો નહી. પોતાના બાપના સખુનને માન આપી તે ત્યાંથી ચાલી ગયો.

પણ આ સોલીભાઇ સોલીસીટર કોણ અને કેવા લાહેર છે, તે આપણને ઉપર ટપકેથી જાણવાની ખાસ જરૂર છે. કેમકે એવો વીટીપરનો નગીનો કાંઇ બધાંજ કુલોને હાથ લાગતો નથી! એ તો, જેનો કાળ ચંદર બેઠો હોય, તેજ કુલોને એવો સોલીસીટર હાથ લાગે!

આપણા આ સોલીભાઇ સોલીસીટરની ઉંમર હમણા પચાસ વરશની છે. તેવનનું દીલ ખુદા રાખે જરા તંગ છે, અને પઇસાનો સેહજ લોભ છે. પોતાના કુલોના સીના સેરવવામા, તેમને આડે રસ્તે ફેરવવામાં, તેમના ખીસાં કોતરવામાં, અને હસી હસીને પોતાના ધરાકોના ગલાં કાપવામા, મીસતર સોલીભઇ સોલીસીટર, એમ. એ., એલ. એલ. બી. ઇત્યાદી ઇત્યાદી ઇત્યાદી, એવા તો કુશલ અને કાબેલ છે, કે તે વીશે વધુ બોલવામા સાર નથી.

આવી ચબરાકી અને ચાલાકીવાલા વકીલો કાંઇ મુંબઇ જેવાં શહેરમાં ભુખે મરે! લોભીઆઓ જો ગાંમમાં હોય નહી, તો ધુતારાઓ ભુખે મરે! તેમ આ મહાપરાક્રમી સોલીસીટરને લાયકના કુલો કાંઇ મુંબઇ શહેરમાં કમતી નહી હતાં! તેવાં તેવાં કુલોના પરતાપે સોલીભઇ સોલીસીટરે પચાસ

વરશની ઉંમરમાં એક મોહટી દોલત ભેગી કરી હતી. પણ ખુબી તો એ હતી, કે આટલી દોલત ભેગી કીધા છતાં, હજી સોલીભાઇ કુંવારા હતા. તેની આટલી બંધી દોલતનો કોઇબી વારેસ કે વકીલ દુનીઆંમાં હજી પેદા પડયુંજ નહી હતું. છતાં આ લોભીઆના લોભની હદ હતીજ નહી. એક મોહટી જેવી દોલતના ડુંગર ઉપર ચહડી બેઠાં છતાં, હજી બીજી વધુ દોલત મલે, તો તે મેલવવા માટે અગરજો સેતાંન સાથેબી તેને કાંઇ સાટું ખત કરવું પડે, તો તે તેમ કરવાબી તૈયાર હતો.

તેની મોહટામા મોહટી ઉમેદ કોઇ ઉંચા ખાંનદાંનની ખુબસુરત દીકરી સાથ લગનનાં ગાંઠથી જોડાવાની હતી. તેને રીતની ભાખ જોઇતી નહી હતી, કેમકે તે ખુબ રવેસ જાણુતો હતો, કે "ગાંમમાં પેસવાના સહાંસા, તાંહાં ગરમ પાણી કાંહાંથી મલે!" તેટલાં માટે જેઓ તેને પરણેલો જોવા ચાહતાં હતાં, તેઓને તેણે જણાવી દીધું હતું, કે રીત કે પહલાં જેવું તેને કાંઇ જોઇતું નહી હતું. તે તો ફક્ત એક કુલવંત ખાંનદાંનની ખુબસુરત દીકરી માંગતો હતો.

એવી રીતે સોલીભાઇ સોલીસીટર, મોહટા ખાંનદાંનની અને મોહટે ખાંચરેની દીકરીના હાથની ઉમેદમા ને ઉમેદમા આજે પચાસની ભરતીમા ભરાઇ ગયા હતા. મોહટે ખાંચરેની દીકરી કાંઇ એમ અમથી મલે છે? તોબી સોલીભાઇને વકીલના ધંધામા આવાં છકકાં પડતાં સાંભલી, ચલેજાવ બલેજાવ માબાપો પોતાની દીકરીના ઉઠાવ માટે સોલીશેઠના ઘેરના ઉંબર ખણી ખાવા લાગ્યાં. કેટલાંક ગરીબો પોતાને ઉંચાં ખાંનદાંનમા ખપાવવા નીકલ્યાં! કેટલાંકોએ પોતાની ગરીબ અટકો બદલી નાખી! અને કેટલાંકોએ પોતાની મોહટી ઉંમરની દીકરીઓને નાહલ્લી ઉંમરની દેખાડવા સારૂં, ખોટા ટપકાઓ વટીક બનાવી, સોલીશેઠને ગલે પોતાની દીકરી ઠોકવાની યુકતીઓ રચી! પણ સોલીશેઠ એવા પંચી હતા, કે બધાંઓને છાતીએ હાથ દેવડાવીને, તેઓને દુર ને દુરજ સખી રમાડતા હતા, કેમકે તેવનનો ડોલો તો કોઇ જુદેજ ઠેકાંણે ખોબાએલો હતો.

આપણને આપણા આ ચબરાક ચાંદાગોઇઆની જીંદગીની તવારીખની એટલી બધી નોંધ લેવાની ખાસ જરૂર એટલાંજ માટે પડીછે, કેમકે એ વકીલ સાહેબ સાથ આપણને આગલ ચાલતાં ઘણુજ કાંમ લેવુંછે.

"મી૦ સોલીભાઇ, આજે તમે શું કીધુ ?" બેહરાંમશાહે લાઇબ્રેરીના બારણાં બંધ કરી, સોલીભાઇ સામે ઉભા રહીને પુછયું.

"બેહરામશાહ શેઠ સાંભલો." પેલા સીનાફરોસ સોલીસીટરે ઠંડે પેટે જવાબ દીધો. "મારી પાસ બીજા વકીલોના જેવી બટાઇ કરવાની રીત નથી. હું જે હોય, તે મારાં ઘરાકને તડ ને ફડ કેહી દેઉછ. આવતી કાલે બીજા તમારા માંગનારાઓ આએ ચંપા બાગ ઉપર જપતી લાવનાર છે. તમો તે લોકના મોહટા કરજદાર છેઓ, એમ મેં થોડાજ દાહાડા થયા જાણીછે. એવા સંજોગ વચ્ચે ખાંનબહાદુર સાહેબ, તમે એમ તો કહેવા નથી માંગતા, કે એક લાખ એકાવન હજારની મારી જે રકમ તમારી [illegible]ર નીકલેછ, તેની દરકાર કીધા વગર હું હાથ જોરી બેસી રેહું, અને તમારા [illegible] કરજદારો આએ પાહાડ જેવો ચંપા બાગ પોતાના કરજના પેટાં[illegible] [illegible]ત કરે ?"

"તમારી તકરાર લાજવાબ છે." બેહરામશ[illegible] લાજવાબ થઇ બોલ્યા. "તાહારે તમે જાણોછ સોલીભઇ કે મારા બીજા કરજદારો ઉઠી ઉભા થયાછ. મી૦ બ્રાઉને મને તે ખબર આપી. હવે મા[illegible] કેહુ સાંભલો."

"હું સાંભલવા સારૂજ આવેલો છેઉ." સોલીએ જવાબ દીધો. "બોલો સાહેબ, મને તમે હવે શું ફરમાવોછ ?"

"સોલીભઇ, થોડા મહીનાની વાત ઉપર તમોએ કંઇ ચોકસ સરતે મને નાંનાંની એક મોહટી રકમ, મારૂં કરજ પતાવવા સારૂં ધીરવા માંગી હતી, અને મેં તે તમારી સરતને લીધે, તમારી તે માંગની ના પાડી હતી, તે યાદ છે ? એ તમારી સરતો મેં કબુલ નહી કીધી, તેનું તમોએ આજે મારી ઉપર વેર લીધું છે."

"વેર જો હું લેવા માંગતે, તો આ ચંપાબાગનુ અતીઆર આગેમજ સેવક લીલાંઉ કરાવી નાખને." સોલીએ જવાબ દીધો. "પણ વેર શું તે હું

જાણુતો નથી. તમે અમે તે વીચારવા મુખત્યાર છેઓ ખાનબાહાદુર સાહેબ."

"ખેર. જે બની તે બની." બેહરાંમશાહ બોલ્યા. "લંબાનું કરવાનો આએ વખત નથી. હું તમુને અરજ કરૂછ, કે મને મારી બધી મીલકતો મળી તે ઉપર દસ લાખ રૂપીઆ બે વરસની મુદત સારૂં ધીરો, યા કોઇ પાસ ધીરાવો."

"દસ લાખ!" સોલીભઇ બેહરાંમશાહ તરફ ટીકી ટીકી જોઇ બોલ્યો. "પણ તેમ બને કેમ? તમારી તમામ મીલકત ઉપર દસ લાખ ધીરતાં, કાંઇ જીવ જેવી મારજીન રેહ એમ લાગતું નથી?"

"જો તેમ નહી થતું હોય, તો, તમો જે સરતો અગાઉ કરવા માંગતા હતા, તે સરતોમા કાંઇ ફેરફાર કરો. થોડો ઘણો તે સરતોમા તમે સુધારો કરો મી૰ સોલીભઇ." બેહરાંમશાહે કાલાવાલા કરી કેહ્યું.

"તે સરત તો એ હતી, કે દસ લાખ રૂપીઆ હું તમુને દસ ટકાની તેરીખે તમારી પોતાની જામીનગીરી ઉપર ધીરૂં. બે વરસમા તમોએ બ્યાજ સીક્કે તે રકમ મને પાછી આપી દેવી. અને જો તમે નહી આપો, તો લખતમાં લખાએલી સરત પ્રમાણે ચાલવાની તમુને મારે ફરજ પાડવી." સોલીસીટરે ખુલાસો કીધો. "આજે તેજ સરતે જો બે વરસની મુદતે હું તમુને નાંનાં ધીરૂ, તો——બાપરે કાલ કોણે જોઇછ? બે વરસ! આજે મારી ઉંમર પચાસ વરસની છે, બે વરસ પછી તો બાવન——

"પણ પચાસ છત્તે, તમો તીસ વરસના જવાંનને બાજુ બેસાડો એવા છેઓ?" બેહરામશાહે ખુલાસો કીધો.

"વારૂં ચાલો ખાલી તકતક કરવામા મારો ને તમારો દાહાડો વલીગો નહી." વકીલે તડફડ કરી કેહ્યું "મારો વીચાર દસ લાખ તમુને ધીરવાનો છે તમારો એ રકમ લીધા વગર છુટકો નથી. મારે રૂપીઆ આપવા છે, અને તમારે લેવા છે. કેમ વાત ખરી કે? પણ હવે ટુકમાં મને કેહવો, કે એ રકમ પાછી કેવી રીતે તમો અદા કરી શકશો?"

"જુવો. મારૂ સઘલું કરજ, લગભગ સાત લાખનું છે." બેહરાંમશાહે હીસાબ દેખાડયો. "બધું પતાવી દીધા બાદ, ત્રણ લાખ જે બાકી રેહ, તેમાથી મારી જેટલી મીલકત હાલ ભાગી તુટી હાલતમા છે, તેને ગાલી કાહાડી, તેની ઉપજમા હું વધારો કરવા ધારૂં છું. તે ઉપજમાંથી તમારી રકમ હું ભરી દેવસ."

"બેશક. તમે ભરી દેજો." સોલીએ કેહ્યું. "પણ જો મારી રકમ તમે નહી ભરી દીધી, તો લખતમા જે સરત લખાએ તે પ્રમાણે તમુને ચાલવાની ફરજ પડશે હો કે?"

બેહરાંમશાહ કાંઇબી જવાબ આપે, તે આગમજ સોલીભાઇએ પોતાના ગજવાંમાથી એક ફુલસકેપ કાગજ કાહાડી, પાસે પડેલી ટેબલ આગલ જઇ, નીરાંતે બેસી તે ઉપર લખતનો ખરદો ઘડવા લાગ્યો. બેહરાંમશાહની ચટપટનો પાર રેહ્યો નહી. સોલી વાંકી મુંડીએ લખતોજ ગયો, અને બેહરાંમશાહ ઓરડામા ફ્રફ્રડી ચટકી એમથી તેમ ફરવા લાગ્યા. અંતે લખતનો ખરદો સોલીસીટરે ઘડી તેયાર કીધો.

"લેવો." સોલીએ બેહરાંમશાહ પાસ જઇ કેહ્યું. "જુવો હમણા તણ થવ આયાછ. હવે આએ વાંચો, અને જે તે સેવટ ઉપર આવી જાવો."

બેહરાંમશાહે ધ્રુજતે હાથે તે લખતનો ખરદો લીધો, અને ચસમો ચહડાવી તેવને તે વાચવા માંડયો. વાંચતાં વાંચતાં તેવનના ચેહરા ઉપર કીસમ કીસમના ફેરફાર થતા રેહ્યા. અંતે તેવનથી થોભાયું નહી, અને બોલી પડયાં:—"નહી, એ વાત તો કદીબી નહી બને."

"ચાલો તાહારે સાહેબજી." સોલીએ લખતનો ખરદો પોતાના ગજવામાં મુકી ઠંડે પેટે સાહેબજી કરી દરવાજા તરફ ચાલવા માંડયું.

"સબર, સબર!" બેહરાંમશાહ લાચાર થઇ બોલ્યા. "જરા સબર ભીસતર—

"બોલો, શું ફરમાંસ છે?"

"એ સીવાય, તમે બીજી કોઇ સરત કરો, એમ છે કે નહી?"

"નહી બેહરામશાહ શેઠ." સોલીએ જવાબ દીધો.

"તાહારે એજ સરતે તમો નાંનાં આપશો કે ?"

"એજ સરતે."

"લાચાર ! તમે મારી હાલતનો આવો લાભ લેવોછ? " બેહરામશાહ રડમસ થઇ બોલ્યા. "હું મારૂંજ નખોદ મારે હાથે વાલતો નથી, પણ મારી સાથે મારી દીકરીઓના સુખનીબી ખરાબી હુંજ કરૂંછ. થારૂં રૂપીઆ કાહારે તમે આપશો?"

"લખત પર સહી કરો અને રૂપીઆ લેવો." સોલીએ જવાબ દીધો. "રૂપીઆ તૈયાર છે."

"ઠીક. જાવો લખત તૈયાર કરો." ખાંનબાહાદુર બેહરામશાહે છેલ્લો જવાબ વિચાર કરી દીધો.

"ઠીક છે સાહેબ. લખત તૈયાર કરી, સહવારના નવ વાગામાં રૂપીઆ લઇને હું આવસ. સાથે સાક્ષી તરીકે સહી કરવા મારો હેડ કલાર્ક આવશે. નવ વાગે લખત પર સહી કરજો, અને દસ લાખ તમુને તેજ વખતે હું આપસ."

"રોકડા કે ચૅક ?"

"ઓ ! હાર્ડ-કૅશ."

પ્રકરણ ૧૩ મું.

દસ લાખનું લખત. ફૂસતઅ સેશન ક્મીટ!

જગને મોહોડે કાંઇ ઢાંકણું છે ?

ચંપા બાગમાં અપાએલી પારટી દરમીઆન બનેલી ભયંકાર હોનારતની વાત બીજે દીવસે જંગલી આગની મીસાલ શેહરમાં ફાટી ગેઇ.

દીલાવરખાંનની બાંનુબાઇનુ ખુંન થયું, એમ જંન મોહોડે વાતો થવા લાગી. કોઇ ખાનબાહાદુર બેહરાંમશાહનો વાંક કાહાડી કહેવા લાગ્યાં કે:—"બુઢાએ મરતે દહાડે વરસ વેચીઆં. ઘરડે ઘડપણ જુવાંન બઇરી પરણવાની એજ મોહોકાંણ તો! પોતે છોલેલા બોકન્ડા જેવો, અને આવી ખુબસુરત રાંડને પરણી લાયો, તાહારેજ આવો ફેસતો થયો કેની!"

કોઇ બાંનુનોજ વાંક કાહાડતાં હતાં;—"નહીરે નહી! બેહરાંમશાહનો વીસ્વાસઘાટ એ રાંડ ચલકતીએ કીધો! પાદશાહ જેવો નેક ધણી. પણ રાંડ ચવિતરી ચલકતીને કોણ જાણે એ શું સુજ પડયું!"

કોઇ પરવારતાં રૂસ્તંમ જામુલીનેજ ગલે પડતાં, તો કોઇ બેહરામશાહનાં આંખાં કુટુંબની નાલેસી કરતાં. પણ ખરી વાતતો કોઇજ જાણતું નહી હતું. સરવે કોઇ અકલને ગુલામાં નાખી સુમારેજ સટાકાં મારતાં હતાં.

બીજે દાહાડે સહવારના ખાંનબાહાદુર બેહરાંમશાહ જેવા ઉઠયા, તેવાજ તૈયાર થઇ, બાંનુના ઓરડા તરફ ચાલ્યા. દરવાજાના બારણાં બંધ હતાં, પણ બેહરામશાહ તે ઉઘાડી જેવા દાખલ થયા, કે બાંનુની કંમપેનીયંન મીસ બાલફરે સાંમે આવી ઇશારત કીધી કે "બાઇ સુતેલાં છે જાગી ઉઠશે."

બેહરામશાહ મીસ બાલફરની ઇશારત સમજી ગયા, અને પોતે તેજ વખતે ઓરડામાંથી બાહાર નીકલી પડી, મીસ બાલફરને તેવને પોતાની પછવાડે આવવાની ઇશારત કીધી.

"કેમ! રાત કેમ પસાર થઇ?" બેહરામશાહે મડમને પુછયું.

"ઠીક છે. તાપ આવી નથી. આખી રાત ઉંઘાયાં હતાં. પણ બોલતાં બીલકુલ નથી. ડાક્ટર હમણાજ આવી ગીયોછ, અને તે પાછો આવવા કેહી ગીયોછ."

"શું બીલકુલજ બોલાતું નથી?"

"બીલકુલ બોલતું નથી! પણ પોતાની હુશીઆરીમાં છે." મીસ બાલફ્રે જવાબ દીધો. "દવાદારૂ આપીએછ, તે પીએછ. ડૉકટરનુ મત એવું છે, કે જો કેસ એવીજ રીતે ચાલશે, તો જોખમ જેવું જરાએ નથી."

"મીસ બાલફ્રર, બાંનુની સારવાર કોણ કરેછ?".

"હું પોતે." મીસ બાલફ્રે જવાબ દીધો.

"બીજું કોણ?"

"બીજું કોઇજ નહી."

"મીસ બાલફ્રર, તમારી ઉપર મને વીસ્વાસ છે. તમારી મેહનતનો હું તમુને મોહટો બદલો આપસ. બાંનુની સારવાર તમો સીવાય બીજું કોઇ કરે નહી હો. રાત અને દાહડો એની આગલથી તમે જરાબી ખીસતાં ના, અને યાદ રાખો' કે જેવાં એધન હુશીઆર થઇ કાંઇબી બોલવા માંડે, કે તેજ વખતે તમે મને તુરત ખબર કરજો. મારી એ તમુને અરજ છે, કે એ વાત ઉપર તમે ખાસ ધ્યાંન આપો."

"જેવો તમારો હુકંમ સાહેબ." પેલી મડમ કંમપેનીયંને જવાબ દીધો. "હું એવનના પલંગ આગલથી જરાબી ખીસનાર નથી, અને જેવાં એવન બોલતાં થશે, કે તેજ વખતે તમુને ખબર કરવા હું પોતે તમારી પાસે આવસ."

"એટલુંજ નહી, પણ એવન જાહારે હુશીઆર થાય, તાહારે એવન શું બોલેછ, તે તમારે સાંભલી લેઇ મને જણાવવું." બેહરામશાહે વધુ હુકમ કીધો. "આ ભયંકાર બનાવની ધાસ્તીથી એવનની બોલવાંની શક્તી બીલકુલ જતી રેહીછ."

"હા જી. ડાક્ટરનુંબી કેહવું એવુંજ છે." મડમે જવાબ દીધો.

"ઠીક છે, તાહારે હું જાઉછ. મારા કેસ ઉપર તમે ધ્યાંન રાખજો. તમારી મેહનત હું ભુલસ નહી મીસ બાલફૂર."

* * * *

ખાંનબાહાધુરના આ તાકીદના હુકમથી મીસ બાલફૂર વીચારમાં પડી ગઇ. આ ચગોર મડમને પોતાની ગણુતી દોડાવતાં વાર લાગી નહી. એહરામશાહની ઇનતેજારી જોઇ, તે મનમાં બબડી "આએ શું ગડબડ ગોટાલો થયોછ," તેની મને સમજ પડતી નથી. શું પોતાની મોહોરદારની દયાંનત ઉપર આએ પારસી, શેઠીઓ કાંઇ શકની નજરથી જુવેછ? પણ રૂસતમ જાણુલી એમ કરે, એ માનવા જેવું લાગતું નથી. કદાચ હોયબી! કદાચ બાંનુએ જાણુલી સાથ નીકલી જવા ના પાડયાથી, તેણે ઉસકેરાઇ જઇ ગુસ્સામાં આવી છરી મારી હોય, એ બનવા જોગ છે! લોકો કહેછ, કે રૂસતમ જાણુલીએ મોહટી રકમ એહરામશાહને ધીરીછ, વલી દાદીબા ઉપર તો તે પોતાનો જીવ પરાણુ કાહાડી આપેછ. પણ એ બધું છતાં, એહરાંમશાહ પોતાની બઇરી શું બોલેછ, તે જાણુવા એટલો ખંતી અને ઇનતેજાર કેમ છે? જોઇએ, એમાથી કંઇ બી નવી વાત જો નીકલવાની હશે, તો સરવેથી પેહલ્લી તે હુંજ જાણુસ."

* * *

બોલ બોલતા વખત થયો, અને બરાબર ઠેટવેલે વખતે સોલીસીટર મી૦ સોલીભાઇ પોતાના મેનેજીંગ કલારક મી૦ આદરજી આંબોસીને લેઇને ચંપા બાગમા આવી ઉભો.

મી૦ સોલીભાઇએ લખતની અસલ નકલ પોતાના મેનેજીંગ કલારકને આપી, ખાનબાહાધુર એહરાંમશાહને તે વાંચી સંભલાવવા ફરમાવ્યું, અને તેજ લખતની એક 'ડુપ્લીકેટ' એહરામશાહના હાથમા આપી, પોતે દુર જઇ ઉભો રેહો. મી૦ આદરજી આંબોસીએ તે લખત બુલંદ અવાજે વાંચી સંભલાવ્યા બાદ, ખાનબાહાધુર એહરાંમશાહે ધ્રુજતે હાથે,—તે ઉપર સહી કીધી, અને મી૦ આદરજી આંબોસીએ તે ઉપર પોતાની

સાખ કીધી, અને તેજ વખતે સોલીભાઇ સોલીસીટરે પોતાના દગલાના ગજવાંમાંથી દસ. લાખ રૂપીઆની સરકારી નોટો, અને ગીનીઓની ઠેલી કાહાડી બેહરાંમશાહને ગણી આપી.

"કેમ સાહેબ, રૂપીઆ મલીઆ?"

"હા. રૂપીઆ મલીઆ." શેઠે સઘલી રકમ ગણી લેઇ જવાબ દીધો. "હવે એક બીજુ કાંમ કરવાનુ બાકી છે. તમે જાંણોછ, કે પેલો કમનસીબ રૂસ્તમ જાબુલી હાલ કેદમાં છે?"

"હા. મને તેની દયા આવેછ." વકીલે જવાબ દીધો. "ભલા મનખને એ શું સુઝ પડયું?"

"મારે તેની ઉપર કાંમ ચલાંવવું નથી મી૦ સોલીભાઇ." શેઠ બોલ્યા. "મારા દીકરા દાદીનો તે જીવે જાંનનો દોસ્ત છે, એટલુંજ નહી, પણ ખુદ મારી ઉપર તેનો મોહટો ઉપકાર છે. જો કે તેનો આવો ગુનાહ નહી માફ થાય તેવો છે, પણ હું તેની તરફ સખત થવા માંગતો નથી. સોલીભાઇ, મારી તરફથી તમો કોરટમાં આજે જજો, અને માજીસ્ત્રેટ આગલ તેને આજે ઉભો કરવામા આવે, તે વખતે તમો મારી તરફથી જણાવજો, કે હું કોઇબી રીતે એ કેસ ચલાવવા રાજી નથી. તોહોમતદારે મગજની નબલાઇને આધીન થઇ આવું કાંમ કીધું હોય, એ બનવા જોગ છે. હું મારા દીકર દાદીનેબી બનશે તો કોરટમાં મોકલી આપસ."

તે દીવસે બરાબર બાર વાગે રૂસ્તંમ જાબુલીને માજીસ્ત્રેટની આગલ ઉભો કરવામાં આવ્યો. 'ચંપાબાગ ત્રેજીડીને' નામે છાપાવાલાઓએ આખી મુંબઇમાં મોહટું 'સેનસેશન' બરપા કીધું. આજે બપોરના માજીસ્ત્રેટ આગલ, રૂસ્તંમ જાબુલીની બાંનુના ખુન માટે તપાસ ચાલનાર છે, એવી ખબર છાપામાં વાંચતાજ, દસ વાગામાં પારસીઓથી કોરટ ચીકાર ભરાઇ ગઇ. અગીઆર વાગે મી૦ સોલીભાઇ કોરટમાં દાખલ થયા, અને માંજીસ્ત્રેટના આવવાની બરાબર પાંચ મીનીટ આગમજ, દીલાવરના દાદીબાએ કોરટમાં દેખાવ દીધો.

સાડા અગીઆર વાગે માજીસ્ટ્રેટે પોતાની બેઠક લીધા બાદ, રૂસ્તમ જાબુલીને માજીસ્ટ્રેટ સનમુખ લાવી ઉભો કીધો. દાદીબાએ રૂસ્તમ તરફ ઘણુંબી જોયું, પણ રૂસ્તમે તેની તરફ એકબી વખત નજર કીધી નહી.

કોર્ટનું કામ શરૂ થયું. બંધવા તરફથી વકીલ કે બૅરીસ્ટર કોઇબી હાજર થયું હતું નહી.

પારટીમાં ગયલા કેટલાક મહેમાનોની જબાંની માજીસ્ટ્રેટે લીધા બાદ, ડાકટર ધરપકડરામ ધાંમધુંમજી. એલ. આર. સી. પી., એ. બી. સી. ડી. ઇ.!! એ જણાવ્યું, કેઃ—"બાનુબઇને થએલો જખમ જોખમભરી હાલતમા નથી, અને દરદી સાજો થવાની દરેક વકી છે."

"તાહારે તો મીસીસ બેહરામશાહ જાંહાં સુધી પોતાની જબાંની આપવા આએ કોરટમા આવી શકે, તાંહાં સુધી હું આએ મુકદમો મુલતવી રાખવા ધાઇછ."

"મુલતવી રાખવાની કાંઇ જરૂર નથી નામદાર સાહેબ." એકાએક રૂસ્તમ જાબુલી બોલ્યો, અને કોરટ તેને સાંભલવા ઇનતેજાર બની રહી. "જો કાંઇબી વધુ જબાંનીની જરૂરજ હોય, તો હું પોતે જાહેર કરૂંછ, કે હું "ગીલટી" છેઉ."

આ સખુનો સાંભલતાંજ આખી કોરટ ચકભંમ થાઇ ગઇ! લોકો એક બીજાંનુ મોહોડું જોવા લાગ્યાં. રૂસ્તમે પાછું બોલવા માંડયું, અને સઘલું ચુપચાપ થઇ ગયું.

"હા, હું ગુનેહગાર છેઉં. મીસીસ દીલાવરખાંનને આએ કોરટમાં આવવાની ફરજ પાડવા હું બીલકુલ માંગતો નથી. એક નેક જાત અને ભલી બાનુને મે જે અપમાન કીધુંછ, તેની સજા મને થવીજ જોઇએ. મીસીસ દીલાવર બીલકુલ નીરદોશ છે. હું પોતે ગુનેહગાર છેઉં. સઘલો કસુર મારો છે. આજે લાંબી મુદતથી હું મીસીસ દીલાવરના પ્યારમાં પડેલો હતો. મારા આંધલા પ્યારના ઝનુને મને ખુવાર કીધો. કૉનઝરવેટરીમાં હું કમબખત તેણીને લેઇ ગીયો હતો, અને તે સદગુણી ઓરત પોતાના ધણીની

તરફ વફાદાર રેહવા જાહારે બજીદ થઇ, અને મારી તરફ બેદરકારી દેખાડવા લાગી, તાહારે મેં ગુસ્સાના આવેશમા આવી, ટેબલ ઉપર પડેલી છરી ઉંચકી—અને—અને પછી મે શું કીધું તે તમો જાણોછ."

તમામ કોરટ રૂસ્તમ જાબુલીનો આએ એકરાર સાંભલી ડંગ થઇ ગઇ. ખુદ માજીસ્ત્રેટને આ એકરારની સમજ પડી નહી. આવો ફરી ગએલો મામલો જોઇ બેહરામશાહ શેઠ તરફથી સોલીસીટર મી૦ સોલીભાઇએ કોરટને અરજ કીધી :—

"નામદાર સાહેબ, ખાંનબાહાદુર બેહરાંમશાહ તરફથી અતરે હાજર થવાની મને ફરમાસ થઇછ. તેવન તરફથી હું કોરટને જણાવવા માગુંછ, કે મી૦ રૂસ્તમ જાબુલી ઉપર તેવન કાંમ ચલાવવા બીલકુલ માંગતા નથી. બેહરાંમશાહ શેઠ કહેછ, કે મી૦ જાબુલીને કાઇ કાઇ વખતે ઉસકેરાઇ જવાની આદત હોવાથી, આવું કાંમ તેવન કદીબી જાણી જોઇ કરે નહી."

"મારા પીતાજીની એવીજ ખાતરી છે, એમ કોરટને જણાવવાની તેવને મને સત્તા આપીછ." દાદીબાએ ઉઠીને કોરટને અરજ કીધી.

"એ સરવે છત્તાં તોહોમતદાર પોતે કબુલ કરે છે, કે તે 'ગીલટી' છે." માજીસ્ત્રેટે ચુકાદો આપતા કેહ્યું. "એટલા વાસ્તે હું તોહોમતદારને તેની તપાસ માટે આવતી સેશ્નમા નોધુ છું."

પ્રકરણ ૧૪ મું.

બધાંજ ગરીબો કાંઇ અનીતીવાંન હોતાં નથી.

રૂસ્તમ જાબુલી સેશન કમીટ થયો.

આં બનાવે પારસી સંસાર મંડલમા મોહટી ચકચાર બરપા કીધી. જ્યાં જોઇએ ત્યાં એજ વાત ચાલી રહી. સરવેથી વધારે જાંણુવા જોગ, અને દુરંઅંદેશીઓનુ ધ્યાંન ખેચવા જોગ તો રૂસ્તમ જાબુલીએ મેજીસ્ટ્રેટ પાસે કરેલો એકરાર હતો.

તે એકરાર જેટલો ગંભીર હતો, તેટલોજ બેહદબરેલો લાગતો હતો. પણ ગુંચ્છવાડામા ગુંચ્છ વધતી જવાના બીજાંબી કારણો હતાં. દીલાવરખાંનવાલાંઓ તરફથી સોલીભાઇ સોલીસીટરે કેસ ચલાવવા ના પાડી, અને દાદીબાએ પોતે કોરટમાં હાજર થઇ પોતાના સોલીસીટરના બોલવાને ટેકો આપ્યો, એ બનાવે આ ખુંન જેવા મુકદમા ઉપર બેહદો પરદો નાખી, લોકોની ગુચ્છવણુમા વધારો કરી, તેઓને વધારે શકમંદ બનાવી દીધાં હતાં.

અને તોપણ રૂસ્તમ જાબુલીએ જુદોજ એકરાર કીધો! તેણે કબુલ કીધું, કે તે ઘણા વરશોથી બાંનુબાઇને ચાહાતો હતો, અને તેની નીચ દરખાસ્ત પ્રમાણે જ્યારે બાંનુબાઇએ તેની સાથ નાહાસી જવા ના પાડયું, ત્યારે તેણે ઉસકેરાઇ જઇ તેણીનું ખુન કીધું.

રૂસ્તંમનો આ એકરાર બીલકુલ ગલત હતો, એ વાંચનાર જાણે છે. પણ એ એકરારને આધારેજ માજીસ્ટ્રેટે, તેની પોતાની જબાંની ઉપર, સેશન કમીટ કીધો. રૂસ્તંમ જાબુલીના એકરારથી, દુરંદેશીઓ, બાંનુબાઇના ખુનવાલા બનાવ ઉપર શકની નજરથી જોવા લાગ્યાં, કેમકે રૂસ્તંમ જાબુલી જેવો આદમી આવું કાંમ કરેજ નહી, અને એવું કાંમ કરનારો તે આદમીજ નથી, એમ તેઓ સઘલાં જાણુતાં હતાં.

પણ સેશન બેસવાને હજી ઘણો વખત છે, તેટલાંમા આપણુ ગુલીસ્તાંન તરફ જરા નજર કરીએ, કે તે પોતાનો વખત કેમ ગુજારે છે.

* * * *

"કોણ? મીસ ગુલીસ્તાંન!" મીસ બેનેટે ગુલીસ્તાંનનો હાથ વાહાલથી પકડી 'શેકહેન્ડ' કરી પુછ્યું. "કેમછે ગુલ. હું સમજી, કે તું મને ભુલીજ ગેઇ! કેમ, તું મીસીસ ડારકી પાસેં મારી ચીઠી લેઇ ગેઇ હતી કે?"

"મીસ બેનેટ, તમારો ઉપકાર મારાથી ભુલાંએ એમ નથી." ગુલીસ્તાંને ખુરસી ઉપર બેસતાં જવાબ દીધો. "મીસીસ ડારકી ઉપર તમારૂ કાગજ હું લેઇ ગેઇ, અને તેવનને તાંહાંથી મને મારે લાએકતું કંઇ કાંમ મલીયુંછ. તે કાંમ ઉતાવલતું હોવાથી હું તે પુરૂ કરી આજેજ આપી આવીછ. આંઠ દાહાડામા મે જે કંઇ સીવીયું, તેના મને દસ રૂપીઆ અને બાર આના મલીઆછ. મીસ બેનેટ તમારો કેવો મારી ઉપર ઉપકાર—

"એમા ઉપકાર જેવું મેં કાંઇ કીધું નથી ગુલીસ્તાંન." મડમે કેહ્યું. "પણ આંઠ દાહાડે આજે તું આવીછ, તો જરા પેટભરી આપણ વાત કરી લેઇએ. પેહલાં આપરે તાંજી ચાહેનું એક ગરમા ગરમ કપ પીઇ લેઇએ, અને પછી આપરે વાતે બેસાએ."

મીસ બેનેટે ચાહે અને બીસકીટ સાથ, માખણ અને પાંઉની કાતરી, તથા જેલી અને જાંગથી ગુલીસ્તાંનને તનદરોરત બનાવી; અને પછી બંને જન વાતે બેઠાં.

"તારાં માયને ગુજરી ગીયાને કેટલાં વરસ થયાં ડીયર?" મીસ બેનેટે એકાએક વાત છેડી.

ગુલીસ્તાંનની કાંહાંણી.

"મારા બાવા તો મને બચપણમાજ મુકી ગુજરી ગીયા હતા." ગુલીસ્તાંન બોલી. "તેવન કોણ હતા, અને કોણ નહી, તેવન શું હતા અને શું નહી, તેની મને કંઇ ખબર નથી. મારાં ભાઇ કે બેહેન નહી હોવાથી, મારાં માએનુ મારી ઉપર ઘણુંજ હેત હતું. પણ ત્રણ વરસ થયાં તેવનબી મરી ગીયાં, ને હું આએ હાલતમા આવી પડી. તેવન ગુજરીઆં તાહારે મારી ઉંમર પંદર વરસની હતી."

"તાહારે આજે તારી ઉંમર અધાર વરસની." મીસ બેનેટ બોલી.

"બહેરત મારાં માએને હજારો હજાર! તેવન કાંઇ પઇસાવાલાં તો હતાંજ નહી, તોપણુ હમે માય દીકરાં સુખી તો હતાં. મારી તેવતને મોહટી ફકર હતી, અને તેથીજ મને શીખવવા તેવન ખંટી હતાં. મને હજુ યાદ છે, કે જાહારે હું નાહલ્લી હતી, તાહારે એક પારસી, દર બે કે તણુ મહીને હંમેસાં મારાં માય પાસ આવતો 'તો, અને મારાં માએ સાથે તે કાંઇ બે તણુ મીનીટ વાત કરી, તરતજ પાછો જતો 'તો. પાછલથી મને સમજ પડી, કે તે શખસ દર તણુ તણુ મહીને આવીને, મારાં માએને કંઇ પઇસા આપી જતો 'તો, કેમકે તેના આવી ગીયા પછીજ, મારાં માએ, લોકોનું જે કાંઇ દેવું હોય, તે ચુકવી દેતાં 'તાં."

"પણુ એ બધી મારી અટકલ હતી. કેમકે તે ધણી કોણુ હતો, અને શું કાંમ આવતો 'તો, અને તે આવીને શું વાતચીત મારાં માય સાથ કરી જતો 'તો, તે હું આજ સુધી જાણુવા પામીજ નથી."

"પણુ ગુલીસ્તાંન, તુ જો તેને આજે જોય, તો ઓલખે ખરી કે?"

"અલબત." ગુલીસ્તાંને તુરત જવાબ દીધો. "તેનો ચેહરો હું કદીબી ભુલું નહી. પણુ હું આજે તેને મલું અને ઓલખુંબી, તો તેને હું શું કરી શકું? મારાં માય ગુજરીયા પછી, તેને મારે તાંહાં આવવાનું બીલકુલ મુકી દીધું."

"આજે તણુ વરસ થયાં મારી હાલત એવી બુરી થઇ પડીછ, મીસ બેનેટ, કે તેની વાત હું તમુને શું કેહું. કોણે ધારીયું તું, કે ખાઇ પીઇ અને હસી બોલીને રાતે સુતાં પછી, બીજે દાહાડે મારાં માએ બીછાનામાં મુવેલાં માલમ પડશે! તે દાહાડે અમો બંને માય દીકરાં ખાઇ પીઇ હસી બોલી છેક મોડી રાતે સુતાં. રાબેતા પ્રમાણે સુતી વખતે હું તેવનને પગે લાગી, ગલે વલગી, અને તેવને મને પોતાને ગલે લગાડી ઓવરના લેઇ હેતભરી ચુમી લીધી. હું તેવનની સાંએજ સુતી'તી. પણુ બીજે દાહાડે સહવારના પોહોરમાં તેવન પોતાના બીછાણુંમાં મરણુ પામેલાં માલમ પડયાં."

"પણુ તેવન શાથી મરી ગીયાં, તે કાંઇ માલમ પડયું હશેની?"

"કંઇજ નહી." ગુલીસ્તાંન પોતાની આંખમા પાણી લાવી બોલી. "ડાકટરે કહ્યું, કે કુદરતી મોતે મરી ગીયાંછ. મેં કોઇનુ દુખ કે સુખ કોઇ દાહાડે જોએલુ નહી, તે આએ પાહાડ જેવાં દુખથી હું હેબતી ગઇ."

"પણ ગુલીસ્તાંન, તારાં માયના ગુજરીયા પછી કંઇ તેવતનુ લખેલુ પોતેલું તુને મલીયું હશેની?" મીસ બેનેટ પુછીયું. "પેલા પારસી સારૂં કાંઇ લખેલુ મુકેલુ જોયું કાંએ નહી?"

"મે તેવનની કબાટ અને પેટીના બધાં ખાના તપાસી જોયાં, પણ તેમાથી એક ખોટો આંકડોબી મને મલીયો નહી." ગુલીસ્તાંને જવાબ દીધો. "મારી હાલત હવે નીરાધાર થઇ પડી. બોલ બોલતાં તણ મહીના થઇ ગીયા. ઘેરના ભાડાં માથે ચહડી ગીયાં, અને હું વીચારમા પડી. મે જોયું, કે મારી પાછે, કે મારે માંથે વાસે કોઇ નથી. મારૂં કરજ ભરવાની મારી પાસે ગુંજાસ નથી, વાસ્તે ઘેર ખાલી કરી નાખવું, અને કોઇ નાહલ્લી જેવી જગામા જઇ રેહવું. મે મારાં ઘેરનો બધો સામાન વેચી નાખાયો, અને તેમાથી ઘેરનુ તણ મહીનાનું ચહડેલું ભાડું અને પરચુતણ માંગનારાઓનુ કરજ મે આપી દીધું."

"મારાં નવાં ઘેરમા હું જઇ વસી. તાંહાં ગેઇ ખરી, પણ મારૂં ગુજરાંન હવે કોણ કરે? એટલે મને લાચારીએ સીવવાનુ કાંમ લેવું પડીયું. જો સીવવાનુ મને નહી મલતે, તો સેવટે રાંધવાનુ, રોટલી કરવાનુ કે વાસન ઉજારવાનુંબી કાંમ આએ પેટનો ખારો પુરવા મને કરવુંજ પડતે."

"કમનસીબ ગુલીસ્તાન." મીસ બેનેટ દયા ખાઇ બોલી.

"પણ મને તેમ કરવું પડયું નહી." ગુલીસ્તાંને રડતી આંખે આગલ ચલાવ્યું. "આલીબઇના વર્ક-કલાસનું કાંમ મને મલયું. તેમાથી હું મારૂં ગુજરાંન જેમ તેમ કરતી હતી. પણ મે જાહારે જોયું કે આલીબઇ પોતે મારી પાસે જે કાંમ ચાર રૂપીઆમા કરાવેછ, તેના તે પોતાંના ઘરાક પાસથી પચીસ રૂપીઆ લીએછ, તાહારે મારાથી તે તાંમોસ થઇ શકાયું નહી. મે ગુસ્સામાં આવી

વર્ક-કલાસનુ કાંમ કરવા ના પાડી, પણુ તમારી મેહરબાનીથી, મને મીસીસ ડારકીએ સીવવાનુ કાંમ આપીયુંછ."

"ગુલીસ્તાંન, તારાં નસીબની કાંહાંણી સાંભલી હું ખરેખર દલગીર છેઉં." મીસીસ બેનેટ કગલીને બોલી. "તારા જેવી જુવાંન, અને તારા જેવી ખુબસુરત છોકરીઓ આજે પઇસા ટકા અને સુખમાં ચેલ કરતી હશે!"

"નસીબમા જે લોકના સુખ લખાએલુ, તે દુખ કાંહાંથી જોય?" ગુલીસ્તાંને જવાબ દીધો.

"તું જો ચાહે તો તું આજે સુખી થઇ શકે." મીસ બેનેટ ઇશારો કીધો. "ગરીબી અને મુફલેસીની સાથે દુખ તો સદાનુ જોડાએલુંજ છે! દુખ, મુફલેસીને કદીબી છોડતું નથી! જેઓ પોતાની મુફલસીને દુર કરી શકે છે, તેઓ સુખી થઇ ફરે છો તારી ખુબસુરતી એવી છે, કે તે તુંને ધનના ઢગલા અને દોલતના ડુંગર મેલવી આપે"

આ ઇશારા અને મારમીક ટીકા સાંભલતાંજ કમનસીબ ગુલીસ્તાન જરા ચમકી! તેણીએ તુરતજ પોતાની રડતી આંખો લુંછી નાખી મીસ બેનેટને જરા કડક અવાજે સવાલ કીધો:—

"એ શું બોલોછ મીસ બેનેટ? તમારૂં બોલવું મને જરાબી સમજ પડતું નથી?."

"એમાં સમજ પાડવાનુ શું છે ડીયર?" મીસ બેનેટે જવાબ દીધો. "એક વખત એવો હતો, કે તારા જેવીજ ગરીબ અને મુફલીસ હાલતમા હું આવી પડી હતી. પણુ આજે તું જો, કે મારી હાલત કેવી છે! આએ નાહલ્લું રમકડાં જેવું મકાંન, અને આએ નાહલ્લું જેવું સુખ! આએ પેહરવું ઓઢવું! ફરવું હરવું! ખાવું પીવું! તેમજ જીંદગીની બીજી તમામ મોજ! ગરીબ અને મુફલીસોને સારૂ નથીજ! જેની મરજી ગરીબીમા પડી રેહી દુખ અને વીપતીઓ વેઠવાની હોય! તેને જીંદગીમાં સેહજ પણુ સુખની ઉમેદ રાખવીજ નહી!!"

"તાહારે દુનીઆંમા ગરીબ છત્તાં સુખી થવાનાબી ઇલાજ છે ખરા ?" ગુલીસ્તાને નીરદોશપણે સવાલ કીધો !

"છેજ તો !" મીસ બેનેટ બોલી. "એક દાહાડો મારી ગરીબી એટલી હદ સુધી વધી ગેઇ, કે ખાવાને સારૂં એક પાંઉનો ટુકડો વટીક મારી પાસે નહી હતો. ઘરનું ભાડું આપવાનું તો રેહ્યું, પણ એક ખોટી દમડી વટીક મારા ખીસાંમા નહી હતી. જો ભીખ માંગ્યાથી પઇસા મલે, તો તેમ કરવાબી હું તૈયાર થઇ હતી. તાહારે તેવે વખતે, સખતમા સખત ઠેડાવવાલી એક ઓરત શું નહી કરે, તેનો તું વીચાર કર ! તેવે સમે, મારો મદદગાર કોઇ હતો નહી. પણ મારી સરજત જુદીજ હતી. કલેર રોડ ઉપરથી પસાર થતાં, એક ખુબસુરત પારસી જવાંનની મારી ઉપર નજર પડી. મારી હાલત ઉપર તેને દયા આવી, અને મુફલેસીના બોજા હેઠલ મને કચડાઇ જતી બચાવવા, તેણે મને પોતાની મદદ આપી ! તે મદદ બીલકુલ વખતસરની હતી ! મે તે મદદ સ્વીકારી, કેમકે તે મદદ સ્વીકારીયા વગર મારો છુટકોજ નહી હતો ! તે જવાંનનું નામ જમશેદ છે."

"મીસ બેનેટ, હું તમારી તમામ વાત સમજી દુખી છેઉં" ગુલીસ્તાંને જવાબ દીધો. "તમારી હાલત એક વખત મારા જેવીજ દુખી હતી, પણ હવે તેવી નથી."

"હા. હવે તેવી નથી." પેલી મડમે જવાબ દીધો. "આજે હું મારા જમશેદની મેહરબાનીથી સુખી છેઉં ! વર્ક કલાસના સુપ્રીનટૅન્ડન્ટ તરીકેનો મારો ઓધ્ધો ફકત નામનેજ ખાતર હું ચલાંઉછ. મારો જમશેદ આજે આઠ દીવસ થયાં આયો નથી. આજેજ તેણે મારી ઉપર ચીઠી લખી મોકલીછ, કે તે આવતી કાલે આવનાર છે ! ખરૂં કેહુંછ, કે મારા જમશેદ જેવા ખુબસુરત અને દેખાવલા જવાંન 'પારસી કમ્યુનીટીમા' ઘણાજ થોડા હશે."

મડમ બેનેટની ખરી હાલત નીરદોશ ગુલીસ્તાંનને કાંન પડતાંજ, તે તુરત ઉઠી કાંઇ બાંહાંણુ કાહાડી જવા નીકલી. પણ એકાએક એમ મીસ બેનેટને અપમાન કરી ચાલી જવાની તેની હીમત થઇ નહી, કેમકે હજી તો

તે તેના ઉપકાર હેઠલ દબાયલી હતી. હજી તો મીસીસ ડારકી પાસથી તે આજેજ પોતાનું બીલ ચુકવી લાવી હતી, અને બીજું સીવવાનું પણ લેતી આવી હતી. તોપણ તે જેમ તેમ હીંમત કરી બોલી:—મીસ બેનેટ, ખરૂં જોતાં તો તમારી હાલત ઉપર કોઇબી આદમીને ધીક્કાર છુટવોજ જોઇએ, પણ મને તો તમારી હકીકત જાણી, તમારી હાલત ઉપર દયા આવેછ. મને રજા છે? હું તમારી રજા લેઉછ મીસ બેનેટ—

ગુલીસ્તાંન એકદમ જવા ઉઠી. મીસ બેનેટે જોઇ લીધું, કે ગુલીસ્તાંનને તેની વાત ગમતી નહી, અને તેથીજ મીસ બેનેટે તેને વધું વાર બેસાડવું વાજબી ધારયું નહી.

* * *

રસ્તે ચાલતાં, ગુલીસ્તાંન વીચારમા પડી:—

"ગરીબી સાથે અનીતીને ઘાડો સંબંધ છે, એમ જેઓ કેહછ, તે શું ખરૂં હશે? તેમ તો નહી હોય? તેમ જો હોય, તો આજે માતબરો ફરેસતા હોવાં જોઇએ. પણ નહી, બધાંજ ગરીબો જેમ અનીતીવાન હોતાં નથી, તેમ બધાંજ માતબરોબી કાંઇ નીતીવાન હોતાં નથી. પારસી સંસારમા ફેલાઇ રહેલી અનીતી, પારસીઓના ગરીબીને લીધેજ હોવી જોઇએ! એ હીસાબે તો પારસીઓમા શું શું થતું હશે! ખુદા તેં મારી લાજ જેવી રાખીછ, તેવીજ સદા રાખજે.

પ્રકરણ ૧૫ મું.

ઑનરેબલ મીસતર ઉરસાજી ભુસ્સાજી!

આટલું તો ખરૂં કે મીસ એનેટની સંસારી જીંદગીની ખરી હાલત જાણુતાંજ ગુલીસ્તાન દીલથી ઘણીજ મુઝાવા લાગી.

"અરેરે! એ હીસાબે આપણુ કોણ ઉપર વીસ્વાસ રાખીએ, અને કોણ ઉપર વીસ્વાસ નહી રાખીએ. એ હીસાબે જો આજનો પારસી સંસાર બીલકુલ સડેલો હોય, તો તેમા નવાઇ નથી! તાહારે સોભન સાભનના દેખાવો ઉપર ભરૂસો કેમ રાખી શકાય? આએ મીસ એનેટ, જેવી બાહારથી દેખાયછ, તેવી તે અંદરથી નથી, એમ જાણ્યા પછી હું કંદીએ તેની સંગતમાં રેહેવું પસંદ કરૂં નહી. પણ શું કરૂં. પેલી મીસીસ ડારકીએ એની ચીઠી વાંચતાંજ મને સીવવાનુ કાહાડી આપીયું. એને જો ફફડાવી, તો હું પાછી રખડી પડશ. ખેર! જે કરશે તે ભરશે! એને ફફડાવવામા સાર નથી."

ગુલીસ્તાંને ઘેર જતાંજ મીસ ડારકી તરફથી મલેલું તાકીદનુ કાંમ આખી રાત બેસી પુરૂં કરી નાખ્યું, અને બીજે દીવસે બપોર પછી, તે કાંમ મીસીસ ડારકીને પાછું પોહોચતું કરવા સારૂ તે તૈયાંર. થઇ, કોટમ જવા નીકલી.

સાદાં પણ સુતરાં, સાફ અને સફાઇદાર કપડાંમા, આપણી આ રસીલા પારસી દરજન એવી તો ખુબસુરતીથી ચમકી રેહી હતી, કે ભલા ભેતરને ઘરના પેહડેલાં ઓઢેલાં, અને એસકાટ મેસકાટમાં ચસી વસી રહેલાં બઇરાંઓ તેની આગલ 'પાણી ભરતાં' હતાં! ગુલીસ્તાંનની એ સઘલી ખુબસુરતી ભાડેની નહી હતી. ખુબસુરત બનવાના, અને ખુબસુરતમા ખપવાના જેમ આજે પારસી બઇરાંઓ ફાંફાં મારી, બીજા તીજા ભલત ભલતા ઉપાયો કામે લગાડે છે, તેમ ગુલીસ્તાંનને કરતું પડતું નહી હતું.

ગુલીસ્તાંનને કોટમાં જવું હતું ખરૂં, પણ તે કોટમાં જવાની હતી, તેથી તૈયાર થવા સારૂ, તેને કલાકોના કલાકો સુધી કપડાં પહેરવા રોકાવું પડતું

નહી હતું ! ના એટલુંજ નહી, પણ બીજા 'બહેરાંઓની' માફક પફ અને પાઉડરની તેણીને કાંઇબી જરૂર પડતી નહીં હતી ! પફ અને પાઉડર આજે નથી કોણુ લગાવતું ! એવી ભભુતી કાંઇ શોભી રેહ છે વારૂ ? એવી બાઇબી ખુબસુરતીને ગુલીસ્તાંન ધીક્કારતી હતી, અને સાદાઇમા તે પોતાને દીપાવી રહી હતી. એટલી સાદી અને સુતરી આ. પારસી દરજનમા એવું તે શું હતું; કે રસ્તે ચાલતાં દરેક જન તેણીને ટીકી ટીકી જોતાં હતાં?

લોકો ટીકી ટીકી તેણીને જોતાં હતાં ખરાં, પણ ગુલીસ્તાંનનુ ધ્યાંન તે તરફ જરાબી હતુંજ નહી. તે પોતાના ધ્યાંનમાજ સડસડાટ ચાલતી હતી. તેણીનુ કાંમજ ઉતાવલનું હતું. મીસીસ ડારકીએ જે કાંમ તેણીને આપેલું હતું, તે આજે સાંજના પાછું પુગાડવાની ખાસ જરૂર હતી. ગુલીસ્તાંન મીસીસ ડારકીને વખતસર જઇ મલી, અને પોતાને સોંપેલું કાંમ તેણીને સ્વાધીન કરી, બીજું નવું કામ લેઇ, તે પાછી ફરતી હતી, તેટલાંમાં, રસ્તાની ડાબી બાજુ ઉપરથી બુમ પડીઃ—

"ચાલ—એઇ—બાજુ—બાજુ—એ બાઇ—એ—બાઇ———— અરેરેરે—ઓઓ—

મોહોકાણુ ! એ બુમબરાડા શાના ! એ અવાજ ઉપર અવાજ શાના !

તે દાહાડો ગવરનરની લેવીનો હતો. ગુલીસ્તાંન પોતાના ધ્યાંનની ધુંનમા, અને મીસ એનેટની સાથ આગલે દીવસે થએલી વાતચીતના ખ્યાલમા ફુટ-પાથ ઉપરથી ઉતરી સાંમી બાજુએ જતી હતી, તેવાંમા ગવરનરની લેવીમા જતા ઑનરેબલ મીસતર ઉરસાજી બુરસાજીની બે ઘોડાની ગાડી પાછલથી આવી લાગી ! ગુલીસ્તાંનને આ જોડીવાલી ગાડીના આવવાની જરાબી ખબર હતી નહી. તે પોતાના ધ્યાંનમાજ ચાલતી રહી. મી૦ બુરસાજીની ગાડીના કોચમેનોએ બુમ ઉપર બુમ પાડી ગુલીસ્તાંનને ગાડીના રસ્તા પરથી દુર થવા જણાવ્યું, પણ ગુલીસ્તાંનના કાંન એટલા તો બેહરા બની ગયા હતા, કે ઘોડાવાલાઓના પુકાર તરફ તેનુ કાંઇબી ધ્યાંન ખેચાયું નહી. અંતે ગાડી ગુલીસ્તાનના આંગ ઉપર ધસી ગઇ. ઘોડાઓ રોકી શકાય

નહી. હાંકનારે એક જબરાં જોરથી 'એ—બાઇ—' કરી બુમ પાડી, ડબલ લગામ ખેચી પકડી. પણુ—

પણુ શુ ?

પણુ—ઘોડાઓ ચમકી પડયા, અને ગુલીસ્તાનના આંગ ઉપર ધસી જઇ, તેણીને અડકી પડયા. ગુલીસ્તાંન એક જબરી ચીસ પાડી, બેભાંન થઇ જમીન ઉપર પટકાઇ પડી.

જમીન ઉપર તે પટકાઇજ પડતી હતી. પણુ તે જમીન ઉપર પડી, ઘોડાના પગ તલે કચડાઇ જાએ, તે આગમજ સાંમી બાજુના ફુટ-પાથ ઉપરથી બામદાદના અધીપતી મી૦ દાદીબાએ વીજલી ઝડપે દોડી આવી ગુલીસ્તાંનને ભોંયપર પડતી પકડી દીધી, અને તુરતજ તેણીને ડાકટર કૉસીસાંઉના દવાખાનામાં લેઇ જઇ બેસાડી, દીલાસો દેવા લાગ્યો.

"એનુ નખ્ખોદ જાએ ! જાંણે ગંવરનરની લેનીમા જાએછ, તે ધરીયા ધરાતાજ નથી ! જાણે આંધલાની કાંનીજ હાંકેછ ! બસ જોતાજ નથી ! તમુને ઘણું તો નથી લાગુ ?"

"ઓ-મારો જીવ ગભરાયછ !" ગુલીસ્તાંન બેબાક બંની ગભરાએલી બોલી." મારૂં માથું ફરેછ ! અરેરે—

દાદીબાએ તુરત ડાૅકટરને બોલાવી ગુલીસ્તાંનને જોવાની, અને જરૂરે પડે તો કાંઇ દવા આપવાની ફરમાસ કીધી. ડા૦ કૉસીસાંઉએ એક 'સ્ટીમ્યુ-લંન્ટ ડોઝ' આપી જણાવ્યું, કે કાંઇબી ગંભીર ઇજા થઇ નથી.

"થેન્ક યુ !" દાદીબાએ ખુંશી થઇ ડાકટરનો ઉપકાર માન્યો.

ગુલીસ્તાંન દવાનો એકજ ભાગ પીતાં હુશીયાર થઇ ગઈ, અને પોતાની સાંમે પોતાના બહાદુર બચાવનાર તરીકે, પેલાજ એસકી પારસી-જવાંનને જોઇ, તે મનમા લજવાવા લાગી. દાદીબાએ ગુલીસ્તાંનનો ગભરાટ જોઇ લીધો, અને ધીમે અવાજે કહ્યું:—

"મને જોઇ ગભરાવો ના ! તમુને જો હું પકડી નહી લેતે તો———

"હાજી. તમે જો મને પકડી નહી લેતે, તો—મારૂં શુ થતે, તેનું મને ધ્યાન છે." ગુલીસ્તાંન નરમ અવાજે બોલી. "હું ઘોડાના પગ નીચે ખચીત કચડાઇ જતે."

"તોપણ શુકર ખુદાના, કે તેવું કંઇ બનીયું નથી." દાદી બોલ્યો, "પણ તેવું કાંઇબી જો બનતે, તો મારા જીવને જોખમેબી હું તમારા જીવનો બચાવ કરવા ચુકતે નહી."

"તમારો મોહટો ઉપકાર થયોછ." ગુલીસ્તાંન બોલી. "મને ઘનું લાંબે જવુંછ, અને હું——"

"ગભરાશો ના. જાંહાંબી તમુને જવું હોસે, તાંહાં હું તમુને સલાંમત પોહોચાડસ." દાદી બોલ્યો."

"નહીં ભાઇ, તમુને તજદી લેવાની કાંઇ જરૂર નથી. હું એખલી જવસ. હવે હું સારીકાની છેઉં." ગુલીસ્તાંન જવાબ દઇ તુરતંજ જવા ઉઠી.

દાદીએ જોઇ લીધુ, કે તેના બોલવાથી પેલી જવાંન છોકરીનુ દીલ દુખાયું હતું. તે વધારે કાંઇ બોલવા જતો હતો, પણ તેટલાંમાં એક કૉનસ્ટેબલ, પોતાના હાથમા એક નાંહનો જેવો બાકસ લઇ, ડાકટર કૉસેસાંઉના દવાખાંનામાં દાખલ થઇ, દાદીબાના હાથમાં તે બાકસ આપી બોલ્યો:—"આં બાઇના હાથમાંથી પડી ગએલો બાકસ મી૰ ભુસાજીની ગાડી હેઠલથી મલીયોછ."

"ઓ! થેંન્ક યું" દાદીએ તે બાકસ લેઇ પુલીસ અમલદારનો ઉપકાર માન્યો. "આએ તમારો બાકસ છે કે?"

"જી, હા" ગુલીસ્તાંન આ બાકસ જોતાંજ બોલી. "અરરરર! મરેરે! હું ગભરાટમા બીલકુલ ભુલીજ ગેઇ. મીસીસ ડારકીનો દંડ હું કાંહાંથી ભરતે. લાવોજી-લાવો. એ મારોજ બાકસ છે."

દાદીએ તે બાકસ પોતાના હાથમા પકડી રાખી પોતાના ગજવાંમાથી પાંચ રૂપીઆની એક નોટ કાહાડી ડાકટર કૉસીસાંઉને આપી કેહ્યું:—"ડાકટર કૉસીસાંઉ, આએ તમારી ફી. હવે ચાલશોજી."

દાદીની આવી કીસમની ઉદારતા, અને, પોતાની ઉપર તેણે કરેલો આ નવો ઉપકાર જોઇ, ગુલીસ્તાંન શરમની મારી લજવાઇ જવા લાગી. આ ખુબસુરત જવાંનની આવી રીતની પોતા તરફની વરતનુક જોઇ, ગુલીસ્તાંન કાંઇ પણ અટકલ કરી શકી નહી. એટલુંજ તે જાણતી હતી, કે, રૂસ્તમ જાબુલીએ, આ જવાંનને દાદીબાને નામે બોલાવ્યો હતો, અને તેથી તેનું નામ દાદીબા હતું. પણ તે કોણના ખાંનદાંનનો નબીરો હતો, તે શું કરતો હતો, અને કાંહાં રહેતો હતો, તેની તેને કાંઇ ખબર હતી નહી.

"તમારી મેહરબાની મારે ઉપકાર થયોછ." દવાખાંનામાંથી બાહાર નીકલતાંજ ગુલીસ્તાંન બોલી. "તમે જે રીતે મને બચાવીછ, તેનો બદલો મારાથી ફેરવાય તેમ નથી. પણ તમોએ જે પઇસા મારે સારૂં ખરચીયાછ, તે તો મને આપવા પડશેજ."

"ખુદાને હાજર નાજર જાણી હું સોગંદપર કેહુંછ, કે મારી મરજી તેમુને જરાબી અપમાન કરવાની કે સતાવવાની નથી." દાદી કાલવાલા કરી કેહવા લાગ્યો. "તમે મારાથી બીહો ના. મારી ઉપર તમે વીસ્વાસ રાખો. તમુને હું કદીબી અપમાન કરનાર નથી, બલકે તમારૂં જરાબી—

"તમે મને શું કહેવા માગોછ તેની મને સમજ પડતી નથી?" ગુલીસ્તાંન બોલી. "તમારી મેહરબાનના મારે ઉપકાર થયો, પણ હું માંગી લેઉછ, કે મને જરાબી અપમાન લાગે એવું તમે કંઇબી બોલશો ના."

"હું તમારી મતલબ બોલેબોલ સમજીગો." દાદીએ જવાબ દીધો. "મારાથી તમે તેવી આસા બીલકુલ રાખતાંજ ના. હું એટલુંજ માંગુછ, કે તમે મારૂં બોલવું ધ્યાંનથી સાંભલો. હું જે કંઇ તમુને કહેવા માગુંછ, તેમા તમારી આખી જીંદગીના સુખનો સવાલ સમાએલો છે. તમે મને ઓલખતાં નથી, પણ જો એક વખત તમે જાણશો, કે હું કોણ છેઉ, તો શમે તેવા વીચારો મારે સારૂં તમો બાંધી બેઠાં હશો, તો તેબી તમો ફેરવશો. ગભરાવો ના! ચમકો ના! હું ખરેખર કમનસીબ છેઉ, કે તમારા દીલમા મારા બોલવાની

જરાબી અસર થતી નથી. કેવી રીતે હું તમારી ખાતરી કરૂં તેની મને સમજ પડતી નથી,"

"ભાઇ, મને ઘનું લાંબે જવુંછે. અંધારૂં હવે બોલ બોલતાં પડશે." ગુલીસ્તાંન બોલી. "હું જાણુંછ કે—

"તમે જલદી સીધારો." દાદીબાએ તુરત જવાબ દીધો. "હું એટલુંજ માગુંછ, કે તમે મને એક વખત ફરીથી મલો, તો હું તમારી ખાતરી કરૂં, કે તમારા વીસ્વાસને હું કેટલો લાયક છેઉ."

"હું એક માબાપ વગરની નીરાધાર છોકરી છેઉ." ગુલીસ્તાંન બોલી. "તમે મને શું કેહવા માગોછ. તમે મને રસ્તા વચ્ચે આવી રીતે કાંય રંજીદાસ કરોછ? કોઇ જોશે તો મારી ઇજત ઉપર——

"મારો જીવ તમારી ઇજત ઉપર કુરબાંન છે." દાદી બોલ્યો. "તમારી ઇજત, મારા જીવ કરતાં હું વધારે કીમતી સમજુછ."

"તમે એ શું બોલોછ ભઇ!" ગુલીસ્તાંન હવે જરા ઉસકેરાઇ જઇ બોલી. "તમને અને મને શું લાગતું વલગતું. કે મારે લીધે તમે તમારા જીવની પણ દરકાર કરતાં નથી?."

"જેટલી તમારી ઇજત તમને વાહાલી છે, તેટલુંજ મને મારાં માબાપનું નામ છે." દાદી બોલ્યો. "હું તમુને સુખી કરવા માગુંછ. મારા ભવીશના સુખનો આધાર મે તમારી ઉપર રાખેલો છે. પેલા મી० રૂસ્તમ જાબુલી સાથ હું એ વીશે વાત કરનાર હતો, પણ——પણ હવે તમુને ઘનું મોડું થાયછ. તમે મને કબુલાત આપો, કે આવતી કાલે વીકટોરીયા ગારડનમા પાંચ વાગે તમે મને મલશો. પરવરદેગારના કસંમ ખાઇ હું કેહુંછ, કે તમુને જરાબી અપમાન થાય તેવું કંઇબી હું કરસ નહી."

દાદીના એકરારથી, અને તેની ચાલચલણથી ગુલીસ્તાંન અંતે 'આજેજ થઇ. અત્યાર સુધી આ ખુબસુરત જવાંન માટે કાંઇબી બુરૂં માની લેવાનુ તેણીને કારણ મલ્યું હતું નહી. દાદીની દીલસોજી, દાદીની ધપછપ, દાદીની ચાલચલણ, અને દાદીની જબાંદરાજી ઉપર ગુલીસ્તાંન કાંય નહી

વીસ્વાસ મેલે ? એ સવાલ ગુલીસ્તાંન હવે પોતાના દીલને કરવા લાગી. વીકટોરીઆ ગારડનમાં એકવારે દાદીને મલવાનો અને તે શું કહે છે, તે સાંભલવાનો ગુલીસ્તાંને નક્કી વીચાર કરી જવાબ દીધોઃ—

"ઠીક છે, મી૦ દાદીબા, હું આવતી કાલે સાંજના પાંચ વાગે તમુને વીકટોરીઆ ગારડનમાં મલસ."

"મોહટી મેહરબાની. હવે હું તમારી રજા લેઉછ. આવતી કાલની હું ઇનતેજારી સાથ આજથી રાહા જોવસ. સાહેબજી."

"સાહેબજી."

પ્રકરણ ૧૬ મું.

વીકટોરીયા ગારડનમા મોહોકાંણ।

મુલાકાત પેહલ્લી.

"આજે મારો નવો જનમ થયો !" ગુલીસ્તાંન દાદીથી છુટી પડતાંજ પોતાના મનમાં બોલી. "આએ દાદીબા, જો મને પકડીને ખેચી લીએ નહી, તો મારો જીવ આજે બચે નહી. માયરે !—મને તે વાત યાદ આવતાંજ મારી આંખે જાણે અંધારાં આવેછ. ખરેખર પોતાના જીવને જોખમમા નાખી મારો જીવ બચાવનારનો સખુન મારે રાખવોજ જોઇએ. એવન કોણ છે અને કોણ નહી, તે હું જાણુતી નથી, પણ દેખાવ ઉપરથી અને વાતચીત ઉપરથી તો કોઇ સારૂ માનસ હોય એમ મને લાગેછ. એવન મને શું કહેવા માંગેછ તે હું સાંભલું તો ખરી. આવો ભલો, આવો નેક અને આવો હીંમતવાંન પારસી, મારા જેવી એક માય બાપ વગરની લાચાર છોકરી સાથ કંઇબી આડી ચાલ ચલાવે, એમ હું ધારતી નથી. આવતી કાલે હું એને મલસ. જરૂર મલસ."

ગુલીસ્તાંન ઘેર જતાં આખે રસ્તે દાદીનોજ વીચાર કરતી ચાલી, અને તે વીચારમા અને વીચારમા આખો રસ્તો તેણીએ કયારે પુરો કીધો, તેનું તેણીને ધ્યાંન પણ રહ્યું નહી. આવતી કાલ કંઇ ઘણી દુર હતી નહી.

બોલ બોલતાં વીકટોરીઓ ગારડનમા જવા માટે મુકરર કરેલો વખત ગુલીસ્તાંન સાંમે આવી ઉભો. ગુલીસ્તાંનના ઘરથી વીકટોરીયા ગારડન ઘણી દુર નહી હતી. સાદી પણ સુતરી ગુલીસ્તાંન પોતાના સાદા પોશાકમાં સજ થઇ, બીજે દાહાડે ઠેડવેલે વખતે દાદીબાને મલવા માટે, વીકટોરીયા ગારડન તરફ જવા નીકલી. ધપકતે દીલે, અને કાંપતી છાતીએ તે ધીમે કદમે વીકટોરીયા ગારડનના કંપાઉન્ડમા દાખલ થઇ.

વચલા ગેટમાંથી ગુલીસ્તાંન બાગમા જેવી દાખલ થઇ, તેવીજ તેની નજર દાદી ઉપર પડી, અને બોલ બોલતાં તે તેની સાંમે આવી ઉભો. પોતાના બાહદુર બચાવનારને પોતાની સામે આવી ઉભેલો જોઇ ગુલીસ્તાંને

સેહજ ખુશીથી મલકાઇ, પોતાની ડોકીના લેહકાથી તેને આવકાર આપ્યો. તે લેહકો થતાંજ દાદીબાએ પોતાનો હાથ લાંબો કીધો, અને ગુલીસ્તાન, તે હાથમા પોતાનો નાજુક અને નરમ હાથ મુકી, બોલી :—

"સાહેબજી. તમને ખોટી થવું પડયું કે દાદીબા ?"

"બીલકુલ નહી." દાદી બોલ્યો. "તમોએ મારી ઉપર એવી મેહરબાંની કાધીછ, કે તે હું કદીબી ભુલસ નહી."

"પણ હું એમ એખલી તમુંને મલવા આવી, તેથી તમે મારે સારૂ તમારા દીલમા--

"તમે જો આજે નહી આવતે, તો મારી નાસીપાસીનો કંઇ પાર રેહતે નહી." દાદીએ જવાબ દીધો. "તમારો ખ્યાલ એક ઘડીબી મારા દીલથી હું દુર કરી શકયો નથી. હું ધારૂંછ, આપણુ કોઇ એકાંત જગામા બેસી વાત કરીએ?"

દાદીબા, ગુલીસ્તાંનને બાગના ભીત્તરમા, નવરી જગા ઉપર પોતા સાથ લઇ જઇ, ત્યાં ગોઠવેલા બાંક ઉપર બેસી બોલ્યો :—"મારૂં બોલવું હવે તમે સાંભલી લેઓ, એટલે તમુને મારે વીશે વીચાર બાંધવાને બની આવે. હું કંઇ તમુને અપમાન કરવા કેહતો નથી, પણ ખરૂં કેહુંછ, કે તમે જે દાહાડેથી મારી નજરે પડીયાંછ, તે દાહાડથી મારાં ધ્યાંનમાથી તમારો ખ્યાલ જતોજ નથી. તમારી ખુબસુરતી એવી છે કે———

"નહી, નહી. તમે એવી વાત મારી આગલ કંઇબી કરતાજ ના." ગુલીસ્તાંન શરમની મારી લાલ થઇ બોલી. "તમે મને ઓલખતા નથી, જાણુતા નથી, અને મારે વાસતે એવો વીચાર——

"ઓલખતો નથી તેથી શું થયું ?" દાદી વચમાં બોલી પડયો. "તમારા દેખાવ ઉપરથીજ હું કહી શકું, કે તમો કેઇ કીસમના આદમી છેઓ. તમારા ચેહરામા, મને તમારા ગુણો દેખાયછ. તમારી આંખોમા, મને તમારો ખવાસ જણાયછ. હું જાણુછ, કે તમારી હાલત ગરીબ છે. હું જાણુછ, કે તમો સુખી નથી. પણ મારા દીલની ઉમેદ છે, કે તમુને તમારી ગરીબીમાથી

કાહાડી, હું તમુને સદાની, જાવેદાંનની, સુખી કરૂં. પણ હું કેવો ગાફેલ, કે આટલી બધી વાત તમારી સાથ કરૂછું, અને હજી તમારૂં નામ પુછવાનું હું બીલકુલ ભુલી ગીયો?"

"મારૂ નામ ગુલીસ્તાંન કેકાસજી સીકંનદર."

"ગુલીસ્તાંન! દાદી એક ઉંડો દમ ખેંચી બોલ્યો." કેવું મીઠું નામ! ગુલીસ્તાંન! મીઠી ગુલીસ્તાંન, મારૂં બોલવું તમુને જો નહી પસંદ પડે, તો મને તુરતજ કેહજો, હું તમારી પાસ માફ માગસ. પણ તમે એટલુંજ કેહવો, કે તમે મને જો ચાહાવો તો—તો—હું—

"મી૦ દાદીબા હું તમારા—

"નહી, દાદીબા નહી." ગુલીસ્તાંનની બોલવાની રીતથી દાદી ખુશી થઇ બોલ્યો. "હું દાદીબા ખરો, પણ તમારો દાદીબા તો નહીજ! તમારો તો હું દાદી! ગુલીસ્તાંન, ડીયર ગુલીસ્તાંન, તમે મને દાદી કરી કહેવો!"

"મી૦ દાદીબા—અરે— મી૦ દા—દી—" ગુલીસ્તાંન શરમની મારી અચકાતાં બોલી. "હું એટલી બધી તો તમારા ઉપકારમા પડેલી છેઉ, કે મારાથી તમુને કંઇબી——

"તાહારે તમે મને ચાહાવોછો!" દાદી બોલી ઉઠયો. "ગુલીસ્તાંન! ડીયર, ડીયર ગુલીસ્તાંન, તમે મને સુખી કીધો."

ડીયર ગુલીસ્તાંન! ગુલીસ્તાંનને કાંને આ નવી નવાઇ જેવા સખુનો, તેની જીંદગીમા આજે પહેલ્લીજ વાર પડયા. એ સખુનોની એજમતી અસર, ગુલીસ્તાંનના ખાલેસ જીગર ઉપર એવી તો ઉંડી થઇ, કે દાદીની તરફ તે વધારે માન અને ચાહાની નજરથી જોવા લાગી. તેણીએ જાણી લીધું, કે દાદી તેણીને પોતાના જીગરથી ચાહે છે, અને તે તેણીના પ્યારમાં પડેલો હોવાથી, તેણીને તે પોતાની હકદાર ધણીઆંણી કરવા માંગે છે.

"ગુલીસ્તાંન, પ્યારી ગુલીસ્તાંન," દાદી બોલ્યો. "બોલ, બોલ, તું મારી થશે?"

ગુલીસ્તાંન, પોતાનો જવાબ પોતાને મોહાડે બોલી શકી નહી, પણ ધપકતી અને ધ્રુજતી છાતીએ, તેણીએ પોતાનુ માંથુ શરમાઇને નીચું કરી નાખ્યું, અને દાદીએ તેજ વખતે, ગુલીસ્તાંનની કંમર ઉપર પોતાનો હાથ વીટાલી, પોતાના હાથમા તેણીનો હાથ પકડી કહ્યું:—

"હા. તું મારી થશે. તું જો ચાહે, તો મને સુખી કરી શકે? ગુલીસ્તાંન, તારા વગર હું કદી સુખી થવસ નહી. તારી ખુબસુરતીએ મારા જીગર ઉપર એવો છાપ મારીયેલછે, કે હું તુને મલવા ખાતર રાત દીવસ ઇંનતેજાર બની રેહેલો હતો. હું હવે તુને મારી પરણેતર બનાવસ. ખરી વાત છે, કે તારી સાથના મારા લગનથી મારા દોસ્ત આસનાવોમા ચકચાર થશે. પણ જાહારે મારી બહરી તરીકે તારા જેવી ખુબસુરતને તેઓ આગલ હું રજુ કરસ, તાહારે. તેઓ બેશક મારી અદેખાઇ કરશે. ગુલીસ્તાંન, તારાં કોઇ સગાં વાહાલાં છે? ડીયર, કેહ, તારાં સુખ અને સગવડને ખાતર હું શું કરૂ?"

"મી૰ દાદી, આપણુ બંનેની હાલત વચ્ચે આસમાંન અને જમીનનો ફેર છે." ગુલીસ્તાંને ધીમે આવાજે જવાબ દીધો. "તમે મોહટા લોક, હું એક ગરીબ! તમે માતબર, હું એક મુફલીસ! તમે વાડી ગાડીના ફરનાર, હું સીવી સાંધી પુરૂં કરનાર ———

"ખરી વાત. હું તો બધું ભુલીજ ગીયો!" દાદી બોલ્યો. "પણ મોહટાંઓની મોહટાઇ ઉપર ભરોસો રાખવો, એ ભુલ છે. ઘણીકવાર તેવી મોહટાઇ પોકલ હોય છે! પોતાના ગાલ ઉપર તમાચો મારીને મોહડું લાલ કરી ફરનારાઓ, આજે કેટલાએકો મોહટા લોકમાં ખપેછ્યે ગાડી ઘોડે ફરવામા ઇજત જેવું શું છે? આજે ગાડી ઘોડા એટલા સસતા થઇ પડયાછે, કે વહેવારીઆ કરતાં દીવાલીઆઓ આજે ગાડી ઘોડા વધારે ચકાવેછ, પાંચસો રૂપીઆમા આજે ગાડી ઘોડો! કોરટમાં હફતા ભરનાઓ, સાધારણ દલાલીઆઓ, તાઇતંબોલી અને ઘાંચીમોચી જેવાઓભી આજે ગાડીઘોડાના ધણી થઇ બેઠાછે તેઓ સરવે સુખીભી હોય, પણ તારા જેવી મોહરદાર મેલવીયાથી જેવો સુખી હું થવસ, તેવું તો સુખી કોઇજ નહી! વાસ્તે ગુલીસ્તાંન, મારા જાંન,

તારી અને મારી હાલતના સવાલનો તું વીચાર નાં કર. હું મારા જીવનો ધણી, અને તું મારા જીવની રાણી——

પણ એટલાંગા દાદીની વાતમાં એકાએક ખંલલ પડી. ગુલીસ્તાંન અને દાદીના કાંન ઉપર એકાએક કોઇની ગુસ્સાબારી ચીસનો એક અવાજ પડયો! તુરંતજ તેઓએ પાછું ફરી જોયું, તો તેઓની પીઠ પછવાડે, આલીબઇ આગબોટના વર્ક કલાસની સુપ્રીનટેનડંન્ટ મીસ એનેટને ઉભેલી જોઇ.

"કોણ? જમશેદ! ઓ! જમશેદ! ઇઝ ધીસ યુ!" મીસ એનેટ ગુસ્સામાં ચીસ પાડી બોલી. "અને આએ કોણ? ગુલીસ્તાંન! કેમ રે! લચ્છી! નાપાક! કસકુનમ!"

"જમશેદ? કોણ જમશેદ?" ગુલીસ્તાંન હેબતી જઇ દાદી આગલથી ખીસી જઇ, ઉભી થઇ બોલી. "નહી, નહી! એમં બનેજ નહી! એ જમશેદ હોયજ નહી! એ તો મી૦ દાદી છે.?"

"અંજાણી થા! અંજાણી થા! કેમ તું તો નાખે ઝભ લગાડતી હતીની?" મીસ એનેટે પોતાનો ગુસ્સો ગુલીસ્તાંન ઉપરૂ ખાલી કરવા માંડયો. "તું તો ગરીબીમા રેહવાનુંજ પસંદ કરતી હતીની? આએ કોણ તારી માયના માટીને સાથે લેઇને ફરવા નીકલીછ?"

"અરે ખુદા! આએ શું જુલમ!" ગુલીસ્તાંન આવી કીસમનો મામલો જોઇ રડમસ થઇ બોલી.

"ગુલીસ્તાંન મારૂં સાંભલ! મારૂં બોલવું ધીરી પડીને—

મીસ એનેટના તુફાંનની કાંઇબી દરકાર કીધા વગર, દાદી ગુલીસ્તાંનને ધીરજ આપી કાંઇ કહેવા જતો હતો, પણ તેના સખુનો સાંભલવાના પડતા મુકી, તે એકદમ રડતી આંખે દાદીની આગલથી ચાલી ગઇ. "ગુલીસ્તાંન! ગુલીસ્તાંન! જરા ઉભી રહે! ગુલીસ્તાંન મારૂં સાંભલી જા! ગુલી———

દાદી, ગુલીસ્તાંન પછવાડે દોડતા જતો હતો, પણ મીસ એનેટે તેજ વખતે તેને પકડી લેઇ વલગી પડી, બોલીઃ—"બેવફા ! દગલબાજ ! હું કદીબી આએ રાંડ પછવાડે તુને જવા દેનાર નથી."

"છોડ ! છોડ ! સ્તેલા !" દાદીએ મીસ એનેટને તેના ક્રિસ્ચંન નામે પુકારીને કહ્યું. "સ્તેલા, મને જવા દે—અરે તે ચાલી જાએ છ, મને જવા દે-

"કદીબી નહી !" સ્તેલા બોલી. ઉભો રેહ ! એમ ખેચતાંન કરતાં લોક જોસે તો ફેસતો થશે."

"ફેસતો !" દાદી રંજીદા થઇ બોલ્યો. "ફેસતો તો તેં કીધો, અને હવે બીજુ શું તું કરવાની છે? બસ તારૂં કારૂં કર ! આજથી તારી અને મારી વચ્ચેનો સંબંધ તુટેલો જાણ."

"હું નહી ધારતી હતી જમશેદ, કે તું આવી રીતે મારી તરફ બેવફા થશે." મીસ એનેટ જમશેદ ઉર્ફે દાદીને આવી રીતે પટાંઉ થાયલો જોઇ, નરમ પડી રડમસ થઇ કહ્યું. "તેં મારી ઉપર આજે ઘેર આવવા સારૂ ચીઠ્ઠી જો નહી લખી હોતે, તો આએ બનાવ બનતે નહી."

"મે ચીઠ્ઠી લખી તેથી શું ?"

"આજે કેટલા કેટલા દિવસ થયાં તું મારી તરફ બેદરકાર થયોછ, તે હું જાણુંછ. તેનુ મુલ કારણ આએ ચાપલુસીખોર ડુકરી છે. આજે તું ફૉકલંન્ડ ટૅરસેમા આવવાનો હતો. મે પાંચ વાગા સુધી તારી વાર જોઇ, અને આજેબી જાહારે તું નહી આયો, તાહારે હું મારા જીવની મુઝવણ દુર કરવા હીંયાં આવી, અને મે આવો દેખાવ જોયો. એમા મારી શું કસુર કસુર ? તો પેલી ચરકુલી છોકરીની છે કે લોહોના માટીડાને———

"ખામોશ ! તારી જીભને બંધ કર." દાદી ડોલા કાહાડી બોલ્યો. "તારા કરતા તેની ઇજત વધારે કીમતી છે. દુર થા મારી આગલથી. મને તારૂં હવે મોહોડું જોવું નથી."

"એમ છે? તાહારે તો ઠીક છે." સ્નેલા બોલી. "મને છોડી તું સુખી થવાનો નથી. યાદ રાખજે, કે તારી આબરૂની ધુરધાની કેમ કરવી તે હું જાણુંછ. હજીબી વીચાર કરજે! તારા જેવા અધીપતીઓ એમ મારા જેવી મડમોને વચન આપી બેવચન થાય, તો પછી તેઓ સાથ કેમ કાંમ લેવું, તે હું સારી રૂવેસ જાણુંછ."

"બેવચન! એટલે?" દાદીએ ગુસ્સામા પુછ્યું. "શું તારી ગોલામગીરી કરવાનું લખત બખત મે તુને કરી આપ્યુંછ?"

"ગોલામગીરીનુ લખત નહી, પણ પરણવાનું વચન ખરૂની?"

"જુદી વાત છે." દાદી બોલ્યો. "તારી સાથ મારાથી પરણાએજ કેમ? જુદદીન કોમની બઇરી પરણી પારસીઓમા હું મારો ફેસતો કરાંઉ, એવો હું મુરખ નથી! મે તુને પરણવાની કબુલાત આપીતીજ નહીં. શું તું એવી વકી રાખતી હતી, કે હું મારો ધરમ છોડી તારી સાથ પરણવાનો હતો? ખુદા તારી જેવાંથી બચાવે! એટલું તો મે અત્યાર અગાઉ જોઇ લીધુંછ, કે હાંગ્રેજી લગનનોથી પારસીઓના સંસાર કદીબી સુખી થનાર નથી. તારી આજની ચાલથી મારા સુખનું સત્યાનાસ તેં વાલીયુંછ. જા તારૂં હારૂં કર."

* * *

આ દેખાવ, અને આ તકરાર લંબાવવાની જરૂર નથી. મીસ બેનેટે દાદી ઉરફે જમશેદને મનાવી લેવાની ઘણીબી તજવીજ કીધી, પણ દાદી ગુલીસ્તાંન ઉપર દીવાનો થયલો હોવાથી, મીસ બેનેટના નાંજ અને નખરાંએ, તેના નીરાસ થએલાં દીલ ઉપર જરાબી અસર કીધી નહી. અંતે આ બંને દોસતો, જે એક વખત દુધ અને સાકર મીસાલ મલી ગએલાં હતાં, તે તેલ અને પાણી મીસાલ જુદાં પડેલાં એકબીજાંને દેખાવા લાગ્યાં.

* * * *

નીરાસ અને ઉદાસ, દુખી અને દલગીર દીસે મીસ બેનેટ ફ્રાંકલેન્ડ ટેરેસવાલા પોતાના મકાંન તરફ છેક મોડી રાતે નવ વાગ્યા પછી,

દાદી ઉરફે જમશેદથી તે છુટી પડી ગઇ. આજે તે રલીઆમણું મકાન, તેણીને ડોલા ધુરકતું હોય એવું બીહામણું દેખાવા લાગ્યું. તેણીના નોકરે આવી ખાંના માટે પુછ્યું, પણ મીસ એનેટ ખાંનુ લેવા ના પાડી, ફકત એક કાવીનું કપ પીવાની પોતાની મરજી જણાવી. બીજે દીવસે સહેવારે પડતાંજ મીસ એનેટને ટપાલ મારફતે નીચલું કાગજ મલ્યું.

"તમારા ઉપકારનો બદલો હું અપકારમા કદીબી વાલું એમ તમે ધારતાં ના. મારી ચલિચલણુ માટે તમો તમારા મી૦ જમશેદને પુછી તમારી ખાતરી કરજો, કે જે કાંઇ ગેઇ કાલે સાંજના બન્યું છે, અને જે કાંઇ તમે તમારી નજરે જોયું છે, તેમા હું તમારી તકસીરવાર કેટલી છેઉ."

લા૦ તમારી આભારી અને દુખી ગુલીરતાંન.

"હોયબી!" સ્નેલા વીચાર કરી બોલી. "આએ છોકરાનો હું ધારૂછ તેટલો કસુર નહી હસે. કાંય નહી જમશેદ તેણીને વીકટોરીયા ગારડનમા—

પ્રકરણ ૧૭ મું.

બાંનુની બીમારી.

રૂસ્તમ જામુલીએ ચંપા બાગની કૉનઝરવેટરીમા મીસીસ બેહરાંમશાહનું ખુંન કરવાની તજવીજ કીધા પછી, તેવનનું શું થયું ?

સરજયનોએ એકમતે એવું જાહેર કીધું, કે:—"બાંનુબાઇને થાએલો જખમ ઘણો ઉંડો છે, અને તેવનની જીંદગી જોખમમા છે. કદાચ કેસ સુધરેબી, પણ હાલ કંઇ કેહવાઇ શકાય નહી."

જખમ થતાંજ ધાસ્તીથી બાંનુબાઇના બોલવાની સુદ્ધી ગુમ થઇ ગઇ હતી, પણ ડાકટરોએ તે વીશે એવું મત આપ્યું, કે જખમ જો સુધરતો જશે, તો બાંનુબાઇની તબીવતબી સુધરશે.

એ ઉપરથી ખાંનબાહાધુર બેહરાંમશાહે મીસ બાલફરને ખાસ તાકીદ કરી હતી, કે તેણીએ રાત અને દાહાડો બાંનુ આગલથી ખીસવું નહી, અને જેવી બાંનુ બોલતી થાય, તેવીજ તેવનને એકદમ ખબર આપવી.

તોપણ બેહરાંમશાહ પોતાની પરણેતરની તબીયત ખાતર ઘણાજ ઇંતેજાર રહેતા હતા. તેવન દરરોજ સહવાર અને સાંજ બાંનુની ખબર પુછવા તેણીના બીછાણા આગલ જઇ, કલાકના કલાક સુધી ત્યાં બેસી તેણીનો ચેહરો ટીકી ટીકી જોયા કરતા, અને મીસ બાલફરને અનેક સવાલો કરી જણાવતા, કે:—"જેવી એ કાંઇબી બોલે, તેવીજ તું મને ખબર આપજે."

અંતે એક દહાડો ચંપા બાગમાં સરજયનોની કમીટીએ બાંનુબાઇનો કેસ તપાસી મત આપ્યું, કે:—"જખમ રૂજાતો જાએ છે. બાંનુબાઇને શકતી ધીમે ધીમે આવતી જાએ છે. હવે ધાસ્તી રાખવાની જરાબી જરૂર નથી. તેવનની ગુમ થાએલી સુધ્ધી જેમ જેમ તેમને શકતી આવતી જશે, તેમ તેમ સુધરતી જશે."

ડાકટરોનું આ મત ખરૂં પડતાં ઘણા દહાડા લાગ્યા નહી. મીસ બાલફર એક દાહાડો સહવારને પોહોર બાંનુના પલંગ પાછલ ઉભી હતી, તેવાંમા

બાંનુ પોતાની લાંબા વખતની બેભાંનીમાથી જાગરૂત થઇ, ધીમે અવાજે કાંઇ બડબડવા લાગી, અને મીસ બાલફ્રર કાંન ધરી તે સાંભલવા લાગી.

"રૂસી——ઓ રૂસી ——અરેરે રૂસ—

મીસ બાલફ્રર આ સખુનો સાંભલી તુરતજ બાંનુને પોતાની મદદ આપવા જતી હતી, પણ તેવામા બાંનુએ પાછું પોતાની બેભાનીમાજ બોલવા માંડયું, અને મીસ બાલફ્રર પલંગ પાછલ ઉભી રહી તે સઘલું સાંભલવા લાગી.

પોતાની એવી બેભાંન હાલતમા દીલાવરની બાંનુ શું બોલી, તે જાહેર કરવાની આ જગો નથી. એટલુંજ કહેવું બસ થશે, કે બાંનુ જે કાંઇ બોલી, તે સાંભલી મીસ બાલફ્રર હેબતી ગઇ! તેની અકલ અને હોશ ઉડી ગઇ! કૉનઝરવેટરીમાં બનેલા પેલા ભયંકાર બનાવનો તમામ ભેદ અને ભરમ, મીસ બાલફ્રરે સાભલી લીધો, અને એ ખુનના આખા બનાવનો ખરો ભેદ, બીલકુલ નવાંજ રૂપમા તેણીની નજરે પડયો.

આ કાંઇ જેવી તેવી વાત નહી હતી! મીસ બાલફ્રર જેવી હાવકી અને ટરેલ ઓરત, દીલાવરખાંન જેવાં મોહટે ખાંચરેનાં કુટુંબનો એક ભેદ જાણી ચુપચુપ બેસી રહે, તેવી નહી હતી! આ ભેદ જાણ્યા પછી, કેમ કાંમ લેવું, તેનો તેણીએ તુરતજ વીચાર કીધો. વીચાર કરતાં તેણીને ઘણો વખત લાગ્યો નહી. તે તેના સેવટ ઉપર આવી, અને સેવટ ઉપર આવતાંજ ધીમે કદમે ઓરડાનું બારણું ઉઘાડી, બેહરામશાહને આ ખબર કહેવા દોડી.

"એક ખુશીની ખબર કેહવા હું આવીછ સાહેબ." મીસ બાલફ્રર બેહરાંમશાહની આગલ જઇ કહેવા લાગી. "મીસીસ બેહરાંમશાહ હુશીયાર થયાંછ, અને થોડુંથોડું બોલેછ."

"બોલેછ?" બેહરાંમશાહ અજબ થઇ બોલ્યા. "તેં સાંભલયું?"

"નહી સાહેબ." મીસ બાલફ્રરે જવાબ દીધો. "મે તેવનુને કાંઇ બબડતાં સાંભલીયાં——

"પણ શું સાંભલ્યું?"

"અસલ વાત એમ છે કે——

"મો-હૅંગ-છટ ! તેવન શું બોલીયાં તે કેહની ?"

"કાંઇજ નહી." મીસ બાલફૂરે ઠંડે પેટે જવાબ દીધો, અને બેહરાંમશાહ ઉસકેરાઇ જવા લાગ્યા.

"મીસ બાલફૂર, બાંનુબઇને તમે શું બોલતાં સાંભલીયાં ?"

"કાંઇજ નહી સાહેબ. તેવન કાંઇ બોલીયાં ખરાં, પણ તે મારા સાંભલવામાં બરાબર આયું નહી. જેવાં તેવન બોલવા લાગાં, તેવીજ એ ખબર તમુને હું જણાવવા હીંયાં આવી."

"તાહારે તેવ્ન શું બોલીયાં તે તારે કાંને પડયું નથી. ચાલો ચાલો હું પોતે આયો."

મીસ બાલફૂર આ ખબર પોતાના શેઠને આપી પોતે સટકી ગઇ, અને બેહરાંમશાહ બાંનુની પાસે ઉતાવલે કદમે ચાલ્યા. બંને ધણી ધણીઆણી વચ્ચે શું વાત ચાત થઇ, તે જણાવવાની આ જગા નથી.

તે દહાડાથી દીલાવરની બાંનુની તબીયતમાં રોજ બરોજ સુધારો થતો ગયો. પેલો ઉંડો જખમ ઝડપથી રૂજાતો ગયો. તેવનની ગુમ થાએલી સઘલી શકતીઓ આપોઆપ સુધરતી ગઇ. બેહરાંમશાહ રોજ કલાકના કલાક સુધી પોતાની ધણીઆણીના બીછાંણા આગલ બેસી, ખબર અંતર કહાડવા લાગ્યા, અને મીસ બાલફૂર 'સસેકા તીન પાંઉ,' જેવો વેશ ધારણ કરી, કાંઇ જાણતીજ નહી હોય, તેમ શેઠાણીની મહાવજત, વાહાલ અને પ્રીતથી કરવા લાગી.

પણ બાંનુ ? તેનુ શું ?

જ્યારે દીલાવરની બાંનુ બીલકુલ સાજી થઇ, ત્યારે તેણીની આગલી ખુશી અને ખુરમી, તેણીનો આગલો દોર અને દમામ, તેણીનાં આગલાં નાંજ નખરાં, અને શોખ, એ સરવે તેણીએ તજી દીધાં. એશ અને આરાંમ તેણીને કડવાં ઝેર સમાન લાગ્યાં. દુનીયાંની મોજ અને મજાહ, તેણીને મન તેના દુશમન દેખાવાં લાગ્યાં, અને એકાંતવાસમાજ તે પોતાની જીંદગીનુ તમામ સુખ સમજવા લાગી.

પ્રકરણ ૧૮ મું.

પારસીનું વેલાતી વાજું!

"મીઠાં માએ ડીયર, મરેરે! આએ તાકી નવી સારી કેવી સોભી રેહીછ! કેવી મજેહની લાગેછ! અને એ પેહરીને જાહારે તું ઓરડામાં ફરેછ, તાહારે જાંને નરી પરી જેવી લાગેછ જો!"

"અરે મરેરે! વરી હું પરી જેવીબી લાગી કે? જા જા સુનઇ, તુંને સીપલી થવાની ટેપ છે, તે હું કાંહાં નથી જાનતી? એ સારી તો જી ભરાયા મારા બાવા ખાસ મારાં વરસને સારૂંજ લાયા! તુંઆ અમથી સીપલી થતી! 'ને વરી તારો બપકો તે શું કમતી છે? સુનઇ, સાચ્ચું કેહુંછ, ટેબલ ઉપર બધ્ધા માટીડા તુનેજ ટીકીયા કરતા'તા! અને પેલા સોલીબઇ સોલીસીટર, ભમરાની ફાંની તારાં ઉપરજ ભમીયા કરતા'તા."

"તે બચારો મારી ઉપર અહો અછો થતો'તો ખરો, પણ મીઠાંમાએ, તેનો ડોલો તો પેલાં ખોખરાંબઇમાં ખોબાગો તો." સુનઇ સીપલીએ જવાબ દીધો. "પણ મીઠાં, હવે બાવાજીના ઘેરપર જેમ બને તેમ જલદી 'મીઠો ગારો' મુકી સાસરે વધો. આએ તેતરીસ તો તુંને પુરાં થયાં!"

"નહારે શીરીનૂ! અરે શું ગણુતી કરેછ?" મીઠાં જરા છછણી પડી બોલી. "હજુ તો મને બતરીસમું* 'વૉકીંગ' છે, અને 'તેતરીસમું' 'સીટીંગ' થશે! પણ સબર સબર! પગ તલે બરે, ને લંકા હોલવવા કાંહાં ચાલી! પાતરીસ વરસની ઉરસા જેવી વધી ગેઇ, ને હજી બચારી ઘરડી માસને માથે પરી રેહીછ, તેની વાત તો કરતી નથી, ને મને શીખામણુ દેવા આવીછ."

---

* બતરીસમુ વરશ ચાલે છે (વૉકીંગ!), અને તેતરીસમું બેસવાનું છે (સીટીંગ!) એમ જણાવવાની મતલબથી છાલકી મીઠાંએ પોતાની ઇંગ્રેજી કેળવણીનો ઉપયોગ કીધો હતો.

"મીઠાં, તું એમ બચ્ચાંની કાંની છેરાઇના પર!" સીપલીબાઇએ પોતાની સખીને મનાવી. "તુને બતરીસમું પુરૂં થઇ, તેતરીસમું બેઠું, અને મને પાંતરીસમું પુરૂં થઇ છતરીસમું બેસવાનું છે! મુવાં સારાં નરસાં જોતાં વરસોની ભંભ ભરાઇ ગેઇ,ને બોલ બોલતાં હવે બાલ સફેદ થવા માંડસે. તોબી આપરે તો આજકાલની છોકરીઓમાંજ ગનાવાનો દાવો કરવો હોકે?"

"મનેબી એજ ફકર છે. પણ સુંના, શું હું બતરીસ વરસની લાગુછ? આપરે તો બાવીસમું ચાલેચ, એમજ બધાં આગલ અડાવતાં જઇએછ, અને કોઇ ટપકો માગેછ, તો મારા માય કેહછ, કે કોઇ કાજની કરનારી લેઇ ગેઇતી, તે તેને બોબાવી નાખીગો."

"લે. તેમાં તેં નવું તે શું કેહ્યું. બતરીસ ને બાવીસ વચ્ચે ફરક કેટલો? દસજ વરસનો કેની! મને તો બા પાંચ પાંચ વરસે એકએક વરસ ઉગેછ!" સીપલી બોલી. "હું તો આજ કાલની છોકરી કેહવાઉ?"

"અરે મારૂં તો થઇ જતું 'તુરે,! પણ નાપાક સેતાંન પર લીવાંનત પરે, તે સેતાંન ચરઓ થઇ ગીયો." મીઠાં બોલી. "પેલા કેહ તેમ લગનમા વઘન પડીયાં."

"મરેરે! એમબી વલી થયું કે?" સીપલી અજબ થઇ બોલી. "પણ, તે વલી કોણ?"

"કોણ? વલી મારા બાવાનો અધીપતી!" મીઠાં બોલી. "દાદી દીલાવર! જેની માણસ ધારેછ કંઇ, ને ખુદા કરેછ કંઇ! વાતચીત કરવાનું બધ્ધું નક્કી થયું 'તું, તેટલાં જોયું કેની કેવો બનાવ બનીયો તે?"

"એમ કે! બેજનજી ભંમભંમે છટકું તો ઠીક માંડલું 'તું, પણ ઉંદર છટકી ગીયો!" સીપલીએ મશકરી કીધી. "પણ ખરાર જો! આપરે તો હીંયાં બેઠાંછ, ને પેલાં લોકો તાંહાં શું કરીયા કરેછ?"

આ વાતચીત ચાલતી હતી, તેવામાં, 'બામદાદ'ના માલેક મી૦ બેજનજી ભંમભંમ, સોલીભઇ સોલીસીટર, જસી ડીયર, મંનચી મરઘો,

મીસ ટાએલાંબઇ મીસીસ ટચકાંબઇ અને મીસીસ ખોખરાંબઈ વાગેરે બેજનજી બંમબંમનાં પરોણાંઓ દીવાંનખાંનામા દાખલ થયાં.

આ હાઉસનં ઓઉસનનો લંબાંન હેવાલ આપી લાંબુ કરવા કરતાં એટલુજ કેહવું બસ થશે, કે જેવાં આ હાલીમવાલી કંમપનીના સંભાસદોના નામો હતાં, તેવાંજ તેમના કાંમો હતાં. બામદાદના માલેકની આ માનીતી કંમપનીની 'કૅમીટી' જયારેબી 'બેજુબા' ને ત્યાં, કે કોઇનેબી ત્યાં ભુલી પડતી, ત્યારે નીંદાના બજારમા, નીરદોશોની કમબખતીના મોહટા સોદા થતા હતાં.

ખોડખાંપણુના ભરેલાંઓજ હંમેશાં બીજાંઓની ખામીઓ શોધી કાહાડવામા જરાબી કચાસ કરતાં નથી. પોતે સતરસો એબથી ભરેલાં હોવા છતાં, નીરદોશોની એબો જાણુવા તેઓ અનેક ગપસપ ઉભી કરવા ચુકતા નથી. કમલાના દરદીઓને બધું પીલુંજ દેખાય છે! પણ સબર! મારી વાત લાંબી થઇ જશે.

ખોખરાંબઇની ખુબસુરતી ઉપર પેલા સોલીભઇ અછો એછો થતા હતા. સુનઇ સીપલીની ખાટી મીઠી મતલબ આ અઘોર વકીલને પોતાની જાલમા પકડવાની હતી ખરી, પણુ વકીલની નજર ખોખરાંબઇમા ખોંબાએલી હોવાથી, તેવન ખોખરાંબઇને પોતાની ચાલાકીના ખેલો દેખાડવા રોકાયા હતા.

મંનચી મરઘાના ઘણીઆણી ખોખરાંબઇ સાથ સોલીભઇ વાતે લાગ્યા હતા, પણુ સીપલી સુનઇથા તે દેખી શકાયું નહી. પા કલાકની વાત પર ખાંનાની ટેબલ ઉપર સોલીભઇ સાથ તેણીને થાએલી મીતરાચારી ઉપરથી સુનઇ સીપલી પોતાના બવાશ માટે તરેહવાર અટકલ કરવા પડી હતી. પણુ હવે ખોખરાંબઇ ઉપર સોલીભઇને ભમતો જોઇ, સુનઇ સીપલી જદેખી પડી જવા લાગી. સુનઇની આ તાંન તોડ મીઠાં તુરતજ સમજી ગેઇ, પણુ સુનઇ મીઠાંના કાંનમા કંઇબી ફુંક મારે, તે આગમજ બેજનજી બંમબંમ બોલ્યા:—

"દીકરી મીઠાં, તારૂં કંઇ નવું 'મ્યુઝીક' ચલાવની? કંઇ ગા દીકરા!"

"હા, હું ગાઉં, ને તમે બધાં ટાહેલ્લાં કરો." મીઠાંએ જવાબ દીધો.

"વારૂ તાહારે ગાતી નહી, તો કંઇ વગાડ?"

"લેવો! તેની વરી તેજ. હું વગાડું ને તમે બધાં સોહોરી જાવો! હું તમારી ગત સમજુછ."

"પણ એજુબા, જીભરાઇ તમારી મીઠાં આટલું બધું મજેનુ ગાએછ, તે તેના ગાયનની તારીફ તમારાં નુસમાં કાંય નહી છપાવતાં." ટચકાંબાઇએ ટચ મારી. "મરેરે! કેહજે આજે તો બધા છોકરાઓ ગાતી વગાડતીજ છોકરી માગેછ! તમે માનસો એજુબા, મારે ભોંએતરીએ પેલી ધનબઇ ધાનાજીરૂં રેહછ, તે બચારી ભાડું તો ભરેછ, સાત રૂપડી, અને દીકરીને 'પેંનડાપાત' શીખવેછ!"

"ટચકાં માએ, તમે સો ટચની વાત કીધી હં!" મંનુચી મરચો બોલ્યો. "આજે ઘેરે ઘેર પીયાંનો ને હારમોનીયમ થઇ ગીયાંછ. નખ્ખોદના ગેયલાંઓ કુતરાંના ભેજા ખાતાં હોસે કે શું, તે આખો તખત પેં-પું—પેં-પું કરી. માથું ભેજું ખાઇ જાએછ! સેહજ સાજ હોય તો સમજીયાં. એજુબા, તમારાં પેપરમા એ બાબદ ઉપર સખત લખાંન થવાં જોઇએ."

"અરે પણ એવનનો અધીપતી તો ગાયનની સખત તરફદારીમાં છે." સોલીભઇએ જવાબ દીધો. "તાહારે વીરૂધ લખાંન કેમ કરે?"

"શાંની તરફદારી! વગાડવાની કે ગાવાની તરફદારી? સુનઇ સીપલીએ સવાલ કીધો.

"ગાવાની તરફદારી." સોલીભઇએ જવાબ દીધો. "હું કોઇનીબી ઉલટ તોડી પાડવા માંગતો નથી. પણ એ ગાયનના હુંનર સંબંધી આપરા લોકની ઉલટ સારે રસ્તે વપરાય એવી મારી ખુશી છે. આજે ખોટી તારીફ કરવી, અને 'મસકો લગાડવો' એ અહસ્યપણું ગણાયછ. હું તેને ઠગ વીદીયા સમજુંછ. આજે આપરાં લોક ઘનું કરીને, કોઇબી હુંનર, હુંનરને ખાતર શીખતાં નથી, પણ વડાઇને ખાતર શીખેછ! કોઇબી

હુંનરમા પુરેપુરી કાબેલીયત મેલવી કાબેલ થવા માંગતાં નથી, પણ ફક્ત કાબેલ છે, એવું બાહારથી દેખાડવાનું ડોલ ઘાલવા ખાતરે, હુંનર શીખેછ. માફ કરજો બાંનુઓ, હું કંઇ તમારે સારૂં કેહતો નથી, પણ ઘનું કરીને એવોજ મામલો આપરાં લોકમા આજ કાલ ચાલી રેહ્યોછ."

"એ તો ટપલો મારી સાહેબજી કરવા જેવી વાત તમે કરોછ સોલીબઇ!" ટચકાંબઇએ નાખનુ ટીચકું ચહડાવી જવાબ દીધો.

"એ તો બા મખમલની તોપી છે! જેને બરોબર આવે, તે પેહડી લાએ!" સોલીબઇએ ખુલાસો કીધો.

"મને સમજ નથી પરતી, કે પારસી બાંનુઓ ગાવા કરતાં વગાડવાનુ શા કારણ વધારે પસંદ કરેછ?" જસી ડીયરે સોલીબાઇને પુછ્યું.

"ખરી વાત તો એ છે, કે વગાડવા કરતાં ગાવું મુશકીલ છે." સોલીબઇએ જવાબ દીધો. "જોકે વગાડવાનું કાંમબી ખાસ વખાણવું તો જોઇએ, પણ જેટલા લાભ ગાવાથી થાયછ, તેટલા વગાડવાથી થતા નથી."

"તાહારે તો એ લાભ અને ગેરલાભથી લોકોને ખબરદાર કરવાનુ કાંમ, એજ્જુબા, તમારા અધીપતીને લાએકનુ છે." મંનચીએ ઇશારો કીધો.

"અરે પણ તેજ બીચારો વઘનમા પડીગેોછ." એજનજી બંમબંમે જવાબ દીધો. "મારાં બામદાદની મને મોહટી ફીકર પડીછ. દાદીએ પેહલી તારીખથી પોતાનુ રાજીનામુ મોકલી આપીયું, અને તેના રાજીનામાની ખબર ઑફીસમા ફેલાતાંજ, નખ્ખોદ ગીયાં કુકટાઓ પગાર વધારવા નીકરી પડીયા. પેલો સબ એડીટર ચકિ, જેના નાખપરથી માખ ઉડતી'તી નહી—તે દોહોડસો રૂપીઆનો પગાર માગેછ! પણ એ વાત રેહી." શેઠીઆઓ જરા જરા આઇસકરીમ લેશો! ખોખરાંબઇ કેમ જરા આઇસકરીમ લેશો કે?"

"આઇસક્રીમ! ઓવઇરે માઆઆએ!" ખોખરાંબઇએ નખરૂં કીધું, અને સોલીબઇનું જીગર ફાટી ગીયું! "મારા તો દાંતજ નીકરી પડે! રાત પરી આઇસક્રીમ શું બરીયુંછ!"

" વારૂં તારે કૉફી——

" કાફી——નહીજી ! માફ કરો ! રાતે કાફી પીવાએ, તો પછી મુઇ ઉંઘજ નહી આવે, તો કાંહાં મરૂ ? મારા મંનચીનેબી કાફી તો ગમે નહી."

" અરે, તાંહાં જુવો ! પેલા મંનચેરજી મરઘા, દસ વાગામાં તો ઝુરપઝરનમા બચારા પરીવાછ !" સુનઇ સીપલીએ ખોખરાંબઇનું ગેરવવા ઠેકડી કીધી.

" એમ કે પેપરમીટબઇ !" મંનચી મરઘાએ તુરતજ ઝબકીને જવાબ દીધો. " મારાં જેવા એક મારગીને જોઇ તમારી મહઇના જીવને ચટપટ થઇ કે ? તમારાં જેવાં કાચ્ચાં કુમારાં ડોસાંઓને રાજી રાખતાં મને આવરતું નથી ! આજના વખતમા જે ઘણો પતપતારો કરે, તે તમારાં જેવાં બઇરાંનો ચણો ચાનીલો થઇ પડે ! આપરે બા તેવાં પતપતીઆં નથી."

" તાહારે બીજાં કોણ પતપતીઆં છે ?" સુનઇ સોલીને સંમજાવવા બોલી, અને ખોખરાંબઇ મંનચી ઉપર ચીરડાઇ ગયાં.

" તાહારે તમારો ઉંઘાવાનો વખત થયો હોસે મંનચીબા." મીઠાંએ કહ્યું.

" હું એમ ધારૂંછ." મંનચીએ જવાબ દીધો. " એ તો મારા જેવા વગર સુધરેલાઓ રોજ રાતના સડકારા ઘોંટાઇ જાએ, અને સહવારના પોહોરમાં સડકારા ઉઠે. તમારાં જેવાં સુધરેલાંઓ, આંઠ વાગા વેર ખાટલા ભાંજી અડાઇ ને ઘોંટાઇ રેહ ! હમારી ને તમારી સરખામણી કંઇ થાય વારૂ ?"

લે ચાલો, તાહારે મંનચેરજી શેઠ, હવે વધારે ઉજાગરો કરવો સારો નથી." બેજુબાએ પોતાના પરોણાની નેહશીલ બરખાસત કરતાં કહ્યું. " શેઠીઆઓ, સીધારવા આગમજ ટેબલ ઉપર કાફી તઇયાર છે, તે પીવા ચાલશો."

" સરતનલી !" જસી ડીયર બોલી ઉઠયો.

" ચાલો ચાલો, કૉફી પીઇ લઇએ." સુનઇ સીપલી નખરાં કરી બોલી. " મી૦ સોલીબઇ, ચાલશો કે ?"

"નહી સુનઇ! ખોખરાંબઇના પગમા ઝઝણી ભરાઇછ, તેથી હું તેવન સાથ હીંયાંજ બેસુછ!" સોલીસીટરે જવાબ દીધો. "હમારે સાંરૂં બે કપ તમે હીંયાં મોકલાવશો?"

"વીથ પ્લેઝર." મીઠાં બોલી.

"જોયું કે ની!" સુનઇએ મીઠાંના કાંનમા જતાં જતાં ફુંકુ મારી. "એ એને એખલી પડવા દેતોજ નથી. એ વલી કેઇ જાતનુ વકીલાતપણું હોસે!"

દીવાંનખાંનામાથી સઘલાં ઉઠી ટેબલ ઉપર કાફી પીવા ગયાં, અને દીવાંનખાંનુ જેવું ખાલી પડયું, કે ખોખરાંબઇ, વીચાર અને વમાસણુમાં પડી બોલ્યાઃ—

"તમે મારૂં મન ડગમગતું કરી નાખીયુંછ સોલીભઇ! તમારે જે ખુલાસો કરવો હોય, તે ઝટ ને પટ બોલી દેઓ. એ લોકને કાફી પીઇ પાછ ફરતાં વાર નહી લાગશે."

"વાત જરા લંબાંણ છે, અને એકદમ પુરી થાય એમ નથી." સોલીએ જવાબ દીધો. "તમારો વર થતો, જેવો બાહારથી ઠંડુ માતલું દેખાયછ, તેવો તે અંદરથી નથી!"

"એટલે?" ખોખરાંબઇ ડોલા ફેરવી બોલ્યાં.

"એ એટલે ઓટલો! તમે નહી સમજો તેને હું શું કરૂં? કેહવત છે, કે પતાલ પાણી ચલાવનાર હંમેશાં મોરી કોરડી રાખેછ."

"એમ! હમણાં હમણાં કંઇ એવન ઘણાજ બદલાએલા લાગેછ ખરા!" ખોખરાંબઇનો વીચાર ડગમગવા લાગ્યો. "મારા વર એવા કેહયાગરા છે, કે ઉઠ કેહું તો ઉઠે, અને બેસ કહું તો બેસે! મકદુર શું, કે મારા સખુનથી જરાબી આડા જાએ, પણ—"

"એ પણુ ને બણુ—અરરરર, પેલાં લોક આયાં!" સોલીએ ખાલી ધાંધલ કીધી, અને ખોખરાંબઇ ગભરાઇને અધીરાં પડી દીવાંનખાંનાની બાહાર જોવા લાગ્યાં.

" નહી ! નહી ! " ખોખરાંબઇએ ખાતરી કરી કેહ્યું. " હજુ તો કાશી પીએછ. પણ તાહારે, તમારી વાત તો અધુરીજ——

" અરરર ! તમે એમ નાદાંન કેમ બનોછ ? " સોલી બોલ્યો. " આએ જગા કંઇ ખાનગી વાત કરવાની છે ? અરે હું તમુને તમારી નજરે નજર તમારા વરની બેવકુફાઇનો ખેલ દેખાડવા માગુછ. હવે ટુકમા પતાવી દેઓ. હું તે વાત જાનુછ ! તમે તે વાત જાનવા માગોછ ? "

" જી હા ! " ખોખરાંબઇએ જવાબ દીધો.

" તમે આપરી વચ્ચે થએલી વાત બીલકુલ છુપી રાખશો ? " સોલીએ કેહ્યું.

" શું મારા મંનચીનેબી નહી કેહઉ ? "

" અરે ભલાં મનખ, નકામો વખત જાએછને ? મંનચીની તો મોહોકાંણુ છે, અને વલી તેને શાંનુ કેહવા માગોછ ? અરે પોહાડ ફાટે એવી બેવકુફાઇ——.

" વારૂં ચાલો, તાહારે હું તેવનનેબી નહી કેહવસ." ખોખરાંબઇએ ખાતરી આપી:

"" જો એમજ હોય, તો કાલે બપોરે બે વાગે તમે મને એપ્લસાં કરાફર્ડ મારકીટ આગલ મલશો ? " સોલીએ અચકાઇ અચકાઇ પુછ્યું.

" કાલે બપોરના ? "

" હા ! કાલેજ ! કેમકે પરમ દાહાડે તો મને ફુરસદ નથી. પરમ દહાડે સેશનમાં રૂસ્તમ જાબુલીનો કેસ છે."

" કેટલે વાગે ? "

" બરાબર દોહોડ—સ્ટેનડરડ તાઇમ નહી હો કે ? મુંબઇના દોહોડ વાગે ! હું મારી ગાડી લેઇ આવસ, ને પછી જુવો, કે તમારા ધણીની બેવકુફાઇ અને બેવફાઇનો ખેલ, હું તમુને કેવો નજરે નજર દેખાડુંછ. અરે એક કલાકમા હું તમારી ખાતરી કરી——

"હું આવસ સોલીભઇ હું, જરૂર આવસ." ખોખરાંબઇ ખોખરી થઇ જઇ બોલ્યાં. "તમે મને જરૂર મલજો. એ નફ્ફટ ગીયાનો મને ઘાટ ઘડવોજ પરશે: જોયું કેની, આજે મારાં દેખતાં પેલી કુકટી સુનઇ સાથ કેટલો લવારો કીધો તે ?"

"હા, હા !" સોલીએ સુરંગ મેલી. "કંઇ લવારોજ મોહાંને ઘણો હોવો જોઇએ! તમારા જેવી ભલી, તમારા જેવી ભોલી, અને તમારા જેવી ખુબસુરત ઓરત તરફ કેટલી બેદરકારી ! જોયું કેની ? જાણે સુનઇ તે કોઇ આસમાન પરથી ઉતરી આવી હોય ! અરે તમારા જેવી ખુબસુરત અને લાએકીવારી બઇરી મને મલતે, તો તેને મારી ઘાંટીમાંનો જીવ પી હું આપતે ! લેવો, કોફી આવી. તમે જાણે કંઇ જાણતાંજ નથી, એમ દેખાડજો હો કે! નહી તો છાવો— સાચ્ચું કેહુછ, ખોખરાંબઇ, હું તમારી તારીફ નથી કરતો, પણ—પણ—

"વલી શું યાદ આયું ? બોલોની બોલોની સોલીભઇ ?" ખોખરાંબઇ સોલીની તારીફથી ફુલી જઇ, હસતે મોહોડે બોલ્યાં.

"એ તો સરજતની વાત છે." સોલીએ જવાબ દીધો. "તમારે સારૂજ હું બોલતો 'તો, કે તમે જો કુમારાં હોતે, તો હું જરૂર તમારી સાથ પરણી જતે ?"

"તમે તો જાંને ચરી ગીયાછ સોલીભઇ !" ખોખરાંબઇ જરા ટીખ્ખાં થઇ બોલ્યાં. "કંઈ હોસ રાખો !"

ચાલો, ચાલો અખ્ખારા કરો !" સોલી બોલ્યો. "કાફી આવી ! ને લેવો, તમારા મરઘાજીબી આયા."

"ખબરદાર ! સોલીભઇ, મારા મંનચીને એમ બોલવાનો તમુંને——

ખોખરાંબઇ વધારે બોલે તે આગમજ મંનચી મરઘો, બે હાથમાં બે કાફીના કપ લેઇ દીવાંનખાંનામાં દાખલ થયો, અને તેજ વખતે સોલીભઇ બોલ્યો.

"ચાલો, બસ કરો ! તેવન આયા ! છાવો એવો છે, કે તરતજ પામી જશે, અને બાજી બધી ફેરવઇ જશે."

"આવો મીસતર મંનચી! આઇ સે મંનચી બા! તમારા મીસીસને શું પગમા ઝઝણી અવવાની કંઇ ટેપ છે? હજી એવનની ઝઝણી પુરી થતીજ નથી?"

"જરાબી નહી?" મંનચી બોલ્યો. "પણ હમણા કેમ છે, ડીયર?"

"નહી જરા પવનનો બુક પકરી આયો તો—" ખોખરાંબઇએ અનમનીયો જવાબ દેઇ કાફીનુ કપ લીધું.

"ગાડી મંગાઉ?" બેજુબાએ પુછયું.

"અંઇ આવો મંનચી." ખોખરાંબઇએ મોહડે સાદે પોતાના કેબાગરા વરને તેડયા. "મને જરા તમારો હાથ આપો તો? સાંભરોછ કે? કાંનમા કલઇ તો નથી—

"નહીરે ડીયર, હું જરા સુનઇ સીપલી સાથે——

"લે ચાલો. બેજુબા હમુને રજા આપશોજી?"

"ખુશીથી."

"હમે રજા લેઇએછ બેજુબા."

"વેહલાં પધારો."

અને મોડી રાતે આપરૂં આ વેલાતી વાજું એક બીજાંને મલી બેટી છુટું પડયું.

પ્રકરણ ૧૯ મું.

તાતેલો તવાથો !

બીજે દાહાડે બંપોરના બે વાગે, તે આગમજ તો ખોખરાંબઇએ પોતાના માનીતા અને કેલ્લાગરા વરની ઉપર ઝાડના ઝાડ તોડી પાડવામાં જરાબી કસુર કીધી નહી. સોન્નાંભઇ સોલીસીટરે ખોખરાંબઇની નાર આબાદ એવી તો પકડી હતી, કે તેથી ખોખરાંબઇના દરદની તેને પુરેપુરી ખબર પડી ગઇ, અને તે ઉપરથી દરદીને જોઇતી દવા આપવામા, તેણે પોતાની ચબરાકી અને ચાલાકીનો પુરેપુરો, છુટથી ઉપયોગ કીધો હતો.

અને તે દવાની અસરબી આબાદ તેવીજ રીતે થઇ ગઇ. ખોખરાંબઇનુ વેહમનુ દરદ, સોલીભઇની દવાથી એવું તો ઉભરી નીકલ્યું, કે ઝટપટ તેવને સોલીભઇના હાથમા પોતાના કેસનો પુરેપુરો 'ચાર્જ' આપી દીધો, અને એ રીતે આ કેલવાએલા કાયદા શાસ્ત્રી-નાડી વૈદે-એક વેહમી ઓરતના જીગરમાં, તેના ધણી તરફ વેહમના જાલમ દરદનું ભડકું સલગાવી, પોતાની પાપી ધારણામા એટલે સુધી તો તે ફાવી ગયો, કે પેલી અકલહીણુ ઓરતે પોતાના વેહમના જોશમા, સોન્નીભાઇ સાથે બીજે દીવસે બે વાગે તે જયાંબી લેઇ જાએ, ત્યાં જવા માટે 'ઍપૉઇન્ટમૅન્ટ' વટીક કીધું.

તે ઍપૉઇન્ટમૅન્ટ ખાનગી રખાવવાની સોલીભાઇએ ખાસ સાહવચેતી લીધી હતી, અને તેમ કરવા માટે ખોખરાંબઇ પાસ તેને કબુલાત પણ લીધી હતી, કે મંનચાને તે વીશે કાંઇબી ખબર પડવા દેવી નહી.

અલબતાં, ઇનસાફને ખાતરુ કહેવું જરૂરનું છે, કે ખોખરાંબઇ ખુબસુરત તો હતાં, પણ જેટલાં ખુબસુરત હતાં, તેટલાં તેવન ઠાવકાં અને ઠરેલ નહી હતાં. અને તેમ નહી હોવાની મોહકાંણુમાંજ સોલીભઇની ચબરાકીનાં તેવન ભોગ થઇ પડયાં હતાં.

પણ જે 'ઍપૉઇન્ટમૅન્ટ' તેવને સોલીભઇને મલેવા માટે કીધું હતું, તે શા માટે હતું?

તે હું કાંઇ જાણતો નથી. પણ મોહટા મોહટા મહાંન કવીઓ, બઇરાંઓ વાશે કેહી ગયા છે, કે બઇરાંઓમા બીજી કાઇબી લાગણીઓ કરતાં, વેહમ અને અદેખાઇની લાગણીઓ જરા વધારે ધારદાર અને તેજ હોય છે, અને તેથીજ તે જરાજરામાં 'ઘાસલેટ'ના તેલની મીસાલ સેહજ ચીંગારી લાગતાં સળગી ઉઠે છે.

સોલીભઇ શીખેલો, ભણેલો, અને કેલવાએલો હતો, અને તેથી તે બઇરાંઓના ખવાસના ગુણદોષના અભ્યાસનો શોખીન હોવાથી, આ બીના તે જાણતો હતો, અને તેથી તેણે એ અખતરો ખુબસુરત ખોખરાંબઇ ઉપર અજમાવ્યો હતો! તેણે એક પરણી ઓરતના જીગરમા, તેના ધણી તરફ વેહમ અને અદેખાઇનું ભડકું સલગાવી મેલ્યું હતું. એ ભડકાંની અગંન, તે નબલાં મગજવાલી ઓરતથી સાંખી શકાઇ નહી. તેણીએ પોતાના ધણીની બેવફાઇ પકડવા, તેની ફજેતી કરવા, અને પોતાના વેહમને દુર કરવાની મતલબથી, સોલીભાઇને 'ઍપૉઇન્ટમેંન્ટ' આપ્યુ હતું. તે 'ઍપૉઇમેન્ટંન્ટ' ખોખરાંબઇને ગન બીલકુલ નીરદોશ હતું. કેમકે સોલીભાઇને, તે એક માતબર કેલવાયલા, ભણેલા, અને તે ઉપરાંત સોલીસીટર સમજી, તેવનના બોલવાને તમામ રાસ્ત, અને તમામ ભલું ગણતી હતી. તે, ઍપૉઇન્ટમેંન્ટ માંગવામાં સોલીભાઇની ખરી મતલબ શું હતી, તે નીરદોશ ખોખરાંબાઇને કાંઇબી ખબર હતી નહી.

પણ એ ઍપૉઇંન્ટમેંન્ટની બાબદ લંબાવવાની જરૂર નથી. સોલીભાઇ જેવાં કાલાં મેંઢાં, સંસાર મંડલમાં થોડાં કે ઘણાં પ્રમાણમાં દરેક કોમમા હોયછે, એમા તો શક નથીજ. પણ મજકુર 'ઍપૉઇન્ટમેંન્ટ' કરવાં ખોખરાંબઇને શા સબબોસર ફરજ પડી હતી, તે વાંચનારને જણાવવાની જરૂર તો છેજ.

* * * *

"ડીયર! એ વલી તારી હાર વસનઇ કેમ ગઇ?" મંનચીએ ઘેર પુગતાંજ પોતાની બઇરીને પ્યારથી સવાલ કીધો. "ખાઇ પીઇને રહું મારી સોખને!" તેમ, ખાઇ પીઇને—

"કેમ મુગું નથી રેહેવાતું કે?" ખોખરાંબાઇએ તોપ ફોડી. "પેલી સોપલી શીરીન સાથ તાઇ તાઇ કરી પરવારીયા કે?"

"ઓહો! કેવું છાંણું ઢુખરાવાનું કારણ તો એ દેખું?" મંનચીએ જવાબ દીધો. "શીરીન સાથે, ડીયર, મે તો ફકત બે બોલજ વાત કીધી, પણ તું પેલા સોલીસીટરને પકડી બેઠી, તેનું કંઇ નહીં કે? તારા પગમાં ઝઝણી ભરાઇ, તેની પેહલ્લી ખબર જાણવાનો હક મને, કે તે સોલીસીટરને."

"ઓહો! શું મોહટો બચાવ કીધો!" ખોખરાંબાઇ ખોટું હસી બોલ્યાં. "મને ઝઝણી આવી તેબી તમુને મારે પેહલ્લાં કેહેવું જોઇએ કે? ને મે નહી કહ્યું તેથી તમે મારા દેખતાં કોઇ પારકી પોરી સાથ એટલા બધા નાચીયા કે?"

"પણ તાહારે તેં શું ધારીયું?" મંનચીએ ગુસ્સે થઇ બુમ પાડી. "પેલા સા— સોલીબાઇને લેઇને કલાકના કલાક બેસી રેહી,.ને કાફી પીવાનીબી તુને ફુરસદ નહી મલી, તે કીયા મોહટા 'કેસ' નું 'કાંનસંન-કુનસુન' ચાલતુ 'તું."

"સોલીભઇ? જાવો જાવો, ફરીથી કોઇનું નામ બોલો, તો મોહોનુ સંભાલીને બોલજો!" ખોખરાંબઇએ સોલીની તરફેણ કીધી. "ચારણી કડવરાંને હીણે! તેમ વલી સાધુનુ ડોલ ઘાલવા નીકલીયાછ!"

"એએએ! કંઇ સુંગારો આવેછ ખરો હો!" મંનચી મનમાં વમાસવા લાગ્યો. "પેલા સા—એ કંઇ ભમાવી હોય એમ લાગેછ!" મારીયા ઠાર! તેમાજ બાઇનો 'ઇસટીમ' ચહડી ગીયોછ!"

"કેવો ફુગલાઇ ગીયો!" મંનચીને વીચારમા પડેલો જોઇ, ખોખરાંબઇ મનમા ગણતી કરવા લાગી. "અરે સોલીભઇ, તારા તે હું શું ગુણ ગાંઉ! હવે આએ માટીડાને સુધારીને હું ઠેકાણે લાવસ ખરી!"

"ડીયર કેંમ કંઇ——

"ડીયર કોણ મુઇછ?" મંનચીને ખોખરાંએ હવારી ખાધો. "તમે શું શું કારાં ધોરાં કરોછ, તેની મને ખબર પડીછ, સમજ્યાં! તમે એવું મોહોનું લેઇને મારી સાથ પરણવા આયાતા કે?"

"ખોખરાંબઇ, તમે મારૂં સાંભલી લેઓ." મંનચીએ કેહ્યું. "તમે ગાંમનાં લોકને ખોખરાં કરવા જતાં, તમુને કોઇએ એહકાતીને ખોખરાં કરી નાખેલાં લાગેછ! મારૂં સાંભલ ડીયર, ને જરા ઠંડી પડીજો, અને 'સેતાન ડાબો' કર! એ નવી વાત શું છેં! 'ચારણી કડવરૂં'! અને 'સાધુનુ ડોલ!' એ શું! જુવો ડીયર ખોખરાં! તપાસીને કાંમ કરજો હું! 'લેને ગઇ પુત ને ખોઇ આવા ખસંમ,' જેવી વાત નહી થાય, તેનું ધ્યાંન રાખજો?"

"હું મારૂં કાંમ સમજુછ." ખોખરાંએ ટુંકો જવાબ દીધો. "કાલ સાંજ સુધીમા બધું જણાઇ જશે!"

"ઠીક છે!" કાલની સાંજને તો હજી વાર છે, પણ——

"પણ શું? તમે શું નાખને જીભ લગાડોછ કે?" ખોખરાંએ એકદમ તપી જઇ પુછ્યું.

"એટલે?" મંનચી ડઘાઇ જઇ બોલ્યો.

"એટલે? એ ઘંઘેટઇ કેમ જાવોછ? તતપપ કેમ થઇ ગીયા! ઓવાં ઉંડા પાણીમા ફરોછ કે?"

"ડીયર, ખોખરાં! જરા ધીરી પડ!" મંનચી નરમ પડી બોલ્યો. "ખુદાને હાજર નાજર જાણી, તેના કસંમ લેઇ કેહુંછ, કે હું ઉંડાં પાણીની વાત બીલકુલ જાણુતો નથી. તુંને જેવી કંઇ ખબર પડી હોય, તેનો ખુલાસો કર. હું સોગંદ ખાઇ કેહુંછ, કે તારો વેહમ દુર કીધા વગર હું રેહનાર નથી. હું જોઉછ, કે તારો મીજાજ બીલકુલ ઉખડી ગીઓછ, અને તેથી હું તારા મનનું સાંમાધાન કરવા તયાર છેઉ."

"જો તમે ખરાજ સોગંદ પાલનાર હોવો, તો મારાં ગરાં ઉપર હાથ મુકી કેહવો, કે હું જે પુછું, તેનો જવાબ તમે સાચ્ચે સાચ્ચો આપશો."

"તારાં ગરાંપર હાથ મુકી કેહુછ, કે ખરેખરીજ વાત હું તુને કેહવસ." મંનચીએ જવાબ દીધો. "ગાદી જવાંનીના સોગંદ ઉપર કેહુંછ, કે—

"તાહારે તમે શું કંઇજ જાણુતા નથી મંનચી?" ખોખરાં બીલકુલ નરમ પડી બોલી. ""આવતી કાલે બપોર પછી તન અને ચારની વચ્ચે તમુને કોઇ સાથે કાંઇ 'ઍપૉઇન્ટમૅન્ટ' છે?"

"આવતી કાલે? નહી બીલકુલ નહી?" મંનચી ગુચવાડામાં પડી બોલ્યો. "પણુ તું ખુલાસો કરી દેની! વકીલની કાંની આડા તીડા સવાલ શાના કરેછ?"

"રખે પેલા સોલીભઇએ મને દાવપેચમાં લેવાની મતલબથી ભમાવી હોય?" ખોખરાં હવે ગુચવાડામાં પડી. "મંનચી, મારા વાહલા ધણી, હું તારી આગલ બધી વાત ખરેખરી કેહી દેઉછ. પણુ એક સરતે, કે તે વાત સાંભલીયા પછી, તું મારી ખાતરી કરી આપે, કે તું નીરદોશ છે."

"તેના તો મેં સોગંદ ખાધાછ." મંનચીએ જવાબ દીધો.

મંનચીના કસમથી ખોખરાંબાઇની ખાતરી થઇ, કે સોલીભઇ સાધુના વેશમા ઠગારો હોવો જોઇએ. એવી તેની ખાતરી થતાંજ ખોખરાંબાઇએ પોતાની સાથે તે રાતના સોલીભઇને થએલી સઘલી વાતચીત અંને ગોઠવણોનો ખુલાસો કરી, તેઓ વચ્ચે જે "ઍપૉઇન્ટમૅન્ટ" થયું હતું, તે ખોખરાં બાઇએ પોતાના ધણીને જણુાવી દીધું. એ સાંભલી મંનચીના ગુસ્સાનો પાર રેહ્યો નહી. તે ગુસ્સાથી લાલચોલ થઇ ગયો. સોલીએ કેવી મતલબથી ખોખરાં બાઇ સાથ 'ઍપૉઇન્ટમૅન્ટ' કીધું હતું, તે, તે તુરત સમજી ગયો. તેણે તુરતજ કસંમ ઉપર કસંમ ખાઇ પોતાની ધણીઆણીની ખાતરી કીધી, કે તે બીલકુલ નીરદોશ છે. પોતાની ધણીઆણીને આડે રસ્તે દોરવી જનાર, આ સાધુના વેશે સંસાર મંડલમાં ફરતા ઠગારાને સજા કરવાનો તેણે પક્કો ઠેડાવ કીધો.

મંનચી જે આજ સુધી પોતાની બઇરીની ધાકધુકમા ચસી વસી રેહો હતો, તેણે પોતીના સંસાર, અને પોતાના ઘરની ઇજ્જત બચાવવા, એક

ટાગરો રચ્યો. સોલીભાઇના ખુંના ખંટોલાંની તેને કાંઇક ખબર હોવાથી, તે હીંમત ધરી આ બગધ્યાંનીને ઉંઘાડો પાડવા, બાહાર પડ્યો. આ ઠગારા સાથ કેવી રીતે કાંમ લેવું, તેના નક્કી સેવટ ઉપર તે એકદમ આવી જઇ બોલ્યો:—તાહારે ડીયર જાંન, તમે એ 'ઍપૉઇન્ટમૅન્ટ' રાખજો! હું તમુને અરજ કરૂંછ, કે તમારા ફ્રૅન્ડ સોલીભાઇ સોલીસીટરને તમે આપેલું 'ઍપૉઇન્ટમૅન્ટ' કાલ બપોરે પાલજો."

"પણ, તેથી તમે નીરદોશ છેઓ એમ કેવી રીતે તમે સાબેત કરશો?" ખોખરાંએ સવાલ કીધો.

"તેનો હું તુંને ખુલાસો કરસ." મંનચીએ જવાબ દીધો. "એવા ઠગારાઓને ઉંઘાડા પાડવામાં આપણુ સંસાર મંડલની સેવા બજાવશું. પણ એ જરા હીંમતનું કાંમ છે. કેવી રીતે કાંમ લેવું તે હું સમજુછ. તે કાંમમાં અને તારી મદદની મોહટી જરૂર છે. તું જો હીંમત હારી, તો હું મારૂં નીરદોશપણું સાબેત કરી શકનાર નથી. બસ, તું તારૂં આવતી કાલનું 'ઍપૉઇન્ટમૅન્ટ' રાખજે."

"પણ હું એક-અંજાણ્યા માટીડા સાથ એખલી જાંઉ!" ખોખરાંબઇના સુરા ગગડવા લાગ્યા.

"તેમાં શું છે? માટીડાઓને 'ઍપૉઇન્ટમૅન્ટ' આપવાં, અને 'ઍપૉઇન્ટમૅન્ટ' કરવાં, એ તો આજના સુધરેલા વખતનો સુધારો છે! તમે શું જાણતાં 'તાં નહીં કે——

"પણ હું એખલી ને——

""નહી, નહી." મંનચીએ સમજ પાડી. "મારી વાહાલી, તું એખલી જશે, પણ યાદ રાખ કે બીલકુલ સલામત રેહશે. તારા બાલને પણ એલજાંમ પુગવા હું દેનાર નથી. તારી અને તે બદમાસની નજરે હું નહી પડસ, પણ તમો બંનેની પછાડે તો નક્કી રેહવેસ! હું શું કરવા માગુંછ,

તે જ્યારે તું જાગશે, ત્યારે મારી ખાતરી છે, કે તું 'ઍપૉઇન્ટમૅન્ટ' રાખવાના પાડશે નહી."

મંનચીએ એ પછી પોતાની ઇજ્જત, અને પોતાના ઘરની સલામતી માટે રચેલો ટાગડો, પોતાની બઇરીને સમજાવી, કેવી રીતે સોલીમઇ સાથે કાંમ લેવું, તેનો સઘલો બંદોબસ્ત રાતોરાત તેણે કરી લીધો. ખોરશેદબઇના ધ્યાંનમા મંનચીની તમામ હીકમત એકદંમ ઉતરી ગેઇ. તે આવતી કાલનું સોલીમઇને આપેલું 'ઍપૉઇન્ટમૅન્ટ' પાલવા તતપર બની રેહી, અને સહવાર પડવાની વાર જોતી, મોડી રાતે નીંદમા પડી.

પ્રકરણ ૨૦ મું.

એક પ્રકરણ કે જેને મારાથી નાંમ આપી શકાતું નથી!

મંનચી મરઘો હવે સંસાર મંડલની નીતીની તવારીખના તખતા ઉપર, એક એવો ભાગ ભજી બતાવવા તૈયાર થયો છે, કે જેથી, ફકત નાંમ અને બાહારના દેખાવ ઉપરથી ભુલાવો ખાઇ જનારા બગધ્યાંનીઓની ગણુતી ખોટી પડે. આ તો પેલી જગ આશકાર કેહવત પ્રમાણે થયું કે "જાડેસે ડરના નહી—ઔર પતલેસે લડના નહી!" બધા ડરમાથી કાંઇ લેવટા મલતા નથી!"

મંનચી, બાંગડ તો પેહલ્લા નંબરનો હતો. સોલીબાઇએ તેના સુખમા ધુલ ભરવાની એક નીચ યુક્તી રચી હતી. તેમ કરવામા તેણે જે પેહલ્લી ગણુતી કરી હતી, તે મંનચી મરઘાની બાહારની ટપછપ, અને તેના નામને આભારી હતી! અલબતાં, સોલીભઇ, મંનચીને ભોલો ભટાક સમજીનેજ ખરડેલા પગ ગલીચા ઉપર લેઇ ગયો હતો. તે એમ સમજીયો, કે ખોખરાંબઇ જેવાં ખુબસુરત બાંનુનો, મંનચી જેવો એક કુજાતો અને સક્કર ગનડેરીવાલા જેવો ધણી હોવાથી, ખોખરાંબઇને ભમાવી ભંભેરી, તેવન ઉપર તે પોતાની ચબરાકીથી ફાવી જશે. પણ તેણે ફેકેલા પાસા ઉલટા પડયા! મંનચી, એક સુધારાવાલા અને કેલવાએલા શખ્સને, એ દાવપેચમા કેવી કીસમની રમત રમાડે છે, તે જોવાનું, અને તે જોઇ લેઇને વીચારવાનું કાંમ, દાંનેશમંદ વાંચનારનેજ હું સોંપું છું.

મંનચીએ પોતાના દાવપેચનો તમામ સાર પોતાની બઇરીને સમજાવી, પોતે સદવારે પડતાંજ, ઘરમાંથી નીકલી ગયો.

વાંચનારેં, જરા સબર કર. આજે દરેક કામમાં બધાં 'ઍટીકેટ' નો સવાલ ઉભો કરેછ! 'ઍટીકેટ' નો ભંગ થતાંજ દોહરું થઇ જાએછ! તો મારા જેવો અદના લખનાર 'ઍટીકેટ' નો સવાલ કાંએ નહી ઉઠાવે? વાંચનાર મેહરબાંનો ઉતાવલાં બની વારતાનાં વલાંની બીના એકદમ જાણી લેવા, મારી ઉપર દબાંન કરે, તો તેથી 'ઍટીકેટ' નો ભંગ થાએલો ગણાય!

વાસ્તે મંનચી મરઘો ક્યાંહાં ગયો, અને શું ગોઠવણો કરીને તે ઘરમાંથી ગયો, તે અતરે જણાવવાની જરૂર નથી.

પણ બે વાગતાં કાંઇ ઝાજી વાર લાગી નહી. ખોખરાંબઇ જે આગલી રાતના તાતેલા તવાથા જેવાં તાતીને ગરમ થાંઇ ગયાં હતાં, તે હવે બરફ જેવા ઠંડા, અને ઘી જેવાં નરમ બની ગયાં હતાં. તેવન સોલીભઇને હવે દીલથી ધીક્કારવા લાગ્યાં, અને બરાબર બપોરના દોહોડ વાગતાંમાં ઘરમાંથી બાહાર નીકલી 'ઍપૉઇન્ટમેન્ટ' પ્રમાણે બે વાગા આગમજ કરાફર્ડ માર્કીટના ઓટલા ઉપર, તડકાંમા તપતાં અને તવાતાં જઇને ઉભાં.

"તું મુવોરે નહી ઍપૉઇન્ટમેન્ટનો કરતો!" ખોખરાં અધીરી પડી મનમાં બોલી. "શું થયું? હજુર ઠેકાણું નહી મલે!"

પણ તેવામાં સામી બાજુથી એક પાલખી રેકી શીગરાંમ આવી લાગી, અને અંદરથી સોલીભઇ સોલીસીટરે ડોકયું બાહાર કાહાડી, આસપાસ નજર કરી, ખોખરાંબઇને જોઇ બોલ્યાઃ—"હલ્લો! ચાલોની? વાર કોણની જોવોછ? કમ ઇન—કમ-ઇન!"

ઘોડાવાલાંએ કુદી પડી ગાડીનુ બારણું ઉઘાડયું, અને ખોખરાંબઇ જરા લજવાતાં, જરા શરમાતાં, જરા અચકાતાં, ધીમે કદમે 'નહી કંઇ નહી જી! કંઇ નહી જી!—કંઇ નહી જી!' કરતાં ગાડીમા બેઠાં. બારણું તુરતજ બંધ થયું, અને ગાડી સપાટાબંધ ચાલવા માંડી.

ત્રણેક મીનીટી આ ભેદભરી મુસાફરી ગુપચુપ ચાલુ રેહી. અંતે ખોખરાંબઇ માથાં ઉપરની સોડ તાંણી બોલ્યાંઃ—"મીસતર સોલીભઇ, આપણને કાંહાં જવુંછ?"

"ખોખરાંબઇ, તમને ઍપૉઇન્ટમેંટ યાદ રેહ્યું ખરૂં? હું મકું જે તને ભુલી જસો?"

"અરે કંઇ ખદાએ ખદાએ કરો!" ખોખરાંબઇએ જવાબ દીધો. "એ વાત કંઇ ભુલી જવાય તેવી છે! એ કંઇ જેવી તેવી વાત છે, સોલીભઇ? પણ સોલીભઇ, આપુંને કાંહાં જવુંછ?"

"જોવોની ખોખરાંબઇ——પણ—છે તે—આપુંને કંઇ ઘનું લાગે નથી જવું." સોલી લટર પટર જવાબ દેવા લાગ્યો, અને ખોખરાં સમજી જઇ ડોકું હીલાવવા લાગી. "છે તે કરીને, ખેતવાડીની પેલી ગમ, અને તારદેવની એની ગમ! 'પણ ડીયર ખોખરાં—

"સોલીભઇ, જરા સબર કરો!" ખોખરાંબઇ એકદમ વચમાં બોલી પડી. "તમે ડીયર, બીયર બોલોછ, તે મને ગમતું નથી! હું મારા મંનચીની ડીયર છેઉ. મને 'ડીયર' કેહવાનો બીજાંને શું હક?"

"ઓ માઇ!" સોલી ફુગલાઇ જઇ બોલ્યો." હું સમજીયો! તમે અપમાન લીધું! પણ તમે ભુલોછ. એ તો ઇંગ્રેજીમા એમજ બોલાય! ડીયરનો મીનીંગ તમે કંઇ જુદોજ કરોછ?"

"તમે ગમે તે બોલો, પણ એવું કંઇ ના બોલતા!" ફરીથી ખોખરાં બોલી.

"ખુદા જાણેછ, કે તમુને જરાબી અપમાંન કરવાની મતલબથી હું એમ બોલ્યો નથી." સોલી બોલ્યો. "હું તો મારા ખરા ચાહાથી—

"પણ મરેરે! ખેતવાડી આયું કે નહી?", ખોખરાં બોલી. "કોટમાંથી ખેતવાડી જો તરાંમમા જઇએ તો——

"હું તો તમારાં ભલાં સારૂં આજે ખામખા, મારૂં કોરટનુ કાંમ મુકીને આયોછ." સોલીએ વાત ચલાવી. "તમે જરાં ધીરાં પડો. તમારા મંનચીની તમારી તરફની બેવફાઇ કેવી છે, અને તમારો ધણી થતો કેવાં પતાલ પાણી ચલાવેછ, તે તમુને તમારી નજરે દેખાડવા હું લેઇ જાંઉછ."

આવી કીસમની વાતચીત કરતાં તેઓની ગાડી, નાયગામ તરફના એક એકાંતાલત્તા ઉપર જઇ પુગી. ત્યાં એક એકાંત કંમપાઉન્ડમા સોલીભઇએ પોતાની સીગરાંમ લેવાડી, અને તે કંમપાઉન્ડમાં આવેલાં એક નાહલ્લા જેવા બંગલા આગલ તે ઉભી રખાવી. આ બંગલો સોલીભઇનો પોતાનોજ હતો, અને તેના જેવા ઠોલીંઆ તેના દોસ્તો, તેનો 'કલબ' તરીકે

ઉપયોગ કરતા હતા. સોલીભઇ તુરતજ ગાડીમાંથી ઉતરી પડયો, અને ખોખરાંબઇ પણ તેની પછવાડે બાહાર નીકલી આસપાસ નજર કરવા લાગ્યાં.

"આએ ખેતવાડી કે?"

"નહી, એ તારદેવની પેલી ગમ—

"પણ આંએ કંઇ ખેતવાડી નથી!" ખોખરાંબઇએ જવાબ દીધો. "એ તો કોઇ નવરી જગા છે? એ તો કોઇ બીજી જગા લાગેછ?"

"લે ચાલો, અડી વાગાછ." સોલીએ પોતાનુ સુંનાનુ ઘડીઆલ જોઇ કેહ્યું. "પેલાં લોકો હવે આવી લાગશે, અને તમારો મંનચીમી તેની વાહાલી 'નસીબંન' ની સાથે——

"નસીબંન! નસીબંન કોણુ રાંડ?" ખોખરાં અજબ શ્રઇ ડોલા ફાડી બોલી.

"હા હા! નસીબંનુ! વાહાલી નસીબંન! આગલ તો ચાલો!" સોલીએ જવાબ દીધો. "લે ચાલો બાંનુ, આપરે માલ પર જઇ, હૉલમા બેસીએ. તેટલાં ચાહું બી આવશે, અને તમારા ઓવાઇ નંવાઇના મંનચીમી આવી લાગશે."

ઓખરાંબઇએ સોલીની પછવાડે ચાલવા માડયું, અને સોલીભઇ, બંગલાના માલ ઉપર ખોખરાંબઇને પોતાની સાથે લઇને ચહડીયા. ઉપર જતાંજ, તેઓ એક નાંહના, પણ સારી રીતે 'ફરનીશ્ડ' કીધેલા ઓરડામાં દાખલ થયાં. આ ઓરડામાં ચોપટના પાટીયાં, રમવાના સોટકાં, પાસા, આર્મ-ચેર, વીગેરે કલબને લગતો સામાન ગોઠવેલો હતો. તે ઓરડાંની પડોસમાંજ આવેલા, એક બીજા ઓરડામાં જવા સારૂં, આ ઓરડામાંથી એક બારણું કરેલું હતું. તે ઓરડો કલબનો મેમબરો 'બૅડ-રૂમ' તરીકે વાપરતા હતા. આ કલબનો ખરચ મોહટે ભાગે સોલીભઇ ચલાવંતો હતો, અને પોતે એ કલબનો એક આગેવાન

મેમ્બર હોવાથી, કલબના નોકરો તેને 'મોહટા શેઠ' તરીકે ઓલખીને માન આપતા હતા.

પણ એ મોહટા શેઠ ફકત નામેજ કાંઇ મોહટા નહી હતા! જેવા નામે તેવન મોહટા હતા, તેવા કાંમે પણ મોહટા હતા! આ દુર એકાંતમાં આવો એક બંગલો તેઅને ખાસ પોતાની નીચ મતલબ માટેજ રાખ્યો હતો." તેનાં આવાં નીચ કરમોથી, કલબના નોકરો જે રાત દીવસ ત્યાંજ રેહતા હતા, તેઓ કંટાલી ગએલા હોવાથી, તેઓ જો કે બાહારથી આ મોહટા શેઠને, જી સાહેબ! આયો સાહેબ! અને લાયો સાહેબ! કરતા હતા, પણ અંદરથી શેઠનો આટો લસન કરવાની રાત દાહાડો તક જોતા બેઠા હતા.

એવા સંજોગો વચ્ચે સોલીભઇ બોખરાંબઇને લેઇને પોતાની કલબમાં, બપોર જેવે નવરે વખતે, દાખલ થયો. તેના નોકરો એક પારસણબાઇ સાથે 'મોહટા શેઠને' આવેલા જોઇ, દાયાં બાયાં થઇ ગયા. અને સોલીભઇ સોલીસીટર, પોતાના મનની નીચ મતલબમાં બરોબર ફાવેલો પોતાને સમજી, મલકાવા લાગ્યો.

પણ બસ—

ઘણુ લંબાન કરવું ઠીક નથી! સબબ? સબબ, "રાત ટુંકી છે—અને કીસ્સો લાંબો છે!"

"બેસો બોખરાંબઇ!" સોલીએ કહ્યું. "આએ હૉલમાં તમારો મંનચી પોતાની માશુક નસીબંન સાથે આજે સાડા તન વાગે આવનાર છે. આએ બંગલો એના બારીયા ખાંપરીઆ દોસ્તોની કલબ છે! અને એ કલબ, એ લોકે એજ કારણ સર રાખીછ!"

"તમે શું નરમ ઘી જેવી વાત કરોછ સોલીભઇ!" બોખરાં બોલી. "મારો મંનચી એવો છેજ નહી. પણ ધારો, કે તે તેવો હોય, તો તેમાં મારો શું વાંક? એ તો માટીડા, પરીયા! નજરનું બધું ઝર છે.!"

"માટીડા તો ખરાબ તો વલી." સોલીએ જવાબ દીધો. "બઇરાંને હડેલીમા ચાંદ દેખારતાં માટીડાને વાર કેટલી! પણ ધુર નાખી, એવે આડે રસ્તે

કુમારા હોય ને જાએ તો! પણ પરણેલાઓ એવે રસ્તે ઉતરી પડી, પોતાનુંજ નખોદ વાલતા નથી, પણ પોતાની સાથે, પોતાના હાથની પરતીના સુખની પાયામાલી કરેછ! ખાખરાંબઇ, મને તમારી ઘનીજ દયા આવેછ! અરે આજે જે બનાવ હીંયાં બનાર છે, તેની જાહારે મને ખબર પડી, તાહારે મારી છાતી તમારે લીધે ફાટી જવા લાગી! તમુને હીંયાં લાવવામા જો—"

"પણુ સોલીભઇ, તમારી આંખમા પાણી છે?" ખોખરાં પાછી રમલમા પડી. "તમે મને મેહરબાંન. કરી કેહવો, કે આજે હીંયાં શું બનાવ બનનાર છે? કોઇનું ખુન તો નથી થવાનુ ની?"

"તાહારે સાંભલો." સોલીએ વાત રસ ઉપર ચહડાવી ખોખરાંને બરોબર રસ્તે ઉતારી. "હમણા કેટલા વાગા? સવા તંન! સાડા તન વાગે મંનચાં અને નસીબંન હીંયાં આવનાર છે. પંદર મીનીટ બાકી છે. હમણા તે લોક આવી લાગતાં હોસે! વાસતે તે લોકને નજરે જોવાં, આપણે પાસેના ઓરડામા આપરે સંતાઇએ! એ ઓરડાના બારણાં બંધ કરી, આપરે તેમાં ભરાઇ બેસીએ, અને આએ ઓરડામા બનતો બધો તમાશો, હું તમુને ઉપરની તીરકૈસમાંથી દેખાડી આપસ."

"અરે હા! ચાલો ચાલો! સોલીભઇ, તાહારે તો જલદી કરો." ખોખરાંબઇ ચટપટમાં પડી બોલી.

સોલીભઇ આ ખુબસુરત ઓરતને લેઇ પેલા પડોસના ઓરડાંમા દાખલ થયો, અને દરવાજા અંદરથી બંધ કરી, તેને ચાવી લગાડી, પોતાના ખીસાંમા મુકી.

વાંચનાર જાંણે છે કે આ ઓરડો બેડ રૂમ છે. એ ઓરડામા વપરાસ જેગાં ફરનાચરમા અનેક ચીજો વચ્ચે એક મેલાં કપડાંનો કરંનડીઓ હતો, કે જે કલબના વપરાસમા વપરાતા મેલા તુવાલ, નેપકીન અને બીજાં તેવાંજ કપડાં નાખવા માટે વપરાતો હતો.

"હવે ડીયર ખોખરાં, તમે હીંયાં નીરાંતે બેસો!" સોલીભઇ ઓરડાના દરવાજા બંધ કરી બોલ્યો.

"તમને ફરીથી કેહુંછ, કે મને ડીયર કરી તમે કેહતા ના." ખોખરાં બોલી.

"તાહારે શું કેહું? ડીયર નહી તો વાહલી ખોખરાં કેહું–

"અરેરે સોલીભાઇ, તમારી સુધ કાંહાં ગેઇછ?" ખોખરાં ચીરડાઇને બોલી.

"વાહીલી ખોખરાં, જરા ધીરાં પડો! જરા બેસો–

"પણ બેસીને હું શું કરૂં? હું નથી બેસવાની! તમે મને શું બેસવા અને બેસારવા હીંયાં લાયાછ?" ખોખરાં ઉસકેરાઇ જઇ બોલી. "મારો અંનચી કાંહાં છે? પેલી તેની રાંડ કાંહાં છે? તે લોક હીંયાં આવવાના હતાં, તે કાંહાં છે?"

"હવે એમ તાતા તવાથા જેવાં ના થાવોની બાઇ સાહેબ?" સોલીએ જવાબ દીધો. "જરા ધીરાં થાવો?"

સોલીભાઇ, ખોખરાંનો હાથ પકડી તેણીને બેસારવા જતો હતો, તેટલાં ખોખરાં તે તરછોડી નાખી બોલી.

"બસ તમે દુરથી વાત કરો! મારા આંગને હાથ લગાડવાની તજવીજ જો કીધીછ, તો બુમ પાડી હમણાજ—

"અરે એમ ઘોડે ચહડશો તો કેમ થશે!" સોલીએ જવાબ દીધો.

"સોલીભાઇ તમે મને ઠગીને હીંયાં લાયાછ." ખોખરાં બોલી. "તમે આએ જગાને ખેતવાડીની એની ગમ અને તારદેવની પેલી ગમ કેહવોછ, પણ એ તો નાયગાંમ છે! તમે મને ભમાવીને દુર લાયાછ. આએ એક શકભરી જગા છે, અને એક આબરૂદાર ઓરતે એક ઘડી પણ આએ જગા ઉપર રેહવું નહી જોઇએ. ચાલો દરવાજો ઉંઘાડો. મને જવાદો નહી તો—

"સબર! મારૂં સાંભલી લેઓ. ખાંડનીમા જે માંથુ નાખે, તે ધપકારાથી બીહે નહીં! મેલાં પાણીના ખબોચીઆંમા જે પથર નાખે, તે ખરડાવાથી બીહે નહી! તમે મારી મતલબ પાંમી ગીયાંછ. ખરેખર, હું તમુને

ખોટી વાત કેહી હીંયાં તેડી લાયોછ. આએ મારી પોતાની કલબ છે. ખોખરાં હું તુને ચાહુંછ. ખુદાના કસંમ લેઇ કેહુછ—

"મુવા ચોર! આગ લગાર તારા કસંમ ઉપર!" ખોખરાં હીંમતથી બોલી. "ખુદાના પાખ નાંમપરથી તુને ઓવારી નાખું! મુવો કેહજે હું તો સોલીસીટર છેઉં—એમ. એ. છેઉ! મુવા તું એમ. એ. થયો, ને સોલીસીટર થયો, તે એવાં કાંમ કરવા કે? મુવો, એમ. એ. થયો, તેના કરતાં એમ. એ. ડી. કાંય નહી થયો?"

"ખબરદાર-એ વાલીઆકુટી, છેક ફાસ જાઓછ કે—" સોલીનો કાંધો ખીલવાથી તે બોલ્યો.

"ચાલ મુવા આસી બાએલા? તું મને શું કરવાનો હુતો!" ખોખરાંએ તાંનમા જવાબ દીધો. "મુવા એ તારો દમ હીંયાં નહી ચાલશે! એ તારી ચબરાકી ઉપર જે કોઇ લોભાય, તેને તે દેખાડ! મુવા ગુલાંમ! બેશરમ! વકીલોના નામને એબ લગાડનારા! લોકોના ઘેર ભાંજનારા તારા જેવા મુવાઓને તો ખાસરે ખાસરે મારી, મોહોને મેસ લગાડી, ગધેડે બેસાડી, ગાંમમા ફેરવવા જોઇએ, કે ફરીથી એવી બુરી દયાંનત તે લોક કોઇની માય બેહનો ઉપર કરે નહી."

"બોલ! બોલ! તારે જોઇએ તે બોલ, પણ તું મારા હાથમાથી કાંહાં જવાની છે?" સોલી ઠંડે પેટે બોલ્યો.

"લે મુવા રાણી મરવા, હુંબી હીંયાંજ બેઠી." ખોખરાંએ દંમ કીધો. "મુવા, દુર રેહજે! નહી તો આએ ખાસરે ખાસરે મોહોનું રંગી નાખસ!"

"ખબરદાર! હવે ઘનું થયું! ઓ ખુબસુરત પણ જહીલી, તું મારા હાથમાંથી કાંહાં જવાની——

એમ બોલતાંજ સોલીબઇ ખોખરાંના આંગ ઉપર ધસી ગયો, અને તેણીને કંમરમાથી પકડી પોતા તરફ ખેચતો હતો, પણ તેવામાં એકાએક——

"એ કોઇ આવોરે!"

સોલીએ બુમ પાડી, એને તેજ વખતે ઓરડામા પડેલા પેલા મેલા કપડાંના કરંડીઆનુ ધાંકણું ઉઘાડી, મંનચી પોતાના હાથમા એક છ બારની ભરેલી રીવોલવર લેઇ, બાહાર કુદી પડી બોલ્યોઃ—

એ મુજી ! એક પારકી ઓરત ઉપર આવી જબરી ! છોડ એને, નહી તો જાંણ કે તારો જાંન ગીઓ."

"કોણ? મંનચી ! મ—મ—માફ—માફ—માગુંછ !" સોલી પથરની કાંની જડ થઇ જયાંનો ત્યાંજ ઉભો રેહી બોલ્યો.

"આએ પીસટોલથી તારૂં માથું ફોડી નાખવા વગર હું હીંયાંથી જનાર નથી." મંનચીએ કહ્યું.

"મંનચીબા, હું તમારી માફ માગુંછ,—

"તારા જેવાઓને માફ મંગાવવામા સાર નથી." મંનચીએ જવાબ દીધો. "આએ તારી ચાલના બદલામાં તારાં હાડકાં પાસરાં એવાં તો બોખરાં કરવા જોઇએ, કે તું જીવે જાગે તાંહાં સુધી યાદજ કરીયા કરે !"

"નહી નહી ! ખુદા ખાતર મારી ઉપર રેહમ કરો મનચેરજી શેઠ." સોલી બોલ્યો." હું સારી કાંની સમજુછ, કે તમુને કેટલો ગુસ્સો લાગો હશે. પણ જો તમે મને મારી આએ હીણપસતીભરી ચાલ દરગુજર કરો, તો હું ગુનેહગારી તરીકે તમે કેહવો તે ધરમખાતાંમા આપવા દસ હજાર રૂપીઆનો ચેક હમણાંજ ભરી આપુંછ."

"લાવ દરવાજાની કુંચી આપ, અને લખ પચીસ હજારનો ચેક !" મંનચી બોલ્યો.

સોલીએ તેજ વખત ગજવામાંથી દરવાજાની કુંચી મંનચીને સ્વાધીન કીધી, અને ડગલાના ગજવાંમાથી ચેક બુક કાહાડી, એક ફઉંડ સ્ટાઇલો-ગરાફીક પેંન વડે તુરતજ પચીસ હજારનો ચેક ભરી તે મંનચીને સ્વાધીન કીધો.

સોલીભાઇ સોલીસીટરની પાપી જીંદગીના હરામ પ્રકરણને કેવી રીતના મથાલાં હેઠલ મુકવું, તેનો વીચાર કરતાં વખત લાગે, અને વાંચનારને વારતાના ભીતરમા આગલ વધતાં વીલંબ થાય, એમ સમજી

મંનચી મરઘાએ આડેલાં છટકાંની ટુક વીગતનો ખુલાસો કરી આપણું આગલ વધશું.

મંનચી મરઘો જેવો બાહારથી લોકોને દેખાતો હતો, તેવો તે અરેખર અંદરથી હતો નહી. ખુબસુરત ખોખરાંબઇના આ ધણીનુ નાંમ, જો કે 'મરઘો' હતું, પણ એ મરઘાએ, પોતાના સંસાર સુખની ધુલધાંની કરનાર કાલાં મેંઢાંને કેવે ફેજે પોહોચાડયો છે, તે વાંચનારે જોઇ લીધું છે. સોલીભાઇ સોલીસીટર જેવા પલીદો, દુનીયાંમાં પોતાની પલીદીભરી ફતેહ માટે, તન ચીજ ઉપર હંમેશા ભરસો રાખે છે. પેહલું, પોતાના પઇસા ઉપર, બીજું, પોતાની ધરપચ અને જબાંનદરાજી ઉપર, અને ત્રીજું, સાંમા ધરધણીના ખ્યાલ. ઉપર! એ રીતે જોતાં સોલીભાઇએ, પોતાના ફીતુરનો ફાંસો, ખોખરાં ઉપર નાખવા આગમજ, તે ખુબસુરત પણ સહેજ જાહેલ ઓરતને પોતાના ફંદામા ધેરવાની મતલબથી, તેણીના દીલમાં વેહમ અને અદેખાઇ પેદા કીધી, અને તેમ કીધા બાદ, તે જાહેલ ઓરતનો કેટલેક દરજજે, તેણે વીસ્વાસ મેલવી લીધો. એક વખત વીસ્વાસ હાંસલ કીધા પછી, તે હરાંમખોર પાપીએ, તે ભોલી ઓરતની ખુબસુરતી, ભલાઇ, અને ભલા ખ્યાલોની તારીફ કરી, તેણીનાં મન ઉપર કાબુ મેલવી, મંનચીની ખાનગી હીલચાલો દેખાડવાને બાહાણે તેણીને આડે રસ્તે ઉતારવામા જો કે તે પહેલાં ફાવવા લાગ્યો, પણ તેનું સેવટ કાંઇ છુપુ રેહ્યું નથી.

મંનચીને આ ધાંમધુમીઆ સોલીસીટરની ધરપચનો કાંઇક ખ્યાલ હતો. પણ સંસાર મંડલમાં તે આવી કીસમનું કાલું મેંઢું હતું, એવી તેને જરાબી ખબર નહી હતી. ખોખરાંને મોહોડેથી જયારે 'એપૉઇન્ટ-મૅન્ટ'ની ખબર તેણે સાંભલી, ત્યારે તે ચગોર મરઘો! તેની તમામ મતલબ સમજી ગયો, અને પોતાની મોહોરદારની ઇજતની સલામતીની ફીરતી, કાઇ ખુવારીને ખાડે અપડી ખરાબ થાય, અને પોતાના સુખી ધરના

સુખવાસને કાંઇભી સડો લાગે, તે આગમજ, આ 'નેકનામ નગીના'ને સેવટ સુધી પારે ઉતારવાના તે એકદંમ ડેડાવ ઉપર રાતોરાત આવી ગયો.

સહવારું પડતાંજ મંનચી પોતાની ધણીઆંણીને પોતાની ગોઠવણો જણાવી બાહાર પડયો, અને સોલીભાઇનો એક દોસ્ત–જે સોલીનાજ જેવો ભારીઓ ખાંપરીઓ હતો—તેને મલી તેની કલબનો પત્તો મેલવી તે નાયગાંમ તરફ મારતી ગાડીએ જઇ પુગ્યો.

આ ખરેખર કાંઇ 'કલબ' નહી હતી, પણ ખાવી પીવા અને નાચ રંગ માટે રાખેલુ-એક મકાંન હતું.! ખરૂં જોતાં નો નાચ રંગના ખોટાં 'ઓઠાં' હેઠલ, આ મકાંન સોલીભઇએ રાખ્યું હતું! કેમકે, નાચરંગ તો એ મકાંનમા જવલેજ થતા હતા, પણ કોઇ કોઇ વખત, સોલીના દોસ્તો ખાંણી પીણી કરવા, આગમજથી ગોઠવણ કરી ઉતરી પડતા હતા.

અને તેટલાં વાસતે એ મકાંનનો સઘળો નીભાવ ખરચ, સોલી પોતે નીભાવતો હતો. એ મકાંનની મુલાકાત સોલી હંમેશ લેતો હતો. હીંયાં તે પોતાના ધંધાને લગતાં કેટલાક ખાંનગી–કાયદા વીરૂધ—કાંમો, જે પોતાની ઓફીસમા તે કરી નહી શકતો, તે આ એકાંત મકાંનમા પોતાના કલ્લાં સાથ મલી બજાવતો હતો! હીંયાં તે ખોટા સાક્ષીઓ ઉભા કરવાની પોતાના કુલોને સલ્લાહા આપતો! તેમજ ખોટા સાક્ષીઓને શીક્ષણ આપવા તે બોલાવતો હતો! હીંયા, તે ખોટાં દસતાવેજો ઉભા કરવા માટે 'ફોરજરી' કરનારને મલતો, તેમજ 'પરજરી' કરનારાઓની તે મુલાકાત લેતો! એવાં કાંમો માટે રાખેલાં આ મકાંનને, તેણે સંગારી સોહાંમણું કીધું હતું, અને તે મકાંનના કંમપાઉન્ડના ગેટ ઉપર

સૉ લી ટૅ ર.

એવું એક પાટિયું મારેલુ હતું!

સોલીભઇ એ મકાંન કાંઇ એજ કાંમ સર વાપરતો નહી હતો. પણ

એ કાંમ ઉપરાંત ,પોતાની હરાંમ જીંદગીના દીવસો હરાંમ ઇલ્લતમાં ગુજારવા માટે, સોલીભઇ સોલીસીટર આ મકાનમા આવતો જતો હોવાથી, એ મકાંનમા એક પારસી બાવરચી, એક મસાલ, અને માલી, મલી ત્રણ નોકરો તેણે રાખેલા હતાં. એ સઘલા નોકરો સોલીની આવી ધીકકારવા જોગ ચાલથી, તેની તરફ લાંબો વખત થયો, બેદીલ અને નાફરમાન થઇ રહ્યાં હતા. 'સૉલીટૅરમા' મંનચી તેજ દીવસે સહવારના મારતી ગાડીએ જઇ ચહડયો, અને સોલીના બાવરચી, કાવસા કાકાને મલી, સોલીભઇની વાત છેડી, અને સોલીનુ નામ સાંભલતાંજ તે અઘોર ઉંમરનો પારસી ભડકી ઉઠયો:-

"કેમ! વલી સોલીશેઠનુ તમુનેબી કંઇ કાંમ પડયું? કેમ તમેબી કંઇ ઉંડાં પાણીમા ફરોછ કે શું? પણ ભાઇ જુવોની, 'સો દાહાડા સાસુના તો એક દાહાડો વહુનો.' તેમ એક દાહાડો પાંસરાં એવાં તો સેકાઇ જસે કે,-

"પણ કાકા—તમે સોલીશેઠના નોકર થઇ, એવી લાંબી ટુંકી વાત શાંની કરોછ? એવનને હું મલવા માગુછ?" મંનચીએ જવાબ દીધો.

"અરે મુવા નોકરના થતા!" કાવસો બોલ્યો. "એવા શેઠની નોકરીમાં કોઇ દાહાડો બતએ જવાનો સોદો! શેઠ કોણનો? શેઠ એવા હોય કે? નામ તારે સોલીસીટર! ભપકો કરે બાર ગામનો! અને કાંમ કરે એવાં, કે બોલવામા સાર નહી!"

"પણ કાકા—જરા ભેદ ખોલીને બોલો." મંનચીએ સવાલ કીધો. "એવન હીંયાં કેટલે વાગે આવવાના છે?"

"પણ તમુને શું એવને હીંયાં તેરેલા કે?" કાવસાએ અજબ થઇ પુછયું.

"નહી? તેરેલો તો નથી, પણ હું પોતે આવેલો!"

"તાહારે તમારો મેલાપ થશે નહી." કાવસાએ ડોકુ ધુનાવ્યું. "એવન તો આજે મોહોટાં રોકાંણમા પડવાના! કેમકે આજે સહવારનાજ મને કેહરાવેલું, કે તેવન કોઇ લફરાંને લેઇ, બે, અડી વાગાને સુમારે હીંયાં આવવાના છે."

"લફડું! લફડું શાંનુ!" મંનચી અંજાણો થઇ બોલ્યો.

"અરે વરી એનાજ જેવી કોઇ રખડતી રઝડતી હોસે!" કાવસાએ જવાબ દીધો. "પણ તમુને શું કાંમ છે?"

આ વાતચીત થતાંજ મંનચીએ પોતાની મતલબ કાવસાને ખોલીને જણાવી, અને બેદીલ બનેલો કાવસો, સોલીભઇને ઠેકાંણે લાવવા માટે, મંનચીને તેના કાંમમા મદદ આપવા તઇયાર થયો. તે તુરતજ મંનચીને માલ ઉપર લેઇ ગયો, અને માલ પરની સઘલી જગા તેને દેખાડી. કાવસાએ ઉંચો થઇ જવા મંનચીને કબુલાત આપી, અને મંનચી સોલીના આવવા આગમજ, સુવાના ઓરડામા મુકેલા મેલાં કપડાંના કરંનડીયામા પીસટોલ લેઇ ભરાયા પછી, શું સેવટ આવ્યું, તે વાંચનારે જોઇ લીધું છે.

એ બનાવ પછી, કાવસાએ સોલીભઇની નોકરી છોડી દીધી. સોલીભઇની મોહોટી રૂસવાઇ થઇ તેને મોહોટી ખેજાલત લાગી. હજી તો આવતી કાલે સેશનમાં કેસ ચલાવવા માટે હાજર થવાનું હતુ! હજી તો તેને બૅરીસટરો સાથે 'કૉનફરન્સ' કરવા જવાનું હતું, પણ તે આગમજ આ નામોસીભરયા બનાવથી, તેના મગજની હાલત એવી તો અસ્થીર બની ગઇ, કે તે પોતાનું આવતી કાલનુ કાંમ પણ ભુલી ગીયો. પણ—

પણ—તમુને યાદ તો હશે.

"નકટાં ગાંમમા નકટાં વસે!
અને, ખાસડાં ખાઇને ખડખડ હસે!"

વધુ લખવાની જરૂર નથી. એ પછી શું બન્યું તે વાંચવાની, વીચારવાની, ખ્યાલ કરવાની, અને દુરઅંદેશીથી મારી વારતાના આ એક અગતના બનાવ ઉપર મત બાંધવાનું કાંમ હું મારા મેહરબાંન વાંચકોને સોંપું છુ.

પ્રકરણ ૨૧ મું.

સેશંન જજનો ચુકાદો.

"ચંપા બાગની કૉનઝરવેટરીમાં બનેલા પેલા ગંભખાર બનાવને લગભગ બે મહીના થઇ ગયા.

અંતે મુંબઇની પારસી પ્રજાની ઇંતેજારી વચ્ચે એપ્રેલ માસની સેશંનનો દીવસ નજદીક આવી લાગ્યો.

રૂસ્તમ જામુલીના કેસની તપાસ એજ સેશંનમા ચાલનાર હતી. બેહરામશાહની બાંનુની તબીયત તેણીને થએલા જખમં પછી સુધરતી ગઇ છે, અને હવે તેણીના જીવવાની દરેક આશા છે, એવું મત સરજયનોની એક કમીટીએ 'કનસલટેશન' કરી જાહેર કીધાની ખબર, રૂસ્તમ જામુલીને તેના બંદીખાંનામાં પડતાંજ, તેણે પોતાના સોલીસીટરને પોતાની પાસે બોલાવી મંગાવી કહ્યું:—

"સોલીસીટર સાહેબ, સેશંનમા મારો કેસ નીકલવાનો દાહાડો હવે આવી લાગોછે."

"હા. પણ જજ કીએ દાહાડે બેસનાર છે, તે દીવસ હજી જાહેર થયો નથી,

"તાંહારે તે આગમજ મારે તમારી સાથ કાંઇક અગતની વાત કરવીછે." રૂસ્તમે વાત આગલ ચલાવી. "સેશંનમા મારે મારો બચાવ બીલકુલ કરવો નથી. હું પોતે એકરાર કરનાર છેઉં કે હું 'ગીલટી' છેઉં. પણ કોરટ મને સજા કરે, તે આગમજ મારી તમામ મીલકતનો હું મારે-મનપસંદ નીકાલ કરવા માગુછ. તમે શું ધારોછ સાહેબ? હું તેમ કરી શકું કે નહી?"

"અલબતા! તમુને તેમ કરવાનો હક છે."

"એમજ જો હોય, તો મારી તમામ મીલકત બેહરાંમશાહ દીલાવરખાંનની ધણીઆણી બાંનુબાઇના નામ ઉપર હું કરવા માગુંછ.

તે નેક અને ભલી બાઇની તરફ મે મારાં મંનની ઉસકેરાએલી હાલતમા, જે નહી માફ થાંય એવી ચાલ ચલાવીછ, તેના પસતાવા તરીકે, હું મારી તમામ દોલત અને મીલકતનો ભોગવંતો, તેણીને આપવા માગુછ. વાસ્તે એવી મતલબનુ એક પાકકું લખત તમે તઇઆર કરો, અને તેમા સાફ સાફ ખુલ્લાં બોલોમા એવું દરશાવજો, કે મારી તમામ મીલકત ઉપર પુરેપુરો હક, તે ભલી અને નેક બાંનુનોજ રહે, અને તેણીના ખાવીંદના કોઇબી કરજદારોનુ તે મીલકત ઉપર કાંઇબી ચાલે નહી. એટલુંજ નહી, પણ ખાનબાહાદુર બેહરાંમશાહની કેટલીક મીલકતો ઉપર મે જે નાંનાંની મોહટી રકમો ધીરેલી છે, તે સઘલી રકમો તથા તેનુ બ્યાજ, જે ઉપર મારો હક છે, તે સઘલું દીલાવરની બાંનુને મલવું જોઇએ. પણ આ મારી બક્ષેસ માટે એક ખાસ કરાર જે હું કરવા માગુછ, તે એ છે, કે એ મારી તમામ મીલકત ઉપર મજકુર બાંનુબાઇનો હક, તેની જીંદગી સુધીજ રહે, અને એ મીલકત કોઇતેબી ગીરવો કે ધાંન મુકવાનો, તેમજ વેચી નાખવાનો જરાબી હક તેણીને રહે નહી, અને બાંનુબાઇની કજા રજાએ, એ સઘલી મીલકત, ખાંનબાહાદુર બેહરાંમશાહના એક પુરા દીકરા દાદીબાને, યા દાદીબાના વારેસોને મલે. વકીલ સાહેબ મારી મતલબ તમે બરોબર સમજીયા કે?"

"હું સમજીયો મી૰ રૂસ્તમ." વકીલે જવાબ દીધો.

રૂસ્તમ જાબુલીની મતલબ પ્રમાણેનુ એક લખત તેના સોલીસીટરે સેશંન શરૂ થાય તે આગમજ તૈયાર કીધું, અને રૂસ્તમ જાબુલીએ તે ઉપર પોતાની સહી અને સાખ કીધી.

* * *

'મુંબઇના પારસીઓની ધંનતેજોરી' વચ્ચે એપ્રેલ માસની સેશંન શરૂ થઇ, અને અંતે રૂસ્તંમ જાબુલીની 'ત્રાયલ'નો દાહાડો આવી લાગ્યો.

લોક ચરચા નવેસરથી ઉસકેરાઇ. કેસને દાહાડે હાઇ કોરટ તરફ પારસીઓના ધારાંને ધારાં ૧૧ વાગ્યાથી જઇ ભેગાં થવા લાગ્યાં. અનેક

અટકલો થવા લાગી. અનેક વાતો ઘેરે ઘેર, અને કલબે કલબ ચાલી રહી. કોઇ કાંઇ કહે, કોઇ કાંઇ વીચારે. પણ ખરી વાત તો કોઇજ અટકલતું નહી હતું.

કોરટનુ દીવાંનખાનું અગીઆર વાગા સુધીમા ચીકાર ભરાઈ ગયું. જેઓ લાગવગવાલા હતા, તેઓ એક યા બીજી રીતે કોરટના દીવાંનખાંનામાં બેઠક મેલવી શકયા. બાકીનાઓ કોરટની બાહાર ધક્કા છક્કડ ખાતા ઉભા રેહ્યા. સાડા અગીઆર થતાંજ જજ સાહેબે આવી બેઠક લીધી, અને પહેલા મુકદમા તરીકે રૂસ્તંમ જાણુલીની તપાસ ચાલી.

રૂસ્તમ જાણુલીને 'ડૉકમા' હાજર કરવામા આવ્યો. દીલાવરખાંનના કુટુંબનું કોઇ પણ કોરટમાં દેખાતું નહી હતું. ના તો દાદીબા દેખાયો, કે ના તો ખાંનબાહાદુર બેહરામશાહ નજરે પડયા. સોલીભાઇ સોલીસીટર, બેહરામશાહ શેઠ તરફથી મુકદમાની ઉપર દેખરેખ રાખવા મીસ્ટર અલલતપ્પુ બારીસટરને લેઇ હાજર થયો હતો.

પુલીસ કોરટમા ચાલેલા મુકદમા પછી રૂસ્તંમ જાણુલીના દેખાવમા મોહટો ફેરફાર થઇ ગયો હતો. તેના ગાલ ફીક્ક પડી બેસી ગએલા, આંખમા ખાડા પડેલા, બાલ જે કાલા ભંમર જેવા હતાં, તે હવે છુટા છવાયા સફેદ થઇ ગએલા, અને તેનુ કદાવર કદ, અને સોહામણો ચેહરો, ઝબોલાઇ ગએલાં દેખાતાં હતા! ડૉકમા લાવી બેસાડતાંજ લોકોની નજર જેવી રૂસ્તંમ જાણુલી ઉપર પડી, તેવાંજ તેઓ ચ્ચ ચ્ચ કરી રેહ્યાં. સરવેની એકજ કીસમની દીલસોજી રૂસ્તંમ તરફ હતી, કે તે છુટી જાએ.

પણ એ દીલસોજીના અનેક કારણ હતાં. પહેલાં તો રૂસ્તંમે આવું કરપીન કાંમ કીધું હોય, એમ હજીબી લોક માનતુંજ નહી હતું. રૂસ્તંમના રફીકો, આ બનાવને ભેદના પરદામા વીટાલાએલો સમજતા હતા. તેઓ એટલુંજ બોલતા કેઃ— "રૂસ્તંમ ખુન કરેજ નહી. રૂસ્તંમથી આવું કામ થાયજ નહી. જે ગરીબોના દુખની દાજથી દાજી અવાર નવાર તેઓને છુપી રીતે મદદ કરે! જે કંઇક ગરીબોને ચુપ ચુપ માસીક પગારોની

સખાવત કરે ! કંઇએક મુફલીસોને નીભાવી લીએ ! એવો એક દુરંદેશી શખ્સ આવું કામ કરેજ નહી.”

રૂસ્તમના રફીકોના આવા વીચારો કોરટમાં છડેચોક બોલાતા હતા, અને લોક લાગણી, તે સાંભલી રૂસ્તમ તરફ ખુદરતીજ ખેંચાતી હતી. બીસ્યારે લોકોની ઠેઠ મચી રહી હતી. ધારાના હીમાએતીઓથી કોરટની કચેરી ભરાઇ ગઇ હતી. સઘલું ચુપચાપ હતું, તેવામા રૂસ્તમ જામુલીની ઉપર મેલાએલા આરોપ માટે કલાર્ક-ઑફ-ધી ક્રાઉને સવાલ કીધો.

“ રૂસ્તમ જામુલી. તારીખ ૧૧ મી ડીસેમ્બર ૧૯૦૬ ની રાતે ચંપાબાગની અંદર, ખાંનબહાદુર બેહરામશાહ દીલાવરખાને આપેલી પારટીવાલી રાતે, મીસીસ બાંનુબાઇ બેહરામશાહ દીલાવરખાંનનું, બાગ માહેલી કૉનઝરવેટીમા ખુન કરવાનો આરોપ તમારી ઉપર મુકવામા આવેલો છે. તમે શું કેહો છો ?” ગીલટી, ‘ નોટ ગીલટી.”

“ ગીલટી. ”

“ ગીલટી ?” બેંન્ચ ઉપરથી સેશંનં જડજે ફરી સવાલ કીધો.

“ હાં, માઇ લૉર્ડ. વાંક બધો મારોજ છે. મીસીસ દીલાવર બીલકુલ નીરદોશ અને નીશંકલંક છે, એમ હું આ કોરટ આગલ એકરાર કરૂંછ. મે તેનુ ખુન કરવાની કોશેસ કરી હતી. મે તેને છરીથી જખમ કીધો હતો. હું ગીલટી છેઉ. ”

રૂસ્તમે પોતાનુ બોલવું પુરૂં કીધું, અને હાજર રહેલાં લોકો, તથા કોરટના તમામ અમલદારો એક બીજાંના મોહોડાં જોવા લાગ્યા. તેઓ માહેલા કેટલાક તો ખુદ રૂસ્તમને ઓલખતા હતા, અને કેટલાક તો તેના ભાત્રો હતા અને કેટલાક તેના ગુણ અને સખાવતની વીગતેથી ખબરદાર હતા. તેઓ એક બીજાંમા બડબડતા સંભલાયા કેઃ- “ બીચારાનું મગજ ઠેકાણે નથી હો ! ”

પણ તેવામાં સોલીબાઇએ રોકેલા મી. અલલતપ્પુ બારીસટરે ઉઠીને કોરટને અરજ કીધીઃ—

" ખાનબાહાદુર બેહરામશાહના કુટુંબ તરફથી મને અરજ કરવાની ફરમાસ થઇ છે, કે આ મુકદમામા જે આરોપ તોહમતદાર ઉપર મુકવામા આવેલો છે, તે ઉપર તેઓ કસ્સુ દબાંન તેમજ ફરીઆદ કરતા નથી. તોહમતદાર મુંબઇની પારસી કોમના એક જાણીતા ગ્રહસ્થ છે. તેઓ મોહટી દોલતના માલેક છે, અને તેવન કેટલીક છુપી સખાવતના કરનાર તરીકે અત્યાર આગમજ જાણીતા થયલા છે. દેખઇતું છે, કે આવાં એક માન અને મરતબાવાલો પારસી, આવું કાંમ કરે નહી. દીલાવરખાંનના કુટુંબ તરફથી મને કહેવામા આવેલુ છે, કે તોહોમતદાર કોઇ કોઇ વખતે ગુસ્સામા આવી જ્યારે ઉસકેરાઇ જતા હતા, ત્યારે તેવન પોતાની ખરી હાલત ભુલી જતા હતા. ખાનબાહાદુર બેહરામશાહ તેમજ તેમના ધણીઆણી બાંનુબાઇ કોઇબી રીતે તોહમતદાર તરફ દુશમનાઇની નજરથી જોતાં નથી, પણ તેઓ તેની દયા ખાય છે, અને હું નામદાર કોરટને અરજ કરૂછુ, કે તોહોમતદાર ઉપર મહેરબાનીની રાહે દયા કરવી. તોહોમતદારે પોતાની ચાલ માટે સંતોશકારક ખુલાસો કીધો છે, એટલુંજ નહી, પણ પોતે કીધેલાં કાંમના પસતાવા તરીકે, પોતાની તમામ મીલકતનો ભોગવતો, તેણે મીસીસ દીલાવરને આપ્યો છે, અને તેવનની હયાતી બાદ, તેનો હક બેહરામશાહના એખલા વારેસ મી૦ દાદીબાને બક્ષેસ કીધો છે."

જુરીએ તોહમતદારના એકરાર ઉપરથી 'ગીલટી' મત જાહેર કીધું, અને સેશન જડજે ઘણોક વીચાર કરી દુરઅંદશીથી નીચલો ચુકાદો આપ્યો:—રૂસ્તમ જાંબુલી. તમારી ઉપર મુકવામાં આવેલાં બોહોતાંન બાબે તમો એકરાર કરો છો કે તમો ગીલટી છો, તમારા એકરાર મુજબ જ્યુરીએ તમુને ગીલ્ટી ઠેરવ્યા છે. મારૂં કાંમ હવે તમુને સજા કરવાનું છે. તમુને સજા કરવા આગમજ મને ઘણો વીચાર કરવો પડયો છે. જે સંજોગો વચ્ચે આ મુકદમો રજુ થયો છે, તે તરફ જોતાં હું એવું ફરમાઉછું, કે આં કોરટની મરજીમાં આવે ત્યાં સુધી તમારે સાદાં કેદખાનાની સજા ભોગવી"

* * *

રૂસ્તમ પોતાની સરજતને વીના આનાકાનીએ શરણ થયો. બીજો ઇલાજ હતોજ નહી. તુરંગમા તેને મોકલવાનો હુકમ થયાથી, તેને ત્યાં પહરેજ કરવામા આવ્યો. એ તેના કરમના લેખ હતા! એ તેની સરજત હતી!

કેદખાંને પડયા પછી બીજે દીવસે સુમારે બે વાગે તુરંગના દારોગાએ એક નવજવાંન પારસી છોકરીને લાવી રૂસ્તમ આગલ હાજર કીધી. રૂસ્તમ પોતાની કોટડીમા ઉંધે મસતકે પડેલો હતો. પોતાના આ એકાંતવાસમા એક કરતાં બબે જનના પગલાંના અવાજે સાંભલી રૂસ્તમે તુરતજ દરવાજાની બાહાર નજર કીધી, તો તેની અજાએબીનો પાર રહ્યો નહી. તેણે ચમકીને તુરતજ પુછ્યું.

"કોણ? ગુલીસ્તાંન! દીકરી ગુલ? તું હીંયાં!"

હા. તે ગુલીસ્તાંનજ હતી. રૂસ્તમને સજા થએલી સાંભલી, તે ત્યાં આવી હતી. ધ્રુજતી, કાંપતી, દલગીર, અને રડમસ આંખે રૂસ્તમની કોટડીમા તે દાખલ થઇ, અને તેની સાંમે તે નીચી નજર કરી ઉભી રહી.

"જી હા, હું ગુલીસ્તાંન છેઉં" તે કમનસીબ છોકરીએ જવાબ દીધો. "મી० રૂસ્તમ, મારા આવ્યાથી જો તમારૂં દીલ દુખાયું હોય,, તો હું તમારી માફી ચાંહુંછ. જાહારથી મે સાંભલીયુંછ, કે તમુને આવી રીતની સજા થઇછે, તાહારથી તમુને મલવા મારો જીવ વલખાં મારી રહ્યો હતો. એક નજરે ફરી તમુને જોવા, તમારાં દુખમા તમુને દીલાસો દેવા, મને કોણ જાણે કોણ હીંયાં ઘસડી લાયું તેની મને જરાબી સમજ પડતી નથી."

"ફીકર નહી, ફીકર નહી, દીકરા ગુલ. તું ગભરા ના." રૂસ્તમ ગુલનો હાથ પોતાના હાથમા પકડી બોલ્યો, અને તેજ વખત તેની આંખમા પાણી ભરાઇ ગયાં.

"તમારી આંખમા પાણી છે મી० રૂસ્તમ?" ગુલીસ્તાંન રડમસ થઇ બોલી. "મારા આયાથી તમુને—નહી જી, હું જાણુંછ— હું માફ માંગુછ— પણ—જી, મે તમુને નકામા——

"નહી. નહી. એમા માફ શાની માગેછ?" રૂસ્તમે પોતાનો ડીઓ તાણી લઇ ગુલીસ્તાંનને કહ્યું." હું મારી સરજત ઉપર સંતોશ કરૂંછ."

"સરજત!" ગુલીસ્તાંન અજબ થઇ બોલી. "તમો ગમે તે કહો, લોકો ગમે તે બોલે, પણ પરવરદેગારના સોગંદ ખાઇ, હાથમા કસતી અને ગરીઆણ પકરી હું તો કેહુંછ, કે તમે ગીલટી નથી."

"તું એમ માનેછ? ગુલીસ્તાંન! તું એમ ધારેછ?"

"હું ધારતી નથી, પણ હું માનુંછ, કે તમે એવું કાંમ કરો તેવા છેઓજ નહી." ગુલીસ્તાંને ભાર મુકી કેહ્યું. "તમે તમામ નીરદોશ, અને તમામ નીશકલંક છેઓ, એમ હું પુરેપુરૂ માનુછ. મને ખુદરતી એમ લાગેછ, કે તમે એ કાંમ કીધું નથી. આએ અજાએબ જેવા સંજોગોનો ગુચવાડાભરેલો ગાંઠ છોડવી, તમારૂં નીરદોશપણુ કોરટમા સાબેત કરવા કોઇથી બાહાર પડયુ નહી, અને તમે આએ જગામા આવી પડયા."

"ચાલ ચાલ ગુલમાયુ હવે બસ કર." રૂસ્તમે વાત ફેરવવાની મતલબથી કેહ્યું. "હવે એ મારી વાત પડતી મુક. કંઇ બીજી ખબર? પેલો દાદીબા તુને મલેછ કે?"

"તે દાહાડથીંજ હું તમારી ઉપકારી થઇછ." ગુલે જવાબ દીધો "તમારો મારી ઉપર કેવો ઉપકાર થયો મી૦ રૂસ્તંમ. મારે લાયકનુ કંઇબી કાંમ હોય તે મને કહેવો, હું તમારે સારૂ ખુશીથી બજાવસ. તમારા દોસ્તોના નામ જો મને આપો, તો તેઓને જઇ, હું પગે હાથે પડી તમારા છુટકારા સારૂ—

"એમ ના બોલ દીકરા ગુલ. એમ ના બોલ." રૂસ્તમે ગુલને સમજ પાડી." તુ એ વાતમા નહી સમજે દીકરા."

"તાહારે તો મે બીજી ભુલ કીધી. મે વગર સમજવે તમારૂ ફરીથી દીલ દુખવીયું મી૦ રૂસ્તમ."

"હવે તું મારે સારૂ કંઇ કરતી તો રેહી, પણ તુંજ કેહ કે તારે સારૂ હું શું કરૂં?" રૂસ્તમે ગુલની પીઠ ઉપર હાથ મુકી પુછયું. "હું આએ હાલતે

બુઢોછ ખરો, પણ નાગો ભુખો નથી દીકરા. મારી પાસે બીસ્યાર જર છે. તું કેહ કે તુને શું જોઇએછ?"

"નહી, નહી. એક અરધીબી નહી. તમારૂ બીસ્યાર જર મને શા ખપનુ મી૦ રૂસ્તમ?" ગુલ સેહજ અપમાન લઇ બોલી. "તમે શું એમ સમજોછ મી૦ રૂસ્તમ કે આએ જગા ઉપર હું તમારી આગલ પઇસાની મતલબથી આવીછ? હું તેવી નથી જી. ખુદા જાણેછ તેવી દયાંનતથી હું તમારી પાસે નથી આવી."

"ના, રડ, ના રડ, ગુલમાય ના રડ." રૂસ્તમે દીલાસો દીધો. "મે તારૂં દીલ દુખવીયું ખરૂં, પણ હું દલગીર છેઉ. ના રડ દીકરા. ખુદા તુને સુખી રાખે. ખુદા તુને ખુશી રાખે. ખુદા તુને કોઇનીબી મોહોતાજ નહી રાખે."

"સાહેબજી. હું તમારી રજા લેઉછ." ગુલે રૂસ્તમને શેકહેન્ડ કરી ચાલવા માંડયુ, અને રૂસ્તમ ડઘાઇ જઇ, તેણીને જોતો ઉભો. રૂસ્તમનો ઘણો વીચાર ગુલને ઉભી રાખી વાત કરવાનો હોવા છતાં, તે તેણીને અટકાવી કે ઠોભાવી શકયો નહી, અને તેટલી વારમાં તે જવાન છોકરી તેની કોટડીમાંથી નીકલી ગેઇ.

રૂસ્તમ જાબુલી ગુલીસ્તાંનના ઉમદા ગુણો, તેની બોલવાની છટા, અને દયાંનતદારી ઉપર આફરીન કરતો પોતાની એકાંત કોઠરીમાં પોતાની સરજતને શરણ થયો.,

તુરંગના દરવાજામાથી બાહાર પડતાંજ ગુલીસ્તાંને પોતાના ઘર તરફ ઉતાવલે પગલે ચાલવા માંડયું. પણ તેટલાંમાં એક નવોજ બનાવ બન્યો. ગુલીસ્તાંન ઘણે લાંબે નહી ગઇ તેટલાંમાં કોઇનો જાણીતો અવાજ, પીઠ પાછલથી તેણીને કાંને પડયો. આ અવાજ તેણીએ ઓલખ્યો.

"ગુલીસ્તાંન! ગુલ! ગુલીસ્તાંન!"

હજી તો પાછલ ફરી ગુલીસ્તાંન પોતાનું નાંમ પુકારનારને જોવા જતી હતી, તેટલાંમાં એકાએક પછવાડેથી તેણીનો હાથ કોઇએ પકડી લઇ કહ્યું:—

"હલ્લો! ગુલીસ્તાંન! તમે કાંહાં જાવોછ ડીઅર?"

એ કોણ?

તે દાદીબા હતો. ગુલીસ્તાંને પાછું ફરી જોયું, તો દાદીના હાથમાં તેણીએ પોતનાં હાથને પકડાએલો જોયો. તે હાથને ખરા પ્યાર અને મહોબતની લાગણીથી દાદીબા પકડી ઉભો, અને પોતાની વાહાલી માશુકની ચશંમના ચલકાટ ઉપર મરતો આ ખસમ, અચાનક ફરી એકવાર ગુલીસ્તાંન સાથ મીલાપ થવા માટે પોતાને નસીબદાર સમજવા લાગ્યો.

પ્રકરણ ૨૨ મું.

"કોટમાં! સરની સ્કુલ પાસ! ત્રણ વાગે!"

દાદી! એ વલી જોયમાંથી કાંહાંથી ફુટી નીકલીગો!

ગુલીસ્તાંન તેને જોતાંજ ઉધાઇ ગઇ! એટલી બધી ઉધાઇ ગેઇ, કે તે પોતાનો હાથ દાદીના હાથમાથી ખેંચી લેવો, કે રેહેવા દેવો, તેનો વિચાર કરવાનીબી સુધ તેનામા રેહી નહી. તોપણ અંતે તેણીને બોલ્યા વગર ચાલ્યુંજ નહી.

"મી૰ જમશેદ, એક નાવારેસ અને નીરાધાર છોકરીને હવે વધારે સતાવવાનું છોડી દેઓ."

"નહી, નહી. મને ખુલાસો કરવા દેઓ ગુલીસ્તાંન." દાદી કરગરી બોલ્યો. "તમે જાણોછ, કે તમારી અંદર મારો જીવ ભરાગોછ! તમે જાણોછ, કે હું તમુને કેટલો ચાહુંછ! મારો ચાહા અને મારો પ્યાર અથાગ છે. ગુલીસ્તાંન, ડીયર ગુલીસ્તાંન લગનના પવીત્ર ગાંઠથી હું તારી સાથ જોડાઇ મારો હાથ તમુને——

"મારો પીછો છોડો! ખુદા ખાતર એમ રસ્તે રસ્તે મને ઘેરતા ના ફરો." ગુલીસ્તાંન રડમસ થઇ બોલી.

"નહી, કદીબી નહી." દાદી બજીદ થવા લાગ્યો. "મારાંમા તુને મુકી છુટવાની શકતી નથી રેહી. તારૂં ઘેર શોધી કાહાડવાની હું કેટલા કેટલા દાહાડા થયા તજવીજ કરૂંછ. તારીથી છુટો પડયા પછી, હું એક કલાકબી તુને ભુલી નથી ગીયો ગુલ. પણ આજે આવી અચાનક રીતે આપણુને પાછાં મેલવવાની ખુદાની મરજી હશે, તાહારેજ આપણ મલીયાં કેની? ગુલ હું આજે તુને અરજ કરૂંછ, કે મારી ઉમેદનો નાશ ના કર. મારૂં તમામ સુખ, અને મારૂં ભવીશ તારે આધારે પડેલું છે."

આ સખુનોએ, આ કાકલુદીએ, અને આ ખુબસુરત જવાંનના એકરારે ગુલીસ્તાંનની હાલત પાછીહામાડોલ કરી નાખી. તે સમજી નહી શકી,

કે દાદીને શું જવાબ દેવો. તોપણ તે ધીમે કદમે આગલ ચાલવા લાગી, અને દાદીએ તેની સાથે સાથે ચાલવા માંડયું.

"પણ ગુલું, તું આએ તુરંગને રસ્તેથી આવતી મને દેખાઇ?" દાદીએ સવાલ કીધો. "તું શું મી૦ રૂસ્તમ જાબુલીને——

"હા. હું મી૦ જાબુલીને મલવા ગેઇ હતી." ગુલીસ્તાંને હીમતથી જવાબ દીધો. "એવનના જેવાં ભલાં અને નેક ઘણાંજ થોડાં માણુસ સુંબઇમા હશે. એટલુંજ નહી, પણ હું તો એવનને બીલકુલ નીરદોશ માનુછ."

"હા. નીરદોશ તો ખરો." દાદીએ જવાબ દીધો. "મગજની મસતીમા આવી, એક આદમી પોતાની ઉપરનો તમામ કાબુ ખોઇ દેઇ જે કાંમ કરે, તેમા તેની ઝાજી કસુર નહીજ કેહવાય! પણ બાનુ-બાઇને જખમ એનેજ કીધો, એમા તો જરાબી શક નથી."

"પણ એ બધી વાત કહી મને તમે શું સમજાવવા માંગોછ?" ગુલીસ્તાંન કંટાલી બોલી. "કેમ તમે મારો પીછો નથી છોડવાના?"

"નહી. નહી. ગુલીસ્તાંન એમ ના બોલ." દાદીએ ખુલાસો કરવા માંડયો. "મારૂં બોલવુ સાંભલી લે. પેલી મીસ બેનેટની સાથ મને મીત્રાચારી હતી, એ હું ના પાંડતો નથી. જવાંનીની જાહેલીમા જે રસ્તો ઘણાક ઉછાછલ જવાંનો લેતા રેહછ, તે રસ્તે હું કમબખત પણ ઉતરી પડેલો હોવાથી મીસ બેનેટની સંગતમા હું ફસી પડેલો હતો. પણ ખરા પવીત્ર પ્યારની અગંનમા સપડાયા આગમજનાં એ બધાં વલખાં હતાં. તારી તેજી ચશંમમા ચલકતો ચલકાટ જે દાહડાથી મારી નજરે પડીઓ, તે આગમજની મારી એ હાલત હતી. તારી માશી ચાહાઉછ. તુંને જે દાહાડે ઘોડાના પગ તલે કચડાઇ જતી મે બચાવી, તેજ દીવસે સહવારના મીસ બેનેટને, તેણીને ઘેર બીજે દાહાડે મલવા સારૂં, મે ચીઠી લખી હતી. પણ જે દાહાડે સાંજનાં મીસ બેનેટને મલવા સારૂં મે ગોઠવણ કરી હતી, તેજ દાહાડે સાંજના આપણું વીકટોરીયા ગારડનમા મલવાનું 'ઍપૉઇન્ટમૅન્ટ' થવાથી, હું મીસ બેનેટને ઘેર જઇ શકયો નહી. તે ઉપરથી તે શકમંદ બની, અને

મારી રાહા જોઇ અંતે કંટાલી, વીકટોરીયા ગારડનમા તે ફરવા નીકલી પડી, અને મને તારી સાથે જોઇ તે છેડાઇ પડી. તારા પ્યારની આશા, અને તારા જેવી એક ખુબસુરત મોહોરદાર મલવાની ઉમેદમાં, હું એટલો તો સંતોશી બની ગીયો; કે મે મીસ એનેટની જરાબી દરકાર કીધી નહી. હું ઍપૉઇન્ટમૅન્ટ પ્રમાણે તેણીને મલી શકનાર નથી, એમ તેણીને લખવાનીબી મે દરકાર કીધી નહી, અને અંતે સેવટ તેવુંજ આયું. વીકટોરીયા ગારડનમાં બનેલા બનાવ પછી, હું તેણીને મુકી છુટોછ. આ મારો પ્રમાણીક એકરાર છે."

"હા. પ્રમાણીક તો ખરો." ગુલ સઘલું સાંભલી બોલી.

"તાહારે ગુલ, મારો એકરાર તું માનેછ!" દાદી ખુશી થઇ બોલ્યો. "પણ એ સઘલું જાણીયા પછી, તું મને ધીક્કારતી તો નથી.?"

"નહી. નહી. હું તમારૂં બોલેલું બોલેબોલ માંનુછ દાદી." ગુલીસ્તાંનના ધ્યાંનમા દાદીના પ્રમાણીક એકરારે પાછો બીજીવાર છાપ મારયાથી તે બોલી. "હું તમુને ધીક્કારતી નથી."

"તાહારે તું મને ચાહેછ, એમ હું માનુછ." દાદી હરખાઇ જઇ બોલ્યો." ગુલ ડીયર, ડીયર ગુલ, તું મને અંતે સુખી કરશે."

"એ રસ્તાં ઉપર એમ શું ચેરાં કાહારોછ દાદી." ગુલીસ્તાંન લજવાઇ જઇ બોલી. "કોઇ જોશે તો ——

"પણ હવે-હવે ડીયર, હવે-હ-વે——

"હવે શુ?"

"હવે હું તારાથી વધુ જુદો પડી શકું એમ નથી." દાદીએ પોતાની હાલત જણાવી. "ગુલ, હું તુને મારી મોહોરદાર બનાવી તુને સુખી કરી, હું પોતે સુખી થવા માગુંછ."

ગુલીસ્તાંન હવે વીચારમા પડી. પોતાના સુખની ઘડી, પાછી તેણીની નજર સાંમે એકવાર ફરી આવી ઉભેલી જોઇ, તે મનમા મલકાઇ ભવીશના સુખનો વીચાર કરતી ઉભી.

તે શું જવાબ દીએ?

લગન? લગનની સગવડો અને લગનના અરાબા ગુલીસ્તાંન શું જાણે? તેણીએ કોણુનાં લગન વસાવેલાં, અને કોણને લગન વંસાવતાં જોયલાં, કે લગનના કારભાર અને અરાબાથી તે જાણીતી હોય? દાદીના સવાલનો તે શું જવાબ આપે? તે હા કહે કે ના કહે? તેને સમજ નહી પડે, કે શું જવાબ દેવો.

તોપણ એક વીચાર ગુલીસ્તાંનને જે સુજ પડયો, તે એ હતો, કે તે કોણ સાથ લગનના ગાંઠથી જોડાવા તઇઆર થઇ હતી? જે ધણી તેની સાથ પરણવા તઇયાર થયોછ, તે કોણ છે, તે શું કરે છે, અને તે કોણનો નબીરો છે, તે વટીક તે જાણતી નથી. ત્યારે એવા એક અંજાણીયાને એકદમ પરણવા ગુલીસ્તાંને કેમ હા પાડે?

• પણ ગુલીસ્તાંન મનમાં ચહડ ઉતર કરતા તરંગો દાદી તુરત સમજી ગયો, અને તેજ વખત તે બોલ્યોઃ—"હું સમજુંછ ડીયર, કે તું શું વીચાર કરેછ. ખરી વાત છે, કે તું મને હજી ઓલખતી નથી, અને———

"અને તેમજ તમે મને બરોબર ઓલખતા નથી." ગુલીસ્તાંને જવાબ દીધો. "તમે જાણી જાણીને એટલુંજ જાણોછ, કે હું એક ગરીબ નીરાધાર માય બાપ વગરની છોકરી છેઉં. મારૂં ગુજરાન મને ભરી સીવી કરવું પડેછ, અને ખીતમા જોશો તો તાબેદારી અને પ્યાર સીવાય બીજું મારી પાસે કાંઇ નથી. મી૰ દાદી, તમે મને પરણો, તે આગમજ તમારાં સગાં વાહાલાં અને ખેરખ્વાહોને જરા મલી———

"છટ છટ! હું મારી મરજીનો માલેક છેઉં." દાદી બોલ્યો. "મારી બઇરીને હું પસંદ કરૂ, કે મારાં સગાં પસંદ કરે? ગુલ, મને તારા સખુન ઉપર વીસ્વાસ છે. આવતી કાલે આપણ પાછાં મલીએ તો ઠીક. મને વચન આપ ડીયર, કે કાલે આપણ જરૂર મલશું."

"મલશું? કાંહાં?"

"કોટમા. સુરની સ્કુલ પાસ! બપોરના તણ વાગે!"

પ્રકરણ ૨૩ મું.

દાદીનો નાસો ઓસો! "આજે ચાંદરાત છે! આજે આપણ અદરાયાં!"

ગુલીસ્તાંનને સમજાવી લેતાં દાદીને કાંઇ ઝાઝી મુશકેલી પડી નહી.

આખર કરે પણ બઇરાં તે બઇરાં! બચારાં ભોલાં તો ખરાં! જરા લાંબા ટુંકા હાથ કીધા! જરા વાંકા થયા! જરા ટીકા થયા! જરા નરમ અવાજે બોલીયા! જરા આંખો મલમલાવી વસણાએલી દારના જેવું ડાચું કરી 'મારા સમ' 'તારા સમ' કીધાં, કે પીગલીને પાણી! આહાહાહા! બઇરાંની જાતને મનાવી લેતાં વાર કેટલી?

પણ બધાં બઇરાં જેમ ભોલાં ભટાક હોતાં નથી, તેમ બધા માટીડા પણ કાંઇ તેવા ફુલ ફટાક હોતા નથી! દાદીનું ગેરઇનસાફ થતો અટકાવવા જણાવવું જરૂરનુ છે, કે ગુલીસ્તાંનને જોતાંજ તે તેણીના પ્યારમા ફસી પડેલો હતો. ઇંગ્રેજો જેને Love at first sight કહે છે, તે બનાવ દાદીના બાબમા આબાદ બનેલો હતો.

આગલે દાહાડે આપેલી કબુલાત પ્રમાણે, ગુલીસ્તાંન પોતાના ભવીશના ખાવીંદને મલવા સારૂં તતપર થઇ રહી હતી. દાદી જેવો ખુબસુરત ભરથાર મેલવવા કાંઇ બધીજ છોકરીઓ ભાગ્યશાલી હોતી નથી! અલબતાં આ બામદાદના અધીપતીની ખાંનગી જીંદગી જાણ્યા પછી એવો ખાવીંદ મેલવવા કોઇબી રાજી થાય નહી, એ ખરી વાત છે! પણ હવે તે બીલકુલ સુધરી ગયો હતો. એટલુંજ નહી, પણ સુધરી જવા માટે દાદીએ ગુલીસ્તાંનને વચન અને ખાતરી આપી હતી, અને તે વચન તેણે પાલ્યું હતું, કેમકે મીસ બેનેટથી તે હવે છુટો પડયો હતો, અને ગયા મહીનાથી બામદાદના અધીપતી તરીકેના પોતાના ઓધાનું તેણે રાજીનામું પણ આપ્યું હતું.

ગુલીસ્તાંન પોતાના વાહાલા દાદીને ઍપૉઇન્ટમૅન્ટ પ્રમાણે ઠેડવેલે વખતે સરની સ્કુલ આગલ મલવા આવી ઉભી, અને દાદી તેણીને ત્યાં આવી

મલતાંજ, દરીઆ કીનારા તરફ, ગુલીસ્તાંન સાથ તેણે ચાલવા માંડયું.

આહા ! અંજના જેવી ગુલીસ્તાંન કદીબી ખુબસુરત લાગતી હતી નહી. ખુબસુરતીની તે જોયા રાણી હતી. જેઓ રાણીમા ખપવાના ફોકત ફાંફાં મારતાં હતાં, તેઓ તો આ રૂપાલી રૂપસુંદરી આગલ પાણી ભરતાં હતાં.

"ડીયર ગુલ, તારી કેવી મેહરબાની." દાદીએ વાત ચલાવી. "હું સમજીયો કે તું કદાચ નહી આવશે, પણ તુને જાહારે મે આવેલી જોઇ, તાહારે હવે મારી ખાતરી થઇ, કે તુ મને ચાહેછ. તુને જાહારે મે પેહલ્લી વાર જોઇ, તાહારેજ હું મારૂ દીલ ખોઇ બેઠો, કેમકે કોઇબી ઓરતની ખુબસુરતીએ એવો છાપ મારા દીલ ઉપર કદીબી નહી મારીયો હતો. તુને જાહારે મે બીજી વાર પેલા ઓનરેબલ મીο ઉસાજી મુસાજીની ગાડીના ઘોડા હેઠલ કચડાઇ જતી જોઇ, મારી જીંદગીને જોખમે મે બચાવી, તાહારે મને એવી બશારત થઇ, કે આએ ઓરત મારી સુખ દુખની સાથી થવાની છે. જાહારે ત્રીજી વાર વીકટોરીયાગારડનમાં આપણુ મલીયાં, તાહારે હું મારા દીલની તમામ હકીકત તુને કેહવા જતો હતો, પણ તેવામાં આપણુ છુટાં પડી ગીયાં. હું તારી શોધમાજ હતો, પણ તેવાંમાં ગઇ કાલે અચબુચ આપણુ ચોથી વાર મલીયાં, અને અન્તે મને થએલી બશારત પ્રમાણે, આપણું એકમેક સાથ જોડાવા સારૂંજ મલીયાં. ગુલ, બોલ, તું શું મને ચાહાતી નથી ?"

"દાદી, તમારૂં દીલ તમુને શું બશારત કરેછ વારૂં ?" ગુલીસ્તાંને દાદીના ચહેરા તરફ પેહલીજ વાર પ્યારભરી નજરથી જોઇ પુછયું.

"તેં મને યાદ કીધો તો ?" દાદી બોલ્યો.

"ના પુછો, દાદી તે વાતજ મને ના પુછો !" ગુલ બોલી. "તમારો અને તમારોજ વીચાર મને હંમેશ આવતો હતો. હું કેવી રડીછ ! અને હું કેટલી રડીછ ! તે વાત કોણ જાણેછ ?"

"ના રડ, ના રડ, મારા જાંન, ના રડ !" દાદીએ ગુલને સમજાવી કેહ્યું. "તારી તમામ દલગીરીનું મુલ કારણ હુંજ છેઉ."

સુરજ કેવારનો અસ્ત પામ્યો હતો. અંધારૂ થઇ જવાથી લોકોની આવજાવ બીલકુલ બંધ પડી હતી. દાદી ગુલની સાથે દરીઆ કીનારે સ્ટીમીંગ બાથ આગલની નવરી જગ્યા ઉપર બેસી, ધીમે અવાજે પોતાના ભવીશના સુખના પલાંન ઉપર પલાંન ગોઠવવામા ખુબ ધ્યાનથી રોકાયો હતો. અંતે આ પ્યાર કરતાં જોડાંની વાતચીત પુરી થઇ, અને છુટાં પડયા આગમજ, દાદીએ પોતાની ભવીશની માશુકને કમંરમાથી પકડી એક હેતભરયું ચુંબન કરી પુછયું:–"હવે ગુલ, આપણા લગનનો દાહાડો જલદી નકકી થવો જોઇએ."

લગન! લગન, એ બોલ સાંભલતાંજ ગુલ વીચારમા પડી. દાદીના સવાલનો તે કાંઇબી જવાબ આપી શકી નહી. લગન તે બીચારી કયાંથી કરે? માનમાંન સીવી સાંધીને પોતાનું પેટ ભરે, ત્યાં લગનની સાંમગ્રી માટે જોઇતાં કપડાં તે કયાંથી ખરીદે?

આ વીચારો ગુલીસ્તાંનના મગજમા દોડાદોડ કરી રેહ્યા. અત્યાર સુધી એ વીચારોનો તેણીને ખ્યાલ પણ નહી હતો, પણ જયારે લગનની માંગણી થઇ, અને દાદીએ લગનનો દીવસ નકકી કરવા કેહ્યું, ત્યારેજ ગુલીસ્તાંનના મગજમા આ વીચારોના ખ્યાલથી ગભરાટ ફેલાઇ રહ્યો. પણ દાદીએ પોતાની માશુકનો આ ગભરાટ જોઇ લીધો, અને તેણીના મનનુ સમાધાન કરવા કેહયું:–"ગુલ, આપણ આવતી કાલે પાછાં મલશું. મને તારી સાથ આપણા લગન સંબંધી વધુ ગોઠવણ કરવી છે. ડીયર, કાલે સાંજના ચાર વાગે તુ મને બોરીબંદરના સ્ટેશન ઉપર મલશે?"

દાદીનો વીચાર થયો, કે હવે તે પોતે પોતાનું નામ નીશાન અને ઠરઠેકાણું, ગુલીસ્તાંનને જાહેર કરી પોતે જાહેર થાય. પણ અનેક સબબોને લીધે તે તેમ કરતાં અચકાયો. "કદાચ મારાં મોહટાં ખાંનદાંનનુ નાંમ નીશાંન સાંભલી આએ શરમાલ ખવાસની છોકરી પોતાની ગરીબ અને મુફલીસ હાલતને લીધે ભાચકી જઇ મારી સાથ પરણવાને ના પાડે તો? ખરી વાત છે. લગનનું નકકી થયા વગર મારે એ ભેદ ખોલવો

નહી જોઇએ. વળી આવી મુફલીસ હાલતમા વસતી એક છોકરી સાથ હું પરણનાર છેઉ, એ વાત જો મારાં માય બાપના કે હર દોસ્તદારોના કાંન ઉપર ગેઇ, તો તે બધાં કાંચડ મારવા નીકલશે. વાસ્તે હાલ તુરત એ ખુલાસો કરવો ફાકત છે.”

દાદીએ, એવા વિચારમાને વીચારમા ગુલીસ્તાંનને દરીઆ કીનારેથી લઇ, બોરીબંદરના સ્ટેશન તરફ ચાલવા માંડયું, પણ તેવામાં ગુલીસ્તાંનને એકાએક, એક ઉંડી હાયનો દંમ ભરેતી સાંભલી તે બોલ્યોઃ—

“એ શું છે! ગુલીસ્તાંન વલી તુને શું યાદ આવું! ડીયર, તારી આંખમાં આંસુ છે?”

“નહી કંઇજ નહી. આવે વખતે મારાં માએ જો હોતે, તો તેમની મદદ મને કેટલી કાંમની થઇ પડતે.!” ગુલીસ્તાંન પોતાની રડતી આંખો લુછી બોલી. “માએ નહી તો એક ભાઇ હતે, યા કોઇ દોસ્તબી હોતે તો—

“દોસ્ત! ગુલીસ્તાંન, મારા જાંન, શું હું તારો મદદગાર નથી? હું તારો દોસ્ત નથી? તારાં સુખ અને દુખનો સાથી, તારી જીંદગીનો સોબતી, શું હું નથી?” દાદીએ ગુલીસ્તાંનને કહ્યું.

“ખરી વાત! મને માફ કરજો દાદી!” ગુલીસ્તાંને તેજ વખતે દાદીનો હાથ પોતાના હાથમાં પકડી, ઉપકાર અને પ્યારભરી લાગણીથી તે દાબી બોલી. “હવે તો મારી બધી આશા તમારી અંદરજ છે.”

“ગુલીસ્તાંન, મારા જાંન, મારૂં કેહ્યું સાંભલી લે.” દાદીએ કહ્યું: “આજથી મારાં સુખ અને દુખનો તું ભાગીદાર ઠરી ચુકીછ. મારૂં મરવું અને જીવવું તારી જીંદગી સાથ જોડાએલું છે. જાંહાં સુધી તું પરણીને મારી હકદાર બઇરી નહી થાય, તાંહાં સુધી મારાથી બનતી દરેક મદદો તારી સગવડ માટે કરવાની મારી ફરજ છે. તારા દીલમાં તું જરાબી ઓસકાતી ના. ગરીબોને કાંઇ નાખી દેવાના નથી. માતબરો પોતાની

ગુમાનીની ગુંચવણમાં અટવાયાજ કરવાના. સઘલાંજ તવંગરો કાંઇ નીતીવાંન હોતાં નથી, તેમજ સઘલાંજ ગરીબો કાંઇ અનીતીવાંન પણ હોતાં નથી.”

“જેમ તમારી મરજી. તમારી સલ્લાહ પ્રમાણે મારે ચાલવુંજ જોઇએ દાદા.” ગુલીસ્તાંને જવાબ દીધો.

“ તાહારે ડીયર ગુલીસ્તાંન, આવતી કાલે ચાર વાગે——

“ હું તમુને મલસ, દાદી.

તેઓ બંને જન છુટાં પડયાં.

ગુલીસ્તાંન પોતાના મકાન તરફ ચાલી. દાદીનો ઘણો વીચાર થયો, કે, તે પોતાની પ્યારની પુતરીને તેને ઘેર સુધી પોહોચાડે, યા તો તેણીના ઘરનું ઠેકાણું પુછે, પણ તેમ કરતાં તે અચકાયો. અચકાયો એટલાં માટે, કે ગુલીસ્તાંનને મબાદા તેથી અપમાન થાય.

* * * *

બીજે દીવસે ઠેડવેલે વખતે ગુલીસ્તાંન પોતાના બવીશાના ખાવીંદને મલવા, એ.રીબંદરના સ્ટેશન આગલ ગઇ. દાદી તેની વાર જોતોજ ત્યાં ઉભો હતો.

“ આવો આવો મોહટાં લોક ! એમજ તવલાવીયા કરશો કે કેમ ? ”

“ દાદીબા ——

“ દાદીબા નહી, પણ

“ હું ભુલી ! દાદી. મારા તો તમે દાદીજ ! ”

“ હા. ગુલીસ્તાંન.” દાદી બોલ્યો. “ હું તારો દાદી. તારો સદાનો દાદી. ગુલીસ્તાંન, આજે આપણ માર્કસ કંમપનીમા જઇએ. મારાં દીલની રાણીને હું આજે થોડીક “ પ્રૅઝંટ ” આપુંછ ! કેમ ડીયર, કબુલ કરશે કે ? ”

“ હું તમારી મરજીને આધીન છેઉ દાદી.” ગુલીસ્તાંને જવાબ દીધો.

તેઓ બંને જાંન એક ભાડુતી ગાડીમા બેસી માર્કસ કંમપનીમા ગયાં. ત્યાંથી દાદીએ કેટલુંક ઝવેરાત ખરીદી ગુલીસ્તાંનને પોતાની મોહોરદાર તરીકે તે ભેટ આપ્યુ, અને છુટાં પડતી વખતે દાદીએ એક બંધ પરબીડું ગુલીસ્તાંનના હાથમાં મુક્યુ.

“ એ શું છે દાદી ? ”

“ મારા જાંન, આજે ચાંદરાત છે. આજે આપણુ અદરાયાં, એમ તારે જાણવું. માર્કસ કંમપનીમાથી ખરીદેલી ચીજો, મારી મોહોરદારને મે આજની ચાંદરાતને મુબારક દીવસે ભેટ કીધીછ. આંએ ચીઠી તું ઘેર જઇ ઉઘાડજે. એમાં જે રૂપીઆ છે, તે મે તુને પેહરાવીયાછ ! ”

“ રૂપીઆ પેહરાવીયા ? ” ગુલીસ્તાંન ગભરાટમા પડી બોલી. “ તાહારે એમા રૂપીઆ ઉમેરીને મને તમુને પેહરાવવા પડશે.”

“ તે પેહરામણીના બદલામા હું તારી પાસ કંઇ બીજુંજ માંગુછ, ગુલીસ્તાંન ? ”

“ બીજું ? બીજું શું આપુ, દાદી ? મારી પાસે બીજું શું હોય ? ”

“ એક મીઠી કીસ ! ”

* * * *

એક કીસ લઇ દાદી છુટો પડયો. ગુલીસ્તાંન હરખભરી ઉમેદે ઘેર ગઇ. ઘેર જતાંજ તેણીએ દાદીનુ આપેલું પરબીડું ઉખેડી જોયું, તો તેમાથી સો સો રૂપીઆની દસ નોટ નીકલી.

“ એક હજાર રૂપીઆ ! ”

હા. દાદીએ આપેલાં પરબીડાંમાથી એક હજાર રૂપીઆ નીકલ્યા હતા. એ એક હજાર રૂપીઆ દાદીએ ગુલીસ્તાંનને પહેરામણી તરીકે આપ્યા હતા.

એ પછી દાદી ગુલીસ્તાંનને રોજ અવાર નવાર મલતો રહ્યો. તેઓ કોઇ વખત કોટમાં યુનીવરસીટી ગારડનમાં, તો કોઇ વખત દરીઆ કીનારે સ્વીમીંગ બાથ આગલ દરીઆની બાજુ તરફ મલતાં, તો કોઇ વખત વીક્ટોરીયા

ગારડનમા મલતાં હતાં. દાદી જેવાં માતબર કુલનો છોકરો, આવી રીતે ગુલીસ્તાંનને એકાંત જગે મલવાનું પસંદ કરતો હતો, તેનું મુખ્યં કારણ એ હતું, કે તેની ગરીબ માશુકના સંબંધની ખબર, પોતાના બાપ એહરામશાહથી તે છુપાવવા માંગતો હતો.

આવી રીતે છુપાતાં ભરાતાં દાદી અંતે કંટાલી ગયો. અંતે તેણે ઠેરાવ કીધો, કે વધુવાર આવા નાસાગોસાના દાવ ચાલવા દેવા નહી, અને એકાદ પખવાડીઆંમા ગુલીસ્તાંન સાથ પ્રરણી જવું.

દાદીએ અંતે પોતાનો એ વીચાર, ગુલીસ્તાંનને જાહેર કીધો, અને તે ભલી નીરદોશ છોકરીએ દાદીના કેહ્યા પ્રમાણે ચાલવાની કબુલાત આપી.

દાદીએ પોતાની ગરીબ અને મુફ્લેસ બહેરી સાથના પોતાના સંબંધની ખબર, પોતાના સાય બાપ તથા સંગા વાહલાંઓથી છુપાવવાની બેશક ઘણીજ સંભાલ આજ સુધી લીધી હતી. પણ તેની તમામ સંભાલ અને સાહાવચેતી છતાં, અત્યાર આગમજ એક બનાવ એવો બન્યો, કે તેની ખબર દાદીને આ વારતાના સેવટ સુધી પડી નહી.

વાંચનાર પુછશે કે તે શું હતુ.

હું અતરેજ તે જાહેર કરવાની જરૂર ધારૂં છું. દાદી જયારે ગુલીસ્તાંનને માર્કસ કંમપનીમા ચાંદરાતની સાંજે ઝવેરાત અપાવવા માટે લઇ ગયો, અને તે દુકાંનમા દાદી, ગુલીસ્તાંન સાથ વાત ચીતમા મશગુલ હતો, તેવામા દીલાવરની બાંનુબાઇની કંમપેનીયન, પેલી મીસ બાલફરનુ એકાએક તે રસ્તેથી જવું થયું, અને તેણીએ, દાદીઆને ગુલીસ્તાંન ઉપર અછો અછો થતો જોયો હતો. મીસ બાલફર આ દેખાવ જોઇ સંતોશ પામી નહી. દાદીઆ કોણુની સંગતમા ફરે છે, અને કોણુ સાથ આવી રીતનો તે વહેવાર રાખે છે, તે જોવા માટે, રસ્તા ઉપર એક મકાનને ઓઠે તે ઉભી રહી, તો તેણીએ ગુલીસ્તાંનને તુરત ઓલખી. વાંચનાર જાણે છે, કે ગુલીસ્તાંન, દીલાવરની બાંનુને તેનો પોલકો આપવા, અને વર્ક કલાસનુ બીલ ઉઘડાવા ચંપા બાગમા ગઇ હતી, અને મીસ બાલફર સાથ ત્યાં તેને કાંઇક વાતચીત થઇ હતી.

દાદી કેવાં અને કેટલાં ઉંડાં પાણીમાં માફ ફરે છે, તે આ બનાવપરથી મીસ બાલફરને શોધી કાહાડતાં વાર લાગી નહી. તેણીએ આ બંને જનોની પુઠે ચાલવા માડયું. દાદી ગુલીસ્તાંનથી છુટો પડી મલબાર હીલ તરફ નીકલી ગયો, અને મીસ બાલફરે, ગુલીસ્તાંનની પુઠ પકડી તેના મકાંનનો પત્તો મેલવ્યો.

પ્રકરણ ૨૪ મું.

દીકરીને વેચવા નીકલેલા બાવાજી !

આ ગડબડ ગોટાલાની અંદર ત્રણ મહીનાની મુદત બોલ બોલતાં પસાર થઇ ગઇ.

બાપરે ! બાપરે ! કંઇ વખત ચાલીઓં જાએછ ! જાણે પાણીનો રેલો ! ચંપા બાગમાં પારટી અપાયાને ત્રણ મહીના થયા હતા. બાંનુબાઇ ઉપર રૂસ્તમ જાંબુલીએ જે નીચ હુમલો કૉન્ઝરવેટરીમાં કીધો, તેનેબી ત્રણ મહીના થઇ ગયા હતા. પેલા સોલીભઇ સોલીસીટર સાથ ખાંનબહાદુર બેહરાંમશાહે, અરધી રાતના, ખુને બેસી ખત કીધાનેબી તેટલીજ મુદત થઇ ગઇ હતી.

હા. એ સઘલાં બનાવો બન્યાને ત્રણ મહીના થઇ ગયા હતા. સઘલું નવું જુનું થઇ ગયું હતું. લોક ચરચા ઠંડી થઇ ગઇ હતી. પણ એ ત્રણ મહીનાની મુદતમા બેહરામશાહ શેઠના કુટુંબમા શું શું ફેરફારો થઇ ગયા છે, તે જાંણવા જરૂરના છે.

દીલાવરની બાંનુને રૂસ્તમ જાંબુલીના હાથથી થાએલો જખમ ધારતી બરેલો હતો, પણ સરજ્યનોની બાહોશી અને ચાલાકીભરી માહાવજતથી તે રૂજાઇ ગયો હતો. બાંનુ જો કે બીલકુલ હવે તંનદોરોસ્ત હાલતમ હતાં, છત્તાં નબલાઇનું જોર હજી સેહજસાજ હતું. પણ આ બનાવ પછી, તેવને બાહાર જવું આવવું બીલકુલ બંધ કીધું હતું. તે એટલે સુધી, કે તેવન ઘરમાં પણ પોતાના ઓરડામાંથી બાહાર નીકલતાં નહી હતાં, અને નબલાઇનું બાહાણું કરી પોતાનું ખાવાનુંબી તેવને પોતાના ઓરડામાંજ મંગાવી એખલાં ખાતાં હતાં.

પેલો રંગતો, પંચી દાદી !-તે ખાઇ પીઇ પેલી ખુબસુરત દરજની ગુલીસ્તાંનના પ્યારમાં માથાના બાલથી તે પગના તલીયાં સુધી એવો તો ડુબી ગયો હતો; કે તે રાતનો ઉંઘમાંબી ગુલીસ્તાનનાજ સ્વપણા જોતો હતો! એટલુંજ નહી, પણ દીવસના જાગતી હાલતમાંબી તે ગુલીસ્તાંનનાજ સ્વપણા જોયા કરતો હતો! ટુંકમા ગુલીસ્તાંન-લેલી-નો દાદી-મજનુ હતો! ગુલીસ્તાંન-ઝુલીખાં-નો દાદી-યુસુફ હતો! ગુલીસ્તાંન-રોદાબે-નો દાદી-જાલ હતો! ગુલીસ્તાંન-મનીજેહ-નો દાદી-બેજન હતો! બીજું તે કંઇ જાણતોજ નહી હતો. ઘરબારની ખટપટમાં પડવાની તે જરાબી દરકાર કરતો નહી હતો. ઘેરમાં શું ઉંધુંચત્તું થઇ જાએ છે, તે તેની બલા જાણે! બુઢાપાના વખતમા તે પોતાના બાપની મુશકેલીમા મદદ કરવા રાજી હતો, પણ સોલીબઇ સાથ ખુને બેસી ખત કરતી વખતે તેના બાપે તેની બીલકુલ સલ્લાહ લીધી નથી, એવું જયારથી દાદીએ જાણ્યું, ત્યારથી પોતાના બાપના કાંમમાં માથું મારવાનું તેણે પડતું મુકયું હતું.--

પેલો માતબર જંગબારવાલો જેહાંગીર, બેહરાંમશાહની ખુબસુરત દીકરી જરના પ્યારંમા લપટાયલો હોવાથી, જો કે તે હજી જરની મુલાકાતે ચંપા બાગમાં આંવતો જતો હતો, પણ હજી સુધી જેહાંગીરે બેહરાંમશાહ આગલ જરના હાથની માગણી, બાંનુની માંદગીના સબબને લીધે, કીધી હતી નહી. તોપણ આ માતબર જવાંન, જરબાંનુને પોતાના દીલથી ચાહાતો હતો, અને જરને એવી દરેક ઉમેદ હતી, કે જેહાંગીર જે દાહાડેબી તેના હાથની માંગણી તેના બાપ આગલ કરશે, તે દાહાડે તેનો બાપ ના તો કહેશેજ નહી.

આમલીબઇ ઉરફે બેહરામશાહની વડી દીકરી એંમીલીની હાલત, ધોબીના પથર જેવી હતી! જવાંની અને ખુબસુરંતીમા ઉધરી રહેલી એંમીલી પોતાના ખવાસ અને સ્વભાવને લીધે હજી ઠર પડી હતી નહી! માતબર જવાંનો તેણીની સંગતમા બે ચાર દીવસ ફરતાંજ,

તેણીના સ્વભાવની પરીક્ષા કરી લઇ, તેઓ તેણીને પડતી મુકતા હતા. એવી રીતે ઍમીલી, આગેવાંન પારસી કુટુંબના કુમારા છોકરાઓની સંગતમા પરણવા અદરાવાની મતલબથી ફરતાં, ખાંનગી મંડલોમા ઍમીલને મશકરીમા ' Number Seventy Seven ' ના નામની ઉપમા મલી ગઇ હતી !

સોલીભઇ સોલીસીટર એ ત્રણ માસની મુદતમા બેહરામશાહાના ચંપા બાગમાં એવો તો પલાંઠો મારી ઠસી ગયો હતો, કે ઘરનો ઘણી હું અને બાહાર નીકલ તું, પ્રમાણેનો તેનો તમામ કારભાર ચંપા બાગમાં ચાલતો હતો ! તે ચંપા બાગમા ગમે ત્યારે આવતો, અને ગમે ત્યારે જતો હતો. તે ગમે ત્યારે, તેડે, વગર તેડે, જમતી વખતે આવી ટેબલ ઉપર બેસી, ઘરના માણસના જેવીજ હાકમી ચલાવતો, અને ઍમીલી તથા જરની સાથે કલાકોના કલાક સુધી બેસી-ટાએલાં કરતો હતો. ખુદ ઘરધણી બેહરામશાહ પણ તેના ગુલામ જેવા થઇ ગએલા જણાતા હતા, અને જેમ સોલીભઇ કહે, તે પ્રમાણે તેવન હાજી હા કરતા હતા.

પણ જવાંન જેહાંગીર, સોલીભઇની આવી અવીવેકી અને ઘાઇખોરા જેવી વરતનુકને લીધે, તેની તરફ ધીક્કારની નજરથી જોતો હતો. પણ તેનુ શું ચાલે ? તે કાંઇ ઘરધણી નહી હતો ? લુચ્છો સોલીભઇ એ સઘલું સમજતો તેમજ જાણતો હતો. તે સારી રવેસે જાણતો હતો, કે તેની આવી વરતુકનથી ઘરના દરેક જન તેની તરફ ધીક્કારથી જુવે છે, પણ તેની જરાબી દરકાર કે ફનવાર કીધા વગર, તે બીલકુલ અંજાણો થઇ ફરતો હતો, કેમકે તેની ખાતરી હતી કે આં ' ડુકટાંઓ ' તો શું, પણ ખુદ ઘરધણી બેહરાંમશાહ પણ તેને ચંપા બાગમા આવતો અટકાવી શકે એમ નહી હતું. —

એવી રીતેનો માંમલો ચંપા બાગમા ત્રણ મહીનાની અંદર ફેરવાઇ ગયો હતો.

દેખાતું હતું, કે માતબર જેહાંગીર, આ ખંધા અને જમાને ખાધેલ સોલીસીટરની આવી કીસમની આપખુદી સાંખી શકે એમ નહી હતું. આજ સુધી જેહાંગીરે આ સોલીસીટરની સરકશી ઉપર અખાડા કીધા હતા, પણ હવે તેણે વધુવાર એવો માંમલો ચાલતો અટકાવવાનો વીચાર કીધો. તેણે વધારે ખટપટમા જવું ઠીક ધારયું નહી, પણ જરના હાથની માંગણી કરી, આ વાત પડતી નાખવાનો ઠેડાવ કીધો. જેહાંગીરે એક દાહાડે પોતાનો આ વીચાર જરને જણાવ્યો, અને જરની રજાથી, જેહાંગીર, બેહરાંમશાહ શેઠને મલવા તેઓની લાઇબ્રેરીમાં ગયો.

જેહાંગીરે પોતાના દીલની ઉમેદ અને મનના વીચારો ધીરજથી બેહરાંમશાહની આગલ જાહેર કીધા, અને બેહરાંમશાહે તે ઘણીક ધીરજ, ઘણીક મુંઝવણ, ઘણીક દલગીરી, અને થોડી જેવી ખુશાલી વચ્ચે સાંભલી લઇ, અંતે જેહાંગીરને કેહ્યું:—" જેહાંગીરશાહ, તમારા વીચાર સાંભલી હું ખુશી થયોછ. અને જરબાંનુનીબી તેવીજ ખાએશ છે, એમ સાંભલીનેબી હું ખુશી છેઉ. તમારા જેવા ખાંનદાની આદમીના હાથમા મારી દીકરીના પાંખરાં આપવામા મને આનાકાંની શાંની હોય ! પણ—

" તાહારે મુરબી, તમારી પરવાનગીનીજ ખોટી છે." જેહાંગીરે જવાબ દીધો. " પણ શું ? "

" પણ હું શું કહેવા માગુંછ, તે હું તમુને સમજાવી શકતો નથી જેહાંગીર." બેહરાંમશાહ દલગીર ચેહરે બોલ્યા. " ડીયર મી૦ જેહાંગીર, તમે મને વચન આપો, કે જે વાત હુ તમુને કેહું, તે તમે ખાંનગી રાખશો."

" મારા પોતાના કસમ ખાઇ કેહુંછ, કે તમે જે કેહશો, તે હું કાઇનેબી જણાવનાર નથી."

" જરને તમે ચાહોછ તે હું જાણુંછ જેહાંગીર." બેહરાંમશાહે કહ્યું. " અને જાહારે તમે તેને એટલા બધા ચાહોછ, તાહારે તો તેનો પ્યાર મેલવવા ખાતર તમુને થોડો ઘણો ભોગ આપવો પડશે."

"ભોગ! ભોગ એટલે શું! સાહેબ, તમે શું બોલોછ, તેની મને કંઇ સમજ પડતી નથી?"

"ધારો—ધારો કે—ધારો—કે—"

બેહરામશાહની જીભ ઉપડી શકી નહી, અને જેહાંગીર પોતાની ચટપટ અટૂકાવી શકયો નહી.

"ધારૂં શું? ખાંનબાહાદુર સાહેબ. તમે મારી પાસ શું ધરાવોછ!"

"ધારો કે જરબાંનુ જેવી બઇરી મેળવવા સારૂં તમુને—તમુને કંઇ મોહટી રકમ આપવી પડે તો—

"રકમ આપવી પડે! એટલે!" જેહાંગીર અજબ થઇ બોલ્યો. "એઅદબી માફ છે, તમો સાહેબ શું જરબાંનુને વેચવા માગોછ.? બેહરામશાહ શેઠ તમે શું બોલોછ તેનો કંઇ તમુને વીચાર છે કે?"

"નહી, નહી. તમે મારૂં બોલેલું સમજો તો ખરા." બેહરામશાહ સમજુ પાડવા લાગ્યા. "તમે ઉસકેરાઇ ના જાવો જેહાંગીર. તમે એમ સમજો, કે તમે તમારા સસરાને જાણે મદદ કરોછ."

"દોસ્તીના હકમા, એક વખત અરધી રાતે, એક ધરખમ રકમ, તમારા કરજદારોને આપવા મે કાહાડી આપીછ." જેહાંગીરે જવાબ દીધો. "પણ લગનનું સાટું કરવા સારૂં એવી તમો મારી સાથ સરત કરો, તો તેવાં લગન તરફ હું ધીક્કારની નજરથી જોવસ."

જેહાંગીર, બેહરામશાહ પાસથી કુદીને ઉઠવા જતો હતો, પણ તેવામાં બેહરામશાહા બોલ્યાઃ—"જરા સબર કરો જેહાંગીર. મારી બધી હકીકત તમે હજી જાણુતા નથી. કમનસીબે મને તમારી પાસ એવી માંગણી કરવાની ફરજ પડીછ."

તાહારે સાહેબનો જવાબ એજ, કે, મારે તમુને એક મોહટી નાંનાંની રકમ આપવી, એને જરબાંનુ સાથ પરણી જવું!" જેહાંગીરે સવાલ કીધો.

"ભાઈ જેહાંગીર, તું મારાં દુખની વાત શું જાણે.?" બેહરામશાહે કગલીને જવાબ દીધો. "અરે મારી દીકરી તુને કેવી ચાહેછ તેનો તુને કંઇ વીચાર છે?"

"હા. મને તેનો વીચાર છે." જેહાંગીરે કહ્યું. "તેના સુખને સારૂં, અને તેની બહેતરીને સારૂં હું મારી પોતાની દોલત, મારાં માએ તરફથી મને મલેલો વારસો, અને મારા બાપનો તમામ ફાલો, હું ત્રસ્ટમા આપવા તૈયાર છેઉ. પણ જો તમે તમારી દીકરીના બદલામા મને ભોગ આપવા——

"જો તેમ તમે કરવા રાજી નહી હોવો તો——

"તો? તો શું?"

"તો દસ લાખ રૂપીઆ મને કોઇ શરાફની પાસ તમે ધીરાવો?" બેહરામશાહા લાચાર થઇ બોલ્યા.

"ધીરધાર કરવાની વાત તમારા પેલા વ્યાજખાઉ સોલીસીટર સોલીબઇ સાથ કરો.!" જેહાંગીરે તાંનો મારી કહ્યું.

"સોલી, પેલો બદમાસ-લોફર——

"ગમે તે હોય, પણ આજે તમારા ઘેરમાં તમારા કરતાં તેનું રાજ વધારે ચાલેછ!"

જેહાંગીર, બેહરામશાહ આગલથી ફફડી ચટકી ચાલી ગયો, અને બેહરામશાહ ડીગમુઢ થઇ ગયો. જર, જેહાંગીરની ઇંનતેજારીથી રાહા જોતી હતી, તેવામાં ઘરના કારભારીએ આવી તેણીના હાથમાં એક કાગજ મુકયું, અને જર તે ઉખેડી વાંચવા લાગી.

ડીયર જર—

દલગીરી સાથ તુને જણાઉંછ, કે તારા બાવા સાથની વાત ચીતનું પરીણાંમ તારી અને મારી મરજી વીરૂધ આયુંછ. હવે એ બીનાની વીગત લંબાવી દીલને વધુ દુખવવાની કરસી જરૂર નથી. તોપણ ડીયર જર, મારા સાચ્ચા પ્યારની નીશાંન તરીકે, હું કસમ ખાંઉછ, કે જાંહાં સુધી તું કુમારી રહેશે, તાંહાં સુધી હું કદીબી પરણનાર નથી.

લા. તારો વાહાલો

જેહાંગીર

જરેની નાસીપાસી, અને ઉદાસીનો પાર રહ્યો નહી. જેહાંગીરનો કાગજ વાંચતાંજ તે જારબેજાર રડવા લાગી, અને ફરી ફરી તે કાગજ વાંચી પોતાના દીલને મનાવા લાગી. પણ સઘલું ફોકટ.

પણ એવામાં તેણીની નજર તે કાગજમા લખેલી છેલ્લી લીટીઓપર પડતાંજ, તે મનમાં સંતોશ પકડી બોલી:—

"એ કોઇબી સાથ પરણવા ના લખેછ, એ કસમ ખાયછ. તાહારે તો મોડે કે વહેલે એ મારોજ થવાનો."

પ્રકરણ ૨૫ મું.

ઘર ભાંગુ ગોરી! કરતુકનુ કાલબુદ!

"કમ-ઇન, કમ-ઇન, મીસ બાલફર? કેમ મીસ બાલફર, આવડી મોડી રાતે આવવાની કંઇ તમુને જરૂર પડી?" બેહરામશાહે પોતાની લાઇબ્રેરીમા એકાએક મોડી રાતે મીસ બાલફરને આવેલી જોઇ સવાલ કીધો. "બાનુબઇની તબીયત——

"બાનુંબઇની તબીયત ઠીક છે." મીસ બાલફર બોલી. "હું તમુને રાત પડી તજદી આપવા માટે દલગીર છેઉ. હું તો નાહલ્લા શેઠ સારૂં ખાસ આવીછ."

"નાહલ્લા શેઠ!" બેહરામશાહે અજબ થઇ પુછયું. "કોણ? દાદીબા—તેનું શું?"

"મેહરબાની કરી જરી ધીરજથી મારૂં સાંભલશો તો સારૂ." મીસ બાલફર બોલી. "આસરે બડી કે ત્રણ મહીનાની વાત ઉપર, મોહટાંબાઇએ પોતાને સારૂં એક પોલકો, પારસી ફેમેલ વર્ક કલાસમાં સીવડાંવેલો હતો, તે પોલકો એકપારસીની છોકરી, ચંપા બાગમાં પોહોચાડવા સારૂં લેઇ આવી હતી."

"પણ તેનું શું?"

"જરા ધીરજેથી સાંભલો સાંહેબ. સમાચાર મોહોકાણના છે!" મડમે બેહરામશાહના ટાંકા ઢીલા કરવા કહ્યું.

"મોહોકાણના સમાચાર!" બેહરામશાહ ઉશ્કેરાઇ બોલ્યા. "વલી કંઇ નવી આફત—

"જરા ધીરેથી સાંભલો." મડમે આગલ ચલાવ્યું. "તે છોકરી જરા દેખાવલી અને ચબરાક હતી. ગેઇ કાલે હું કોટમાથી ચર્ચગેટ સ્ટેશન ઉપર જતી હતી, તેવામાં દાદી શેઠને એ છોકરીની સાથ મે મુાર્કસ કંમ્પાનીની

દુકાંનમાં પેઠેયા ! મે જાણ્યું હોસે ! મે એક બાજુ છુપાઇ દુરથી જોયું, તો દાદીશેઠને કેટલીક જનસો વેચાતી લેઇ તેનું બીલ ચુકાવતાં મે જોયા ! મે જાંણ્યુ હોસે ! વધારે ખંતી થઇ મે જોયું, તો તે બધી જનસો દાદી શેઠે પેલી છોકરીને આપી, અને તે તેને લીધી ! મે જાણ્યું હોસે ! પણ પછી મારી ધીરજ રહી નહી. તેઓ બંને જન દુકાંનમાથી બાહાર નીકલીયાં, અને મે તે લોકની પુઠ પકડી. દાદી શેઠ આઓ છોકરી ઉપર એટલો તો અછો અછો થઇ જવા લાગો, અને પેલી છોકરી દાદી શેઠ ઉપર એટલી બધી તો ઓધઇ પંથરઇ જવા લાગી, કે મારાથી તે જોવાઇ શકાયું નહી ! પણ તેવામા તેઓ બંને જન છુટાં પડીયાં. છુટાં પડતી વખતે મે જે કાંઇ બોલો દાદી શેઠને બોલતાં સાંભલી, તે ઉપરથી મે જાણ્યું, કે પેલી છોકરીના પ્યારમાં દાદી શેઠ પડેલા છે."

"છોકરીના પ્યારમા ! એક રખડતી રઝડતી, અને સીવી સાંધી પેટ ભરતી છોકરીના પ્યારમા દીલાવરખાંનના ખાંનદાનનો દીકરો પડે ! મીસ બાલફ્રર તમે કંઇબી સહરાબાત કીધા વગર બોલજો." બેહરાંમશાહનુ માંથુ ફરી જવાથી તેવન બોલ્યા. "મારો દીકરો એટલો બધો બેવકુફ બને, એ મારા માનવામાં આવતું નથી."

"તેવન જાહારે તે છોકરીથી છુટા પડતા હતા. તાહારે હું એક બાકુતી વીકટોરીઆને ઓઠે ઉભી રહી તેવનનુ બોલવું સાંભલતી હતી. હું કબુલ કરૂં છ, કે મે ઘનું ખોટું કાંમ કીધું ! પણ તમારી ઇજત અને તમારાં નામને ખાતર મે એવી હીંમત કીધી ! હું ઘણીજ દલગીર છેઉ સાહેબ, કે દાદી શેઠે આએ છોકરીને પોતાનો પ્યાર આપવા અગાઉ, પોતાના ખાંનદાનની ઇજતનો કાંઇબી વીચાર કીધો નહી. મે જે કાંઇ કાનેકાંન સાંભલીયું, તે હું તમુને કેહી શકતી નથી ! તે કેહવાની મારી હીંમતજ થતી નથી."

"શું ? એટલું બધું ?" બેહરાંમશાહ ખુરસીપરથી ઉઠી ઉભા થઇ બોલ્યા. "તાહારે તમે શું સાંભલીયું મીસ બાલફૂર ? બોલો ! બોલી દેઓ ! જેગી તમે સાંભલીયું હોય તે બોલી દેઓ !"

"દાદી શેઠે તે છોકરીને પરણવાનો કોલ આપીમોછ !" મીસ બાલફૂરે કહ્યું. "તે દીવસે ચાંદરાત હોવાથી દાદી શેઠે પેલું ઝવેરાત તે છોકરીને ભેટ આપીયું હતું."

"ઓ ! મુવો તું પેટેનો પડતો !" બેહરાંમશાહ એક હાય મારી, નીરાસ થઇ બોલ્યા. "મારી ઇજતની તુરખાની કરવા શું તેં જનમ લીધો ! પણ એ છુકરી છે કોણ ?"

"એ છોકરી ખુબસુરત છે. દેખાવલી છે. લાએકીવાલી છે. સાલેસ છે." મીસ બાલફૂર બોલી. "દાદી શેઠ તે છોકરીથી છુટા પડયા, પણ હું તેનાથી છુટી પડી નહી. હું તેની પુઠે પુઠે છેક તેને ઘેર સુધી જઇ તેનુ ઠેકાણુ જોઇ આવીછ !"

"તે કાંહાં રેહછ ?" શેઠે સવાલ કીધો.

"મજગાંમ." મડમ બોલી.

"તેનું નામ ?" શેઠે સવાલ કીધો.

"ગુલીસ્તાંન ! ગુલીસ્તાંન કેકાસજી સીકનદર !"

"ગુલીસ્તાંન ! ગુલીસ્તાંન કેકાસજી સીકનદર !" બેહરામશાહ વીચારમાં પડી બોલ્યા. "અહાં હવે બધી મને બરાબર સમજ પડેછ ! એમજ ! આએ છોકરીના પ્યારમા એ પડેલોજ હોવો જોઇએ, કેમકે હું કેટલુંક થયું એ છુકટાની ચાલચલન અને સ્વભાવમાં ઘણોજ ફેરફાર થયલો જોઉછ ! અગાઉના જેવો ભટકવેરો અને પગે સાવરણી હવે દેખાતીબી નથી ! બરોબર જમવાને વખતે ઘેરમાં એ રોજ દેખાયછ ! નહી તો મહીનાના તીસે દાહાડા બાહાર ભોમરતો તો ! કયે જતો આવતોબી નથી ! પારટી કે ડીનરના તેડાંનીબી દરકાર કરતો નથી ! કમબખ્ત છુકતો આએ કોઇ ચલકટી ચાઇચાંઇને જોઇ, તે

ઉપર મોહી પડી, રખે મારાં ખાંનદાંનને નામોસીમાં લાવી નાખે ! પણ નહી. હું તેમ કરવા દેઉ, તો એ પરણશેની ! બોલાવ એને અંહીયાં ! જોઉ એ શું કેહછ ?"

"અરરર ! સાહેબ ! સાહેબ !" મડમ ફુગલાઈ જઇ બોલી. "એ તમે શું કરોછો ! તમે જો ઉસકેરાઇ જશો, તો નાહલ્લા શેઠ વધારે બજીદ થશે ! મારી નાદાંનની અક્કલ ઉપર જો ભરસો હોય, અને જો આએ નામોસી-ભરીયાં લગન અટકાવવાનો, અને આએ છોકરીથી દાદીશેઠને છુટા પાડવાનો તમારો વીચાર હોય, તો એ કાંમ તમેં મારી મુનસફી ઉપર સોંપો."

"જો એ પીડાં બાહારો બાહાર પતી જતી હોય, તો ઘનુંજ સારૂ થાય." બેહરામશાહ ખુશી થઇ બોલ્યા. "મીસ બાલફુર, તમારી ઉપર મને વીસ્વાસ નહી કાંય હોય ? કોઇણી રીતે દાદી, આએ છોકરીના ફંદમાથી છુટો થાય, એવું તમે કરો."

"ઠીક છે. પણ એ વાત મોહાટાંબાઇને કાંને બીલકુલ જવી નહી જોઇએ સાહેબ !" મડમે કહ્યું.

"ઓ નો ! નૅવર ! બીજું કંઇ ?"

"હા. પણ એ કાંમમા તમારી મને સહેજ મદદ તો જરૂર જોઇશે ?"

"કેવી રીતે ?"

"આવતી કાલે સાંજના ચાર, સાડા ચારની વચ્ચે, દાદી શેઠ અને ઍમીલી સાથે તમે આપરી નવી લેન્ડોમા ફરવા નીકલજો.. દાદી શેઠ ઍમીલીની પાસે બેસે એવી ગોઠવણ કરજો, અને ગાડી સર જમશેદજીની ઇસ્પીતાલ આગલથી, કોટ તરફ સાડા ચાર વાગાને અમલે પસાર થાય, એવો હુકમ કોચમેનને કરજો."

"એજ કે ! અરે એમા શું મોહટુ કાંમ છે !"

"તાહારે દાદીશેઠને રાક્ષીસતાંનથી છુટો પાડવું, કાંઇ મુશકીલ કાંમ નથી !"

પ્રકરણ ૨૬ મું.

ધાંનમા ધુલ ! 'કરમની કાંહાંણી, કોઇએ નહી જાંણી !'

પોતાના દુખના દાહાડા વહી જઇ સુખના દાહાડા આવવાનો સમો થયો હોય, એમ ગુલીસ્તાંન પોતાના મનમા સમજી મગન થઇ રહી હતી.

"એક પખવાડીઆંમ હવે તો મારાં લગન થશે ! એક પખવાડીઆં પછી હું મારા માનીતા દાદીની મનમોહન માહાબુબ તરીકે જાહેર થવસ, અને એક પખવાડીઆં પછી મારો દાદી, મને પોતાના સગાં વાહાલાંઓ, અને દોસ્ત આસનાઓમાં પોતાની પરણેતર ધણીઆણી તરીકે 'ઇનટ્રોડયુસ' કરશે."

"એ કેવી ખુશાલી ! આએ મારી પરણુતી વખતે પેહરવાની સાડી ! ઓ માઇ ! કેટલી મોઘી ! અને આએ કસબી કોર ! એ કેવી સરસ લાગેછે ! આએ પોલકા જોઇ મને પેલો દીલાવરની બાંનુબઇનો પોલકો યાદ આવેછે ! અને તે પોલકો પેહલેથીજ ગમતો'તો, અને તેથી મે તેવોજ મારે સારૂ બનાવીયો ! હવે બાકી શું રેહ્યુંછ ?"

ગુલીસ્તાંન પોતાના લગનના કપડાં તઇયાર કરવાની ગડબડમાં પડેલી હતી. દાદી સાથે આજે કાંઇક વધુ ખરીદી કરવા માટે, તે સહવારના બાહાર ગએલી હતી. ત્યાંથી પાછી ફરતાં, બપોર થયાથી, તે દાદી પરાગ જેવી પાછી ફરતી હતી, તેવીજ તેની નજર, સાંમેથી આવતી મીસ બાલફર ઉપર પડી. ચંપા બાગમા ગુલીસ્તાંને મીસ બાલફરને એક વખત જોએલી હોવાથી, તેણીને તુરતજ ઓલખી, પણ ગુલીસ્તાંન તેણીને કાંઇપણી બોલે બોલાવે, તેટલાં મીસ બાલફરેજ ગુલીસ્તાંન તરફ જોઇ પુછવાં માડયું:—

"માફ કરજો હું, પણ તમારો ચેહરો મારા ધ્યાનમાં આવેછે ?"

"તમે મીસ બાલફૂર કે ?" નીરદોશ ગુલીસ્તાંન આ ફીતુરી ઓરતના ઢોંગ સમજ્યા વગર બોલી. "દીલાવરની બાંનુબઇના કંમપેનીયન ? મે તમુને ચંપા બાગમા એક વખત જોએલાં ! હું તાંહાં બાંનુબઇનો પોલકો લેઇ આવેલી તે તમુને યાદ છે. ?"

"ઓ યસ—યસ,—હા. હા ! તમે મીસ ગુલીસ્તાંન !" મીસ બાલફૂરે હસીને જવાબ દીધો. "હવે મે તમુને બરાબર ઓલખીયાં, કેમ, તમે સારી કાંની છેઓ કે ?"

"હા, હું તો સારી કાંની છેઉ મીસ બાલફર, પણ તમારાં બાંનુબઇ કેમ છે ?" ગુલીસ્તાંને ખબર પુછી. "તેવનનો જખમ રૂઝાયો કે ?"

"ઓ યસ. જખમ બીલકુલ રૂઝાયો." પેલી મડમે જવાબ દીધો. "પણ તબીયત જરા નરમ ગરમ ચાલેછ. હું તમુને રોકતી તો નથીની ? ઓ ! તડકું એટલું તો સખત પડેછ, કે મારાથી તો ચલાતુંબી નથી !"

"હું હીયાંજ રહેઉછ !" ગુલીસ્તાંને ખુલાસો કીધો. "પણ તમુને જો ઉતાવલ નહી હોય, તો ગરીબની ઝુપડીમા જરા આસાએસ લેવા આવો, તડકાથી તમે કંટાલી ગએલાંબી છેઓ, વાસ્તે—

"નહી. કોઇ બીજી વખતે હું—" મીસ બાલફૂરે ઢોંગ કરી આનાકાની કીધી.

"પણ બીજી વખત તમે કેમ આવી શકશો ?" ગુલીસ્તાંને તેને બોલતી અટકાવી કહ્યું. "મારૂં ઘેર તો તમે જોયુંબી નથી, તાહારે આવશો કેમ ? ચાલો, ચાલો, જરા ફેરો તો મારી જાવો !"

નીરદોશ ગુલીસ્તાંન, આ ઠગારી મડમને પોતાની સાથ પોતાને ઘેર લઈ ગઇ, અને ત્યાં પોતાની ગુજાસ પ્રમાણે તેની પરોણાંગત કરવા લાગી. મીસ બાલફૂરે ગુલીસ્તાંનને વાતચીતમાં એવી તો ઘેરી લીધી, કે તેઓ બંને જનને કેટલીક લાંબા વખતની ઘાડી દોસ્તી હોય, તેમ તેઓ એક બીજાં સાથ સુખ દુખની વાત કરવા લાગ્યાં.

" ઓરો ! આએ કસબી કોરની સાડી !" મીસ બાલફરે ગુલીસ્તાંનના ધોલીઆ ઉપર, એક કસબી કોર સાથની કીમતી કોબી ક્રેપની સાડી પડેલી જોઇ પુછ્યું. " કેવી સરસ કોર છે ! અને શું સરસ આએ કપડું છે !"

આએ કીંમતી કસબી સાડી જોતાંજ મીસ બાલફરની ખાતરી થઇ, કે ગુલીસ્તાંન પોતાની લંગનની તઇઆરી કરતી હતી. પણ તેજ વખત એક નવો ખ્યાલ તેણીને આવ્યો, કે દાદી જ્યારે ગુલીસ્તાંન સાથ પરણી તેણીને પોતાની ધણીઆણીજ કરવાનો વીચાર લઇ બેઠોછ, તો ગુલીસ્તાંનને આવી નાંહાંની અને ગરીબડી જગામાં હજી સુધી કેમ પડી રહેવા દીધી હશે ?

એ વીચાર આવતાંજ, આ ઠગારી મડમે તે ઉપરથી એક જુદોજ અને બાજબી સાર કાહાડયો. તેણીએ એવી તરક કીધી, અને તે ખરીજ તરક હતી, કે ગુલીસ્તાંન હજી સુધી દાદીની ખરી હાલતથી બેખબર હોવી જોઇએ, અને દાદી કોણ છે, તેથી તે બેશક અંજાણીજ હોવી જોઇએ. તેમ જો નહી હોતે, અને દાદી દીલાવરખાંનના બેહરાંમશાહનો દીકરો છે, એમ જો ગુલીસ્તાંન જાણુતી હોતે, તો તે કદીબી પોતાની સાસુ બાંનુબઇની ખબર, એમ વગર ઇનતેજારીએ તેણીને પુછતે નહી.

એ બધા વીચારો પેલી ઠગારી મડમના મગજમા બોલ બોલતાં ઉભા થયા, અને બોલ બોલતાં પુસાર થઇ ગયા. પોતાની ખાતરી થતાંજ તે બોલી:—

" કેવી મજેની સાડી છે ! પારસી બઇરાંઓની બધી ખુબસુરતી ખરૂં પુછાવો, તો તે લોકની સાડીમા છે ! ખચીત આએ સાડી ગુલીસ્તાંન તમુને ઘણીજ સોભશે !"

" તમે એમ ધારોછ મડમ ?" ગુલીસ્તાંને મીસ બાલફરનુ મત સાંભલી પુછ્યું.

"ખચીત, હું એમ ધારૂછ." મીસ બાલફર બોલી. " તમારાં કેટલાંક પારસીઓના બઇરાંઓ પોશાક અને માથેના બાલના બાબમાં કાંઇ પણ સમજ

વાપરીયા વગર હંમેશાં છબરડો કરેછ! ખરી વાત તો એ છે, કે હરેક આદમીના ચેહરા ઉપર જે રંગ શોભે, તે રંગના કપડાં તેઓ જો પેહડે, તોજ તેમની શોભામા વધારો થાય! તેમજ જેવો જેના ચહેરાનો ધાટ, તે ધાટને છાજે, એવી માથાના બાલની ફેશન કરવી જોઇએ! નહી કે જે રંગ આંખને સારો લાગે તે શોખને સારૂં પેહરવો, અને એક જને એક ફેશન બાલની રાખી, તો બીજાંઓએબી તેનીજ નકલ કરવી! પણ તેવાં દેખાદેખીથી ખુબસુરત બનવા જતાં, ઘણી વાર તેઓ પોતાની બદસુરતીમા વધારો કરી, બેવકુફીમા ખપેછ! પણ આએ સાડીના રંગથી ગુલીસ્તાંન તમારો ચેહરો શોભી રેહસે."

"એ તો રેહ્યું, પણ હવે જરા કંઇ લેશો મૅડમ?" ગુલીસ્તાંને પુછ્યું.

"નહી નહી." મડમે આનાકાંની કીધી. "મને કંઇ ગમતું નથી! આએ લત્તા તરફ એક કમનસીબ સંજોગ વચ્ચે મને આજે આધવાની ફરજ પડી, તેથીજ મારૂં હીંયાં આવવું થયું, અને તેવાંમી અચાનુચ તમારે મેલાપ થઇ ગીયો."

"ખચીત તેમજ હોવું જોઇએ મૅડમ." ગુલીસ્તાંન મડમની હાલત તરફ દયા કરી બોલી. "આટલી મુદત થઇ હું હીંયાં રેહુંછ, પણ મેં તો તમુને આજેજ આએ તરફ જોયાં! પણ આએ લત્તા તરફ આવવાનું કારણ?"

"કારણ—મારૂં કમનસીબ!" મીસ બાલફરે દગલબાજીના સામાનનો કોથલો ખોલવા માંડયો. "કારણ—તમારા પારસી પોરીઆઓની મોહોકાંણુ! આજ કાલ તમારા પારસીઓ પોતાની કોમની છોકરીઓને પડતી મુકી, ગોરી ગોરી મડમોની પછવાડે લાગાછ! શું કેહું મીસ ગુલીસ્તાંન, મારી એક નાહલ્લી બેન છે! તે એવી તો ખુબસુરત છે, કે તેની જેટલી તારીફ કરૂં તેટલી ઓછી! તે છોકરીની ખુબસુરતી જોઇ, એક ભાતબર પારસીનો દીકરો તેની ઉપર મોહી પડયો. તેની દોસ્તી કીધી, અને તેણીને પઇસાની લાલચ દેખાડી, તેની સાથ પરણવાની ગોઠવણ કીધી! યા તો પેલો પારસી પોતાનો

ધરમ છોડી ખ્રીસ્તી ધરમમાં વટલે, યા તો મારી બેહન પોતાનો ધરમ છોડી પારસી ધરમમાં જાએ ! પણ પારસી ધરમમા જુદદીનોને નહી લેવાની ગડબડ મારી બેહને જાણ્યા પછી, તેઓ બંને એવા ઠેરાવ ઉપર આવ્યાં, કે બંનેજને પોત પોતાના ધરમમાંજ રેહી, એક બીજા સાથ ધણી ધણીઆણી તરીકે વસવા માટે, એકાદ હમારાં દેવલમા પોતાના લગન રજીસ્ટર કરાવવાં ! મારી ગરીબ બેહન ! તે બીચારી પેલા ચંડાલ પારસીના મીઠા બોલો ઉપર લોભાઇ, પોતાનો તમામ વીસ્વાસ અને તમામ પ્યાર તેને સવાધીન કીધો. પણ તે નાપાક અંતે બેવફા થયો ! તેણે પોતાનો આપેલો કોલ પાલીઓ નહી ! મોહટી મોહટી આશાઓ તેણે મારી બેહનને આપી, તેની ઇજતનો નાશ કીધો, અને અંતે તે મુજી પારસી પોતાનીજ કોમની એક ખુબસુરત છોકરી સાથ પરણી ગીયો ! "

" અફસોસ ! મીસ બાલફર, તમારી બેહનની વાત જાણી હું ખચીત દલગીર છેઉ ! " ગુલીસ્તાંન આંખમા પાણી લાવી બોલી.

" મારી ગરીબ બેહન ! " પેલી ફીતુરી મડમે બોલવા માંડયું, અને ગુલીસ્તાંન તે ધ્યાંન દઇ સાંભલવા લાગી. " આએ બનાવથી તે તો ફાટીજ ગેઇ ! તેની તમામ આસાનો તે ચંડાલે નાશ કીધો, એવું જાણતાંજ તેણીનુ દીલ તુટી ગીયું, અને તેવા ગંમમાં તેણીને, ' હાર્ટ દીઝીસ ' થયું ! તે બીચારી મરવા પડીછ ! એક વખત તેની ખુબસુરતી એવી હતી, કે ભલાભલાઓ તે જોઇ ભંમરી ખાતા હતાં ! આજે ફકત હાડકાં અને ચાંમડાં સીવાય કાંઇ તેના આંગ ઉપર દેખાતું નથી. "

" એવા ચંડાલોને તો કોરટમા ઘસડી કાએદા પ્રમાણે સજા કરાવવી જોઇએ. " ગુલીસ્તાંન ગુસ્સે થઇ બોલી.

" તે બનાવને આજે કેટલાક મહીના થઇ ગીયા પછી, આજે સહવારના સર જમશેદજીની ઇસપીતાલ આગલથી પસાર થતાં, તે ચંડાલ પારસી ઉપર, મારી અચણુચ નજર પડી. " મીસ બાલફર બોલી. " મે

નક્કી ઠેડાવ કીધો, કે તેની પુઠ પકડી, તેને ઉઘાડો પાડવો. તેને આએજ તરફ કેથે જતો જોઇ, હું તેની પુઠે લાગી, પણ અંતે મારી નજર ચુકથી તે કેથે નીકલી ગીયો, અને તેની શોધ કરતી હું આએ તરફ નીકલી આવી."

"તમારી બેહનની હાલત ખરેખર દયા કરવા જોગ છે." ગુલીસ્તાંન બોલી. "એવા નાપાકોને મોહોને મેસ ચોપડી, ગધેડે બેસાડી, મોહલે ગોહલે ફેરવવા જોઇએ, કે દીકરીના મા બાપો એવાં કાલાં મેંઢાંને પોતાકા ઘેરમાં ઘાલતાં અચકાએ."

"તમે જો તે પારસીને નજરે જુવો, તો તમે કદીબી એવો વીચાર કરો નહી, કે તે મુજી એવો કરપીન હોસે." મડમ બોલી. "કેવો જવાંન! કેવો ખુબસુરત! કેવો દેખાવલો! ઉમરબી કાંઇ ઘણી નહી! પચીસેક વરશ હશે, પણ આવો તે કરતુકી છે, એમ કોઇબી તેને જોઇને, કેહેજ નહી!"

"અરે રબે કોઇ દેખાવ ઉપર લોભાતું!" ગુલીસ્તાંને ટીકા કીધા.

"જવાંન છોકરીઓએ આજના વખતમા ખાસ તપાસી ચાલવું જોઇએ." મંડમે જવાબ દીધો. "આજના વખતમા એવા ચીન ચલાકીઆઓ. બીરદોશ છોકરીઓની પુઠે ભમતા ફરતા હોય, તેના તેઓને શું ખબર? ગુલીસ્તાંન માફ કરજે, હું કંઇ તારે વાસ્તે કેહતી નથી, પણ હું તો એક દુનીયાંની વાત કેહુંછ."

"મીસ બાલફર હું જાણુંછ, કે તમે શું મતલબથી બોલોછ." ગુલીસ્તાંને જવાબ દીધો. "પણ મારો ધણી તેવો નથી! મે તેની ચાલ ચલણ અને ખવાસ જોઇ લીધાંછ. થોડા વખતમાં હું એવા ધણીની ધણીઆણી થવંસ કે——

"અહો! તાહારે આએ સાડી તો તમારાં લગનની દેખું?" પેલી ફીતુરી મડમ ખુશીનુ ડોલ ઘાલી બોલી. "તાહારે તો તમને હું મુબારખાદી આપુછ. પણ ઓહો! પેચુ ચાર થયા! ગુલીસ્તાંનુ હજી તો મને ડોકમાં

જવુંછ, અને તાંહાંથી હું ઘેર જવસ. મને હવે હીંગાંથી કોટમાં જવાનો રસ્તો---

" મીસ બાલફર તમે ગભરાવો ના. " ગુલીસ્તાંન વચમા બોલી પડી. " તમુને જો અડચણ નહી હોય, તો કોટ સુધી હું તમારી સાથ આવું. મને કોટમાં મારા કાપડીઆની દુકાને જવુંછ. "

" ઘનુજ સારૂં. " મડમે ખુશી થઇ જવાબ દીધો. " હું આએ તરફ કોઇ દાહાડેબી આવેલી નહી હોવાથી, મને બીલકુલ રસ્તો ખબર નથી."

ગુલીસ્તાંન તુરતજ તઇયાર થઇ, મીસ બાલફર સાથે કોટ તરફ જવા નીકલી. મીસ બાલફર જેવી ફીતુરી અને પ્રપંચી ઓરતના ફરેબને ભોલી ગુલીસ્તાંન પોહોચી શકી નહી. ગુલીસ્તાંને ગલીને નાકેથી ગાડી કરવાની તજવીજ કીધી, પણ મીસ બાલફરે અનેક બાંહાંણા કાહાડી, સરની ઇરપીતાલ સુધી ચાલી જવાની મતલબ દેખાડી, ત્યાંથી એકાદ ગાડીમાં બેસવાની ખાએશ જણાવ્યાથી, ગુલીસ્તાંને મડમ સાથ આગલ ચાલવા માંડયું.

વાત કરતાં, હસતાં બોલતાં, તેઓ સરની ઇરપીતાલ પાસ આવી પુગ્યાં, અને ત્યાંથી એકાદ ગાડી કરવાની તજવીજમા પડયાં. ગુલીસ્તાંન પોતાના ધ્યાંનમાંજ હતી, અને મીસ બાલફર, લાંબી નજર કરી ખાંનબહાદુર બેહરાંમશાહની ગાડી, તેવન સાથ કરેલી ગોઠવણ પ્રમાણે, એજ વખતે ત્યાંથી પસાર થવાની રાહા જોતી હતી.

પણ એવામાં એકાએક મીસ બાલફરે ચીસ પાડી, અને ગુલીસ્તાંનનો હાથ બાજુમાંથી પકડી લેઇ તે બોલી:—

" પેલો ! પેલો ! જો—જો—

એકાએક એ શું થયું !

મીસ બાલફરને દીવાંની જેવી બનેલી જોઇ, ગુલીસ્તાંન હેબતી ગેઇ, અને તે કાંઇબી પુછે, તે આગમજ મીસ બાલફરે ખાંનબહાદુર બેહરાંમશાહની ગાડી, જે તે વખતે તે રસ્તા ઉપરથી પસાર થઇ, આગમજથી કરેલી ગોઠવણ

સામેની કોટ તરફ જતી હતી, તે તરફ આંગલી કરી દાદીને તેની બેહન મોતી સાથ હસીને વાત કરતો ગુલીસ્તાંનને દેખાડી કહ્યું—

"જોયો કેની! પેલો ચંડાલ! પેલો મુજી પારસી! જો પેલી બે ઘોડાની ગાડીમાં પોતાની બાઇડી સાથે બેસી તે કેવી મજાહ કરેછ?"

ગુલીસ્તાંને તે ગાડી તરફ નજર કીધી, તો તેણીએ શું જોયું!

તેણીએ જોયું કે દાદી કોઇ ખુબસુરત બાઇડીના પાસાંમાં બેસી હસી હસી વાતો કરેછે! દાદીને જોતાંજ ગુલીસ્તાંને તેને ઓલખ્યો!

હા! તે દાદીજ હતો! દાદીને તેણીએ પીછાણ્યો! તોપણ હીંમત રાખી ગુલીસ્તાંને પેલી ફીતુરી મડમને પાછું પુછ્યું:—

"કોણ? કોણ!"

"અરેરે! તેજ! તેને તેં નહી જોયો!" બાલફૂરે ઢોંગ કરી પુછ્યું. "પેલી બે ઘોડાની ગાડીમાં?"

"હા! મે જોયો! તે કોણ?" ગુલીસ્તાંન ધ્રુજતી, ધપકતી છાતીએ, અરધી બેહોંશ હાલતમાં દબાતે અવાજે બોલી.

"પેલો ચંડાલ! મારી બેહનને ફસાવનાર! મારી બેહનને ફુસલાવનાર! અને પેલી તેની બાઇડીને જોઇ કે?"

"ઓ ખુદા! હું મુંઇ!"

અને તેજ વખત ગુલીસ્તાંન એક ચીસ પાડી ફુટ-પાથ ઉપર બેહોશ થઇ પડી.

પ્રકરણુ ૨૭ મું.

'મને તમારી વહુ બનાવો! તમારા દીકરાને તમે સંમજાવો!'

ત્રણ મહીનાની એક લાંબી મુદત, છેલ્લાં પ્રકરણમાં બનેલા બનાવને થઇ ગઇ.

એ ત્રણ મહીનાની મુદતમાં બેહરાંમશાહના કુટુંબમાં જાણવા જોગ બનાવો બની ગયા છે. ચંપા બાગમાંથી સુખની સોહાંમની સીકલ સદાની નાબુદ થઇ ગઇ છે, અને તેને બદલે દુખ અને દલીદ્રતા, વીચાર અને વમાસણ, ધાસ્તી અને હેબત, પોતાના નહેસ કદમ, એ સુખવાસી અને એક વખતના હસતાં રમતાં મકાનમા, ઘર કરી પડયાં છે.

વાહાલી અને નમાની જર, જેહાંગીરની જુદાઇના ઝુડાપામાં ઝુરતાં, અને પોતાના દીલની ઉમેદોનો નાશ થયાથી, એ ત્રણ મહીનામાં એવી તો નખાઇ ગઇ, કે તેથી તેની તબીયત અને તંદરોસ્તીમાં મોહોટો ફેરફાર થઇ ગયો. બેહરાંમશાહનો નાલાએક જવાબ મલ્યા પછી, જેહાંગીરે ચંપા બાગમાં જવાનું એકદમ બંધ કીધું, અને જર સાથેની જેહાંગીરની મુલાકાતો તે દીવસથી બંધ પડી. આ બનાવથી જરની તમામ ખુશી ખુશાલી ઉડી ગઇ, અને તે સાલેસ પણ નમાની છોકરી, પોતાના બવીશના તમામ સુખની આશા મુકી, ચંપા બાગમાં પોતાના ઓરડામાંજ પોતાની જીંદગીનું તમામ સુખ સમજવા લાગી.

દાદીનો હાલ તેથીબી બદતર થઇ ગયો હતો. તેને લાગેલો મોહોબતનો ગંમ, તેના જીગરને કાતરી ખાવા લાગ્યો. તેનો ખુબસૂરત અને સોહાંમનો ચેહરો, સોરાઇ સુકાઇ જવા લાગ્યો. તેના ચેહરા પરનો ચલકાટ; ઝાંખો પડી ગયો, અને પોતાની જીંદગીથી હવે તે કંટાલ જવા લાગ્યો.

ખાનબાહાદુર બેહરાંમશાહ પોતાની વાહાલી અને નમાની દીકરી જર, અને પોતાના એક પુરા વારેસ દાદીના આવા હાલ જોઇ, રાત દાહાડો સંતાપ કરતા હતા. પણ બેહરાંમશાહના દુખ અને સંતાપના કાંઇ એજ કારણ નહી હતાં. તેવનની જીંદગીના બીજા ખાંનગી બનાવોને લીધે, હવે તેવન અગાઉના જેવા રંગીલા અને મોજીલા હતાજ નહી. તેમ તેવનના ધણીઆણીના બાબમાં બનેલા છેલ્લા બનાવ પછી, તેવનની હાલતબી તેવીજ હાલહવાલ થઇ ગઇ હતી.

દીલાવરના બાંનુને મન દુનીયાં મરી ગઇ હતી! તેવનની તમામ દુનીયાં, તેવનનું તમામ સુખ, અને તેવનની તમામ મોજ, તેવન પોતાના ઓરડામાંજ સમજી બેઠાં હતાં. આવી ઉઘરતી જવાંનીમા, અને ખુબસુરતીના ખીલી રહેલા બાહારમા, જ્યારે પોતાનાં સુખના દાહાડા ભોગવવાનો વખત તેવનની સામે આવી ઊભો, ત્યારે નહી ધારેલા સંજોગો વચ્ચે, જે બનાવો તેવનુના બાબમાં બનવા પામ્યા, તે બનાવની અસરથી, તેવન છત્તે ધણીએ રંડાપો ભોગવતી ઓરતો મીસાલ, પોતાનાં ઓરડાંને વલગી રેહ્યાં. ફરવું હરવું, ખાવું પીવું, હસવું બોલવું, તેવમને મન ઝેર જેવાં કડવાં લાગવા લાગ્યાં. તેવનને મન તેવનની તમામ દુનીયાં તેવનના ઓરડામાંજ સમાએલી તેવન જોવા લાગ્યાં.

પણ આપણા આંમલીબઇ ઉરફે ઍમીલી! તેવનની તો વાતજ કરવી નહી! ચંપા બાગમાં જ્યારે કદમે કદમ પર, દલીદ્રતા, દુરદુશા, અને હેબતનાક ઉદાસી પોતાનાં ભયાંનક દરશણ દેખાડતાં હતાં, અને બેહરાંમશાહ, દાદીબા, બાંનુબઇ અને જર, જ્યારે પોતાના દુખમાં દાહાડા કાહાડી ગંમ ખાઇ જીવતાં હતાં, ત્યારે આપણા આમલીબઇ ઉરફે ઍમીલીને સરવેથી મોહોટી ધાસ્તી, અને સરવેથી મોહોટી ફીકર, પોતાની ફેશનો અને કપડાંની હતી! આખા ચંપા બાગમાં આ એકજ જીવડો નફકરો વસતો હતો!

તેણીને પોતાના બાપના સંતાપની, કે બેહનના દુખની જરાએફીકર હતી નહી! પોતાના એક પુરા ભાઇની સેહજબી ચીંતા તે કરતી હતી નહી! ખાવું પીવું, અને કયાં જવું, અને કોણને મલવું, શું પેહડવું અને શું નહી પહેડવું, એ મુખ્ય ફીકરોને લીધે ખુબસુરત આમલીબઇ મીઠાં મધ જેવાં હોવા છત્તાં, કડમાં ઝેર જેવાં લાગતાં હતાં.

એ બધા સંજોગો વચ્ચે, પેલા કુનેહભરી કારીસાજીવાલા સોલીટરને ઠીક તડાકા પડયા જતા હતા. આગલ જણાવ્યા પ્રમાણે સોલીભઇ પોતાનું 'ઘરબાર' ચંપા બાગમાં કરી પડયા હતા, અને રફતે રફતે થોડુંક થયું, તેવન ખરડેલા પગ ગલીચા સુધી લેઇ જવાની કંઇક વેતરણ અને તજવીજમાં પડયા હતા! તેવનનો વીચાર બેહરાંમશાહની બેમાંથી એકાદ દીકરી સાથ પરણી જવાનો થયો હતો! પણ કોણને પસંદ કરવી, તે વીચાર હજી તેવને નક્કી કરેલો નહી હોવાથી, તેવન પોતાનો દાવપેચ હજી પુરો કરતા નહી હતા! હજી તો તેવન આ બંને બુલબુલોમાંથી વધારે પસંદ કરવા જોગ કોણ છે, અને વધારે તારીફ લાયક કોણ છે, તેની તપાસ પોતાની કસોટી ઉપર કરતા હતા!

ચંપા બાગના આવા સમાચાર હતા. સરવે કોઇ પોતાના દુખમાં પડેલાં હતાં. એવામાં એક રાત્રે સુમારે દસ વાગે, મીસ બાલફૂર તક જોઇ બહેરાંમશાહને મલવા, તેવનની લાઇબ્રેરીમાં ગઇ.

હા. લાઇબ્રેરીમાં. આજ મુદત થઇ તેવનની ઉંઘ અને ભુખ ઉડી ગએલાં હોવાથી, બેહરાંમશાહ મોડી રાત સુધી પોતાની લાઇબ્રેરીમાં વીચાર અને વમાસણ કરતા, કોઇ વખત વાંચતા, તો કોઇ વખત કલાકના કલાક બેસી રહેતા હતા. એ તકનો લાભ લઇ, એક રાતે મીસ બાલફૂર બેહરામશાહ સામે લાઇબ્રેરીમાં જઇ ઊભી.

"કેમ? મીસ બાલફૂર! આવી મોડી રાતે!" બેહરાંમશાહે અજબ થઇ સવાલ કીધો.

"હા સાહેબ. આવી મોડી રાતેજ તમારી સાથ મને ખાસ વાત કરવા આવવું પડયુંછ." મીસ બાલફરે જવાબ દીધો.

"જે કાંઇ કહેવું હોય, તે ટુકમા કહી દેઓ." બેહરાંમશાહે કહ્યું. "મારો જીવ ઉદાસ છે."

"તમો ઉદાસ છેઓ તેમાં મારી શું કસુર!" મીસ બાલફરે કહ્યું. "તમારી ઉદાસી માટે શું તમે મને ઠપકો આપશો?"

"ઠપકો! મુવાં તમે બધાં! જાંહાંનમમાં જાવો તમે એકેએક! મને કોઇની દરકાર નથી!" બેહરાંમશાહ ગુસ્સે થઇ બોલ્યા. "હું બીલકુલ મરવા પડીયોછ! આએ શું આફત! આએ કેવી મુસીબત! મારૂં હસતું રમતું ઘેર કોઇ મુજીના સરાપથી મસાન જેવું એકાંત અને ભયંકર થઇ પડયુંછ!"

"તેમાંબી શું મારો વાંક છે?" મડમે ઠંડે પેટે પુછયું. "અરે સાહેબ, દુવા માંગો, કે તમારા દાદી શેઠને, એક ગરીબ, સીવી સાંધી પુરૂં કરનારી છોકરી સાથ પરણી જતો મે અટકાવીયો! હું જો મારી હીકમત લગાડતે નહી, તો તમારી નામોસી અને મુસીબતનો પાર રેહતે નહી!"

"બેશક, મીસ બાલફર. તમારૂં કેહવું ખરૂં છે." બેહરાંમશાહે વીચાર કરી જવાબ દીધો. "પણ તમે જાણોછ, તે પોરીનું પછી શું થયું?"

"નહી સાહેબ, હું તેના વીશે કંઇ જાણુતી નથી." મીસ બાલફરે જવાબ દીધો. "પણ હું એટલું જાણુંછ, કે દાદી શેઠ હજી તે છોકરીની શોધમાં ફરેછ!"

"અહે! હશે. પણ તમે શું કેહવા માગોછ?" બેહરાંમશાહે પુછયું.

"દીબાચો કરવાની કંઇ જરૂર નથી સાહેબ." મીસ બાલફર બોલી. "મે, તમારી અને તમારાં કુટુંબની ઇજત બચાવવા, દાદી શેઠને પેલી છોકરીથી છુટો પાડયો, તે કાંમના બદલામાં તમારી પાસથી હું મારૂં ઇનામ લેવા આવીછ."

"ઇનામ ? તે ના કોણે કહ્યું ?" બેહરામશાહે જવાબ દીધો. "પણ તે આવી મોડી રાતના માંગવાની શું જરૂર પડી ? માંગોની, તમુને શું ઇનામ જોઇએછ ?"

"તમે સાહેબ મારૂં ઇનામ આપવા તઇયાર થયાછ ખરા, પણ હું તે માગું તાહારે ગભરાતા ના !" મીસ બાલફૂરે કહ્યું."

"શું તમો કંઇ મોહટો બુક ભરવા માંગોછ કેમ ? બેહરામશાહે તકાદાથી પુછ્યું. "માંગો, પણ હદમાં રેહી માંગવું બહેતર છે. શું જોઇએછ !"

"તમારા દીકરાનો હાથ !" મીસ બાલફૂર દ્રઢ અને ગંભીર અવાજે બોલી. "તમારા દીકરાની હકદાર ધણીઆણી હવે મને બનાવો."

"શું ? મીસ બાલફૂર, તમે દીવાનાં તો નથી થયાં ?" બેહરામશાહે ચમકી ઉઠી સવાલ કીધો. "કેમ તમે મારી મશકરી કરવા ઉભાંછ કે શું ?"

"મશકરી નહી, પણ હું ખરેખરૂં જ કેહુંછ." મીસ બાલફૂરે ખુલાસો કીધો. "તમારા છોકરા સાથ કોઇબી ભોગે પરણી તેની ધણીઆણી થવાનો મે પાક્કો ઠેડાવ કીધોછ."

"તારૂં ભેજું ઠેકાણે નથી ! તું મૅડ થઇછ !" બેહરામશાહે ગુસ્સાથી કહ્યું.

"નહી. હું મૅડ નથી. પણ તમે જો મારી માંગણી ના પાડશો, તો તમુને મૅડ થવું પડશે !" મીસ બાલફૂરે મારમીક ઇશારો કીધો. "મારૂં કેહવું તમે સમજ્યા કે સાહેબ !"

"હા, હું સમજ્યો !" ધપકતી છાતીએ બેહરામશાહે કહ્યું. "પણ તું શું મને એમ કેહવા માગેછ, કે દાદીથી પેલી પારસી છોકરીને છુટી પાડવાની તમામ ગોઠવણ, તું દાદીને જાહેર કરી દેશે ? જા, જા. હમણાંજ જઇને કાંય નહી કેહી દેતી ! જા જઇને સાફ તેને કેહજે, કે તારા બાપે એ બધું કાવતરૂં રચીયું 'તું ! તું શું મને દબાવવા આવીછ ? નીકલ

દીયાંથી, નહીં તો ધક્કા મરાવી મારા બંગલામાંથી બાહાર કહડાવસ. નીમખહરાંમ !"

પણ ફ્રેકટ ! બેહરાંમશાહની ધમકી જેમ જેમ વધતી ગેઇ, તેમ તેમ મીસ બાલફરે તે સાંભલી, મનમા અને મનમાંજ હસતી, ગુપચુપ બેહરાંમશાહ સાંમે મલકાતે ચેહરે ઉભી રહી, અને બેહરાંમશાહ જ્યારે બોલી રેહ્યા, ત્યારે તે ફરીથી બોલી:—

"હવે તમે મને શું જવાબ આપોછ ? શું તમે આએ બધી ધમકી જે મને આપી, અને જે ભપકી તમે કીધી, તે શું ખરી છે ?"

"તાહારે તું શું એ માંગણી કરેછ તે ખરી છે ?" બેહરાંમશાહે પુછ્યું. "એ લગન બનેજ કેમ ? તું એક જુદદીન, અને હમે પારસી-"

"અને તોપણ તમારા છોકરા જેવા ઘણાક પાર્સીઓ, મારા દેશમા મારા કરતાંબી હલકા વરગની ઓરતો સાથ પરણી ગએલા છે ! તમે કદાચ પેલાં જુનાં ડોમાં માહેલા એક હશો, કે જેઓ એવાં લગનોની વીરૂધ વીચાર બાંધી બેઠાછ ! પણ તમારી કોમનો કેલવાએલો વરગ તો એવાં લગનને ઉત્તેજન આપેછ ! બુઢ તમારો સુધારવાલો છાંપો એવાં લગનની તરફેન કરેછ."

"તેઓ ગમે તે કરે. પણ કોમની ખુવારી કરવાનો ચર્જિ પારસી તવારીખમા તે લોકને નામે નોંધાશે. એ વાત બનેજ નહી." બેહરાંમશાહ બોલ્યા. "હમારા ખરા કેલવાએલા જવાંનો એવાં લગન નામંજુર કરેછ અને હમારો ખરો છાપો એવાં લગનની વીરૂધ છે. વલી મારો દીકરો દાદી હું નહી ધારતો કે એ વાત કબુલ કરે."

"તમારી તકરાર ગમે તે હોય; મને તેની દરકાર નથી." મીસ બાલફરે જવાબ દીધો. "મે જે તમારી સેવા બજાવીછ, તેના ઇનામ તરીકે તમુને તમારા દીકરાનો હાથ મને આપવો પડશેજ ! તે જો ના કેહ, તો તમુને તેને સમજાવવો પડશેજ ! મને ના કહેવા અગાઉ તમે ખુબ વીચાર કરજો શેઠ !"

મીસ બાલફરની આવી જબરી અને જોરાવરી જોઇ બેહરાંમશાહ હેબતી

ગયા. હવે તેવનને યાદ આવી, કે આ ઓરતની જોરાવરીમાં કંઇ ભેદ સમાએલો છે! તે ભેદ શું છે, તે તેવન તુરતજ હવે સમજી ગયા. તે ભેદ જો આ ઓરત જાહેર કરે, તો બેહરાંમશાહ—

ઓ! તો બેહરાંમશાહનું શું થાય, તેનો ખ્યાલ તેવન કરી શકયા નહી!

"હું સમજી સાહેબ કે તમે શું વીચાર કરોછ!" મીસ બાલફર બોલી. "હું બધી વાત જાણુંછ; મને બધી વાત ખબર છે!"

"બધી વાત?" બેહરાંમશાહે નરમ પડી જઇ પુછયું.

"હા, બધી! તમામે તમામ!" મીસ બાલફર આ ભેદીક ઇશારો કરી બેહરાંમશાહ તરફ ટીકી ટીકી જોવા લાગી. "કેમ હવે શું કહવોછ?"

"ઓ બાપ! વલીયું નખ્ખોદ! મુવો ઠાર!"

બેહરાંમશાહ કપાલ કુટી ખુરસી ઉપર ફસડાઇ પડયા. પણ તુરતજ પાછા તેવન એક વાઘ મીસાલ ઉછલી ઉઠી ઉભા, અને બાલફરનો હાથ પકડી બોલ્યાઃ—

"બોલ, તું શું જાણેછ! મને હવે વધારે રીબવું નથી! બોલ તું શું જાણેછ!"

"તમારાં ધણીઆણીને ઉંઘમા બોલતાં મે સાંભલીછ!" મીસ બાલફરે ટુંકો જવાબ દીધો. "તેવને ઉંઘમાં સઘલો ભેદ ફોડી દીધોછ!"

"અરેરેરે! આએ શું આફત!" બેહરાંમશાહ ધાસ્તી ખાઇ ખુરસી ઉપર પાછા ફસડાઇ પડી બોલ્યા.

"ખાનબાહાદુર સાહેબ," મીસ બાલફર બોલી. "મારૂં સાંભલો. તમારા દીકરાને હું ખરા પ્યારથી ચાહુછ! મે ઠરાવ કીધોછ, કે હું તમારા દીકરાની ધણીઆણી બની, તેના સુખ તેમજ દુખની ભાગીદાર બનું. એ મતલબને ખાતર તો પેલી ખુબસુરત ગુલીસ્તાંનની સંગતથી તમારા દીકરાને છુટો પાડવાનુ કાંમ મે માંથે લીધું, પણ મારી તે મેહનત તમામ બરબાદ ગઇ. કેમકે હજી તમારો દીકરો ગુલીસ્તાંનની યાદ ભુલતો નથી, અને તેનુ રહેવાનું ઠેકાણું

શોધી કાહાડવા, અને તેને મળવાની ઉમેદમા આજે ત્રણ ત્રણ, મહીના થયા તે ક્યાં મારેઃ પણ તેની મને જરાબી ફીકર નથી. હું તમારા દીકરાને ખરા પ્યારથી ચાહુછ ! હુ તેને સુખી કરસ ! હું તેની તાબેદારી કરસ ! તમો સાહેબે મારા વીચારો જાણી લીધાછ, વાસ્તે એ કાંમ તમુનેજ પાર પાડવું પડશે ! તમે દાદી શેઠને સમજાવી શકસો! જો તે નહીજ સમજે, તો પછી તેને બધી વાતનો ભેદ ભરમ ખોલીને કેહશો, તો પછી દીલાવરખાંનના ખાંનદાનની ઇજત અને હુરમતના બચાવ ખાતર, મારી સાથ પરણવા વગર તેનો છુટકોજ નથી ! હવે સાહેબ, હું તમારી રજા લેઉછ. તમે એ વાત ઉપર નીરાંતે વીચાર કરજો. હું તમારો જવાબ લેવા આવસ."

પ્રકરણું ૨૮ મું.

એક ભુલા ચુકાનો મા બાપ !

અરરરર! આ શું આફત ! આ શું હોનારત ! અને આ કેવી ગજબ, આ પારસી શેઠીઆ ઉપર આવી પડયો, કે એક બે બદાંમની કીમતની ઇંગ્રેજ છુકડી, બેહરાંમશાહ જેવા માતુબર પારસીને, પોતાની હટેલીમા પોતાની મરજી પ્રમાણે નચાવે, અને આવી રીતની જબરી અને જાસતીથી, પોતાની મતલબ પ્રમાણેની કબુલાત આપવાની તેને ફરજ પાડે !

અને તે કબુલાત ! તે કાંઇ જેવી તેવી કબુલાત નહીં હતી ! બેહરાંમશાહે પોતાના એક પુરા દીકરા દાદીના લગન મીસ બાલફર સાથ કરી આપવાં, એવી તે કબુલાત હતી. અને જો તે કબુલાત પ્રમાણે મીસ બાલફરના લગન, જો દાદી સાથ બેહરાંમશાહ નહી કરી આપે, તો દીલાવરખાંનના કુટુંબને નામોસી અને ખુવારીમા ડુબી મરવું પડે એમ હતું.

પણ વાંચનાર પુછશે, કે મીસ બાલફર એવો તે શું ભેદ બેહરાંમશાહની બાંનુનો જાણતી હતી, કે પોતાની એક બે બદાંમની કીમતની નોકરને, આવી બેહુંધી અને બેશરમ માંગણી તેવને કરવા દીધી.

તે કાંઇ એવો ભેદ હતો, કે જે મીસ બાલફર જો જાહેર કરે, તો દીલાવરનું ખાંનદાન ખુવાર અને ખરાબ થઇ જાએ ! તે ભેદનો બરમ ફોડનાર મીસીસ દીલાવર પોતે હતાં ! તેવને કાંઇ જાણી જોઇ એ ભેદ જાહેર કીધો નહી હતો, પણ પોતાની બીમારી દરમ્યાંન, બેહોશીમાથી અરધી જાગરૂત હાલતમા આવતાંજ, તેવન કાંઇ બડબડીયાં હતાં, અને તે મીસ બાલફરે સાંભલી લીધું હતું. દીલાવરના બાંનુ શું બોલ્યાં હતાં, તે હજી જાહેર થયું નથી, પણ તેવન કાંઇ ઉંઘમાં બડબડીયાં, અને મીસ બાલફરે તે સાંભલ્યું, એમ જાંણતાંજ બેહરાંમશાહના ટાંકા ઢીલા થઇ ગયાં. તેવનના બદનનાં સાંધા કાંપવા લાગ્યા, અને તેવનનું ભેજું ભાગીને ભુકો થઇ જતું હોય,

એમ તેવનને લાગ્યું. ટુકમા તેવન એવા તો આવરા બાવરા થઇ ગયા, કે તેજ વખતે તેવનની સુધબુધ ઉડી ગઇ.

પોતાના મગજ ઉપરનો કાબુ બેહરાંમશાહે ખોઇ દીધો. અરધી રાત તો લગભગ થઇ હતી. ઘડીઆલમાં હુમણાજ બારની ટકોરી વાગતી તેવને ગણી. તુરતજ તેવન ઉઠયા, અને આંગ ઉપર ડગલો પેહડી લેઇ, પોતાના ઉસકેરાએલાં મગજને ઠંડુ પાડવા, ચંપા બાગમાંથી બાહાર નીકલી પડયા.

કંઇબી ખ્યાલ કે વીચાર વગર વોરડન રોડ ઉપરથી નીકલી, દરીઆની ઠંડી લહેકી મેલવવા, તેવન દરીઆ કીનારે એખલા જઇ, એકાંતમા વીચાર અને વમાસણ કરતા બેઠા.

"જુદદીન સાથનાં લગન!" તેવન મનમા વીચારવા લાગ્યા. "એક ઇંગ્રેજ મડમ મારી વહુ! જો મારી ધારેલી ગોઠવણ પ્રમાણે હું બૅરોનૅટ બનું, તો મારો દીકરો સરનો ખેતાબ પામે, અને મારી વહુ 'લેડી' બને! આએ ઓરત જો દાદીને પરણે, તો બત્રીશમા તે લેડી દીલાવરખાંન બને! પણ પારસીઓ કંઇ મુગા બેસવાના હતા! ના કેહાયલ એ રાડ કંઇ સમજે એમ નથી! અને મારાથી ના કેહવાય એમબી નથી! પણ જો ના પાકુ તો! તો–એ કાંઇ ચુપ બેસે એમ નથી! અરેરે આએ કેવી બલામાં હું સપડાઇ ગયોછ, તેની મને જરાબી સમજ પડતી નથી."

બેહરાંમશાહના આ ધકારાની ધુન, જો કોઇ અટકાવે નહી, તો સહવાર સુધી પુરી થાયજ નહી એમ હતું. પણ તેવામાં રાતની અંધારી વચ્ચે, તેવને દરીઆ કીનારા તરફથી એક ઉંચા કદના શખ્સને, નીચી મુંડીએ ધીમે કદમે પોતાની તરફ ચાલી આવતો જોયો. તે શખ્સ, પોતાના વીચારમા અને વીચારમા ચાલી આવી બેહરાંમશાહની પાસેજ ફસડાઇ પડી બેસી ગયો, અને પોતાના બંને હાથો ઉપર પોતાનું માંથુ નાખી દઇ, તેણે ઉંડો દમ ખેચી, એક નીસાસીભરી હાય મારી.

બેહરાંમશાહે તેની તરફ ટીકીટીકી જોયું, તો તે કોઇ રજપુત હોય, એમ તેના પેહરવેશ પરથી તેવનને દેખાયું. તેના પોશાક ઉપરથી તે કોઇ

મુસાચુકાનો માંબાપ હોય એવો દેખાતો નહી હતો. તેના પગમાં વારનીસના બુટ, રાતના અંધારેમાં ચકચકતા હતાં. તેનો ટાઇટ અને તતરબંધ પયજામો, તે ઉપર કાલો શાર્ટ-કોટ, કૉલર અને નેકટાઇ, અને માથે મરોરદાર રજપુતી ઢપનો ફુપટો બાંધેલો જોઇ, બેહરાંમશાહે પુછ્યું:—

"આપ કોણ છો?"

"એ કોણ? આવી મોડી રાતે! આવાં અંધારાંમાં મારી કદર ખાનાર કોણ છે?"

પેલો રજપુત એટલું બોલતાંજ એક છલાંગ મારી ઉઠયો, અને બેહરાંમશાહની સામે જઇ ઉભો. બેહરાંમશાહ આ રજપુતની આવી હીલચાલ જોઇ તુરત ઉઠી ઉભા થયા, અને તેઓ બંને એક બીજાને ટીકી ટીકી જોતા રહ્યા. અંતે બેહરાંમશાહે પુછ્યું:—

"તમે કોઇ સારાં માનસના ફરજંદ દેખાવોછ?"

"જી હા." પેલા રજપુતે તુરતજ જવાબ દીધો.

"તમારી ધપછપ, તમારો પોશાક, તમારો સોહામનો ચેહરો, અને તમારી—તમારી—હાલત—

"આપ મારી હાલતની ખબર પુછતાં અચકાવો છો કેમ?" પેલા રજપુતે જવાબ દીધો. "મારી તમામ હકીકત ઝટપટ હું આપને કહી દઉ છું. હું જાતે રજપુત છું. મે, બી.એ. સુધીનો ઇંગ્રેજી કેલવણીનો અભ્યાસ કીધો છે. રજપુતાનામાં મારાં મા બાપ મોહટાં જાગીરદાર હતાં. હું તેમનો એખલોજ વારેસ હોવાથી, તેમની સઘલી દોલતનો હું એખલો માલેક થયો. મારી તમામ દોલત સાડા ત્રણ લાખની હતી. હું મુંબાઇમા વેપાર કરવા મારે દેશથી આવ્યો. મે મુંબાઇમા મોહટો વેપાર કીધો!"

"શાંનો વેપાર કીધો?" બેહરાંમશાહે ઇંતેજાર બની પુછ્યું.

"હાથી દાંતનો!" પેલા રજપુતે જરા દબી જઇ જવાબ દીધો. મને જુગારીઆઓએ ફસાવ્યો. આજ પાંચ વરેશ થયાં હું મુંબઇમા વસુ

છુ. અનેક વાર મે હજારો રૂપીઆ મેલવ્યા, પણ લાખો ખોયા. આજે બે દીવસ થયાં હું કરજ કરી મારૂં કીસમત અજમાવતાં, હું નીશફલ થયો છું. સાડા ત્રણ લાખમાંથી છેલ્લા પચાસ હજાર રોકડ ખોયા, ઉપરાંત ત્રીસ હજારનું કરજ થયું."

"તમે તમારૂં સરવે કાંઇ ખોઇ બેઠા ?" બેહરાંમશાહે દયા ખાઇ પુછયું."

"સરવે કાંઇ. એક કોડીબી ખીસાંમાં રહી નહી. પેલા જુગારીઆઓએ એક દોકડોબી મને વધુ ધીરવા ના પાડી, મને અરધી રાતને સમે ઘરમાંથી હાંકી કાહાડયો. હું સામેથી સીધોજ ચાલ્યો આવ્યુ છું. મારૂં ઘર નથી. મારૂં ઠાંમ નથી. મારૂં મગજ નથી. આ દરીઓ જોઇ મે એકજ નિશ્ચય કીધો, કે જેબી કોઇ શખ્સ આ ઠેકાંણે મને પેહલ્લો મલે, તેને લુટવો, અને જો કોઇજ ન મલે, તો આ દરીઆસાગરને મારો ભોગ આપવો. મે તમુને જોયા નહી, કેમકે હું મારા વીચારમા પડયો હતો. તમારો આભાર થયો સાહેબ, કે તમોએ મને બોલાવ્યો."

પેલા રજપુતની કાંહાંણી સાંભલી બેહરાંમશાહ ધાસ્તીથી ગભરાટમા પડયા ખરા, પણ તે ધાસ્તી અને ગભરાટ, આ રજપુતના હાથ ઉપર લુટાવાને માટે નહી, પણ કોઇ બીજાજ સબબને લીધે તેવનને થતો હતો. આવી અરધી રાતે, આવી કીસમના એક રજપુતનો મેલાપ થવાથી, અનેક વીચારો અને અનેક ખ્યાલો બેહરાંમશાહના મગજમા ચહડ ઉતર થવા લાગ્યા. જાણે સેહતાંને આ આદમીને રાતોરાત બેહરાંમશાહની સાંમે મોકલી આપી, તેવનની દાદ લીધી હોય, એમ તેવનને લાગ્યું.

"તાહારે, તમે મને લુટવા ધારોછ ખરા ?" બેહરાંમશાહે પુછયું.

"ધારૂં છું ? શેઠજી વલી એમા ધારવાનું તે શું છે ?" પેલા રજપુતે નક્કી જવાબ દીધો. "અને શા માટે હું તમુને નહી લુટું ? તમારે હાથે હીરાની વીટી ! તમારાં ખીસાંમા પાકીટ તો હશેજ ! જોઉ તમારો કોટ ખોલો ? હા. વલી સોનાના બટન પણ છે ! પાકીટ ભારી છે, કે હલકી ? કેમ શેઠજી, આવી

મોડી રાતે, આવી ધુલાછલ ભરેલી પાકીટ લઇ, આ દરીએ કીનારે આપ કોણની રાહા જુવો છો? શેઠ, શેઠ, આપ દેખાવો છો તો કોઇ સારા ખાંનદાંની, પણ અરધી રાતે આ જગે, સાહેબે કોઇને મુલવા ભેટવાનો સાંમન તઇયાર કીધો છે કેમ? કેમ બોલતા નથી શેઠજી? બાપજી, ખમા કરજો, મને તો તમારાં ઢોલ ઢીલાં લાગે છે હો?"

"તું કોઇ જબરો ઠોલીઓ છે?" બેહરાંમશાહ બોલ્યા.

"મારો ખવાસ મોહ્ડીઓ છે." પેલા રજપુતે જવાબ આપ્યો. "અને તમારા જેવા સાહેબના જયારેં ખીસાં ખાલી કરૂં, તે આગમજ તમુને જરા મારે રમુજ તો આપવી જોઇએની? કેમ બોલ્યા નહી? વાસ્તે હવે જલદી કરો, અને જે કાંઇ તમારી પાસે હોય, તે ઝટપટ મને કાહાડી આપો. આનાકાની કરશો નહી. સાંભલો. તમે ઘરડા છો, હું જવાંન છુ. સોનીના સો, તો લુહારનો એક! માટે જલદી કરો. પેહલાં લાવો પાકીટ, અને પછી બીજું કાહાડો."

"મારી પાકીટ તુને હું ખુશીથી આપસ બચ્ચા!" બેહરાંમશાહે કેવી રીતે આ નેકનીમ સાથ કાંમ લેવું, તેના ઠેડાવ ઉપર આવી કહ્યું. "તેમા કંઇ નહી તો એક હજાર તો હોસેજ હોસે!"

"મોહટી મેહરબાની માહારાજ!" પેલા રજપુતે તે પાકીટ બેહરાંમશાહના હાથમાથી લેઇ તપાસી કહ્યું. "પણ એમ મારી ઉપર એકદમ પ્રસંન થવાનુ કાંઇ કારણ બતાવશો કે નહી?"

"કારણ એટલુંજ, કે મને તારા જેવા એક આદમીનીજ જરૂર છે." બેહરાંમશાહે કહ્યું. "મને એક એવા હીંમતવાન આદમીની જરૂર છે, કે જે પોતાને મનપસંદ પઇસા લેઇ, મારે મનપસંદ કાંમ કરે!"

"ખુશીથી! ખુશીથી!" પેલો રજપુત બેહરાંમશાહના હાથ ઉપર તાલી આપી બોલ્યો. "જેવું કાંમ તેવું દાંમ! પછી ગુમે તે કાંમ હશે, તે આ ફીદવી બજાવી આપશે. હમો જાતે રજપુત. ડર શું ચીજ છે, તે તો હમે જાણતાજ નથી. અને, મરવું તો એક દાહાડો છેજ."

"તાહારે બચ્ચા, તું પઇસા ખાતર કંઇબી કરે ખરો!"

"હા. પૈસા ખાતર કંઇબી કરૂં. રજપુત, ને ગેરરજપુત! કેમ તમે મારૂં મોહડું શું જુવો છો?" પેલા રજપુતે પુછ્યું. "ખાત્રતા કેમ નથી? કોઇનુ કાટલુ કાહાડવું છે કે શું? રંગ તો તેવોજ લાગે છે શેઠજી?"

"અને તેવું જો કાંઇ કામ હોય, તો તું કરે ખરો કે?"

"તેમા શું છે." પેલો રજપુત બોલ્યો. "મને મારી મેહનતનું દાંમ મલશે, અને તમારૂં કાંમ થશે. પણ મારાં કાંમ પ્રમાણે દાંમ આપવું પડશે. ત્રણ પાંચ કરવી નહી. જેવું કાંમ તેવું દાંમ. મારા કાંમના ભાવ સાંભલી લો. કોઇના પાંસરાં કે હાડકાં ભાંજવાં હોય, તો બસો રૂપીઆ. કોઇનુ ઘર ફુડાવવું હોય, તો પાંન સો. આગ લગડાવવી હોય, તો એક હજાર રૂપીઆ. અને ખુંનને માટે પાંચ હજાર! રોકડે રોકડા. ઉધારની વાત નહી. લાંબી કીટકીટ કરવી નહી."

"તું મશકરી તો નથી કરતો?" બેહરાંમશાહ વીચારમા પડી ગયા.

"એઇઇઇ ડાક્રા પારેખ! તમે એમ મને વાતમા નાખી કોઇના આવી પુગવાની રાહ્ત તો જોતા નથી?" રજપુતે ઉલટો સવાલ કીધો.

"તું વેહમી છે. તુને મારી ઉપર શક આવેછ." બેહરાંમશાહે પોતાના બટનેં વીંટી વીગેરે કાહાડી આપી કહ્યું. "આજે સોમવાર થયોછ. બરાબર આવતે સોમવારે આએજ ઠેકાંણે, આએજ વખતે, મને જો તું મલશે, તો આપણુ કાંઇ સેવટ ઉપર આવશું."

"રાઇના પાહડ રાને ગયા." પેલો રજપુત હસીને બોલ્યો. "તમે શું મને એટલો મુરખો ધારો છો, કે પુલીસને હાથ પકડાવા તમુને પાછો મલું?"

"તુને પકડાવવામા મને લાભ નથી, પણ તારી પાસે કંઇ કાંમ કરાવવામા મને લાભ છે." બેહરાંમશાહે તેની ખાતરી કરવા કહ્યું. "તું ખાતર જમા રાખજે, કે તારાં એક બાલને પણ હું નુકસાંન થવા દેવસ નહી."

"ઠીક છે. તમારા સખુન ઉપર ઇતબાર રાખી હું આવતા સોમવારે રાતના, બરાબર દસ વાગે,"આ જગા ઉપર આવીશ. પણ યાદ રાખજો, કે મને જો કાંઇબી દગો થયો, તો તમો હીંયાંથી જીવતા જશો નહી."

પ્રકરણું ૨૯ સું.

મડમ વહુના પારસી સસરાજી!

બેહરાંમશાહને હાથ લાગેલો રજપુત, કાંઇ સીકો બજાવી આપશે, એવી ઉમેદમાં તેવન તે રજપુતને મલાવા માટે, ઠેરવેલા વખતની કાગતે ડોલે વાત જોતા હતા. તેવન એવાં સંકટ ઉપર આવ્યા હતા, કે દાદીને એક જુદદીન ઓરતને હાથ જતી બચાવ્યાથીજ દીવાતરખાંનના કુટુંબને નામોસીનો કલંક લાગતો અટકશે. તોપણ તેવનનું અંતકરણ તેવનને કોઇબી જાતના પાપી મુલાજો લેતાં અટકાતવું હતું. ફરી ફરી મીસ બાલફરને બોલાવી, તેણીની બેહુધી માગણી ઉપર વીચાર ચલાવવાની તેવને તેણીને અરજ ઉપર અરજ કીધી, પણ તે હઠીલી ઓરતે બેહરાંમશાહના બોલબ ઉપર કાંઇ પણ ધ્યાંન આપ્યું નહીં, અને પોતાના દીલની ઉમેદ પાર પાડવાની બેહરાંમશાહને માથે ફરજ નાખી, તેવનનો છેલ્લો જવાબ, જાંણવા તે જીકર કરવા લાગી.

એક અઠવાડીઉં પુરૂં થાય, તે આગમજ તો મીસ બાલફર પોતાના એક વખતના શેઠ બેહરાંમશાહ સાથ, પોતાના લગનની બાબદમાં ત્રણ ત્રણ વખત તેવનની મુલાકાત લઇ, તરીઆ-પાર ઉપર આવી ગઇ હતી! અંતે બેહરાંમશાહે સમાધાનીની સરવે આશા ઉપર પાણી મુકયું. કોઇબી રીતે આ નાલેસીભરી ચરચાને દાબી દેવાની તેવનની તમામ કોશેસ ઉંધી વલી, અને તેવન લાચાર થયા.

સોમવાર તો બોલ બોલતાં સીંમે આવી ઉભો. વખત વહી જતાં વાર લાગી નહી, અને અંતે બેહરાંમશાહ, ઠેરવેલે વખતે, પેલા રજપુતને મલવા ચંપા બાગમાંથી મોડી રાતે ધીમે કદમે બાહાર પડયા.

પેલો રજપુત પણ બની ઠની ત્યાં ફરતો બેહરાંમશાહની નજરે પડયો. આ વખતે તે ઠઠેરાબંધ, ઇંગ્રેજી પોશાકમાં સજ થાઇ, મોહોડાંમાં એક સલગાવેલી ચીરૂટ ઝાલી, ધુમારો ફુકતો હતો. દેખઇતી રીતે તે પોતાનો

જીવ હવેલીમા લઇ ફરતો હતો. બેહરામશાહને દુરથી આવતા જોઇ, તે બોલ્યો:—" શેઠજી, આવ્યા કે ? આવો, આવો, મેહરબાંન આવો ? હું કેવારની તમારી રાહા જોતો ઉભો છું ને ?"

" ઓ હો ! તમે છેઓ કે ?" બેહરામશાહ પેલા રજપુત જુગારીને અંગ્રેજી લેબાસમાં સજ થાએલો જોઇ અજબ થઇ બોલ્યા. " હું તો તમુને કોઇ ઇંગ્રેજ સમજ્યો હો ! તમે આએ ડ્રેસમાં ફક્કડ લાગોછ ! પણ હીંયાં કોઇ છે કે ?"

" મારા અને તમારા સીવાય બીજું કોઇ નથી."

" તાહારે તો ચાલો, આપણ આજે વાતનું સેવટ લાવી નાખીએ." બેહરામશાહ બોલ્યા.

તેઓ બંને જન દરીઆ કીનારે સાથે બેઠા, અને લંબો વખત પોતાની મતલબને લગતી વાતો કરી, તેવને પોત પોતાની તમામ ગોઠવણો કીધી, અને અંતે તેઓ છુટા પડયા. છુટા પડયા આગમજ, પેલા જુગારીઆએ પોતાને ફરમાવેલા કાંમનુ અરધું દાંમ, બેહરામશાહ પાસથી રોકડું લીધું, અને બાકીનું દાંમ કેમ અને કયારે લેવું, તેનું નક્કી કરી લીધા બાદ, પેલો રજપુત સીધે રસ્તે નીકલી ગયો, અને બેહરામશાહ પોતાને મકાંને પાછા ફરી, કોઇ જાણે નહી તેમ, પોતાના ઓરડામાં ગુપચુપ જઇ નીરાંતે સુતા.

સહવારે પડતાંજ બેહરામશાહે મીસ બાલફુરને પોતાની લાઇબ્રેરીમાં બોલાવી મંગાવી, ફરીથી એક છેલ્લી તક, પોતાના સંસારી બખેડાને સમાધાન કરવાની લીધી. મીસ બાલફુર ખુશી થતી તેવનની સામે આવી ઉભી, અને બેહરામશાહે ફરી એકવાર તેણીને સવાલ કીધો:—

" મીસ બાલફુર, તમે વીચાર કરો, કે આએ મકાંનમા તમોને જાહારે પેહલી નોકરી મલી, તાહારે તમારી હાલત કેવી હતી, અને તે વખતે તમો કેવાં ગરીબ અને મુફલેસ હતાં. તમારી તેવી હાલતમાં તમુને મે નોકરી આપી, તમુને મે મારાં મકાંનમાં વસવાની જગા આપી. અને આજે તેજ ધણીનું તમો

ખાનુંખરાબ કરવા નીકલ્યાંછ, એ શું તમારા ધરમની રીત છે! મારી તમુને અરજ છે, કે પેલી પારસીની છોકરીથી મારા દીકરા દાદીને છુટો પાડવાનુ જે હીકમત ભુરીયું કાંમ તમે બજાવીયું, તે કાંમના તમારાં ઇનામ તરીકે, જે રકમ તમુને જોઇતી હોય, તે માંગો, હું તે આપવા તઇયાર થવસ. પણ તમારી નાલાએક માંગણીનો વીચાર ખુદા ખાતર તમે ફેરવો."

"ખાનબાહાદુર સાહેબ, તમે એક બચ્ચાં જેવી વાત આજ આંઠ આંઠ દાહાડા થયા લઇ બેઠાછ." મીસ બાલફર બોલી. "મારો વીચાર હું કરી ચુકીછ. હવે તો ફકત તમે તમારો વીચાર કરી, મને જવાબ આપો. હા, કે, ના. જે તે કેહી દેઓ?"

"પણ મારો દીકરો બીજીને દીલથી ચાહેછ? ઓ! હું કમબખત, હીણભાગનાને તે વખતે શું સુજ પડયું, કે તે છોકરીથી તેને છુટો પાડવાનું કાંમ, મેં તુંને સોંપાયું!" બેહરાંમશાહ પોતાનું કપાલ કુટી બોલ્યાં. "હા મેં મારે હાથે આએ બલાને મારે માથે ખેંચી લીધી. અરેરે! એ કાવતરાંનો ને બીચારી જોગ થઇ પડી, અને મારો દીકરો તેની જુદાઇમાં ઝુરી હાડપીંજર જેવો બની ગીયો. હાથના કીધેલાં હૈડે વાગે, તે એ! કરો તેવું પામો, તે એ! ખોદે તે પડે, તે એ!"

"પણ ખાનબાહાદુર સાહેબ, મારાં લગનથી—

"મુવો તારો ખાનબાહાદુર!" બેહરાંમશાહે બુમ પાડી. "મારી કોમ જુદદીનના લગન મંજુર કરતી નથી. સુધારાવાલા અને જુના વીચારવાલાઓની લડતની વચ્ચે મારા એકપુરા દીકરાનો જીવ જશે! તું દાદી, દાદી, કરી રેહીછ, પણ દાદીને પરણી તું કદીબી સુખી થવાની નથી."

"ભલે સુખી નહી થાઉ તો, પણ ખુશી તો થવસ." મીસ બાલફર બોલી. "હું તેની દોલત અને તેના દરજ્જાની વારેસ તો થવસ! એક દરજ્જાવાલા ધણીની ધણીઆણી થવું, એ કાંઇ સેહેલ વાત નથી સાહેબ? દાદીની ધણીઆણી થવા ખાતર, અને તેની દોલત, અને તેના દરજ્જાની

જાગીદાર બનવા ખાતર, હું મારો બાપીકો ધરમ છોડવા તઇયાર થઇછ. હું તેને સુખી કરસે."

"મુંઇ તું સુખીની કરતી." બેહરાંમશાહે કહ્યું. "તું તેનો જીવ લેસે! હાલ તેજ તુંને હમારી દીનમાં લેવા સારૂં સદરો કુસ્તી ——

"હું તમારી બોલી સારી રીતે બોલી તથા સમજી શકુંછ!" મડમે ખુલાસો કીધો. "તમે પારસીઓ નંખે, જીમ લગાડોછ, પણ હીનદુસ્થાંનની ભીત્તરના મુલકમાં, તથા ચીન તેમજ યુરોપમાં, તમારા પારસીઓ શું કરેછ, તેનો કાંઇ તમુને ખ્યાંલ છે! પણ એ તકરારી સવાલમાં હું ઉતરવા માંગતી નથી. જો મને તમો તમારી દીનમા લેઇ શકતા નહી હોવો, તો બીજો–

"ખાંમોશ. તારી મરજી શું છે તે હું સમજી ચુકો." બેહરાંમશાહે કહ્યું. "તું દાદીને તેના દરજાજા અને દોલત ખાતર પરણવા માગેછ. પણ હજી તો તે દોલતનો હું જીવતો, જાગતો, બાર હાથનો અને બતરીસ દાંતનો ધણી, હીંયાં બેઠોછ. જો સાંભલ. મારી ઉપર રેહમ કર. એક લાખ રૂપીયો હું તુને રોકડ આપુંછ, તું એ વાતથી હાથ ઉઠાવેછ?"

"નહી."

"દોહોડ લાખ આપુંછ! હમણાંજ! આએ ઘડી! રોકડાં!" બેહરાંમશાહ પોતાની તીજોરીની કુંજી પકડી બોલ્યા.

"નહી."

"બે લાખ લેવાછ?" બેહરાંમશાહે પોતાની છેલ્લી ઑફર બુમ પાડીને આપી.

"નહી." મીસ બાલફૂરે ભાર મુકી કહ્યું "મને ફકત ના કે હા નો જવાબ જોઇએછ. મારે તો લેડી દાલાવર થવું છે!"

"છી–નીકલ હીંયાંથી સા– બદમાસ!" બેહરાંમશાહે બુમ પાડી.

"હું જાંણુછ. તમારી આ ધીક્કારભરી ચાલ ઉપેર હું જરાબી ગુસ્સે થતી નથી, કેમકે હું જાંણુછ, કે 'મારી' માંગણી અસાધારણ છે." મીસ

બાલફ્‌ર દરવાજા આગલ જઈ, તે ઉંઘાડતાં બોલી. "પણ હું પાછી તમારો જવાબ લેવાં આવસ."

"આવજે." બેહરાંમશાહે નરમ અવાજે જવાબ દીધો. "હું લાચાર થયો. મારો ભેદ તારા હાથમા છે, એટલે મને તારી મતલબ પ્રમાણે કરવુંજ પડશે, એમ તું જાણેછ. હવે તું જા! નોકરને કેહતી જજે, કે દાદીને હીંયાં મોકલાવે. હું તેને સમજાવી તેનો જવાબ લેઉછ. તું મને સાંજના પાછી મલજે."

મીસ બાલફ્‌રે, તુરતજ દાદીને બેહરાંમશાહ પાસ જવા માટે નોકર પાસ કેહવડાવ્યું, અને તે કેહણ મલતાંજ દાદી પોતાના બાપની સાંમે આવી ઉભો.

"પપા, તમે મને તેડાવીયો?"

"દાદી! તારા આએ શું હાલ?" બેહરાંમશાહ, દાદીને જોઇ સુઝાઇ જઇ બોલ્યા. "દીકરા, આજ મહીના થયા તુને એવી રીતે રીબતો, અને પીલાતો જોઇ હું વીચારમાં પડયોછ, કે તુંને શું છે! તું મને તારી વાત નહી કેહ, તો કોણુને કેહશે? બોલ દાદી, કંઇ તો બોલ?"

"પપા, એ વાત ખુદા ખાતર તમે મને ના પુછો." દાદીએ દુખી થઇ જવાબ દીધો.. "ખરી વાત છે, કે મે તમારાથી મારા દીલની વાત છુપાવીછ. પણ હું જાનુંછ, કે તે વાત જો તમે જાણો તો—

"તાહારે દાદી, મારી તમામ અટકલ ખરી પડેછ." બાપે દીકરાને કહ્યું. "તું કોઇના પ્યારમાં પડેલો હોય એમ લાગેછ? પણ તેમાં શરમાવાનું કેવું? પરણવા અદરાવાનો તો આએ તારો વખત છે? તાહારે એ વાત તેં મારીથી છુપાવી કાંએ?"

"હા. છુપાવી. મે તે છુપાવી એટલાં સારૂં, કે તે તમુને ગમે નહી." દાદી રડમસ થઇ બોલ્યો. "મેં તે વાત છુપાવી એટલાં સારૂં, કે તે બીચારી આપરી કરતાં વધારે ગરીબ હતી."

"પણ, તે કોણ છોકરી? તેનું નામ શું હતું?" બેહરાંમશાહે બીલકુલ અંજોણા થઇ પુછ્યું.

"તેનું નામ જાણી હવે તમે શું કરશો." દાદી બોલ્યો. "અરેરે તે બચારી કાંહાં છે, અને કાંહા નહી, તેની મને કસ્સી ખબર મલતી નથી. તેનો પત્તો મેલવવાની મારી તમામ કોશેસો ધુલ મલી. ખુદા માલમ તે જીવતી છે કે નહી, તેબી હું જાણી શકતો નથી."

ગુલીસ્તાંનને યાદ કરતાંજ દાદીની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. બેહરાંમશાહ તે જોઇ શકયા નહી. તેવનની છાતી ભરાઇ આવી. તોપણ તેવન દાદીને મનાવી લેવાની મતલબથી, તેને સધીઆરો આપી બોલ્યાઃ—"દાદી, દીકરા, આવી નબલાઇ તારા જેવાને છાજે નહી! ખરી વાત છે, કે યશંમની મોહોબતમા પડેલો ખસમ, પોતાના જીવની પરવા કરતો નથી. પણ દીકરા, તારો ગંમ જોઇ હું દુઃખી થાઉંછ. કોઇને ખાતર નહી, તો તારા બાપને ખાતર——

"પપા, મને છોડો." દાદી પોતાના બાપની ગોદમાંથી છુટો થઇ બોલ્યો. "મારી વાત તમે શું જાણો? મારી ગુલીસ્તાંન! જાંહાં સુધી હું તેને સોધી કાહાડસ નહી, તાંહાં સુધી મને ચેન પડવાની નથી. તે કાંહાં હોસે! સુખી કે ખુસી તો તે હોયજ નહી! તે દુખમા સબડે, ને હું મોજ મારૂં? તે વીપતીમાં પડે, અને હું મોજમા મારા દાહાડા ગુજારૂં? ગુલીસ્તાંન વગર મારી જીંદગી મને અકારી છે. મારી આંખોનું તેજ, તે ચોરી ગેઇછ. મારૂં દીલ તે લુટી ગેઇછ. મારો જીવ તેની અંદર છે, તેના વગર જીવવું મને હરાંમ છે."

"દીકરા ધીરો થા." બેહરાંમશાહે દાદીને સમજાવી લેવાની મતલબે કહ્યું. "મારૂં કેહેલું કરશે, તો બધું ઠીક થશે."

"તે શું છે પપા? તમે શું કેહવા માંગોછ?"

"મારા પુરાણા દોસ્ત કેકોબાદનો દીકરો બેરીસ્ટર થઇ વેલાતથી પાછો ફરીયો, તેની ખુશાલીમાં તેવને પોતાના બંગલામાં આજે રાતના

એક ડીનર આપીયુછ, તાંહાં મને તેડું છે. દાદી મારી ખ્વાએશ છે, કે આજે રાતે તું મારી સાથે એ ડીનર ઉપર આવે."

"પપા, હું આજ કેટલું થયું બીલકુલ કેથેમી જતો નથી." દાદીએ જવાબ દીધો. "પણ તમુને મારાથી ના કેમ કહેવાય? જેમ તમારી મરજી. મનેઆં તેડું તો છે."

"ઠીક છે. તાહારે સાત વાગે આપણ અંહીથીજ સાથે નીકલશું." બેહરાંમશાહે કહ્યું.

લાઇબ્રેરીમાંથી દાદી નીકલી પોતાના ઓરડામાં ગયો, અને મીસ બાલફ્રરને તેની ખબર પડતાંજ, તે પાછી બેહરાંમશાહ સાંમે જઇ ઉભી.

"મારા દીકરાને મોહટી મુશકેલીએ મે સમજાવીગેછ." બેહરાંમશાહે જવાબ દીધો. "બાપની ઇજત અને ખાંનદાંનની આબરૂ બચાવવા ખાતર, મારો દીકરો અંતે તારી સાથ પરણવા કબુલ થયોછ."

"દાદી જેવા સમજુ અને ખુબસુરત જવાંન પારસી કમ્યુંનીટીમા ઘણાજ થોડા હશે મી૦ બેહરાંમશાહ." મીસ બાલફ્રર બોલી. "હવે એ વાતમાં ઢીલ થવી નહી જોઇએ ખાનબાહાદુર. તમો સાહેબે શું ગોઠવણ કીધીછ?"

"સાંભલો મીસ બાલફ્રર," બેહરાંમશાહ ગંભીર બની બોલ્યા. "હવે તમે મીસીસ દાદી દીલાવરખાંન થશો. તમારૂં ઇંગ્રેજી નામ બબ્બા પરથી છે, તેને બદલે બબ્બાપરથી કોઇ પારસી નામ તમુને રાખવું પડશે. તમો "બચઇ" નામ રાખશો તો ઠીક!"

"તમો સાહેબ તમારી કોમને અનુસરતા રેવાજ મુજબ ચાલવા માટે મને જેબી કેહશો, તે કરવાને હું તઇયાર છેઉ." મીસ બાલફ્રર ઉલટમાં આવી બોલી."

"ધ્યાંનથી મારૂં સાંભલી લેઓ, મીસ બાલફ્રર." બેહરાંમશાહે ભપકી કીધી. "મારી કોમમાં હું એક આગેવાંન તરીકે ગણાઉછ. અને પારસીઓ મુને સારી રીતે ચાહીને માંન આપેછ. વાસ્તે મારાંજ

કુટુંબમાં થતાં આએ જુદદીન લગનને મારી તરફથી ઉત્તેજન મલેછ, એવું જાહેરમા જો હું દેખાડું, તો પારસીઓના ગુરસાનો હું ભોગ થઇ પડું. વાસ્તે હું એ કામમા બીલકુલ સાંમેલ નથી, એવું મારે દેખાડવું જોઇએ. સઘલો ઠપકો હું દાદીને માથે નાખવા ધાઇછ. વાસ્તે મીસ બાલફુર, તમો અને દાદી બંને જને મુંબઇની બાહાંર જઇ લગન કરવાં. અલબતાં એ વાતની ખબર તુરતજ મુંબઇમાં ફેલાશે. હું દાદી ઉપર ગુસ્સે થવાનું રોલ ધાલસ, અને થોડાક મહીના તમો દુર દેશમા યા ગમે તો પૅરીસમાં જઇને રેહજો. વખત જતાં લોક મત દબઇ જશે અને તમો પાછાં ફરજો."

"એમા ખોટું શું છે?" મીસ બાલફુરે જવાબ દીધો.

"મીં૰ કેકોબાદને તાંહાં આજે રાતના ડીનર પારટી છે." બેહરાંમશાહ બોલ્યા. "આજે હું દાદીબાની સાથે કેકોબાદના મારબલ હૉલમાં જમવા જનાર છેઉં. દાદીબા કેયેભી જમવા જતો નથી, પણ કેકોબાદને તાંહાં ખાસ એજ કારણસર તે જંમવા આવનાર છે."

"હું તમારી મતલબ બીલકુલ સમજી ગેઇ ખાંનબાહાદુર સાહેબ." મીસ બાલફુર બોલી. "લોકો એમ સમજે કે દાદી—

"સબર કરો. ઉતાવલાં ના થાવો." બેહરાંમશાહે ટીકા કીધી. "આંઠ સાડા આંઠ વાગે દાદી મારબલ હૉલમાંથી લોકોની નજર ચુકાવી નીકલી પડી, તમુને આવી મલશે?"

"મને એવન કાંહાં મલશે?" મડમે પુછ્યું.

"તમે આંઠની લોકલ ત્રેન, ગ્રાંટરોડથી પકડી, માહીમ જઇ, લેડી જમ્શેદજી રોડને નાકે, પુલની પાસે ઉભાં રેહજો. દાદી પોતાની મોટૅારમાં અરધા કલાકમા તાંહાં તમુને આવી મલશે. માહીમથી મોટૅારને પડતી મુકી, તમે વાંદરાના સ્ટેશન ઉપુર જઇ, સુરતની મેલ ત્રેનમાં નીકલી જજો. નવજોત કરવાની જરૂર નથી. તમે પારસી બોલી જાણોછ. ગુપચુપ સુદરો

ઓરવી દેઇ, કુસ્તી બાંધી દેજો, અને સાડી પેહડતાં તો તમુને આવડેછ ?"

"હા. સાડી પેહડતાં મને આવડેછ, અને તુમારી ઝંદ અવસ્તાના કલાંમોબી મારે મોહોડે છે." બેહરાંમશાહના વહુ થતાં બોલ્યાં. "પણ ખાંનબાહાદુર સાહેબ, તમે લગનની તઇઆરી એટલી ઝડપથી કરી નાખી, કે લગનના કપડાં તઇઆર કરવા જેટલોબી વખત મને તમે આપતા નથી. મારે સારૂં સાડી, સદરો, કસ્તી, એ બધું જોઇએ, તે આજને આજ કાંહાંથી લાઉ ?"

"શાબાસ ! જે મારી વહુ થવા નીકલીછ તે !" સસરાજી બોલ્યા. "લાધ દે, લધામન દે, અને વલી લાધનેવાલાબી સાથ દે! તેમ દીકરો આપું, દોલત આપું, માંન અને મરતબો આપું, લગન કરવાના પલાનો ગોઠવી આપું, અને સાથે કપડાં ચપરાંબી આપું કે ?"

"હું તમારી પાસે તે માંગતી નથી, પણ તે ખરીદવા જેટલો. હવે વખત રેહ્યો નથી સાહેબ." મડમ-વહુમાય બોલ્યાં.

"હા. વાત ખરી ! કંઇ નહી તો એક જોર કપડાં અને થોડું ઘરેણું તો જોઇએ." સસરાજીએ વીચારમા પડવાનુ ડોલ ઘાલ્યું. "ઠીક યાદ આવી. બાંનુબહની કબાટની ચાવી કોણ પાસે છે. ?"

"તે તો હુંજ રાખુછ !" મડમ-વહુ બોલ્યાં. "તેવનની કબાટની તેમજ તીજોરીની ચાવી મારીજ પાસે રેહછ."

"અં ! હં ! તાહારે ચાલો, હું કેહુછ તેમ કરો." સસરાએ વહુની કદર બાધી. "બાંનુની એક બે સૌજી કસબી સાડી અને સદરો કસ્તી તેવનની કબાટમાંથી કાહાડી લેજો, અને બને તો તીજોરીમાંથી હીરાની બુટી, મોતીની બ્રેસલેટ, ગલાની માલા, અને બે એક હીરાની વીંટીઓબી લેઇ લેજો. તેની એક ગાંસડી કરી સાયેજ લેતાં જજો."

"નહી સાહેબ. મારાથી એ ચોરીનુ કાંમ થાયં નહી." વહુના સુર ગગડવા લાગ્યા. "વાત જો જાહેર થાય, તો હું ચોરમા ખપું."

"તમો ભુલ કરોછ વહુ-માય." સસરાજીએ સમજ પાડી. "એક સસરો કદીબી પોતાની વહુ ઉપર ચોરીનો 'ચારજ' મુકેબી કે? અને તમે ભુલી કેમ જાવોછ. તમારા હાથમાં શું મારી મુંડી ઓછી છે કે? અરે તે મોહરાણુને લીધે તો તમે મારી પર આવી રીતે ફાવી જાવોછ."

"હાજ તો." મીસ બાબાફ્રર છલકાઇ જઇ બોલી. "હું તે જાંણુછ. અને મને ઉમેદ છે, કે તમે મને પાર પાડશો. હું તમારાં કુટુંબને લાયક નીવડવાની હરેક તજવીજ કરસ, અને તમારા દીકરા દાદીને સદાનો સુખી કરસ. તમારી કીમતી સલ્લાહ માટે ઉપકાર થયોછ. હવે હું રજા લેઉછ."

"સીધારો. સુખી રેહો." બેહરાંમશાહે દુવા દીધી. "પણ બરોબર વખતસર માહીમ જઇ પુગજો હો કે?"

"તેની તમારે ફીકર કરવી નહીં."

પ્રકરણ ૩૦ મું.

લેડી જમસેદજી બ્રીજ.

એક પારસી શેઠીઆના પારસી દીકરા સાથ, તેની દોલત અને તેના દરજ્જાના જીવ ઉપર પરણવા નીકલેલી આ મડમના હરખનો પાર રહ્યો નહી. પોતાને મન પસંદ ધણી, પોતાને મન પસંદ દોલત, અને પોતાને મન પસંદ દરજ્જાની પોતે ધણીઆણી થશે, થશે અને થશેજ, એવી હવે તો મીસ બાલફરની ખાતરી થઇ, કેમકે સસરાજીએ હા કહી, અને ધણી થતા દાદીએ, પોતાના કુટુંબની ઇજત માટે, તેણીનો હાથ ધરવા અંતે કબુલ થયો, એ ખુશાલી કાંઇ મીસ બાલફરને મન જેવી તેવી નહી હતી.

બેહરામશાહની સુચના પ્રમાણે, મીસ બાલફરે પોતાની શેઠાંણી બાંનુબઇની કબાટમાથી તેવનની એક ઘણીજ કીમતી કસબી સાડી, એક સદરો, અને કસ્તી, તેમજ પોલકા, છુપી રીતે કાહાડી, તેની એક નાંહની જેવી ગાંસડી બાંધી તઇયાર કીધી, અને તીજોરીમાંથી જોઇતું ઝવેરાત પણ ઉચાપત કરી, એક નાંહાનો પતરાંનો કેશ-બાકસ, જે બાંનુની તીજોરીમા પડેલો હતો, તેમા તે મુકી, તેને કપડાંની ગાંસડીમા વીટાલી, અને રાતના આંઠ વાગાની તે વાર જોવા લાગી.

આંઠ વાગતા ઘણી વાર લાગી નહી. આંઠનો વખત થતાંજ, પારસી વરની આ મડમ-વહુ, પેલી કપડાંની ગાંસડી બગલમા મારી, બની ઠની, સઘલાંની નજર ચુકાવી, કોઇનેબી જણાવ્યા વગર, ચંપા બાગમાથી ગુપચુપ બાહાર નીકલી પડી, અને ગ્રાંટરોડના સ્ટેશન ઉપર જઇ, ત્યાંથી માહીમ જતી ગાડીમા પહેલ્લા વરગની ટીકીટ લેઇને ચહડી બેઠી.

અરધા કલાકમાં તો તે માહીમ જઇ પુગી. સ્ટેશન ઉપરથી તે સીધ્ધીજ પુલ તરફ નીકલી ગઈ, અને પુલને છેડે, અંધારાંમા પોતાના ધારેલા ધણીને મલવા તે તુલપી રહી.

"હજી નહી આયા ? નવ વાગી ગીયા ! સાડા નવ થયા ! શું મને બેહરાંમશાહે ભમાવી ! નહી, તેમ તો કરે નહી, કેમકે તેવન જાણેછ, કે મારા હાથમા તેવનની મુંડી કુચી છે !"

આવા વીચારમા મીસ બાલફર લેડી જમશેદજી પુલના પગથીઆં આગલ અંધારાંમા ઉભી ઉભી તપતી હતી, તેવાંમા સાંમેથી કોઇને આવતો જોઇ તે બોલી:—

"હલ્લો ! મારો ડીયર આયો ! ડીનરે ઉપરથી" સરવેની નજર ચોરાવી સટકી આવતાં વાર લાગી હશે !"

મીસ બાલફર પોતાના 'ડીયર'ને મલવા તઇયાર થાય, તેટલાં તો દાદી ફક્કડ ઇંગ્રેજી ડ્રેસમા સૈજ થાયલો ત્યાં આવી પુગ્યો. તેનો પોશાકજ કહી આપતો હતો, કે તે ડીનર ઉપરથી આવેલો હતો. તેણે પોતાના સુંદર કીમતી ઇવનીંગ ડ્રેસની ઉપર એક લાંબો 'ક્લોક' પેહડી લાધેલો હતો, અને રાતની અંધારી છત્તે, તેના પગમા પેહડેલાં વારનીસના બુટ ચલકતાં હતાં. દાદીને પોતાની તરફ ગોઠવણ પ્રમાણે આવતો જોઇ, મીસ બાલફર મનમા મલકાઇ બોલી:—

'દાદીર.'

'યસ ! લીલી !'

એટલું બોલતાંજ દાદીએ લીલીનો—મીસ બાલફરનો— હાથ પોતાની બગલમા લેઇ, પુલની ઉપર ઉતાવલે કદમે ચાલવા માડ્યું. દસેક મીનીટ સુધી તેઓ બંનેજન ગુપચુપ ચાલ્યાં કીધાં. લીલી મનમા ગણતી કરતી હતી, કે જ્યાં સુધી દાદી મને બોલાવે નહી, ત્યાં સુધી મારે બોલવુંજ નહી. પણ પોતાના તે ઠેડાવ પ્રમાણે લીલી ચાલી નહી, કેમકે જેમ જેમ પુલ ઉપર રાતની અંધારીમા દાદી સાથે તે આગલ ચાલતી ગઇ, તેમ તેમ દાદીની ચુપકીદી ઉપર તે શકમંદ થતી ગઇ, અને આસપાસનો એકાંત દેખાવ જોઇ, તે મનમા તરેહવાર વીચારો કરવા લાગી. તે બારી નજરે દાદીના ચેહરા તરફ નજર કરી, પોતાની ખાતરી કરવા લાગી, પણ તેમાથી તે નિશફળ થઇ, કેમકે દાદીએ

પોતાના 'કલોકનો' કૉલર ઉંચો ચહડાવેલો હોવાથી તેનુ મોહડું રાતની અંધારીમા લીલી બરોબર જોઇ શકી નહી.

આ વમાસણમાથી ચીંતાની ચીંગારી લીલીના જીગરમા સલગી ઉઠી. તેણીના દીલમા ધાસ્તી પ્રગટી નીકલી. "દાદી ગુપચુપ કેમ ચાલે છે! તે બોલતો કેમ નથી! આવી એકાંત જગા ઉપર જો તે મને મારી નાખે, તો મને બચાવે કોણ! મારી મદદે કોણ આવે! મારી મોહટી ભુલ થઇ! હવે શું કરૂ!"

"દાદી શેઠ તમે બોલતા કેમ નથી?" મીસ બાલકરે અંતે પુછયું. "સુરતની ગાડી વાંદરાના સ્ટેશન ઉપર આપણુને મલશે કે?"

પણ દાદીશેઠે લીલીબાઇને કાંઇબી જવાબ આપ્યોજ નહી. દાદીની આવી ફાટેલ સુપકીદી જોઇ, લીલી વધુ ગભરાવા લાગી, પણ તે હીંમત કરી બોલી.

"દાદી શેઠ, તમે મારી ઉપર ગુસ્સે છેઓ? પણ મારો ચાહા તમારી ઉપર અથાગ છે. મારો પ્યાર હદ વગરનો છે. તમે મને અકારીના ગણો. હું તમારી માફી માગું છ. આવી એકાંત જગા જોઇ હું બીહુંછ. તમે બોલતા કેમ નથી? બોલો દાદી! ડીયર દાદી! મીસ્તર દાદીશેઠ, હું અરજ કરૂંછ કે બોલો? જો તમે એમ મુગા ચાલશો, તો હું તમારી સાથ આગલ ચાલનાર નથી. મને ધારતી લાગેછ. તમે મારી સાથ દગો રમોછ, કે શું?"

લીલી હવે ખરેખર ધાસ્તી ખાઇ ગઇ. ધાસ્તીની મારી તેણીની છાતી ધડકવા લાગી. અંધારી રાતની સીહાઇમા તેણીએ આગલ પાછલ નજર કીધી, તો તેણીને તમામ અંધારૂં ઘોર આસપાસ દેખાયું. તુરતજ લીલીએ દાદીનો હાથ બાજુમાથી બંને હાથે પકડી લીધો, અને બુમ પાડી બોલી:—

"નહી, હવે હું આગલ નથી આવતી! દાદી શેઠ જો મારી સાથ તમુને નહી પરણવું હોય તો ભલે, તમે ના પરણો, પણ તમે મને જવાબ આપો. મીસ્તર દાદી શેઠ! ડીયર દાદી!! મારા દાદી શેઠ——"

લીલીની સઘલી આજેજી ફોકટ ગઇ. દાદીએ અંધારાંમા આગલ ચાલવા માંડયું, અને લીલી દાદીની પછવાડે, પોતાની મરજી ઉપરાંત ઘસડાતી ગઇ. તે ઉભી રહી શકી નહી, કેમકે દાદીની બગલમાથી તે પોતાનો હાથ છોડવી શકી નહી. તેણીને લાગ્યું, કે તેનો હાથ કોઇ લોખંડના સકંજામા સીકડાઇ ગયો છે. અંતે તેણીએ લાચાર થઇ એક ચીસ પાડી—

"ઓ કોઇ આવો! બોલ તું કોણ છો!-દાદી તું મને કાંહાં લેઇ જાએછ? અરે! તું કંઇ દાદી નથી? ઓ ખુદા—કોઇ બચાવો——

પુલની વચોવચ' જઇ પુગતાંજ લીલીએ એક જોર કરી, પોતાની સાથે ચાલતા શખસની જેબમાંથી પોતાનો હાથ ખેંચી કાહાડી પાછલ હટી ગઇ, અને તેજ વખતે દાદી પોતાનો ચેહરો ખુલ્લો કરી લીલીની સાંમે ઉભો.

એકજ મીનીટ!

અને લીલીની ખાતરી થઇ, કે તેણીનો સાથી દાદી નહી, પણ કોઇ બલતોજ શખસ છે. તેણીની આંખે ચક્કર આવવા લાગ્યાં. તેણીના બદનના તમામ સાંધા ઢીલા થઇ ગયા, અને તેજ વખતે પેલી કપડાંની ગાંસડી અને ડ્રેસ-બાકસ તેણીના હાથમાથી જમીન ઉપર તુટી પડયાં. હેબતની મારી લીલીએ એક જબરી ચીસ પાડી, માહીમ તરફ તેણીએ નાહાસવા માંડયુ. પણ તે નાહાસે શું!

તેજ વખતે એક ફટકો લીલીના માથાં ઉપર એવો તો જોરથી પડયો, કે તે પડતાંજ, ચક્કર ખાઇ તે જમીનપર પડી. જેવી તે નીચે પડી, તેવોજ એક બીજો ફટકો પેલા ખુનીએ તેના માથાંની ખોપરી ઉપર મારી, તેને સદાની મુગી કરી નાખી.

* * * *

વધુ શું બન્યું' તે બંયાન કરવાની જરૂર નથી. બીજે દાહાડે સહવારના પોહોરમા છાપામા નીચલી ખબર બધેરે ઠેર વંચાવા લાગી.

ચંપાબાગમા ચોરી!

મોહટી રકમની દાગીનાનું ચોરાવું. !

મડમ—બાલફરનુ ગુમ થવું!

ખાંનબાહાદુર બેહરાંમશાહ દીલાવરખાંનના ચંપા બાગમા, ગઇ રાતના, તીજોરીમાથી મોહટી રકમના દાગીના તેમજ કીમતી કપડાંની ચોરી થવાની ફરીઆદ, ગ્રાંટરોડ પુલીસ ચોકી ઉપર કરવામા આવી હતી. ખાંનબાહાદુર બેહરાંમશાહ પોતાના દીકરા દાદી સાથ મી૦ કેકોબાદના મારબલ હૉલમા ડીનર ઉપર ગયા હતાં, અને બાર વાગતાને સુમારે પાછા ફરતાં, નોકરોએ તેવનને ખબર આપી, કે મીસીસ દીલાવરની કંમપેનીયન મીસ બાલફર ઘરમાથી વગર ચેતાવવે જતી રહી છે. ખાંનબાહાદુર બેહરાંમશાહે તુરતજ નોકરોને ઘરની તપાસ કરવા કહી, કે કાંઇ ચોરી થઇ હોય તો માલમ પડે. તપાસ ચલાવતાં મીસીસ દીલાવરની તીજોરી ઉઘાડી માલમ પડી, અને તેમાથી ઝવેરાતનો બાકસ, તેમજ કબાટમાથી કેટલાંક કીમતી કપડાંઓ ગુમ થએલાં માલમ પડયાં. પુલીસ મીસ બાલફરની પુઠે લાગી છે, અને જુદાં જુદાં સ્ટેશનો ઉપર તાર મારફતે આ ચોરીની ખબર પણ આપી છે."

પણ જે દાહાડે સહવારના ચંપાબાગમા થએલી ચોરીની ખબર છાપામા છપાઇ, તેજ દાહાડે સાંજે સાંજના છાપાઓમા એક જાણવા જોગ બીજીજ ખબર છપાઇ.

માહીમમા મોહકાંણ!

લેડી જમશેદજી પુલ ઉપર મીસ બાલફરનું ખુંન!

"આજે સહવારમા હમોએ આપેલી ખબર પ્રમાણે મીસીસ દીલાવરના બાનુની કંમપેનીયન મીસ બાલફર, જે મીસીસ દીલાવરની તીજોરીમાથી

દાગીના અને કપડાં લઇ નાહાસી ગઇ હતી, તેનું ગઇ રાતના કોઇ કરપીન ખુનીએ માહીમ મેંધે, લેડી જમશેદજી પુલ ઉપર ખુંન કીધું છે. મરનારની પાસથી ચોરાએલી મતા બીલકુલ મલી આવી નથી, પણ એવું માલમ પડે છે, કે મરનારનુ ખુંન કોઇએ તેની પાસની મતા છીનવી લેવા માટે કરેલુ હોવું જોઇએ, જે જગા ઉપર મરનારની લાસ પડી હતી, તેની આગલથી એક ખાલી નાહનો કેશ-બૉકસ મલ્યો છે, જેની ઉપર મીસીસ દીલાવરનુ નામ કોતરેલું છે. મરનારના માંથાની ખોપરી બીલકુલ ફુટી ગઇ હતી, અને તેણીના કાંનમા પેહડેલા દાગીના કોઇએ જબરીથી ખેંચી કાહાડી લીધેલા માલમ પડતા હતા, કેમકે મરનારના કાંનના ચાબકા ચીરાઇ ગએલા જણાતા હતા. મરનારની લાસ ઉપર તુરતજ કોરોનરે માહીમ મધ્ધે જ્યુરી ભરી હતી. જ્યુરી એવા અભીપરાય ઉપર એક મતે આવી હતી, કે કોઇ નામ નહી જણાયલા શખસે, મીસ બાલફુર પાસની મતા મેલવવા, જાણી જોઇને તેણીનુ ખુંન કીધું હતું."

* * * *

આ બનાવ બન્યા પછી, સોલ માસની મુદ્દત, ચંપા બાગમા વસનારાંઓના બાબમા, કાંઇબી જાણવા જોગ બનાવ બન્યા વગર, વહી જાએ છે. પણ—— "

પણ એ સોલ માસમા ગુલીસ્તાંનનું શું થયુ ? તેની ખબર કોણ પુછે ? ગરીબની દાદ કોણ લીએ !

ગરીબનો યાર ખુદા !

પ્રકરણ ૩૧ સું.

ભર દરીએ ડોલતું વાંહાણ !

હા. સોલ માસ. પુરેપુરા સોલ માસ.

એ મુદતમાં ગુલીસ્તાંનનું શું થયું, તે જાણવાની ખાસ જરૂર છે. એ સોલ માસની મુદતમાં ગુલીસ્તાંનની જીંદગીમાં મોહટા ફેરફારો થઇ ગયા છે. એ ફેરફારો કેવા હતા, તેની વીગત આ વારતા આગલ વધે, તે આગમજ જાણવા જોઇએ.

ઠગારી મીસ બાલફરની ઠગાઇનો ગરીબ બીચારી ગુલીસ્તાંન ભોગ થઇ પડી. એક ઉઘાડી ગાડીમાં, તેણીએ પોતાના ધણીને તેની પરણેલી બઇરી સાથે બેઠેલો પોતાની નજરે જોયો, એટલુંજ નહી, પણ જે શખસ ઉપર તે પોતાનો જાંન આપતી હતી, તે શખસ મીસ બાલફરની બેહનને દગો દેનાર માલમ પડયો, એ વાત જાણતાંજ તે ભોરવાઇ ગએલી બોલી, બેભાંન થઇ જમીન ઉપર ત્યાંની ત્યાંજ પડી.

અભાગણી ગુલીસ્તાંન ! કમનસીબ ગુલીસ્તાંન !. આ જગતમાં તારે માટે સુખ સરજેલુંજ નહી હતું. કેમકે અનેક વાર સુખના રસથી ભરેલું પ્યાલું, તારા હાથ સાથ લાગતાંજ, તે તારા હાથમાથી જમીન ઉપર પડી ગયું. દુનીયાંના ફંદ ફરેબ અને ફીતુરથી તુ બેખબર હોવાને લીધે, તારાં અભાગ્યાં નસીબે તું ભોરવાઇ ગઇ, તેમા કસુર તારાં કીસમતનો કે કસુર તુને ભોરવનારનો, તે અટકલી શકાતું નથી.

ગુલીસ્તાંન દાદીને કોઇ પારકી ઓરત સાથ હસી હસી વાત કરતે જોઇ ભડકી ગેઇ. મીસ બાલફરના કાવતરાંને તે પોંહચી શકી નહી. પોતાને પરણનાર શખસ કોઇ બીજી સાથ પરણેલો છે, એટલુંજ નહી, પણ મીસ બાલફરની બેહનને દગો દેનાર શખસ પણ તેજ છે, એમ જાણતાંજ, તે બેભાંન થઇ; મીસ બાલફરના પગ આગલ રસ્તા ઉપરજ પટકાઇ પડી. મીસ બાલ-

ફૂર તેજ વખતે એક ભાડુતી વીકટોરીયામા ગુલીસ્તાંનને નાખી, તેણીને ઘેર લેઇ જઇ, તેણીનો ભરભાડુતોને સવાધીન કરી, સઘલી બનેલી બીના તે લોકને જણાવી તે પોતાને મકાંને ગઇ.

ગુલીસ્તાંનના દુખ અને નીરાસીનો શું પાર! તેની મીઠાંમાં મીઠી ઉમેદોનો કેવો નાશ! તેની આશા અને ઉમેદોનું કેવું નખ્ખોદ! તેની દલગીરીનુ તોલ કોણ કરે! તેની આંખોમાથી વેહતાં આંસુની ધાર કોણ અટકાવે! તેને કોણ સમજાવે! તેને કોણ મનાવે! તેની આશા અને ઉમેદના સઘલા કીલ્લા એકાએક જમીનદોસ્ત થઇ પડયા! દાદીને ચાહાવા માટે, અને તેની ઉપર વીસ્વાસ મુકવા માટે, તે પોતાને હજારો હજાર ફ્ટુવા દેવા લાગી.

આદમી ધારે છે શું, અને ખુદા કરે છે શું!

એક પખવાડીયાંમાં તો ગુલીસ્તાંન પરણીને સાસરે જનાર હતી. એક પખવાડીયાં પછી તો તે દાદીની ધણીઆણી, દાદીના સુખની ભાગીદાર અને દાદીની દોલતની માલેક થનાર હતી. અને તેટલાંમા આ શું બનાવ! કંમનસીબ ગુલીસ્તાંનના કરમની આ કાંહાંણી હતી.

રાત તેણ સારી બેકરારી અને વીચાર વમાસણમા ગઇ. પણ તેજ રાતે ગુલીસ્તાંન પોતાના ભવીશ માટે ઠેકાણ ઉપર આવી. સહવારે પડતાંજ તેણીએ પોતાના લગનના તઇઆર કરેલાં કીમતી કપડાંની ઘડી કરી, તે સઘલાં એક પતરાંની ત્રંકમાં ગોઠવ્યાં, અને તે કપડાંની સાથે, દાદીએ માર્કસ કંમપનીમાથી તેણીને અપાવેલું ઝવેરાત, તેમજ દાદીના પઇસામાથી તેણીએ ખરીદેલી સઘલી ચીજો, તેજ ત્રંકમા મુકી, તેણીએ ચાવીથી તે ત્રંક બંધ કીધી. અને પોતાના ઘરવાલી ભાભર ભુંજાના માકી ડોસાને તે ત્રંક સ્વાધીન કરી, તે બોલીઃ—

"માસી માય, અને માફ કરજો. હું જાઉછ. આએ લત્તા ઉપર, તેમજ આએ ઘેરમા હવે મારાથી રેહવાય એમ નથી. દેખઇતુ છે, કે તે મારી શોધમાં આએ તરફ આવશે: તે મારો પીછો છોડનાર નથી, એમ હું જાણુંછ, અને તેથીજ હું તેનીથી નાહાસવા સારૂજ આએ ઘેર છોડી જાઉછ. કદાચ મારા

ગીયા પછી તે જો હીંયાં આવી લાગે તો મારી ઉપર મેહરબાની કરી, આએ. ત્રંક તમે તેને આપી દેજો. તે ઉંચો, સાંમલા રંગનો, ખુબસુરત, સોહામના દેખાવનો છે. તેનું નામ દાદી યા તો જમશેદ છે. માસી, તમે તેને કેહજો—તમે કેહજો—કે—

ગુલીસ્તાંનની છાતી ભરઇ આવવાથી તે રડી પડી, અને માકી ડોસાં પણ આંખમાં પાણી લાવી બોલ્યાં:—

"ના રડ—દીકરી ના રડ! મરેરે. એ શું થઇ ગીયું!"

"તમે તેને કેહજો, કે હું મારી સાથે તેનું આપેલુ અપાવેલું કંઇબી લેઇ ગેઇ નથી, પણ બધું હીંયાંજ મુકી ગેઇછ. હવે મને મલવાની જરાબી તેને આસા રાખવી નહી."

ગુલીસ્તાંન માકી ડોસાને મલી, રડતી આંખે અને તુટેલે દીલે, પોતાનું જુંનુ મકાંન ખાલી કરી ગેઇ.

ખાલી કરી તે કયાં ગઇ?

મુશ્કેલીની મુસીબતોના સંકટ.

આજે ત્રણ મહીના થયાં ગુલીસ્તાંન કોટ મધે એક કંગાલ ગલીમાં આવેલાં એક ગલીચ મકાનને ભોંયતલીએ જઇ વસી છે.

હીંઆં તે એક નાહલ્લી ઓરડીમાં, એક નાહલ્લી ખાટલી ઉપર, એક ફાટેલી સાદરી નાખી, તે ઉપર એક જુંનુ પુરાંણું ખોરીયું નાખી, સુતેલી છે. હીંયાં તેની દાદ લેનાર કોઇ મલે નહી. હીંયાંની ગલીચીમાં વસતાં, હવા અને ઉજાસની તંગીને લીધે, કંમનસીબ ગુલીસ્તાંનને આજ અડી માસ થયાં મેલેરીયા-તાવ લાગુ પડવાથી, તે ખુબસુરત જવાંન છોકરીની હાલતમા મોહટો ફરક પડી ગયો છે. એ મુદતમા પોતાની નાદરૂસ્ત તબીયતને લીધે, પોતાના પેટની વેઠ કરવા જેટલુંબી સીવી સાંધી નહી શકવાને લીધે, મોહોટે ભાગે ગુલીસ્તાંનને ભુખમરો વેઠવો પડયો હતો, અને પુરતા ખોરાકની તંગીને લીધે, તેનો એક વખતનો ખુબસુરત ચેહરો કરમાઇ ને કરમાઇ ગયો હતો. તેની સોહામની સીકલ સોહોરાઇ ગઇ હતી. તેના

શરીરનો ભરેલો બાંધો સુકાઇ તવાઇ ગયો હતો, તેના ખીલી રેહલાં ગોલાબી ગાલો ફીક્કા પડી ગયા હતા, અને તેણીના ગાલમાં તેમજ આંખોમાં ખાડા પડયા હતા.

ગુલીસ્તાંનમાં આ બધો ફેરફાર ત્રણ મહીનામાં થઇ ગયો હતો. એ ખુવારીભરયો ફેરફાર, ગરીબી અને મુફલેસી સાથ, ભુખમરાથી થયો હતો. એ મુદત દરમ્યાંન ગુલીસ્તાંનને પજવનારા, અને ગુલીસ્તાંનની ખુબસુરતીપર ભમતા ભમરાઓ કાંઇ ઓછા નહી હતા. પણ ગુલીસ્તાંન પોતાની સઘલી લાચારી અને ગરીબ છતાં તેવા બદમાસોની તરફ ધીક્કારથી જોતી હતી.

ત્રણ માસની મુદત બાદ, પોતાની તબીયતમાં કાંઇક સુધારો થતાંજ, ગુલીસ્તાંને પોતાના પેટની વેઠ માટે, પાછું સીવવાનું કાંમ શરૂ કીધું. પણ તેમાં તેનું શું દલદર ફીટે !

પણ તે કરે શું ? પેટ ભરવા માટે સીવવા સાંધવા વગર ગુલીસ્તાંનને છુટકોજ નહી હતો. કલાકના કલાક સુધી ગલીચી અને હવા ઉજાસ વગરની જગામાં બેસી સીવતાં, અંતે તેણીના જીંદગી ખુવારીને ખરાબે ચહડવા લાગી, અને ગુલીસ્તાંન જયારે બીલકુલ નાતવાંન અને અશકત થઇ પડી, ત્યારેજ તેણીએ જાણયું, કે હવે આ ફાની દુનીયાંમાં તેના વસવાટનો વખતનો છેડો, જે વખત જાએ છે તેમાં જલદી આવવો જોઇએ.

તેણીના દુખના દાસતાંન લંબાવવાંની જરૂર નથી. ગુલીસ્તાંનની જીંદગીને કાતીલ ઝેરનો સરો લાગી ચુકયો હતો. તેણીનુ એક વખતનું ભરેલું આંગ, તવાઇ જવા લાગ્યું. સુકી ખાંસીથી સારી રાત તે બેજાર થવા લાગી. રાતના પસીનાથી તે હેરાંન થતી રહી. તેની છાતીમાં, અવાર નવાર થતાં ધપકારા, તે પોતે સાંભલવા લાગી, અને એ સઘલાં સાથ ઝીણી બારીક બુખાર તેના જીવનો કાતીલ જમ થઇ લાગી !

એ શું દરદ થતું હતું !

તે ખઇનું જીવ લેન દરદ હતું.

અને ગુલીસ્તાંન કાંઇ તેથી બેખબર કે અંજાણી હતી નહી પોતાની નાદરૂસ્ત તબીયત અને નાતવાંની છતે અંતે એક દાહાડો તે કોટના ધરમના દવાખાનામાં દવા લેવા ગઇ, અને નજદીક બે અઠવાડીયાં સુધી દવાઇના ઓટારા પીધા પછી, એક દાહાડે ડાકટરે તેણીને જણાવ્યું, કે "તમોએ દેવલાલી જવું. કેમકે તમારા દુખને, દવા કરતાં હવાની જરૂર ઘણી છે."

મુફલેસ ગુલીસ્તાંન! તે બીચારી દેવલાલી તે કયાંથી જાએ? જ્યાં એકબી વખત પેટમાં નાખવા માટે અંન કે ખોરાકની તે મોહતાજ હતી, ત્યાં દેવલાલી જવાનું ગાડી ભાડું, અને ત્યાં જઇ ખાવા પીવાનું, તે કયાંથી મેલવે?

"જી હું મરવા જરાબી બીહતી નથી. પણ મને કેહવો તો ખરા, કે મને શું દરદ છે? મને દરરોજ રાતના ઠંડી વાગી તાપ ચહડેછ, અને સહેજસાજ મને ઠાંસો છે. પણ છાતી ઉપરથી બરખા કે કપ જેવું જરાબી પડતું નથી. મારાથી ઘનો વાર બેસાતું નથી. બે ટાંકા સીવું, ને દરજી કંઇ આપી જાય, તો તેમાંથી ચોખાની કાંજી કરી પીવુંછ. બીજું તો મને કંઈ જરતું નથી, અને ખાવાને નામે મને ઉલટી થતી હોંય એમ લાગેછ."

"તમારાં માએ જીવતાં છે કે?" ડાકટરે પુછ્યું.

"જી માએ જો જીવતાં હોતે, તે આજે આવી આફતમા હું કદીબી પડતે નહી." ગુલીસ્તાંન બોલી. "તેવન મરી ગીયાંછ."

"મરી ગીયાંછ! તાહારે તમારા બાવા?"

"બાવા સાથી મરી ગીયા, અને તેવનને શું થયું, તેની મને જરાબી ખબર નથી." ગુલીસ્તાંન રડી પડી બોલી.

"તમે હેબતી ના જાવો. તમને ખરાબ ઠાંસો લાગુ પેડીયોછ. આએ બારીક તાપ, અને સુકો ઠાંસો, ખઇની શરૂઆત દેખાડનારી નીશાંનીઓ છે.

તમુને દેવલાલીની હવાથી ફાએદો થશે. તમે જો દેવલાલી જવાને રાજી હોવો, તો હું તમુને મોકલી આપવાની કંઇ તજવીજ કરી આપું ”

તેજ દીવસે ગુલીસ્તાંને પોતાની કજાની સરજત ઉપર સહી કીધી હતી. તેણીએ નક્કી જાણ્યું, કે આ ગરીબોને રીબાવનારી દુનીયાંમાથી તેણીનો ચાલી જવાનો વખત, હવે પુરો થવા આયો છે.

પણ અફસોસ ! આવી જવાંન, આવી ખુબસુરત, આવી નીરદોશ, આવી ભલી અને આવી નેકને આવું જાલંમ દરદ ! એવી ફરેસતાઇ, સદગુણી ઓરતનુ મોત, આવાં રીબાવી રીબાવી જીવ લેનાર દરદથીં કાંય આવતું હશે ?

ગુલીસ્તાંન પોતાના મોતનો પેગામ સાંભલી જરાએ દુખી થઇ નહી. જરાબી તે બીહીધી, કે હેબતી નહી. તેણીએ ઘર જઇ તુરતજ એક પોસ્ટ કાર્ડ લઇ, પોતાના જુંના ઘરવાલાં માકી ડોસા ઉપર લખી જણાવ્યું, કે તે પોતે આંવી શકે એવી હાલતમાં નથી, વાસ્તે તેઓને જો ફુરસદને વખત તેને મલી જશે, તો મોહટી મેહરબાની થશે.

નીરાધાર ગુલીસ્તાંન ! એથી વધારે તે બીજું શું કરી શકે ? આએ દુનીયાંમાં તેનું બીજું કોઇબી સગું વાહાલું કે દોસ્ત આશનાવ હોય, તો તેને તે પોતાની મદદે બોલાવે, યા પોતાના આવી પુગેલાં મોતની ખબર, તે તેને આપે. પણ ગુલીસ્તાંનનું કોઇ સગું કે દોસ્ત આ દગલબાજ દુનીયાંમાં હતુંજ નહીં, એટલે તે એથી બીજું શું વધારે કરે ?

એક માસ સુધી ગુલીસ્તાંનની ખબર કોઇએ લીધી નહી. તોપણ દયાને ખાતર તેણીના પડોસીઓએ અવારનવાર તેણીને વારા ફરતી મદદ કરવાનો ઠેડાવ કીધો. પેહલે માળથી સહવારના ચાહેનુ એક કપ અને પાંઉની કાતરી, બીજે માળથી બપોરના કાંઇક લુખ્ખું સુકકું ભોજન, ત્રીજે માળથી રાતના તેવોજ કાંઇ ખોરાક તેણીને સારૂં તેના પરદુખભંજન બાનુઓ મોકલતાં હતાં. એવી કંગાલીયતમા એક માસ, વધુ

ગુજરી ગયો. અંતે એક દીવસે ગુલીસ્તાંનના જુના ઘરવાલા માકી ડોસાં, ગુલીસ્તાંનના ઘરનો પત્તો પુછતાં આવી પુગ્યાં.

"ઓ, મરૂં રે! માયજની, આએ તારો શું હાલ તેં કીધો?" માકી ડોસાં ગુલીસ્તાંનને જોતાંજ હેબતી જઇ બોલ્યાં. "ગુલીસ્તાંન! ગુલીસ્તાંન! આએ તેં શું મોહોકાંણુ વારી? અરે તારૂં રૂપ કાંહાં છે? તારૂં હોસાંન કાંહાં છે? ગુલીસ્તાંન, માય જની, તુને શું છે? મને કહે તો મારી ઘેરન?"

માકી ડોસાંની આંખમા ગુલીસ્તાંનનો હાલ જોઇ પાંણી આવી ગયાં, અને ગુલીસ્તાંન જે એક ભાગી તુટી ખાંટલી ઉપર ખારીયું ઓઢી પડેલી હતી, તેને ભેટી પડયાં.

"માસી, તમને તજદી પડીછ, તે માફ કરજો." ગુલીસ્તાંન પડી પડી ધીમે અવાજે બોલી."

"અરે પણ ગુલીસ્તાંન આએ તારા શું હાલ?" માકી ડોસાંએ ફરીથી પુછયું. "પણ કંઇ નહી દીકરા, ખદાએ સારૂ કરશે. ધીરજ ધર. હું તુને સારી કરસ. હું તુને મારે ઘેર લઇ જવસ. સરની હાસપીતાલના મોહોટા ડાકટરની દવાં કરસ. હું આજની આજ તુને મારી સાથે લઇ જાઉચ. તારો ઓરડો હજુર ખાલીજ છે દીકરા. હજુર કોઇ ભાડુતે આયુંજ નથી. પેલો તારો ધણી થતો, પેલો જમશેદ, એક વખત પુછતો પુછતો આયો તો——

"તેવન આયા'તાં માસી?" ગુલીસ્તાંને ઇંતેજારીથી સવાલ કીધો. "તાહારે તો મારાથી તમારે તાંહાં અવાએજ નહી માસી."

"દીકરી ગુલીસ્તાંન, એમ ચેરાં શું કરેછ?" માંકી ડોસાએ ઠપકો આપ્યો. "આએ દુખના જોરે બધી સોહરાઇ સુકાઇ ગેઇ, અને એમ ચેરાં ના કર. તારો ધણી થતો, બચારો પેલો જમશેદ, દર દસ પંદર દાહાડે તારી ખબર પુછવા આવતો ને આવતોજ રેહછ. હું તારૂં ઠેકાનું જોંણતી હોતે, તો તેને જરૂર કેહતે. તારો ફોસ-કયાટ મલીઓ, તાહારે મેં તો તારી વાત જાંની!

બચારો કેવો બલો. જાહારેબી આવે તાહારે તુને યાદ કરી, આંખ પાંણી ભરી, તારૂં ને તારૂંજ નામ બોલી પાછો જાય."

"તે ગમે તે હોય, પણ મારે તે શું કાંમનો?" ગુલીસ્તાંન ડોબો તાણી બોલી. "સે મને ચાહેછ, એમા તો જરાબી શક નથી. અને ખુદા જાણેછ, કે હું તેને કેવો ચાહતી હતી. હું હજી તેની ભલાઇઓને યાદ કરૂછ. હું હજી તેની પ્રીત અને મયા દયાને યાદ કરૂછ.. તેનો પ્યાર ગમે તેવો હોય, પણ તેના દીલમા પાપ હતું. તે બીજીને પરણેલો હોવા છતાં, મારી સાથ પરણવા તઇયાર થયો હતો. તેના પ્યારમા પાપ વસેલું હતું. મારી ઇજ્જતનો તે નાશ કરવા માંગતો હતો. જો હું તેનુ પાપ વખતસર જાણતે નહી, અને હું જો તેની સાથ પરણી જતે, તો પછી--પછી--માસીમાય—પછી—

ગુલીસ્તાંનથી હવે ઠોબાયું નહી. તે જારજાર રડી પડી, અને માકો ડોસાંએ તેને સધીઆરો આપી પેટમા દાબી કહ્યું :—

"ના રડ, મારી માય કરૂં, ના રડ. તુ રડેછ, ને મારા પેટમા ચુંદાઇ આવેછ. તું જોઇએ તો તેને ના મલતી. પણ મારી વાત તો સાંભલ? તારા સધાવીયા પછી, આંઠ કે દસ દાહાડે, કોઇ પેહરેલો ઓધેલો, સોહામનો પારસી આવી, તુને પુછવા લાગો. મે કેહ્યું, કે "બા તે તો ખાલી કરી ગેઇ." તું ખાલી કરી ગેઇછ એમ સાંભલતાંજ તે તો ફીકકોજ પડી ગીયો. પછી તારી પેલી પેટીની કુંચી મે તેને આપી. તે પેટી ઉઘાડી બધાં કપડાં જોઇ ને આંખમા પાણી લાયો, અને તે પાછી બંધ કરી મને કેહ્યું જે "આએ પેટી ને કુચી તમે હીયાંજ રાખો. હું ગુલીસ્તાંનને શોધી કાહાડુ તાંહાં સુધી એ પેટી તમે રાખો." તે મને કુચી આપી ગીયો, અને પંદર વીસ દાહાડે પાછો આવી મને તારૂં ઠેરઠેકાનું પુછવા લાગો. પણ ઠેકાનું તે કાંથી આપું. હું જો જાણતી હોતે તો જરૂર તેને કેહતે?"

"મારી સરજત! મારાં કરમની કાંહાણી પુરી થઇ." ગુલીસ્તાંન બોલી. "તેના પ્યારની કીમત હું જાણતી હતી, પણ તેની દગલબાજીથી હું બેખબર હતી."

"દીકરી ગુલીસ્તાંન, હવે ચાલ ઉઠ મારી માય કર." માકી ડોસાં બોલ્યાં. "હું ગાડી મંગાઉછ. તું મારે ઘેર ચાલ. જમશેદ હવે પાછો તારી તલાસ કરવા આવે એમ મને લાગતું નથી, કેમકે તે ઘડી ઘડી આવી જાહારે હાકો ગંગો, તાહારે તે મને કેહી ગીયોછ, કે જો ગુલીસ્તાંનની કંઇબી ખબર મલે, તો મને તરતજ લખી જણાવવી."

"કાંહાં લખી જણાવવી મારી?" ગુલીસ્તાંન એકદમ બોલી પડી.

"પેલું કીયું છાપાખાંનું જો? બામદાદનું છાપાખાનું." માકી ડોસાંએ યાદ કરી કહ્યું. "પણ હવે તે આવે એમ નથી. તું હમણા તો મારે તાંહાં ચાલ. પછી તુંને જરા ફેર પડે, તું ફરતી હરતી થાય, ને મારી બેહન ઝીલુને ઘેર ક્રોલાબે તુને હવા ફેરફાર કરવા હું પોતે લઇ જવસ."

માકી ડોસાંની મેહરબાની આગલ ગુલીસ્તાંનની હુજત ચાલી નહી, અને ગુલીસ્તાંનને લાચારીએ તેવનની સાથે તેવનને ઘેર જવુંજ પડયું. ગુલીસ્તાંનને તેની લાચારી કરતાં, લાએકી અને ભલમનસાઇ માટે માંકી ડોસાં વધારે ચાહાતાં હતાં. તેના સદગુણને તેવન વખાણતાં, તેના વીચારની તારીફ કરતાં, અને તે સબબોને લીધેજ માકી ડોસાં ગુલીસ્તાંનના દુખથી દુખી થતાં હતાં. ગુલીસ્તાંન જેવી જવાન છોકરીઓ તો કંઇક ઘણીબી પડી હશે, પણ ગુલીસ્તાંનના જેવી સદગુણી, ગુલીસ્તાંનના જેવી પાક દયાનતવાલી, અને ગુલીસ્તાંનના જેવી ભલા અને નેક વીચારવાલી તો ઘણીજ જુજ હશે.

એક લાંબી મુદત ગુલીસ્તાંનની સારવાર અને ઇજત કરવામા માકી ડોસાંએ કાહાડી નાખી. સરની ઇસ્પીટાલના મોહટા ડાકટરની દવા, ગુલીસ્તાંનના જીવ લેન દરદ ઉપર કાંઇબી કારગત લાગી નહી. ગુલીસ્તાંન પોતાની જીંદગીનો તમામ હીસાબ પુરેપુરી બાહોસીથી તપાસી રહી હતી. તે જાંણતી હતી, કે ખઇનો રોગ કદીબી સારો થતો નથી, અને તે રોગના પંજામી એક વખત સપડાયા પછી, તેના હાથમાંથી છુટવાનો ફાંફાં મારવાં ફોકટ છે.

આખરે એક દીવસ ગુલીસ્તાંને માંકી ડોસાને કેહ્યું:–"માસી માય, મને કસાંથી ફેર પડે એમ લાગતું નથી. તમારે માથે હવે હું કાંહાં સુધી પડી રેહું. મારૂં નાંખ કપઇ જાએછ માસી?"

"ના રે–ના રે, એ શું બકેછ ગુલીસ્તાંન." માંસીએ બુમ પાડી. "હવે તો તુને ઘણો ફેર પડયોછ. અગાઉના જેટલો તુને હાંસો કાંહાં છે?"

"હાંસો અગાઉના જેટલો નથી, એ ખરૂં. પણ માસી અગાઉના જેટલી હવે મારાંમા શકતી નથી." ગુલીસ્તાંન બોલી. "એ બધા હાકાના ગાઉ છે."

"ખબરદાર પોરી, જો એવું કાંઇ મારા ઘરમા વખત કવખત બોલીછ તો!" માસીએ ગુલીસ્તાંનને મનાવી લેવાનું કીધું. "જા બા ગુલીસ્તાંન, તું જરા જરામા એમ તારા મનમાં ઓછું ના લાવ."

"તમે મારી વેઠ કાંહાં સુધી કરશો માસી?" ગુલીસ્તાંને સવાલ કીધો. "ખુદા તમુને ઘણાં સુખ આપે. મારે લીધે તમુને કેટલી મેહનત અને કેટલી તજદી! જો હું મારી બીમારીમાંથી સાજી થઇ ઉઠવાની હોતે, તો હું તમારી મેહરબાંની, તમારી તાબેદારી કરી ફેરવતે. પણ જાહારે સાજી થવાની આશાજ નથી, તાહારે—

"ઓવારૂં રે તારી પરથી! તું તો મારી જીભરઇ પબોરી નાખી, હસતી રમતી ઉઠશે." માસીએ દીલાસો આપવા કહ્યું. "આએ ઠંડીના દાહાડા છે કેની, તેથી તુને એમ નબલાંઇ લાગેછ. પણ હવે હવા ફેરવાશે એટલે —

"ગુલીસ્તાંન! ઓ ગુલીસ્તાંન!! અરે કોઇ આવોરે! ઓ મારી માયજની—બોલની—ગુલીસ્તાંન! ગુલીસ્તાંન હોશીયાર છે કેની?"

કાંઇજ નહી. બીમનાર ગુલીસ્તાંનની વધતી જતી નાતવાનીને લીધે, તે 'ફેન્ટ' મારી ગઇ હતી. પણ "વાહાંણુ ભરદરીએ તો હતુંજ."

સોલ બારસમાં ગુલીસ્તાંનની આવી હાલત થઇ હતી.

પ્રકરણું ૩૨ મું.

દાણાઅંદરનો રાજકુમાર!

'જૈસેકુ મીલા તૈસા—તૈસેકુ મીલા તાઇ !'

નીચલી જાહેરખબર મુંબઇના સઘલા ઇંગ્રેજી છાપામાં ચકચકી રહી હતી.

The Bandmann Opera Co.

40, LONDON ARTISTES, 40.

FROM THE

GAIETY THEATRE, LONDON.

TO-NIGHT! TO-NIGHT!

AT THE

NOVELTY THEATRE.

THE EARL & THE GIRL

PRICES OF ADMISSION Rs. 5, 4, 3, 2, & 1.

ભીતે ભીતે આ નાટક કંમપનીની જાહેરખબરનાં કાગજો ચોંટાડવામાં આવ્યાં હતાં, અને ત્રાંમને નાકે ગંજાવર કદના રંગ બેરંગી પ્રોગ્રાંમો, લલચાવનારી ભાશામાં લખાએલાં, છુટથી વેહચાતાં હતાં. છાપાવાલાઓએ આ કંમપનીની તારીફ ઉપર તારીફ છાપી મારી, લોકોની લાગણી બેહદ ઉસકેરી મેલી હતી.

એટલું બધું તે આ કંમપનીના ખેલમાં શું અસાધારણ જોવાનું હતું?

તમે સમજ્યા નહી. એ બધી મોહોકાંણ છાપાવાલાઓની સીફારસની હતી. ઇંગ્રેજી છાપાએ છાપ્યું હતું, કે લંડનની જાણીતી ગેઇટી નાટકશાલાના ચાલીસ નામીના ખેલાડીઓ, મુંબઇમાં ખાસ પોતાનો હુંનર દેખાડવા

આવ્યા છે, અને તેમા થોડીક 'મેમ સાહેબો' એવી છે, કે તેઓએ પોતાની ખુબસુરતીથી લંનડનના આગેવાંન મંડલોમા ચકચાર અને હોકાર મચાવી દીધો હતો.

આપૂણું કાંઇ જાણુતા નથી, પણુ લંનડનના આગેવાંન મંડલોના સભાસદો, આ ગેમ સાહેબોને જોઇ એમ ગાંડા ઘેલા થઇ ગયા હતા, તો આ પફ અને પાઉડરમા લપટાએલી મેમ્ંસાહેબો કેવી જબરી 'કટીંગ-મારતર-જનરલ' હોવી જોઇએ !

માર તોપ કોણુ પુછેછ ! ખેલાડીઓ તો કાઇ રેંજીપેંજી જેવા હશે, અને મેમ સાહેબો, કાઇ ખુંને ખાંચરેથી ગાંસડા બાંધી નીકલી પડી હશે. પણુ અધીપતી સાહેબને બે વધારે સારી જેવી ટીકીટો પોહોચી ગેઇ હશે, તેના પરતાપથી તેવને એક ફકરો ચીતરી કાહાડયો, અને તેની અસર મુંબઇની નાટકી દુનીયાંમાં વીજલી વેગે ફરી વલી.

તોપણુ ઇંગ્રેજો આ બેમુલ હુંનરના કદરદાંન તો ખરા. બે કારણુ સર તેઓ પોતાના જાતભાઇ નાટકી ધંધાદારીઓને ઉત્તેજન આપવાની પોતાની ફરજ સમજે છે. પેહલ્લુ મુખ્ય કારણુ તો પોતાના જાતભાઇઓ, જોખંમ માંથે ખેંચી હજારો માઇલથી દરીઓ દોહોવતા મુંબઇ સુધી ઉમેદ બાંધી આવે, તેમને નુકસાંનમાં જવા દેવા નહી, અને બીજું કારણુ નાટકના હુંનરને તેઓ એક હુંનર તરીકે સમજી તે ધંધાને ઉત્તેજન આપે છે.

આ બે કારણોને લીધેજ નૉવેલટી નાટકશાલા આજે રાતના તમામ આગેવાંન યુરોપીયન બાંનુઓ અને ગ્રહસ્થોથી ચીકાર ભરાઇ ગઇ હતી. અલબતાં તેમાં થોડીક પારસી મડમો, તેમજ પારસી જાંગલાઓબી ઘસડાઇ તનાઇ આવેલા દેખાતા હતા ! પણુ તેમની હાલત 'બેહરો બે વાર હસે' તેવી નજરે પડલી હતી. જેઓ ઇંગ્રેજી સમજતાં હતાં, તેઓની વાત તો જોરસલ્લાહ, પણુ જેઓ દેખાદેખીને લીધે ફકત પોતાનું અને પોતાનાં

કપડાંનું ‘ એગ્ઝીબીશન ’ કરવા આવ્યાં હતાં, તેઓ પેહલાં સરવે કોઇને હસતાં જોઇ, વગર સમજવે સમજ્જુમા ખપવા હસતાં, અને પાછલથી જ્યારે કોઇ તેઓને સમજાવતું, ત્યારે ‘ મરેરે એમ થયું કે ! ’— ફરી ફરીથી તેઓ હસતાં હતાં.

પણ રંગ રાગના આ મહાંન મંદીરમા, ખુબસુરતીના બજારમાં દરેક મડમ પોતાને વધારે ખુબસુરત દેખાડવાની તજવીજ કરતી હતી. અલબતાં અત્યાર સુધી કાંઇબી જાણવા જોગ, યા ધ્યાંન ખેંચવા જોગ બનાવ બન્યો નહી હતો, પણ બરાબર નવમાં પાંચ મીનીટ કંમ હતી, તેટલાં ઓરચેસ્ત્રામાંથી સઘલાં જન, ફરી ફરીને ઉંચે ડરેસસરકલ તરફ, ટીકી ટીકી, નંબર અગીઆરવાલા બૉકસ તરફ જોવા લાગ્યાં.

એ કંઇ તમારા પારસી કે હીંન્દુ નાટકો નથી, કે મચ્છીબજાંર જેવા પુકારો નાટકશાલામા નાટકની રાતના ખેલ દરમ્યાંન મચી રેહ. મારા ભાઇ અમથીજ ડીંગ મારોછ, કે હમે તો નાટકના કદરદાંન, અને સમજદાર છેઇએ ! અરે ખાંડ ખાવો ! જો સાંભલો. ઇંગ્રેજી નાટક તખતો અને ઇંગ્રેજી સંસાર, જેની તમો નકલ કરવાની બડાઇ મારોછ, તે તમારાથી ૪૦૦ વરશ આગલ વધેલો છે. તેમના આજના સંસારની પકતીએ, તેમજ તેમના આજના નાટકની પંકતીએ, તમારા સંસારની અને તમારા નાટકની આજની હાલતને પોહોચતાં, કાંઇ નહી, તો બીજાં બસો વરશ જોઇએ.

એ કોણ ? એ ડરેસ સરકલમા ઉંચી ડોકી કરી, બધાં જન કોણને જોઇ રેહ્યાં હતાં ? ભલી ભલી મડમો, તેમજ ઇંગ્રેજો વટીક ફરી ફરી ડરેસ સરકલમા નંબર અગીઆરવાલા બૉકસમા જોતાં હતાં.

હા. નંબર અગીઆરવાલો બૉકસ ખરેખર ભાયગશાલી હો ! કેમકે તે બૉકસમા એક સરવ જેવાં સીધાં કદની, કાલી ભંમર જેવી આંખોવાલી, અને સુંદર રૂપથી દીપી રેહલી એક મડમ, કીમતી ઝુંજર અને જરીઆંનથી ભરેલી, ઉમદા પોશાકમાં સજ થાએલી આવી બેસતાંજ, સરવેની નજર તેના

તરફ ખેંચાઇ. નજરજ ખેંચાઇ એટલુંજ નહી, પણ લોકોના દીલની તેની ખુબસુરતી તરફ ખેંચાઇ રેહ્યાં.

પણ તે કાંઇ એખલી નહી આવી હતી. તેની સાથે એક સોહામના ચેહરાનો, પણ સાંમલા રંગનો, એક ઉંચો કદાવર જવાંન પણ હતો. તેઓ બંને જનમ્નંબર અગીઆરવાલા બૉકસમા બેઠાં હતાં.

"આઇ સે, એ આએ છાવો કોણ છે?"

"તમે ઓલખોછ, એ કોણ છે?"

"પેલો કોણ છે?"

"આઇ સે, એ પેલી છાવી કોણ છે?"

"હું નથી જાણુતો, પણ હમણાજ મે એ લોકને બે ઘોડાની લૅન્ડોમાથી ઉતરતાં જોયાં."

"કોઇ અમેરીકન હોય, યા તો સરકેસ્યન!"

"પણ એની સાથે કોણ છે? તે કંઇ યુરોપીયન જેવો લાગતો નથી? કોઇ પારસી હોય, યા નેટીવ હોય. કદાચ કોઇ મુંબઇથી ડાકટર કે બૅરીસ્ટર થવા વેલાત ગીયો હોય, અને કોઇને પરણી લાયો હોય?

"ઑ! [illegible]-આ-શેમ!"

* * * *

"ડીયર સ્ટેલા, તેં તો આ હાઉસમા આગ સલગાવી દીધી! આ બધાંના જીગર તારી ખુબસુરતી જોઇ ભડકી ઉઠયાં છે! જોયું કેની, બધાં જનાંઓ 'ઑપેરા' લઇ તુનેજ ભોપેછે! જાણે એ લોકના બાપનોજ માલ!"

"ડીયર રૂપી, તમો એમ અદેખા ના બનો." સ્ટેલા બોલી. "હમારા લોકો ઓરતોની ખુબસુરતીને વખાણે, તેને તમો લોક અપમાન સમજોછ. હમોં લોક તેમા 'કૉમપ્લીમૅન્ટ' સમજીએછ. એક ખુબસુરત ઓરતની ખુબસુરતીની તારીફ કોઇ કરે, તો તમારી કોમની ઓરતો તેમજ મરદો તેમાં અપમાન સમજેછ, પણ હમે તેમ સમજતાં નથી. ખુબસુરતી પૂરવરદેગારની

બક્ષેલી બક્ષેસ છે, તેનું કોઇ જોઇને વખાંણે, અને કોઇબી પસંદ કરે, તો તેમાં તમારૂં ને મારૂં શું ગયું ?"

"ના, ના, એમ નહી બને." પેલો જવાંન બોલ્યો. "જ્યારે હું તારી સાથે પરણ્યો, અને તું મારી સ્ત્રી થઇ, એટલે મારા વીચારને મલતાજ વીચાર તારા થવા જોઇએ ડીયર. તારે માટે મે કેટલો ભોગ આપ્યો છે, તેનો ખ્યાલ કર ? મે મારો ધરમ તજ્યો. મારો દેશ તજયો. મારો વેશ તજયો. તને રાજી રાખવા તારા ધરમમા વટલી, મારૂં રૂપસીંહ નામ બદલી મે રૂપર્ટ રાખ્યું ! મારી પુંજીનો મોહટો ભાગ તને યુરોપની મુસાફરી કરાવવામા મેં ખરચ્યો. એ સરવે મેં તારા પ્યારને માટે કીધું છે ડીયર."

"હા. પણ રૂપી, તેટલાં માટે હું તુને કેટલીં બધી ચાહુંછ." સ્ટેલા બોલી. "પણ ડીયર રૂપી, તું મને ગભરાવ ના. તારી પુંજીનો મોહટો ભાગ તેં યુરોપની મુસાફરીમાં ખરચી ખાધો, એમ તું હમણાં બોલીયો, તેની મતલબ શું ?"

"હા, હું એમ હમણાં બોલ્યો ખરો." રૂપી ઉરફે રૂપર્ટ ખુલાસો કરવા લાગ્યો. "મારી પુંજી એટલે મને મારાં રાજ તરફથી દર વરશે જે વરશાંન મારા અંગત ખરચ માટે મલે છે, તે. હવે તું સમજીની."

"ઓ ! હું સમજી." સ્ટેલા બોલી. "પણ—ડીયર રૂપી, તારાં રાજમા તું મને એક વખત નહી લેઇ જાએ ?"

"અરે લેઇ જવાની વાત કેમ બને સુંદર." રૂપી બોલ્યો. "મારો ભાઇ મારી ગાદી પચાવી બેઠો, જો કે ગાદી વારેસ તો હું છું. અને જો હું હવે તેના રાજમા જાંઉં, તો તે મારો જીવ લેવાની તજવીજ કરે ! પછી હું વટલી ખ્રીસ્ટી ધરમમા દાખલ થયો, એટલે મારી તમામ નાત મને જોતાંજ છેડાઇ પડે તો ? અરે ચટ કરતાં રાજમાં બલવો ઉઠે ! અને વાઇસરૉયનો મારી ઉપર ઠપકો આવે ! એટલાંજ વાસ્તે મારા દેશમા જવાની મારી હીંમત થતી નથી. પણ હું મારા હક માટે હવે ગવરનરને અરજી કરવા માગુંછું. હું પારલામેંન્ટ સુધી લડીશ. હું મારા બાપની ગાદી ઉપરનો મારો હક જતો મુકનાર નથી."

"તમારાં રાજ સાથ નીકટ સબંધ ધરાવનારની તમારે મદદ લેવી જોઇએ, ડીયર રૂપી." સ્ટેલાએ સલ્લાહ આપી.

"હા મારી લાડલી! મારી ગાદીને ચોહાઇ ભરતા સઘલા રાજાઓને હું મેલવી લેવા ધારૂછું. હીઝ હાઇનેસ ધી ઠાકોર સાહેબ ઑફ પાંજરાપોલ, મારો અંગત મીત્ર છે. જરૂર પડવે, એક બોલે તે મને ત્રણ કરોડ રૂપીયા ધીરવા તઇયાર થાય એમ છે! મહારાજા ઑફ જુંના ભોઇવાડા, મારા બાપના બનેવીનો જુંનો મીત્ર છે. તે મને મદદ કરવા એક કરોડ રૂપીઓ આજે આપે એમ છે! ફકત એક પોસ્ટ કાર્ડ લખવાની ખોટી! કોસંમર્બાની રાણી સાહેબ, મને બહુ માનથી ચાહે છે! અરભંગાબાદના માહારાણા, ભરમપુરના ઠાકોર, અને એવા બીજા અનેક મહાંન પુરૂશો, મારા અતલગના ખેશી છે! તેઓ મને આજે મદદ કરવા નીકલે. પણ તારી પ્રીતમા પડી, મે મારો ધરમ ખોયો, એટલે હવે મારે મંન મારૂં રાજ અને રાણી તુંજ છે."

"તમારાં કુલ અને ખાંનદાંનની નામદારી, અને તમારી કેલવણી ઉપર તો હું મોહીત પડી." સ્ટેલા બોલી. "પણ ડીયર રૂપી, તમારી દાણાબંદરની ગાદીની વારસીક આવક કેટલી?"

"દાણાબંદર સ્ટેટની વારસીક મેહસુલ, તો બાર કરોડની ઉપર છે!" રૂપી બોલ્યો. "પણ ડીયર સ્ટેલા, તું મને મારી ગાદીની યાદ આપી મારૂં દીલ દુખી કરે છે. મને એ વાતની યાદ પડતાંજ, મારૂં દીલ ઉદાસીત થઇ જાએ છે. વાસ્તે હવે એ વાતજ નહી કરવી સ્ટેલા ડીયર. અરે મારા જેવું હેત તને કોઇ નહી કરે મારી લાડકી પુતલી?"

"તમે શું ફક્કડ ઇંગલીશ બોલોછ હં!" સ્ટેલા ખુશી થઇ બોલી. "પણ ડીયર રૂપી, તમે એમ જરા જરામા ઉદાસીત, જરા જરામા ગભરાએલા, અને જરા જરામા ફગલાએલા કેમ દેખાવોછ?"

આ પ્રેમભાવમાં પડેલાં, અને એક બીજાની પ્રીતમા અહાઇ ગએલાંઓ પોતાની વાતચીતમા એટલાં તો ગુંતાઇ ગયાં હતાં, કે નાટક લગભગ પુરો થવા આવ્યો, અને તેમની આસપાસ બેઠેલાં લોકો તેમની તમામ હીલચાલ અને

ચેનચાલા જોઇ તેમને માટે અનેક જાતના ટીકા કરતાં હતાં, તેનું તેમને જરાએ ધ્યાંન કે ભાંન પણ રહ્યું નહી.

અંતે નાટક પુરો થવા આવ્યો. હજી નાટક પુરો થવાને થોડીક વાર હતી, તેટલાં રૂપસીંહે સ્ટેલાને ઘેરે જવાની ફરમાસ કરી, અને તેઓ બંને ડ્રેસ સરકલમાથી બાહાર નીકલ્યાં. નીચે ઉતરતાંજ, રૂપસીંહની જોડીમા જોડેલી લૅન્ડો ગાડી નાટકશાલાના દરવાજા પાસ આવી ઉભી. સ્ટેલા અંદર દાખલ થઇ, અને તેની પછિલ રૂપસીંહ ઉરફે રૂપી અંદર દાખલ થયો.

પણ હજી તો તે સ્ટેલાની પાછલ ગાડીમા દાખલ થતો હતો, હજી તેને તેનો એક પગ ગાડીના પાવડા ઉપરજ હતો, તેટલાં પુલીસ ઇન્સપેકટર મી૦ ડારસીએ રૂપસીંહની ખાંધ ઉપર જોરથી પોતાનો હાથ નાખી કહ્યું:—

"સબર, કરો ! જરા સબર કરો !"

પુલીસના એક ગોરા સાહેબના હાથમા રૂપીને જોતાંજ, સ્ટેલાએ એક ચીસ પાડી. તે ચીસ નાટકશાલાની અંદર બેઠેલાંઓને કાંને પડી, અને તુરતજ ઓરચેસ્ત્રામાથી થોડાક ઇંગ્રેજો બાહાર નીકલી આવી, આ ગડબડનો ખેલ જોવા લાગ્યા.

"There is some mistake in this." સ્ટેલાએ પુલીસ ઇન્સપેકટરને કહ્યું "why don't you tell them who you are Roopshin? Unhand him Mr.—He is Raj Koomar Roopshin of Dana Bunder.

"We know it Ma'am" ડારસી બોલ્યો. "Just the very gentleman we want. You see the forgeries have come out at last."

સ્ટેલા આ સાંભલતાંજ ડઘાઇ ગઇ. ફૉરજરીના સબ્દો તેણીને કાંને પડતાંજ તરેહવાર વીચારો આંખના પલકારામાં તેણીના મગજમાથી પસાર થઇ ગયા. તેણીની આંખે અંધારાં ફરી વલ્યાં, અને તેજ વખતે તે બેહોશ બની પોતાની ગાડીમા પટકાઇ પડી.

પ્રકરણ ૩૩ સું.

પાપના પરપોટા ફુટવા માગે છે.

"જીવ લીધો નહી પણ જીવ લેવડાવ્યો."

છાપાવાલાઓને કાંઇ પુછવું પડે નહી! છાપાવાલાઓને પુછે તેને જંમ પુછે!

ગેઇ રાતનો બનાવ જોકે મોડી રાતના નાટકશાલામા બનવા પામ્યો હતો, તોપણ એકાએક સહવારં પડતાંજ, તે છાપાઓમાં મોહટા મોહટા ટાઇપવાલાં મથાલાં હેડન છપાઇ પ્રગટ થયો.

રાજકુમાર રૂપસીંહ તો કેવો જબરો કોચીનો સાહુકાર માલમ પડયો? પેલી મડમ સાથ દાણાઅંદરના રાજકુમારને જે કાંઇ વાતચીત થતી વાંચનારે સાંભલી લીધી, તે ઉપરથી તે બંને જનની ખરી હાલતનો કાંઇક ખ્યાલ આવવો તો જોઇએ. પણ હવે જરા આગલ ચાલીએ.

પોતાની વાહાલી દીલદાર ગુલીસ્તાંનની શોધ હજી દુખી દાદી કરતોજ ફરતો હતો. દરરોજ તે જુદા જુદા લત્તા ઉપર ગુલીસ્તાંનની શોધમા 'સહવારૂ' પડતાંજ નીકલતો, કે તે અચાનક રસ્તે મલી જાએ. પણ હજી તેણીનો કંઇભી પત્તો તે મેલવી શકયો નહી. આજે સહવારનો તે એજ કાંમ ઉપર નીકલ્યો હતો, પણ તે નીરાસ થઇ જેવો ચંપા બાગમા બપોરને સુમારે પાછો ફરયો, તેવીજ તેની નજર બાગમા કોઇની ઝુમ ઉપર પડી. હજી તો તે ઝુમ તરફ જુવે છે, તેટલાં દાદીએ મીસ બૅનૅટને તે ઝુમમાથી બાહાર નીકલતાં જોઇ. મીસ બૅનૅટને પોતાંના મકાંનમાં જતી જોઇ, દાદીની અજાએબીનો પાર રહ્યો નહી. પેહલાં તો તે હેબતીજ ગયો, અને મીસ બૅનૅટને ચંપા બાગમાં એમ એકાએક આવેલી જોઇ, સેંહકડો વીચારો તે કરવા પડયો.

" એ હીંયાં કેમ આવી ? ચંપા બાગમા એને આવવાની શું જરૂર ? શું મારૂં ખરૂં નામ એને શોધી કાહાડયું ? પપા સાથ જો એનો મીલાપ થઇ જશે, તો બધો ભરમ ફુટી જશે. નખ્ખોદ જાએ એ રાંડનુ, રેહી રેહાને મારાં દુખમા વધારો કરવા એ કાંહાંથી ફુટી નીકલી ! એ કંમજાતને લીધેજ મારી આવી હાલત થઇ. વીકટોરીયા ગારડનમા ગુલીસ્તાંનની સાથ હું જો એની નજરે પડતે નહી, તો મારી ઉપર આજે આવી આફત પડતે નહી. પણ કોઇબી રીતે એને બેહરાંમશાંહને મલતી અટકાવવી જોઇએ. "

મીસ બૅનૅટની પુઠે દાદી બંગલામા દાખલ થયો, અને તલાશ કરતાં નોકરોથી એવી ખબર તેને મલી, કે તે મડમ તો બેહરાંમશાહ શેઠનેજ મલવા આવેલી હતી, અને હાલ તે શેઠની સાથ તેમના દીવાંનખાનામા વાતે બેઠી છે.

" શું આવતાંને વાર તેણીએ બેહરાંમશાહનેજ મલવા માગીયું ?" દાદીએ નોકરને સવાલ કીધો.

" જી.હા." નોકરે જવાબ દીધો.

" તેને શું નાંમ આપીયું ?" દાદીએ ફરી પુછ્યું.

" મીસીસ રૂપર્ટ" નોકરે જવાબ દીધો.

" રૂપર્ટ !" દાદી વીચાર કરવા લાગો. " આજે સહવારના ન્યુસમા રૂપર્ટ નામના કોઇ ઇંગ્રેજને સારૂં છપાયલું મે વાંચ્યું, તે રૂપર્ટની 'મીસીસ ' તો એ નહી હોય ? હોયબી ? કદાચ મીસ બૅનૅટના હાથમાં કોઇ નવો શીકાર સપડાયો હોય, એ બનવા જોગ છે. પણ મારા બાવા પાસ એ શું કાંમ આવી, તે સમજ પડતી નથી."

દાદીને આ બનાવ ઉપરથી અનેક વીચારો આવવા લાગ્યા. મીસ બૅનૅટને જ્યાં સુધી તેના બાપ સાથ કાંઇ આગલી ઓલખાંણ હોય નહીં, ત્યાં સુધી તે એકદમ તેવનની મુલાકાતે આવે નહી, એવું તે અનુમાન કરવા લાગ્યો. ગમે તે હોય, પણ મીસ બૅનૅટ તેના બાપ સાથ શું વાંતચીત કરે છે, તે જાણવા, દાદી

અધીરો બની ગયો. તે જાણુતો હતો, કે તેનો બાપ એક ઓરત સાથ કાંઇક ખાનગી ગોફ્તેગોમા મશગુલ છે, છત્તાં તે બેધડક નોકરોની નજર ચુકાવી, તેના બાપના ઓરડાની પાસેનાજ એક દીવાંનખાનામા, ચોરી છુપીથી દાખલ થઇ તેઓ વચે થતી વાતચીત કાંન ધરી સાંભલવા લાગ્યો.

"ત્યારે ખાંનબાહાદુર સાહેબ, તમો મને શું જવાબ આપોછ ?" મીસીસ રૂપર્ટને દમમાજ વાત કરતી દાદીએ સાંભલી.

"શું જવાબ આપુ. ! મીસીસ રૂપસીંહ, હું શુ જવાબ આપું ?" બેહરાંમશાહ ધુજતે અવાજે બોલ્યા. "રૂપસીંહ શું કેહવા માંગેછ ? તે જે કેહશે તે હું કરમં. પણ તે શું મને દમ ભરાવી મારો જીવ લેવા તઇયાર થયોછ ?"

"જીવ લેવાની વાત ના કરો ?" પેલી મડમ બોલી. "તે તો બનવાનું હતું, તે બની ગીયું. ઘડી ઘડી કાંઇ આદમીનો જીવ લેવાતો નથી, મી૦ બેહરાંમશાહ ?"

"કોણે જીવ લીધો ! કોણનો જીવ લીધો !" બેહરાંમશાહ ધુજતે અવાજે સોફા ઉપર ફસડાઇ પડી બોલ્યાં. "શું મે જીવ લીધો ?"

"ખામોશ ! તમે કોઇનો જીવ લીધો નહી, પંણ કોઇનો જીવ તમે લેવરાવીયો ! હવે તે વાત કરવાનો આએ વખત નથી. બંસ વધારે ના બોલો." મીસીસ રૂપસીંહે ધીમે અવાજે કહ્યું. "ગેઇ વાત ગુજરી. હું તમારી સાથ કજીયો કરવા નથી આવી. હુ જેને ખરા પ્યારથી ચાહુછ, તેને તેની મુસીબત અને આફતમાથી બચાવવા સારૂં તમારી પાસ મદદ લેવા આવીછ. તે મદદ તમુને આપવીજ પડશે. તમારીથી ના નહી કેહવાશે. કેમકે હું બધું જાણુછ. મને બધી વાત ખબર છે."

"બધી ?" બેહરાંમશાહે ભેદમા સવાલ કીધો.

"હા. બધી ?" મડમે તેવીજ રીતે જવાબ દીધો. "મે તમુને કહ્યુંની, કે હું બધી વાત જાણુંછ. તેણે ઘનું ખરાબ કાંમ કીધુંછ. પણ તે તમારે

સારૂં કીધું. તમે તેની પાસે તેવું કાંમ કરાવીયું. પણ ગમે તેવું ભયંકાર કાંમ તેણે કીધુ, છતાં હજી હું તેને ચાહુંછ. અને તેટલાં સારૂં તો તેને બચાવવા હું તમારી મદદ માગુછ. રૂપસીંહ ફૉરજરીના અપરાધ માટે કેદ પકડાયોછ. પણ તે બચી શકે એમ છે. જેને નામની તેને ફૉરજરી કીધીછ, તેને જો તેના રૂપીઆ મલી જાએ, તો રૂપસીંહનો છુટકો થાય. હજી કેસ માજીસ્ત્રેટ આગલ નીકલીયો નથી, તેટલાં તેને બચાવવાની તક છે. ફકત વીસ હજાર રૂપીઆની વાત છે."

"વીસ હજાર!" બેહરાંમશાહે અજબ થઇ પુછયું. "પણ કોણને નામની ફૉરજરી તેણે કીધીછ?"

સોલીબઇ—સોલીસીટરને નાંમની." મીસીસ રૂપસીંહે જવાબ દીધો. "સોલીબઇ સોલીસીટર? નંબર ૮૬ હંમમ સ્ટ્રીટ. કોટ."

"સોલીબઇ?" બેહરાંમશાહે તાજુબ થઇ પુછયું. "ઓલખીયો. હું તેને ઓલખુછ."

"તાહારે તો ઘનુંજ સારૂ. તાહારે તો આએ મુકદમાની સમજોતટ સેહલથી થઇ શકશે, અને આએ નાખુશ ચરચા વધુ થતી અટકશે." પેલી મડમે સલ્લાહ આપી. "સાંભલો ખાંનબાહાદુર સાહેબ, તમારી બહેતરી માટે કેહુંછ, કે એ કાંમ તમોએ જેમ બને તેમ ગુપચુપ કરવું. એ નાંનાં તમે સોલીબઇને ભરી દેશો, તો તે મુકદમો ખેંચી લેશે. તમારી ભલામણથી તે તેમ કરશે. તે જો ના કેહ તોબી તમારે તેને કંઇબી કરી મુકદમો ખેચી લેવા સંમજાવવું. તમે જો તેમ નહી કરશો, તો યાદ રાખો, કે રૂપસીંહ પોતે મરશે, અને તમુને મારશે. તે બધી વાત જાહેર કરી તમારી ઉપર પોતાનું વેર લેશે."

"બસ. હું સમજીયો." બેહરાંમશાહે જવાબ દીધો. "તે પોતે ફાંસી જશે, અને મને ખુવાર કરશે. ઠીક છે. સોલીબઇ આજે રાતના નવ વાગે મને મલવા આવનાર છે, આવતી કાલે દસ વાગે તમે મને મલજો."

મીસીસ રૂપસીંહ આ ભેદભરી ખટપટનુ આવી રીતે સેવટ લાવી, બેહરાંમશાહના દીવાંનખાનામાંથી જેવી બાહાર નીકલતી હતી, તેવામાં એકાએક તે અજાએબ થઇ ઝપકીને પાછલ હટી, બોલી:—" અરે! આએ કોણુ? આએ સબી કોણુની?"

" કેઇ સબી?" બેહરાંમશાહે એકદમ પુછ્યું.

" આએ મારી સામે દેવાલ ઉપર જે ટાંગેલી છે તે?" મીસીસ રૂપટ ઉરફે રૂપસીંહ બોલી. " મારી તો એની ઉપર હમણાજ નજર પડી?"

" કેમ? એનું શું? એ સબી મારા દીકરા દાદીની છે?" બેહરાંમશાહે જવાબ દીધો. " ગરીબ દાદી!"

" દાદી! જમશેદ–દાદી?" એક નહી ધારેલી બીનાનો ભેદ માલમ પડયાથી પેલી મડમ અજબ થાઇને બોલી. " આહા! હું ધારતીજ હતી. મને પેહલેથીજ શક હતો કે—

" તાહારે તું મારા દીકરાને ઓલખતી દેખું?" બેહરાંમશાહે પુછ્યુ. " મારા દીકરા દાદીને મીસીસ રૂપસીંહ તું કાંહાથી ઓલખે?"

" તે વાત ના પુછો?" મીસીસ રૂપસીંહ દલગીર થઇ બોલી. " પેલી પારસીની છોકરી ગુલીસ્તાંનની મોહોકાંણમા હમો છુટાં પડયાં."

" કોણુ? ગુલીસ્તાંન! હા, તે ચંડાલ! નાપાક!" બેહરાંમશાહ એક હાય મારી બોલ્યા. " તે કુકડીનીજ મોહોકાણુ! બધું મારૂં નખ્ખોદ, તે છોકરીથી વલ્યુંછ! જો તે છોકરી દાદીને મલી નહી હોતે, તો આજે હું સુખી થતે, અને મારો દીકરોબી સુખી થતે! તેનેજ લીધે આએ આફતમા હું ફસી પડયોછ! તેનેજ લીધે રૂપસીંહના હાથમાબી હું ફસઇ ગીયોછ!"

બેહરાંમશાહને બોલતા સાંભલી મીસીસ રૂપસીંહ ડબાઇને તેને જોતી હતી, અને બેહરાંમશાહે પાછું બોલવા માંડયુ:—

"અરે તું જાણુતી નથી મીસીસ રૂપસીહ, કે એ છોકરી ગુલીસ્તાંનને લીધે, મને તારા ધણી રૂપસીંહને બસ કેમ પડવું પડીયું! અરેરે! આએ દુખ, આએ આફત, આએ ધાસ્તી અને ગંજબના કરતાં તો મારો દાદી પેલી મુફલેસ ગુલીસ્તાંન સાથ પરણી જતે, તો કેવું સારૂં થતે, કે હું આજે એક ખુંની—

"એક શું? ખુંની?"

દાદી જે પાસેના ઓરડામાં ભરાઇને આ બધી વાતચીત સાંભલતો હતો, તેને કાંને પોતાના બાપના છેલ્લા સખુનો પડતાંજ, તેની આંખે અંધારાં ફરી વલ્યાં. તે પોતાના પગ ઉપર ઉભો રહી શકયો નહી. તેના બદનના તમાંમ સાંધા ઢીલા થઇ ગયા, અને તે કાંઇબી બોલે, તે આગમજ જયાં તે ઉભો હતો, ત્યાંજ તે જમીન ઉપર બેહોશ થઇ પડયો.

પ્રકરણ ૩૪ મું.

ખુને બેસી કીધેલાં ખતમા શું સરત હતી?

દાદી જયારે પોતાની બેહોશીમાંથી જાગરૂત થયો, ત્યારે તેણે તે ઓરડાની અંદર, અંધારાંમાં પોતાને જમીન ઉપર પડેલો જોયો. તુરતજ તેણે ઉઠવાની તજવીજ કીધી, પણ તેના મગજ ઉપર જે છાપ તેના બાપના છેલ્લા સખુનોથી પડયો હતો, તે એવો તો જસુન હતો, કે હજી તે સખુનો તેના કાંનમાં ધુંમી રહ્યા હતા.

તોપણ તે અંધારા ઓરડામાંથી ઠોકરાતો બાહાર નીકલી ગુપચુપ પોતાના ઓરડામા ગયો, અને ત્યાં પોતાના કુટુંબ ઉપર આવી પડેલી આફત, અને દુખના વીચારમાં પડી, હાય અને અફસોસ કરવા લાગ્યો.

"અરેરેરે! તારૂં નખોદ જાય, તારૂં, તે આએ શું મોહોકાંણુ વાલી! દીલાવરખાંનનો દીકરો, એક ફૉરજરી કરનારના સપાટામા કેમ ફસગો! અને તેથી આવાં કારાં ધોરાં? ત્રણ લાંકડે ચહડવાનો સોદો! દેશનીકાલની સજા! દીલાવરનો નબીરો એક ખુંની? તાહારે પેલો ફૉરજરી કરનાર જો ચાહે, તો મારા બાપને દેશનીકાલ કરાવે! અરરર! મોહોકાંણુ તો કેથી અંહીયાજ થઇ, અને મારી મનમોહન ગુલીસ્તાંનથી મને જુદો પાડનાર તો મારી જરની સાંમે વસતો દેખું? પણ આ ગુંચવાએલો ગાંઠ હજી હું છોડી શકતો નથી! આએ ખુનામરકી અને કટલેહાંમભરીયાં કાવતરાંનો રખે મારી ગુલીસ્તાંન ભોગ થઇ પડી હોય!"

આ વીચાર ઉપરથી, દાદી એકદમ મીસ બાલફૂરના ખુંનનો સબબ અને કારણ શોધવા ગુચમાડામા પડયો. તે ઘડીમા પોતાના બાપને એકદમ જઇને સઘલો ખુલાસો કરવાના ઠેડાવ ઉપર આવતો, અને

ઘડીમાં મીસ જૅનૅટને મળી સઘળો ભેદ જાણવાનો વીચાર કરતો હતો, તેવામા તેનો દરવાજો કોઇએ બાહારથી ઠોકયો.

"કોણ છે?"

"જમવાનું કાહાડું કે સાહેબ?" કારભારીએ બાહારથી હુકમ માંગ્યો.

"નહી. હું બાહાર જમવા જાઉંછ." દાદીએ જવાબ દીધો.

પણ ખરી વાત જુદીજ હતી. દાદી કાંઇ બાહાર જમવા જવાનો હતો નહી. તેની ભુખ બીલકુલ મરી ગઇ હતી, અને તેનુ તમામ ચકધ્યાંન તો સોલીભઇ સોલીસીટર સાથ તેનો બાપ આજે રાતના શું વાતચીત કરનાર હતો, તે સાભલવામા ભરાયું હતું. અને તેટલાંજ સારૂં તે બાહાર જમવા જનાર છે, એમ જણાવી, નવ વાગતાંજ, ગુપચુપ પેલાજ ઓરડામા કોઇ જાંણે નહી તેમ જઇને પાછો ભરાઇ બેઠો.

નવ વાગતાંજ ઠેડવેલે વખતે સોલીભઇ સોલીસીટરે બેહરાંમશાહના દીવાંનખાનામાં દાખેલ થયો. બેહરાંમશાહ તેની વાર જોતા બેઠા હતા.

"સેવક નમેછ ખાંનબહાદુર સાહેબ." સોલી દાખેલ થતાંજ બોલ્યો. "કેમ સાહેબ નવ વાગા? હમણાજ નવ થયા. ચાલો તાહારે આપરે કાંમ ઉપર આવી જઇએ."

"જરા સબર." બેહરાંમશાહે પુછયું. "સોલીભઇ, હું હમણા જમીને હીંયાં આવતો'તો, તેટલાં હૉલમા મે પેલા હાઇકોરટના બેલીફ ખાંઉનને બેઠેલો જોયો. તમે તેને એમ ખાસ કાંય મોકલીયો વારૂં!"

"આહાહાહાહા!" વકીલ હસી પડી બોલ્યો. "બેહરાંમશાહ શેઠ, મારૂં સઘલું કાંમ કાયદાને ધોરણે થાયછે. તમે સમજ્યા સાહેબ? આજથી બરાબર બે વરસની મુદત ઉપર, જે, લખત ઉપર, તમોએ રૂપીયા લઇને સહી કીધી હતી, તે લખતમાં લખેલી સરત પ્રમાણેજ હું ચાલુંછ. તે

લખતની મુદત આજે પુરી થઇછ. તે લખતમાં લખાયલી સરત પ્રમાણે તમો ચાલો, અને જુવો કે બેલીફ્ ધ્યાંઉન કેવી રીતે પાછો ચાલી જાયછ."

"તાહારે ચંપા બાગગા બે વરસે તમે પાછો બેલીફ્ને લાવી બેસાડયો." બેહરાંમશાહ લાચાર થઇ બોલ્યા.

"તમે સરત પ્રમાણે ચાલો, તો તે ચાલી જશે?" સોલીભઇ બોલ્યો. "હું તો કાયદા પ્રમાણે ચાલુંછ. પણ હવે વખત ખોવાની કંઇ જરૂર છે?"

"તમે શું કેહવા માંગોછ તે બોલો." બેહરાંમશાહ બોલ્યા.

"ખાંનબાહદુર સાહેબ, તાહારે સાંભલો." વકીલ સોલીભઇએ ચલાવ્યું. "આજથી બે વરસની વાત ઉપર, તમો મારાં માંગતાં નાંનાં પગાર કરી શકયા નહી. તે વખતે તમારા સેવકે તમુને એવી અરજ કીધી હતી, કે તમો સાહેબ જો મને તમારો જમાંઇ કરો, તો મારે મારાં માંગતાં નાંનાં મુકી દેવાં, અને તે ઉપરાંત બીજા પચાસ હજાર રૂપીયા મારે તમુને પ્રેઝંટ કરવા. ખરી વાત કે સાહેબ?"

"ચલાવો." બેહરાંમશાહે ડોકું ધુનાવ્યું.

"ખુલ્લા બોલોમાં બોલું, તો બેઅદબી માફ છે, તમારી દીકરી ઍમીલીને હું તેટલી રકમે વેચાતી લેવા તઇયાર થયો હતો. પણ તમો સાહેબે મારી તે માંગણીને ગુસ્સાથી ધીક્કારી કાહાડી ના પાડી હતી. ખરી વાત કે સાહેબ?"

"ચલાવો."

"વારૂં સાહેબ. તાહાર પછી તમોએ છ માસમાં મારાં સઘલાં નાંનાં મને ભરી દેવાની કબુલાત આપી, મને ઠંડો મીઠો રાખીયો હતો. પણ તે છ માસની મુદતથી પુરી થતાં, તમો મારાં નાંનાં ભરી શકયા નહીં, અને મને અંતે લાચારીથી મારાં નાનાં વસુલ કરવા સારૂં, તમારાં મકાંનમાં, જે દાહાડે રાતે પારટીની ધાંમધુંમ ચાલી રેહી હતી, તે રાતે મે જપતી નાખી હતી. તમો સાહેબે લગભગ આંઠ સો માણુસોને તે

રાતે ખાણીપીણી આપી, હજારો રૂપીઆનો ધુમાડો કીધો હતો, પણ તમારા કરજદારોને તેટલા રૂપીઆ ભરી દેવાની તમોએ જરાબી દરકાર કીધી નહી. ખરી વાત કે સાહેબ?"

"નહી. તે વાત ખરી નથી." બેહરાંમશાહ બોલી ઉઠયા. "સોલીભઇ, તે ખાંણીપીણી તો મારે માંથેની જોખમદારી દુર કરવા માટે યોજેલી ફકત એક યોજના હતી."

"હશે. હું ભુલીયો." સોલીભઇ બોલ્યો. "પેલા જંગબારવાલા જેહાંગીરને ગલે તમારી નાહલ્લી દીકરી જરને ઓરવવાની મતલબથી એ પારટી તમે આપી હતી. હું સારી રવેસે જાંનુંછ, કે તમે લોકો જાહારે કંઇબી પોતાની મતલબ કાહાડી લેવાની હોવેછ, તાહારે એવી પારટી ફારટીના છટકાં ગોઠવોછ! તાહારે એ પારટીની મતલબ એટલીજ, કે કોઇ છાંડાવાલા ડુકટાઓને ગલે તમારી દીકરીઓને ઓરવી દેવી. હશે. તેને સારૂં મને કંઇ કેહવું નથી. તે પારટી અપાઇ હતી. અને તેજ રાતે પેલા રૂસ્તંમ જામુલીએ મીસીસ બેહરાંમશાહની ઉપર———

"આગલ ચાલો સોલીભઇ." બેહરાંમશાહ વચમા બોલી ઉઠયા. "તે વાત સાથ આપણી વાતને કંઇ લાગતું વલગતું નથી."

"જરાબી નહી." સોલીભઇ બોલ્યો. પણ રૂસ્તંમ જામુલીની બાનુબઇ ઉપરની જાસતીવાલો બનાવ બનીયા પછી, તેજ રાતે તમો સાહેબે તમારા દીકરા દાદીબા પાસે મને મોડી રાતે ચંપા બાગમાં તેડાવી મંગાવીયો હતો, અને હું સાહેબના સખુનને માન આપી રાતોરાત તમારી આગલ આવી ઉભો હતો. વાત ખરી કે સાહેબ?"

"બરાબર છે. વાત ખરી છે."

"તમો સાહેબે દસ લાખ રૂપીયા, ચોકસ બ્યાજે બે વરસની મુદતે, મારી પાસ તે રાતે માગ્યા, અને ઠેડવેલી મુદતમાં જો તે નાંનું તમો ભરી નહી દેઓ, તો તમારી એમાંથી જેબી એક દીકરી હું પસંદ કરૂં તેનો હાથ

તમે મને લગનના ગાંઠથી જોડી આપવાનો મારી સાથ એક લખત મારફતે કરાર કીધો. કેમ સાહેબ, ખરી વાત કે ?"

"હા. વાત ખરી છે." બેહરાંમશાહે લાચારીભરીઓ જવાબ દીધો.

"પણ મને બેવકુફ બનાવતાં, તમે પોતે મુરખ બનીયા સાહેબ." લીભઇએ હવે ખુલાસો કીધો. "તમારો વિચાર તો એવો હતો, કે મારા રૂપીઆં તમારી મતલબ ખાતર લેઇ લેવા અને બે વરસમા કોઇ સધ્ધર છાંડાવાલા જમાઇઓને ગળે, તમારી છોકરીઓને ઠોકી દેઇ, મને ખરતો કરવો. પણ બંદા એવા ભોલાભટાક નહી હતા,' કે તમારી ગણુતી સમજે નહી. મારો ડોરો તમારી દીકરીમા ખોબાવલો હતો, અને તમુને તો ઉંચે ઉપારેના જમાઇનો આભખરો હતો. તમારી તેંહેકરાઇએજ તમો જેર થયાછ. તમારા ટાંટીયા તમારાજ ગલાંમા પડયાછ. બંદાએ એવો ઠેડાવ કીધો હતો, કે દીલાવરખાંનના ખાંનદાનનો જમાઇ થવું, ને ફર થવું, અને દેખાડી આપવું, કે સાદો માદો અને ગરીબ ખાંનદાંનનો સોલીભઇ, વુમાણી અને તેંહકરાંઇથી ભરપુર દીલાવરખાંનદાનના બેહરાંમશાહ કરતાં હજાર ગણો માતબર છે."

"સોલીભઇ આવી રીતની તાણાજનીની શું મતલબ ?" બેહરાંમશાહે સેહજ તપી જઇ પુછયું.

"મતલબ પુછોછ મારા મેહરબાંન ?" સોલીભઇ બોલ્યો. "અરે મતલબ તે કંઇ જેવી તેવી ! ખચીત, તમારાં છટકાંમા કોઇ છાંડાવાલો જમાઇ સપડાયો હોતે, તો તમે મને કેવું અપમાંન કરી આએ ચંપા બાગમાથી બાહાર કાહાડતે, તેની હું જાહારે અટકલ કરૂંછ, તાહારે મારાથી બોલીયા વગર રેહવાતું નથી. આએ રેહ્યું તે લખત. સાંભલો તે કલમ હું વાચુંછઃ—

"મજકુર રૂપીયા દસ લાખની રકમ, બે વરશની મુદતની અંદર, અગરજો ખા૦ બા૦ બેહરાંમશાહ ભરી દીએ, તો બીજા રૂપીઆ દસ હજાર, વ્યાજ ઉપરાંત 'બોનસ' તરીકે સોલીભઇને બેહરાંમશાહ શેઠે આપવા; પણ એ બે

વરશની મુદત અંદર, ખા૦ બા૦ બેહરાંમશાહે પોતાની બંને દીકરીઓના લગનના સાટાં કોઇબીજી સાથે કરવાં નહી. આ કરાર તોડવાની કાંઇબી હીલચાલ મજકુર બેહરાંમશાહ અગરજો કરતા માલમ પડે, તો સદરહુ દસ લાખ રૂપીઆની કુલ્લે રકમ, તેના ચકરવરધી બ્યાજ, તથા બોનસવાલી રકમ સાથ, વસુલ કરવામાં આવશે. મજકુર દસ લાખ રૂપીઆની રકમ, બે વરશની મુદત પછી, અગરજો ખા૦ બા૦ બેહરાંમશાહ ભરી નહી શકે, તો તેવનની બે દીકરીઓ મેથી અને જરશાંનુમાથી જેબી એક દીકરી સોલીભઇને પસંદ પડે, તેને તેવન પોતાની હકદાર ધણીઆણી બનાવી શકે."

"તમે સાંભલીયું સાહેબ?" લખતની કલમ વાંચી રહી સોલીભઇ બોલ્યો. "એ સરત તમોએ કબુલ કીધી છે. તમારા કબુલ કીધા પછી, તે આએ લખતમા લખઇ છે. અને તે લખાયા પછી, તમોએ તે ઉપર તમારી સહી કરી છે, અને તમારી સહી કીધા પછી, મારા કલારકે તે ઉપર તમારી રૂબરૂ સાખ કરી છે. આજે બરોબર એ લખતની મુદત પુરી થઇ છે."

"સોલીભઇ, એ બધી વાત ખરી છે." બેહરાંમશાહ હાથ મારી રૂંધાઇ જતી છાતીએ જેમ તેમ બોલ્યા. "હા, ખરી, ખરી વાત છે."

પ્રકરણ ૩૫ મું.

નોટ બુક કે મોત-બુક!

આફ્રત ઉપર આફ્રત ધસારાબંધ આવતીજ જતી હતી. ગજબના ગુચવણભરીઆ ગુચવાડાની ગુંચ્છમા ગુંચ્છ ગુચવાતીજ જતી હતી. સીતમનો સુમાર કયાં હતો! આફ્રતની હદ કયાં હતી!

દાદીનું દીલ અને દેમાગ ફાટી જતાં હતાં. દાદીને કાંને આ નવી આફતના સમાચાર પડતાંજ, તેના હોસ કોસ ઉડી ગયા! જે અંધારા ઓરડામા ભરાઇને તે પોતાના બાપની હીસાબ તપાસતો હતો, તથા સોલીભઇ સાથની વાતચીત સાંભલતો હતો, તાહાંથી તે હીલી કે ખસી શકયો નહી. સુલી વચ્ચે સોપારી જેવી તેની હાલત થઇ પડી હતી. જો તે પોતાના બાપની મદદે તેના ઓરડામા જાએ છે, તો તેની ખાંનગી વાતચીત સાંભલવાના અપરાધમા તે સપડાય છે. જો તે તેની મદદે નથી જતો, તો પેલો કસાઇ હેડાંનો વકીલ, તેના બાપને તાણાજાનાથી સતાવે છે. પણ અંતે તેણે વીચાર કીધો, કે સેવટ સુધી કોઇ જાંણે નહી તેમ આ વાતચીત સાંભલી લેવી.

"વૅલ, બેહરાંમશાહ શેઠ," વકીલ સોલીભઇએ પાછું બોલવા માંડયું, અને દાદી કાંન દેઇ સાંભલવા લાગ્યો. "હવે જે બનીયું તે બનીયું. એ વાતનુ સેવટ આએ તર કે પેલી તર લાવવા આપણુ આજે મલીયા છેઇએ. લખતમાં લખાએલી મુદત આજેજ પુરી થએછ. મારાં ધીરેલાં નાંનાં તમોએ કરાર પ્રમાણે એ મુદતમાં ભરીયાં નથી. હવે તમે તમારે મોહોડેથી બોલો, કે તમે શું કરવા માગોછ. યા તો મારાં નાંનાં વ્યાજ સીકકે ભરી દેઓ, યા તો તમારી બેમાથી એક છોકરી, જેને હુ પસંદ કરૂં, તેની સાથ મને પરણાવી દેઓ."

"મી૦ સોલીભઇ," બેહરામશાહ ઘણીજ મુશકેલીએ જેમ તેમ બોલ્યા. "મી૦ સોલીભઇ, તમારાં નાંનાં ભરી શકું એવી હાલતમા હું બીલકુલ નથી. બે વરસની ઉપર જેવી મારી હાલત હતી, તેવીજ, બલકે તેથી ઘણી વધારે બદતર હાલત આજે મારી છે. મારી દીકરી જરનું કારજ પેલા જેહાંગીર જંગબારી સાથ થતું સેહજમા અટકી પડયું, અને——અને——

"તાહારે—સાહેબ મને શું ફરમાવોછ?" સોલીભઇ હરખભરી ઉલટમા આવી બોલ્યો.

"તમારે જોઇએ તે કરો. હું લાચાર થયો. મને લાચાર કીધો." બેહરામશાહ રડી પડી બોલ્યા.

"તાહારે તો તમારી બેમાથી એક દીકરી, મીસીસ સોલુ ઘોલચા થવાની." સોલીભઇ મજાક કરી બોલ્યો. "પણ તમે શરમાવો ના. ઘોલચાની અટક મારા બાપદાદાની હતી, કેમકે તેવન ગાંમડેના વસનારા ગામડીઆ હતા. પણ માફ કરજો સાહેબ, તેઓ ગમે એવા ભોલાભાલા હતા, પણ તમારા ટીપટાપવાલા મુંબઇગરાઓ કરતાં હજાર ગણે પ્રમાણીક હતા હો કે? હું તેવનનો દીકરો, વખતને અનુસરી; શીખી, કેલવાઇ સોલીસીટર થયો. કલબમાં ગીયો, દોસ્તો સાથે ફરીગો હરીયો, બુટ ઇસટાકીન, અને કૉલર નેકટાઇ પેહડયાં, એટલે સોલુનો સોલીભઇ થઇ ગીયો! મારી આગલી ઘોલચાની અટકનું કોણ જાણે શું થયું. આજે કોઇ એમ જાણતું નથી, કે સોલીભઇ સોલીસીટર તે આગલો સોલુ ઘોલચો છે. પણ હું તમુને ખાતરી આપું છ, કે તમારી દીકરી કદીબી મીસીસ ઘોલચા તરીકે ઓલખાશે નહી. અરે કંઇ ખુદા ખુદા કરો; દીલાવરખાંનની દીકરી ગરીબડી ઘોલચાની ધણીઆણી થઇ, તેથી શું તેની ઇજતની બરબાંદી કરવાની છે?"

"સોલીભઇ, મારી પડતીમાં તમો આવી રીતની મારી મજાક કરોછ?" બેહરામશાહ નીરાસ થઇ બોલ્યા.

"હવે એ વાતને પડતી મુકીએ સાહેબ." સોલીબઇ બોલ્યો "હવે સવાલ એ છે, કે એમાંથી તમારી કેઇ દીકરીને હું પસંદ કરૂં. આએ બે વરસમા મને તમારી બેઉ દીકરીઓના ચેનચાલા અને ખવાસની બારીક તપાસ કરવાની તમે જે મને તક આપી હતી, તે ઠીકજ થયું. જુવોની સાહેબ, તમારી વડી દીકરી એમીલી બેશક કોઇનુંબી ધ્યાંન ખેંચે એવી છે. તેના કેટલાક ગુણોની જેટલી હું તારીફ કરૂં તેટલી થોડી છે."

"મારી બેઉ દીકરીમા મારી એમીલી વધારે ચાલાક તો ખરી." બેહરાંમશાહે એમીલીની વખાણ કરી કહ્યું.

"બેશક, બેશક." સોલીબઇએ પાછું બોલવા માંડયું. "પણ એ છોકરીમા કેટલીક ખાંમીઓબી છે. કોઇનીબી અદેખઇ કરવાંમા, એ છોકરી પેહલ્લાં નંબરની છે. મીજાજની જરા આકરીબી છે, પણ તેનું કંઇ નહી! પણ તુમાખી અને તેંહેકરાઇમા તો એની બરાબર કોઇજ નહી. તે તો હોય! ખાંનદાંની બચ્ચું, તે તેના લોહીનો દોર અને દમામ દેખાડે. પણ બેહરાંમશાહ શેઠ, એવી એવી તો કચકચી ટીચકાંબઇઓ અને નસકોરાંબઇઓ આપો, આપ ઠેકાંણે આવી ગએલી છે. એ છોકરી મારે ગાંમ જઇને એક બે ત્રણ મહીના રેહ કેની, તો બધો એસકાટ મેસકાટ ને તેંહકરાઇ હેંકરાઇ ભુલી જાએ. દાહાડામા બે વાર કુવામાથી ખેચીને પાણી ભરશે, અને બે બે તન તન દાહાડે પાએલી પાએલી ચોખા દરશે, તો તબીયતબી સુધરી જશે, આંગબી ખીલશે, અને મીજાજબી ઠેકાણે આવી જશે. હમણા ધાસલેતના તેલની કાંની જરા જરામા ભડકું લેઇ ઉઠેછ, તે ઘીં જેવી નરમ થઇ જશે. હાલ એ ખુબસુરત છોકરી આતશ જેવી ગરમ છે, તે થોડા વખતમા હું તમુને દેખાડસ, કે બરફ જેવી ઠંડી થઇ જશે."

"અરે ખુદા! આ તે શું જુલમ!" બેહરાંમશાહ કપાલ કુટી બોલ્યા. "અરે ઓ પારસી, તું શું મારો જીવ લેવા માંગેછ! શું મારા ગોલાબ જેવાં

બચાં ઉપર તું આવી રીતનો જુલમ ગુજારવા ચાહેછ ? તું શું તેની ઉપર તારૂં વેર લેવા માગેછ ? મારા ખુદા ! મારો છુટકો કેમ નથી કરતો !"

"તો સસરાજી સાહેબ, તમે શું મારી દોલત લુટાવવા ધારોછ ?" સોલીબઇએ સખત ગંભીરાઇથી મશકરી ચલાવી. "દીકરી પોતાના માય બાપને વાહાલી હોય, અને માય બાપ કંમઅકલ હોય, તો ભલે તેને લાડ લડાવે. પણ તેથી કંઇ ગરીબે પોતાની ઝુંપડી તોડી પાડવી જોઇએ શું ? તમે પચાસ પચાસ રૂપીઆના પોલકા પેહરાવીયા, સો સો રૂપીઆની સાડી પેહરાવી, મોહટા મોહટા બાલની લાંબી લાંબી ફેશીનો કહડાવી, સાલુ અને સખર છાંડાવાલા જમઇઓને લગનની મારકીટમાથી પકડવા જાલતો ઘણીબી બીછાવી, પણ તે લોકના સારાં નસીબ કે કોઇ તેમા સપડાયું નહી. તે ફાલાફુલીના ખરચોની મોહકાણમા તો આવી આફતમાં આવી પડયા. તમારી સુજે શું મારીબી હાલત તમારા જેવી હું કરૂં કે ? પારસી તોલો નાબુદ થશે, કેમકે કુમારાપણું પારસીઓમાં વધી પડયુંછ, એવી ફરીઆદ પારસી કોમ કરેછ. પણ હું કેહુંછ, કે એક કુમારી જીંદગી ગુજારનારો પારસી ખરેખર ઘણોજ દાનેશમંદ અને દુરઅંદેશ છે. કેમકે એવા ઉછાછલા ખરચો કરનારી છોકરીઓને પરણુવા કોઇબી સમજુ શખસ એકાએક એમ તઇઆર થાય નહી. લાલા, તમે શું એમ ધારોછ, કે તમારા જેવાજ ઉછાછલા અને લખલુટીયા ખરચ તમારી દીકરીને પરણીને હું ચાલુ રાખુ ?"

"તેમ નહી, પણ સોલીબઇ, તમો મારી દીકરીને પરણી તેને દુખી ના કરતા." બેહરાંમશાહે કહ્યું.

"તમારો સખુન મારે માથે ચહડાંઉછ." સોલીબઇએ બેહરાંમશાહને હવે વધારે પજવવાનુ ઠીક ધારયું નહી. "હવે હું તમારી રજા લેઉછ. આવતી કાલે બપોર પછી હું પાછો આવસ, તેટલાં તમે તમારી દીકરીને આએ વાતની ખબર આપજો. સાહિબજી ખાનબાહાદુર સાહિબ !"

સોલીભાઇ બેહરાંમશાહની રજા લેઇ તુરતજ ચાલી ગયો, અને બેહરાંમશાહ ઉંધે મસ્તકે પોતાની ટેબલ ઉપર પડી, ડચકાં ખાઇ રડવા લાગ્યા.

પોતાના બાપની હાલતની આ નવી બાતમી મલતાંજ, દાદીના મગજની હાલતનુ કોણ તોલ કરી શકે ! સોલીભાઇ બેહરાંમશાહથી છુટો પડયો, એટલે દાદીને હવે વધુ વાર પેલા અંધારા ઓરડામા ભરાઇ રેહવાની કાંઇ જરૂર હતી નહી. અંધારાંમાથી તંતોસતો, ધીમે કદમે, દાદી તે ઓરડામાથી બાહાર નીકલી, ગુપચુપ પોતાના ઓરડા તરફ જતો હતો, પણ તેટલાં ચાલમાથી પસાર થતાં, તેનો પગ, જમીન ઉપર પડેલી કોઇ ચીજ ઉપર પડયો.

તુરતજ તેણે વાંકો વલી જોયું, તો તેની નજર ભોંયપર પડેલી એક નાંહલ્લી જેવી 'નોટ બુક' ઉપર પડી. દાદીએ તુરતજ તે ઉંચકી લીધી, અને પોતાના ઓરડામાં જઇ તે તપાસવા લાગ્યો.

તે નોટ બુકના ઉપર પેહલીજ નજર કરતાં, તેણે સોલીભાઇનું નાંમ તેના પુઠાં ઉપર લખેલું વાંચ્યું. સોલીભાઇની આ નોટ બુક છે, એમ જાણતાંજ, દાદીના મગજમા તરેહવાર વીચારોના તરંગો એક મીનીટમા ઉભા થયા. આ પાખંડી વકીલના પાપી પ્રપંચથી દાદી જાણીતો થયલો હોવાથી, આ નોટ બુકમાંથી કંઇ કંઇ નવું તે જાણશે, એવું સમજી તે તેના પાનાં ફેરવવા લાગ્યો.

પાનાં ફેરવતાં દાદીને તેમાંથી એક ઘણું જુંનું કાગજ મલ્યું. તે કોઇ ઓરતે લખેલું હતું, એમ તે કાગજ પરના દસકત ઉપરથી તેને માલમ પડયું. દાદીએ તે કાગજ વાંચવા માંડયું—વાંચતાંજ તે ચમકીયો. જેમ જેમ તે વાંચતો ગયો, તેમ તેમ તેના ચેહરા ઉપર તરેહવાર ફેરફારો થતા ગયા. અંતે તે કાગજ વાંચી તેણે પુરૂં કીધું.

પણ અરે ખુદા ! આ શું ? આ કાગજની હેઠલ સપતંગ કોણ ? આ કાગજને છેડે તેના લખનારના નામ ઉપર દાદીની નજર પડતાંજ, તે અજાએબ થઇ ચમકયો! અને તેજ વખતે તેની આંખોમાંથી આંસુની ધાર ટપકવા લાગી.

તુરતજ તે કાગજ દાદીએ પોતાની પૉકેટ-બુકમા તપાસીને મુકયું, અને વધુ વીચારમાં જેવો તે પડતો હતો, તેવામા તેનું બારણું કોઇએ બાહારથી ઠોકયું.

"કોણ?"

"એ તો હું છેઉ જી."

"હું, તે કોણ?" દાદી ચીરડાઇને બોલ્યો. "તારૂં નાંમ નીશાંન કંઇ ખરીખુછ કે નહી?"

"જી હું નાજુ." બાંનુની નવી કંમપેનીયને પોતાનુ નાંમ બાહારથી કહ્યું, અને તે સાંભલતાંજ દાદીએ બારણું ઉંઘાડી પુછયું.

"કેમ? રાત પડી શું કાંમ છે?"

"જી મોહટાંબાઇ તમુને હમણા ને હમણાજ મલવા માંગેછ." નાજુએ જવાબ દીધો. "કેહછ, કે એક અરધો કલાક આવી જશો, તો મેહરબાની."

"હું આયો." દાદી જવાબ દઇ મનમા બબડવા લાગ્યો. "કોઇ દાહાડો નહી, ને આજે? અને તેબી આવી મોડી રાતે? હમણા ને હમણાજ?"

પ્રકરણ ૩૯ મું.

ગુલીસ્તાંનના જંતસનો ભેદ!

'જનમ આપે માબાપ જગતમાં કરમ નં આપે કોઇ.'

ચંપા બાગના બાંનુબઇને જો તમે અગાઉ જોયાં હોતે, તો આજે કદીબી તેવનને જોઇને તમે ઓલખી શકતે નહી. તેવનનું ભરેલું આંગ, તવાઇને બીલકુલ નખાઇ ગયું હતું. તેવનના કાલા ભંમૂર જેવા બાલ, સુફેદ રૂપેરી રંગના થઇ ગયા હતા. તેવનની ચલકતી ખુબસુરત આંખોની નીચે, કાલા ડોલાંમનાં ચકરડાં પડયાં હતાં, અને તેવનના ખીલી રહેલા ગાલો બેસી ગયલા દેખાતા હતા. તેવનના ચલકતાં સફાઇદાર કપાલ ઉપરની ચાંમડી, કજરાઇ જઇ, તે ઉપર કરચલી ફરી વલી હતી.

તેવનના એક વખતના સુંદર જોબંનની એવી હાલ હવાલી, અને જવાંનીના બાહારની બરબાદી થએલી દીસતી હતી.

પણ દગલબાજ ખુબસુરતી કોણની સદા રહી છે? ખચીત, કોઇએબી ખુબસુરતી જાવેદાંન વાપરી નથી, અને કોઇથીબી તે જાવેદાંન વપરાઇ નથી.

'ધન જોબન ને ઠકરાઇ
સદા ન કોઇથી વપરાઇ.'

દીલાવરની બાંનુની તમામ ખુબસુરતી ચંપા બાગમાં બનેલા પેલા જાણવા જોગ બનાવ પછી કરમાતીજ ગઇ હતી.

"દાદીબા, તું આયો?" બાંનુ બેચેન જીવે, દાદી જેવો ઓરડામા દાખલ થઓ તેવી બોલી." બેસ, મારી પાસ બેસ. હું તારીજ વાર જોતી બેઠીછ."

"માઈજી, આએ, તમારા શું હાલ?" દાદીએ પોતાની મતરાઇ માંએનો હાલ જોઇ પુછયું. "તમે કંઇ દવાદારૂ——

"મારી વાત તું ના કર દાદી, પણ તારા આએ કેવા હાલ?" બાંનુએ દાદીની નખાઇ ગએલી સીકલ જોઇ સવાલ કીધો. "તું જુવાંન જવાંન બચ્ચું, ને આવી તારી——

"મને શું છે.? કંઇબી નથી ?" દાદીએ વાત ઉડાવવા માંડી. "પણ તમારી તબીયત હાલ કેમ છે ? તમારો જખમ તો રૂજઇ ગીયાને ઘણો વખત થયો ? અને હજી તમે કેમ એવાં બેચેન જેવાં દેખાઓછ? નખ્ખોદ જાએ પેલી પારટીનું ! કોઇ એવે અભાગીએ ચોઘડીએ તે પારટી તમે આપી, કે તે દાહાડથી મારૂં હસતું રમતું ઘેર આફ્ત, સીતમ અને માહેતમનુ ઠેકાનુ થઇ પડીયુંછ."

"દાદી, દાદી, તે વાતજ ના કર." બાંનુ બોલી. "મારા દીલની વાત હું કોણને કેહું દીકરા ! મારાં દુખનુ સાંભલનારૂં કોઇ નથી. હું મુંઇ ! મારે મંન દુનીયાં અકારત છે, પણ સુંનના મોહોર જેવી તારી બેહન જર, તેના સુખનો તેં કંઇ વીચાર કીધો દાદી ? એ તમે બધાં જના શું ઘરાથી ઘેરાયાંછ, કે તમુને કંઇ સારૂં સુજ પડતુંજ નથી. વારૂં દાદી, મને કેહશે, કે જહાંગીર જંગબારી જર પાસ આવતો જતો બંધ કાય થયો ? જરનો વિચાર તેની સાથે પરણવાનો હતો, અને તારા બાપનીબી રાજી ખુશી હતી, છતાં એ શું બનાવ બનીયો દાદી, તે મને બીલકુલ સમજ પડતી નથી ? જહાંગીર જેવો ભલો આદમી, એક હાથ ઉપર ચંપા બાગમાં આવતો બંધ થયો, તાહારે બીજા હાથ ઉપર પેલો પઇસાને લીધે પુંજાતો સોલીબઇ, રાત દીવસ ચંપા બાગમાં પઠંગો મારી પડયોછ ?"

'સોલીબઇ ! પેલો સા—. સોલીસીટર ! પેલો બદમાસ——

સોલીબઇનું નામ સાંભલી દાદી બોલતાં બોલતાં ઉસકેરાઈ ગયો. દાદીને એવી રીતે ઉસકેરાએલો જોઇ, બાંનુએ ઇનતેજારીથી પુછયું:—

"હા. તેજ ? પણ તેનું શું ? તેને શું કીધું દાદી ? ત્યાહારે તુને કંઇ તેની ખબર હોય, એમ મને લાગેછ ? કેહ, મને કહે, મારા બાપ કરૂં ? તે તો આએ ઘેરમાં પઠંગો મારી બેઠોછ, અને તારા બાપ તેને કંઇ કેહતા કે બોલતાં નથી, તેનું શું કારણું ?"

"બાનુમાય તમે જાહારે બધી વાત જાણવાજ માગોછ, તાહારે સાંભલો." દાદીએ ગંભીર અવાજે જવાબ દીધો. "ગભરાતાં ના. પણ હીંયાં કોઇ બીજું છે કે?"

"ઓ નખ્ખોદ! તું મને શું કેહવા માગેછ?" બાનુ દાદીની બોલવાની ઢપ ઉપરથી ધાસ્તીની મારી, ફાટી જતી છાતીએ બોલી. "દાદી,——પણ નહી, તું બોલ. આએ ઓરડામાં બીજું કોઇ નથી. હું એકલીજ છેઉં."

"ગભરાઓ ના!" દાદી બોલ્યો. "આપરાં બધાંના કરંમ ફુટાં! બધાંના ભાયગ ઉંધાં વરીયાં!"

"ઓ! ઓવારંરે! પણ શું થયું શું?" બાનું ધાસ્તીની મારી હેબતી જઇ બોલી. "મને કેહ? દાદી તારે પગે લાગું? મને જે હોય તે બધું ખરેખરૂ કેહી દે."

"મોતનો સોદો કીધો." દાદી ડોલા ફાડી બોલ્યો. "ખુંનનો બદલો ફાંસી! ફાંસી નહી તો જનમ ટેંપ!."

"ખુંન! ફાંસી! જનમ ટેંપ! એંહ!! દાદી? ખુંન કોણનું? ખુંન કોણે કીધું?" બાનુએ હેબતી જઇ સવાલ

"વરી કોણે? તમારા ધણીએ! મારા બાપે!" દાદી છાતી કુટી બોલ્યો.

"તારો બાપ! મારો ધણી! ઓ બાપરે! હમે શું કરૂં!" બાનુ રડી પડી બોલી. "અરે પણ કોણનુ ખુંન કીધું? કયારે કીધું? કાંએ કીધું? કેમ કીધું? દાદી મને રીબાવીને ના માર! મારી તુને કદર નથી? જો તું મને એકદમ બધું નહી કેહી દેસે, તો હું ફાટી મરસ જો?"

"બધાં મુવાં! બધાંનુ નખ્ખોદ વારીયું! બધાંને ખુવાર કીધાં!" દાદી કપાલ કુટી નીચી મુંડીએ પડી ડચકા ખાઇ રડવા લાગ્યો. "સાંભલો બાનુમાય, ધીરાં પડી' સાંભલો...આજથી બરાબર બે વરસની વાત ઉપર ચંપા બાગમા તમે આપેલી પેલી પારટીની તમને યાદ છે?"

"અરે આંગ લાગેરે તે પારટી ઉપર !" બાંનુ નસોસ થઇ બોલી. "તે પારટી અપાઇજ નહી હોતે તો——પણ મારો તેમાં વાંક નહી હતો. તારા બાપની મરજી. તારી બેહનોને કોઇ પઇસાવાલાને ગરે ઓરવી પઇસા કહડાવવાની હતી, તેથી તે પારટી તો તેવને આપી હતી."

"આગ લગાડો તે વાતને !" દાદી બોલ્યો. "હું તે પારટીને સારૂં બોલતો નથી, પણ જે દાહાડે તે પારટી અપાઇ, તેજ દાહાડે એક જુવાંન ખુબસુરત છોકરી, અમારો પોલકો લેઇ ચંપા બાગમાં આવેલી, તે તમુને યાદ છે ?"

"ઓ ખુદાએ ! બોલરે ! તેનુ શું ? દાદી, દાદી બોલ તો તેનુ શું ?" દીલાવરની બાંનુ ધાસ્તીની મારી એકાએક ભડકી ઉઠી, દાદીને પુછવા લાગી. "હાં ! હા ! મને તે યાદ છે——

"તાહારે તે પારસીની છોકરી ચંપા બાગમા આવી હતી, તે તમુને યાદ છે ખરી ?" દાદી બોલ્યો.

"હા. હા. મને તે યાદ છે. પણ તેનું શું ?"

"કેવી ખુબસુરત ! કેવી સોહામની !" દાદી ગુલીસ્તાંનને યાદ કરવા લાગ્યો, અને તેને યાદ કરતાંજ તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. "તેનો દેખાવજ કેહી આપતો'તો, કે તે કોઇ ખાંનદાંની બચ્ચું હતું ! તેની ચાલચલણુજ કેહી આપતી'તી, કે તે કોઇ ઉંચી ખુનીઆદવાલી છોકરી હતી ! બાંનુ માય, તમે તે છોકરી સારૂં શું ધારીયું 'તું."

"મને તે છોકરી જોતાંને વોરજ ગમી." બાંનુએ જવાબ દીધો. "મને તેની ઉપર બેસુમાર હેત આયું'તું."

"ને, તેનુ નામ !"

"તેનું નાંમ—તેનુ નામ ?" બાંનુ તેનુ નામ બોલી શકી નહી, અને તેની જબાં લડડવા લાગી.

"ગુલીસ્તાંન—કેકાસજી સીંકનદર્ર !" દાદી હેતભરી યાદથી તે વાહલું નાંમ બોલ્યો.

"ઓ ! તાહારે તું તે છોકરીને ઓલખેછ ? નખ્ખોદ ! નખ્ખોદ !"

દીલાવરની બાંનુ, તેજ વખત સોફા ઉપર ફસડાઇ પડી ડચકાં ખાઇ પોતાનુ કપાલ કુટી રડવા લાગી.

પણ તુરતજ બાંનુના મગજમાં કંઇ નવો ખ્યાલ આવી ગયો. સોફા ઉપર તે પાછી તતાર થઇ બેઠી, અને દાદીના ચેહરા તરફ એક છેડાએલી વાઘણ માફક ડોલા કાહાડી, ટીકી ટીકી એકાદ મીનીટ સુધી જોઇને બોલી:—

"દાદી, પરવરદેગારને હાજર નાજર જાંણીને, અને તારાં મરનાર માએના કસમ ખાઇને તું મને કેહ, કે ગુલીસ્તાંનની ઇજત, અને ગુલીસ્તાંનની આબરૂ આએ જગતમા જલવાઇછ કે નહી. દાદી મને ખરૂંજ કેહજે ?"

"ગુલીસ્તાંન ! મારી ગુલીસ્તાન ! અરે તે છોકરીના જેવી દયાંનતની પાંક અને નઇયતની નેક, પારસી કોમમાથી એકબી તો છોકરી મને કોઇ દેખાડે ?" બાંનુની ઉસકેરાએલી હાલત જોઇ, દાદી બોલ્યો.

"મારા સમ ! મને મુવેલી જોય ! તેની ઇજતને જરાબી ડાઘ નથી લાગો ?" બાંનુએ ફરીથી દાદીને પુછ્યું.

"જરાબી નહી. બીલકુલ નહી."

દાદીને મોહોડેથી ઉપલા સખુનો સાંભલતાંજ બાંનુના ચેહરા ઉપર ખુશાલી ખીલી નીકલી. દાદી બાંનુના ચેહરા ઉપર થએલો ફેરફાર જોઇ અજબ થયો. તે ચંચલ જવાંન બાંનુની તમામ હીલચાલ ઉપરથી તુરત પામી ગયો, કે તેની મતરાઇ માએ, તેની દીલદાર ગુલીસ્તાંનના કાંઇ ભેદ બારમથી જાણતી છે.

"બાંનુ માય, તમોરો ભેદ હું અટકલી શકુંછ, પણ સમજી શકતો નથી." દાદીએ પુછ્યું. "તમો મારી ઉપર વીસ્વાસ રાખસો, તો તમારાં કુટુંબ ઉપર

આવી પડેલી આએ આફત દુર કરવાની આપરે સાથે મલી, કંઇ તજવીજ કરી શકસું. આએ જગતમા મારૂં તેમજ તમારૂં દુખ સાંભલનાર કોઇ નથી. તમે જો હલીમલી——

"હા દાદી. મારૂં આગ્ગે જગતમા હવે કોઇ નથી. અને તેટલાં સારૂં હું મારા દીલનો ભેદ તારી આગલ ખુલ્લો કરૂંછ." ખાંનુએ કહ્યું. "તુ જરા ધ્યાંનથી સાંભલજે દીકરા."

"ખાંનુ માય, તમે બોલો, હું ધ્યાંનથી સાંભલુંછ."

"થોડાંક વરસોની વાત ઉપર, અમદાવાદ શેહરની એક માતેબ્બર પારસી વેપારીની એક નવજવાંન સુંદર દીકરી, પોતાની ખુબસુરતી અને લાએકીથી તાંહાંની પારસી વસતીમાં જાણીતી અને માનીતી થઇ પડી હતી. અમદાવાદના ભલે ભલે ઘેરના શીખેલા અને માતબર માબાપના દીકરાઓને તાંહાંથી, તે છોકરીના માગાં આર્યાં, પણ તે છોકરીના ધ્યાંનમાં કંઇ ઉતરીયું નહી, અને તેણીએ કોઇનીબી સાથ પરણવાની સાફ ના પાડી. તે છોકરી એકની બે થઇ નહી. સબબ, તે એક બીજા જવાંન છોકરા સાથ પરણવા માંગતી'તી: તે તેને ખરા પ્યારથી ચાહાતી'તી. ઉંમરે તેઓ બંને સરખાં હતાં, અને જેટલી ખુબસુરત તે છોકરી હતી, તેથી વધારે સોહામનો પેલો પારસી જવાંન હતો. તેમના લગન થવાં મુશકેલ હતાં, કેમકે બે છોકરો જો કે કેલવાએલો, અને ચંચલ હતો, પણ ખાંનદાને ગરીબ, અને નોકરી ઉપર ગુજરાંન કરનાર હતો. તેઓ બંને એકબીજાંને એવાં તો પ્યારથી ચ્હાહાતાં હતાં, કે પેલી છોકરી તે છોકરા સાથે પરણવા સારૂં કોઇબી જાતનો જોખમ માથે લેવા તઇયાર હતી. બંને વચ્ચે અરસપરસની મુલાકાતો થતી રેહી. તેઓ એકબીજાંને મલતાં ભેટતાં રેહ્યાં, અને તેમની મુલાકાતો તરફ કોઇને જરાંબી શક ગયો નહી. તેમની, તે મુલાકાતો ચાલુ રેહી. તે ચાલુ રેહલી મુલાકાતોનું પરીણામ ઘણૂંજ બુરૂં આયું. ધરમમાં કલંકનો ડાઘ ઇજ્જત ઉપર પડવાનો, તે કાંહાંથી

ડ્સે ! છઠીના લખાયલા લેખ અંતે ફલી યા ! તે છોકરી લાચાર બની, પોતાનાં ગુનાહની માફી ચાહાવા પોતાના માય બાપની આગલ પોતાના પ્યારનો ખરો એકરાર કરી જાહેર કીધું, કે જે જવાંનની પ્રીતમા તે પડી છે, તેની સાથ તેના લગન કાંઇબી ઘીલ વગર એકદમ કરી આપી, તે છોકરીની તેમજ તેના માયબાપની ઇજતને ડાઘ લાગતો અટકાવવો, કેમકે ચંદ મુદતમા તે છોકરી એક બાલકની માતા થનાર હતી."

"પણ ખાંનદાંનની તેહેંકરાઈના ગુમાંનમા ચસીવરી રેહલાં તે છોકરીના માયબાપે તે છોકરીનુ કેહ્યું જરાબી સાંભલીયું નહી. તેમનો લોભ, અને તેમની ઉમેદ, પોતાના જેવીજ ઇજતવાલો અને પઇસાવાલો કોઇ જમઇ મેલવવાની હોવાથી, તેઓએ પોતાની તેમજ પોતાની દીકરીની ઇજતની જરાબી પરવા કીધી નહી. એ દુખભરી ખબર સાંભલતાંજ તેઓના ગુસ્સા અને નાસીપાસીનો પાર રેહ્યો નહી. પેલી છોકરી ધારતી હતી, કે તેની નાજુક હાલતનો હેવાલ જાણતાંજ, તેના માયબાપ પેલા જવાંન સાથ તેણીના લગન તુરતજ કરી આપશે. પણ—"

"પણ—પણ શું ?" દાદી અજબ થઇ, વચમા બોલી ઉઠયો. "પેલી છોકરીના લગ્ન તે જવાંન સાથ થયાં કેની ?"

"નહી—નહી થયાં !" બાંનુએ તુરતજ જવાબ દીધો. "તેના કંમસમજ અને લોભી માયબાપે પેલા છોકરા સાથ લગન કરવાની સાફ ના પાડી. પોતાની દીકરીના લગન જો તેઓએ તે જવાંન સાથ કરી આપીયાં હોતે, તો તે છોકરીની ઇજત અને સુખનો નાશ નહી થતે. પણ તેમ તેઓએ કીધું નહી, અને એ નાલેસી છુપાવવાનો કોઇ બીજો ઇલાજ તેઓ શોધવા પડયાં. પોતાના માયબાપ આગલ અંતે તે છોકરીનુ કંઇ ચાલીયું નહી. પેલા પારસી જવાંનને નાંનાંની એક મોહટી જેવી રકમ તે છોકરીના બાપે આપી, તેને એકદમ સીંગાપોર વેપાર કરવાને બાંહાણે, અને તાંહાં જઇ

પોતાનું ફોડી લેવા, મોકલાવી દીધો. જે ઓરતને તે જવાંન પોતાના જાંનથી વધારે ચાહાતો હતો, અને જેને ખાતર તે દુનીયાંની પેલી પાર જવા પણ તૈયાર હતો, તે જવાંન કોઇને ખાતર નહી, પણ પેલી છોકરીની સમજાવટથી તેની ઇજતને કલંક લાગતો અટકાવવા સારૂં, ચુપચુપ અમદાવાદથી તે એકદમ રાતોરાત સીંગાપોર જવા નીકલી ગીગો."

"એ પછી પેલી છોકરીના માયબાપે, અમદાવાદથી થોડેક દુર આવેલાં ચંપાનગર નામના એક ગાંમડાંમા, પોતાની ઓલખીતી એક વીશ્વાસુ પારસી વીધવા સાથ ગોઠવણો કરી, તે છોકરીને,તેણીને તાંહાં ચંપાનગર મોકલી આપી. ચંપાનગરમા જઇ વસીયા પછી, તે માતબર બાપની કંમનસીબ દીકરીએ, ત્યાં એક છોકરીનો જનમ આપીયો. પેલી મયાલુ વીધવાને પેટ એકબી ફરજંદ નહી હોવાથી, તેણીએ તે બાલકીને દીકરી કરી લીધી.

પાછલથી પેલી છોકરીના માયબાપે પેલી બાલકીના ગુજરાંન સારૂં, એક વકીલ સાથ મસલત કરી, એક મોહોટી નાંનાંની રકમ તેના હાથમા ટ્રસ્ટ તરીકે આપી, એવી ગોઠવણું કીધી, કે પેલી વીધવા ઓરતને, દર ત્રણ મહીને તે ટ્રસ્ટના વ્યાજમાથી એક સારી જેવી રકમ ચાલુ મલતી રેહ, અને તે વીધવાના મરણ પછી, તેજ રકમ પેલી બાલકીને મલે. એ ગોઠવણો થયા પછી, અને પેલી બાલકીને પેલી ભલી વીધવાને સપુરદ કીધા પછી, થોડે વરસે, પેલા માતબર બાપની દીકરીને, મુંબઇનો એક જાણીતો માતબર ખાંનદાંનનો પારસી પરણી ગીગો——

"સબર—સબર !" એકાએક દાદી વચમા બોલી ઉઠયો. "ચંપા નગરમા જનમ પાંમેલી પેલી બાલકીનુ નાંમ શું ?"

"ગુલીસ્તાંન !" બાંનુએ પોતાની ડોક નીચી નાખી દઇ જવાબ દીધો.

"ગુલીસ્તાંન ! અરે ખુદા ! મારી ગુલીસ્તાંન !" દાદી પોતાંનુ કપાલ કુટી સોફા ઉપર અઢેલાંઇ પડયો." પણ સબર ! તાહારે ગુલીસ્તાંનને પાલનારૂ તેની માયનુ નાંમ——

"કેકુસજી સીકંદરની વીધવા, સુતા——

"હા—તેજ, તેજ!" સુનાબઇ કેકાસજી સીકનદર! "દાદી પોતાના હાથ ઉપર હાથ જોરથી અફાડી બોલ્યો." તાહારે ગુલીસ્તાંનને દગો થયો! તે લુટઇ ગઇ! અરે! તેની મુફલેસી અને ગરીબીનુ ખરૂં કારણ—

"દગો! કોણુને દગો! મારી ગુલીસ્તાંનને દગો!" બાનુ દાદીના બંને હાથ પકડી લેઇ બોલી." દાદી ગુલીસ્તાંન મારી દીકરી થાય! મારૂં પોતાનું ફરઝંદ! પેલા અમદાવાદના માતબર પારસીની કંમનસીબ દીકરી-તે-હું-પોતે——

"ગુલીસ્તાંન તમારી દીકરી!" દાદી અજબ થઇ બોલ્યો. "અને અમદાવાદના પેલા માતબર બાપના દીકરી તે તમે! આએ શું અજબ ભેદ! ઓ! ગુલ, તું કાંહાં છે! ઓ મારા ફરેસ્તા! મારી જીંદગીના ચેરાગ! મારી આંખોના નુર! તું કાંહાં છે."

"તાહારે દાદી મારી ગુલીસ્તાંન કાંહાં છે, તે તું નથી જાણતો?" બાંનુએ સવાલ કીધો.

"તે કાંહાં છે, તે જો હું જાણતો હોતે, તો મારો આએ હાલ કદીબી થતે નહી." દાદી બોલ્યો. "ખુદા જાને તે કાંહાં છે."

દાદી નીચી મુંડીએ જારબેજાર ગુલીસ્તાંનને યાદ કરી રડવા લાગ્યો, અને બાંનુ તેના ખભાં ઉપર હાથ ફેરવી રડતાં રડતાં બોલી:--

"ના રડ, દાદી ના રડ. ધીરજ ધર, આપરે તેને શોધી કાહાડશું. અરે મારી દીકરી! બે વરસની વાત ઉપર તું મારી સાંમે આવી ઉભી, તાહારે તારો શું તોર, અને શું દમામ હુતો મારી દીકરી! અરે તાહારેજ મારૂં મંન થયું, કે તુને મારે ગલે લગાડું, પણ તેટલીબી મારી ઉમેદ મારા મનમાજ રેહી ગ્રેઇ. ચંપાનગરમાં દીકરીનો જનમ થયાથી, આ સુંદર બગીચાનું નાંમ, ચંપાબાગ રાખી, મારી દીકરીની યાદ મારા દીલમાં રાત દીવસ મે તાજી રાખી; અને એજ ચંપાબાગમાં જાહારે તું મારી સાંમે આવી ઉભી, તાહારે મેં તુને મારે ગલેબી લગાડી નહી! અરે એ પેટની આગ કેમ બુજાસે!"

"કેટલાક મુરખાઓ કેહછ, કે કાંહાંણી અને કીસ્સા જેવા બનાવ પારસી સંસારમા બનતાજ નથી." દાદી બોલ્યો. "ઇનસાંન—માસ અને લોહીનુ બનેલું પુતલું,—કુદરતના કાએદાને શરણ થવા શું સરજાએલું નથી? શું મારો આએ સંસારી ચીતાર કાંહાંણી કીસ્સાં જેવો નથી?"

"કેવું નાંટક! કેવો સંજોગ!" બાંનુ બોલી. "જે દાહાડે સહવારે—એલી પારટીનેજ દાહાડે—મેં મારી દીકરીને પેહલ પેહલ્લી અધાર વરસે ચંપા બાગમાં જોઇ, તેજ દાહાડે રાતે મેં મારી દીકરીના બાપને, ચંપાબાગમા એક ખુંની તરીકે——

"તમારી દીકરીનો બાપ ખુંની! કોણ? રૂસ્તમ જાંગુલી!" દાદી બુમ પાડી ચમકી ઉઠયો. "રૂસ્તમ જાંગુલી ગુલીસ્તાંનનો બાપ! ઓ! આએ એક પછી એક ખુલતા જતા ભેદ સાંભલી મારૂં ભેજુ ચકભંમ થઇ જાએછ!"

"હા. હા." બાંનુએ જવાબ દીધો. "તેજ તેનો બાપ! મારી સમજાવટથી તે એકદમ અમદાવાદ છોડી પોતાનું નસીબ અજમાવવા સીંગાપોર નીકલી ગીયો હતો. સીંગાપોરમાં તેનાં નસીબે તેને યારી આપી, અને થોડાં વરસમાં તે લાખો રૂપીઆં કમાઇ પાછો મુંબઇ ફ્રીયો. તેજ રૂસ્તંમ જાંગુલી. તેજ મારી દીકરી ગુલીસ્તાંનનો બાપ. તેની ભલાઇ કંઇ કમતી નથી દાદી! દીલાવરખાંનના કુટુંબની જતી લાજ બચાવવા સારૂં, તેને ખટકે ખટકે મોહટી રકમો તારા બાપુને ધીરેલી છે."

"રૂસ્તમ! રૂસ્તમ! આવો ભલો! આવો નેક!" દાદી દયા ખાઇ બોલ્યો. "અને તેની ઉપર આવી આફત!"

પ્રકરણ ૩૭ મું.

જુની બાબદ ઉપર નવું અજવાળું.

"આફત! આફત, તે કંઇ જેવી તેવી આફત?" બાનુ બોલી. "પણ એ બધી આફત તેને મારે ખાતર માથે ઓઢી લીધી. મારી ઇજતને ખાતર, મને લોકોમા ખરાબ નહી લાગે, તેને ખાતર, એ બધી આફત તેને પોતાને માથે ખેચી લીધી."

"ત્યારે શું તમે એમ કેહવા માંગોછ, કે રૂસતંમ બેગુનાહ છે?" દાદીએ અજબ થઇ પુછયું.

"બેગુનાહ? હજાર વખત નહી, પણ લાખ વખત બેગુનાહ. રૂસતંમ બાલે બાલ બેગુનાહ, અને નીરદોશ છે." બાનુ ભાર મુકી બોલી, "દાદી, મારે તારી ખાતરી કરવીછ, કે રૂસતંમ બેગુનાહ છે."

"રૂસતંમ બેગુનાહ? એ વરી શું નવો ભેદ છે?" દાદીએ પુછયું. "ત્યારે શું રૂસતંમ ખુંની નથી?"

"નહી. રૂસતંમ ખુંની નથી. રૂસતંમ ખુંન કરે એવો છેજ નહી." બાનુ બોલી. "પણ કરમ મારાં ફુટેલાં, તે સંજોગો તેવાજ બની ગયા. મારી જીંદગીનો ભેદ અંતે ફુટવાનો, તે આવા સંજોગ વચ્ચે, નહી ધારેલી રીતે એકાએક ફુટી ગીગો."

"તમારૂં બોલવું મને સમજ પડતું નથી." દાદીએ કહ્યું. "ખુંન જો રૂસતંમે નહી કીધું, તો કોણે કીધું?"

"કૉનઝરવેટરીમા હમો વચ્ચે જુ વાતચીત થઇ, તે બોલતાં મારી જબાં ઉપડતી નથી, તેથી મારૂં બોલવું તુને સમજ પડતું નથી દાદી." બાનુ બોલી. "કસુર બધો મારો છે. કૉનઝરવેટરીમા હું રૂસતંમ સાથ વાતમા પડી. ઘને વરસે તેને જોતાંજ મને મારી આગલી વાત યાદ આવી. મારી આગલી પ્રીતનો જોશ, મારા દીલમા ભડકી ઉઠીયો. કંઇબી પાપી વીચાર પોતાના દીલમા લાવવાને બદલે, રૂસતંમ મને મારા ધણી તરફ વફાદાર રેહવાની સખત

બલામણ કરવા લાગ્યો. મારી નબલાઇ એકદમ ઉભરી નીકલી. મારા પ્યારની જોશમા હું કંઇ કંઇ બકવા લાગી. મારૂં બોલીયું ચાલીયું, અને મારી તમામ હીલચાલ તાંરા બાપ, કૉનઝરવેટરીની બાહાર છુપાઇ સાંભલતા હતા. મારી બેવફાઇની તમામ વાત, મારે મોહોડે, તેવને પોતાને કાનેકાંન જેવી સાંભલી, તેવાજ તેવન એકદમ કૉનઝરવેટરીમા ધસી આયા. તેવનની આંખમા ખુંન ચહડેલું હતું. તેવનના ડોરા ગુસ્સાથી ફાટી જતા હતા. તુરતજ તેવને ટેબલ ઉપર પડેલી છરી ઉંચકી, અને એક હરફ્બી બોલીયા વગર મારી છાતીમા તે છરી તેવને ભોંકી દીધી."

"ઓ! બીજું ખુંન!" દાદી બુમ પાડી ચમક્યો, પણ તુરતજ ધીમે આવાજે, ઇંનતેજારીથી પુછવા લાગ્યો. "પણ—પણ—પછી શું?"

"જખમ થતાંજ, હું ચીસ પાડી, જમીન ઉપર પડી." બાંનુ બોલી.

"પણ એ તો વરી નવી ગુચવણ લાગેછ?" દાદી બોલ્યો. "ખુંન જો મારા બાપે કીધું, તો પછી રૂસ્તંમ જાબુલી—

"જરા સબર દાદી. રૂસ્તંમની વાત સાંભલી લે." બાંનુએ જવાબ દીધો. "કાઇબી જોખમે મારી ઇજ્જતને લાગનો ડાઘ રૂસ્તંમ અટકાવવા માંગતો હતો. એક વખત તેને મને ચાહી હતી, વાસ્તે મને જગતની નજરમા તે હલકી પડવા દીએ, તેમ નહી હતું. જેવી તારા બાપે મને છરી મારી, તેવોજ રૂસ્તમે તેનો હાથ પકડી, કેહ્યું કે:—

"**નંખ્ખોદ! તેં આએ શું કીધું! તારી બઇરી બીલકુલ નીરદોસ છે! નાહાસ એકદમ નાહાસ! એની આબરૂ બચાવવા તારાં ખુનનો હું જવાબદાર થવસ.**" તેજ વખતે તારા બાપ જીવ લેઇ કૉનઝરવેટરીમાંથી નાહાસી ગીયા, અને રૂસ્તંમે મારી છાતીમા ખુંચી બેઠેલી છરી ખેચી કાહાડી. રૂસ્તંમ મારી છાતીમા ભોકાયલી છરી ખેચી કાહાડી, જેવો કૉનઝરવેટરીમાથી બાહાર નીકલતો હતો—તેવોજ તે લોકોના હાથમા પકડાઇ ગીયો."

"આહા! હવે આએ ભેદના ભરમની વાત સમજ પડી." દાદી બોલ્યો. "કેવો ભલો, કેવો ઉદાર દીલનો મારો દોસ્ત! મારો ખરો ખેરખાહ!

અગરજો મારો બાપ ખુની તરીકે પકડાતે, અને પોતાના બચાવમા કૉનઝરવેટરીમા તેણે જે કાંઇ નજરે જોયું, અને કાંને સાંભલીયું, તે જો તે જાહેર કરતે, તો બેશક બાંનુ માય, તમારી ઇજતને મોહડુ નુકસાન થતે. રૂસ્તમે ફકત તમારી ઇજત બચાવવા સારૂં, જે ખુંન મારા બાપે કીધું, તે ખુંન તેને પોતાને માથે લીધું. પણ રૂસ્તંમ સાથની તમારી આગલી મીત્રાચારીની વાત માંરા બાપને ખબર છે કે?"

"નહી. તે વાત એવનને બીલકુલ ખબર નથી." બાંનુએ જવાબ દીધો "કેમકે જે રાતે મારૂં ખુંન થયું," તેજ રાતે તુને તારા બાપે પેલા સોલીભાઇ સોલીસીટરને તેડવા મોકલીયો, અને તારી પુઠેજ એવન રૂસ્તંમને છુપી રીતે મલવા પુલીસ સ્ટેશન ઉપર ગીયા. રૂસ્તંમે તે રાતે ચોક્ખો ઉપર તારા બાપ પાસ એવો ખોટો એકરાર કીધો, કે :—"

"બેહરાંમશાહ શેઠ, તમારી બઇરી બીલકુલ નીરદોશ છે. તેનો જરાબી વાંક નથી. તેને સતાવનાર હું છેઉ. આજ સુધીમા મે અનેક વાર તમારી બઇરીને સતાવી હતી, અને તે નેકબખત ઓરતે મને અનેક વાર ધીક્કારી કાહાડીયો હતો. મને મારાં પાપની સજા થવીજ જોઇએ. વાસ્તે હું પોતે એ ખુંનનો અપરાધ મારે માથે લેઉછ. તમો બાંનુબઇને જરાબી ઠપકો આપતા ના. હુ મારો બચાવ પુલીસ કોરટમાં તેમજ સેશંનમા બીલકુલ કરનાર નથી."

"એ બધી વાત તમે કેમ જાણી?"

"એ બધી વીગત, મારા હુંશીઆર થયા પછી, મને તારા બાપે કેહી." બાંનુએ જવાબ દીધો. "જે કંઇ બનાવ કૉનઝરવેટરીમા બનેલો મારી નજરે પડયો હતો, તેની અસર મારા મગજ ઉપર એવી તો પડી રેહી હતી, કે તેથી મારી બોલવાની શકતી બીલકુલ બંધ પડી ગઇ હતી. તારા બાપ રાત દીવસ એવી ફીકર કરતા હતા, કે રખે હું ખુંનની ખરી હકીકત સુધીમા આવતાં, યા ઉંઘમા, બોલી દેઉ, અને તે કોઇ સાંભલે. એટલાં વાસ્તે તારા બાપે મારી કંમપેનીયન મીસ બાલફુરને પોતાના

વીસ્વાસમા લેઇ કહ્યું, કે જેવી હું બોલતી થાઉં, કે તેવીજ તેવનને એકદમ તેણીએ ખબર આપવી. અને તેજ પરમાણે જેવી હું બોલતી થઇ, તેવીજ મીસ બાર્લક્રર તારા બાપને જઇ બોલાવી લાવી. તેવને આવી મને સધીઆરો આપીયો, કેમકે રૂસ્તંમ સાથ મારાં ખુંનના બાબિમા તેવનને થએલી ગોઠવણુની મને જરાબી ખબર નહી હોવાથી, રખે હું ખરી વાત કોઇ પાસ જાહેર કરૂં, તેથી તેવન ડરતા હતા. તેવને આવતાં વાર મને નરમાસથી ધીમે અવાજે કેહ્યું:-

"બાનુ, તારી બેવકુફી હું તુને માફ કરૂંછ. રૂસ્તંમે સોગંદ ઉપર મને કહ્યુંછે, કે તું તમામ નીરદોશ છે. અને તે હું માનુંછ. મારી ખાતરી થઇછ, કે તું તમામ પાક, તમામ નેક અને તમામ નીરદોશ છે, પણ હું તુંને તારી કસુર જે માફ કરૂંછ, તે એવી સરતે, કે પેલા ખુની રૂસ્તંમના બાબમા, તારે કંઇબી બોલવું નહી. મારાં સુખનો નાશ કરવાનું અને મારૂં ઘર ભાંગવાનુ જે કાંમ તેણે કીધુંછ, તેની સજા તેને થવીજ જોઇએ. એટલાં વાસ્તે જે બનાવ કૉનઝરવેટરીમા બનીયો; તે વીશે તારે એક હરફબી આજ પછી બોલવો નંહી. ગલે ગાંઠ અને મોહોડે ડુચો. હું કાંઇ બોલી શકી નહી. મારી ઇજતને ખાતર આજ સુધી રૂસ્તંમ કેદખાંનામાં સબડતો પડયોછ."

"પણ ગુલીસ્તાંન તેની દીકરી થાય, એમ તે જાણેછ કે નહી?" દાદીએ પુછયું.

"નહી. બીલકુલ નંહી." બાનુએ જવાબ દીધો. "કેમ કે ચંમાનગરમા ગુલીસ્તાંનનો જનમ થયા પછી, મારા બાપે રૂસ્તંમને સીંગાપોર એવી ખબર આપી, કે તે બાલક જનમતાંજ મરણ પામીયું હતું."

"છત્તાં, ગુલીસ્તાંનનું દીલ કોઇ ગેબી બશારતથી તેના બાપની મુલાકાતે તુરંગમા તેણીને ધસડી ગીયું હતું." દાદી બોલ્યો. "રૂસ્તમને તે તુરંગમાં મલવા ગેઇ હતી, અને તાંહાંથી પાછી ફરતાં તે મને રસ્તા ઉપર મલી હતી." પણ એક વાતનો હવે ખુલાસો થવો જોઇએછ. ગુલીસ્તાંનના

ગુજરાન સારૂં તમારા બાપે એક ચોકસ નાંનાંની રકમ કોઇ વકીલના હાથમા આપી હતી, એમ તમો હમણા બોલીયાં."

"હા." બાનુએ જવાબ દીધો. "મારાં બાલકના પાલનપોશન સારૂ મારા બાપે તેવી ગોઠવણ કીધી હતી. તે છત્તાં એક દાહાડે મારી દીકરી, ચીંઠડે હાલં ચંપાબાગમા મારી સાંમેજ આવી ઉભી, અને તેની તેવી હાલત જોઇ મારી છાતી ફાટી ગેઇ. મારી આંખમા પાણી આવી ગીયાં, અને તેજ વખતે તેની સાંમેથી હું ઉઠી ગેઇ."

"ચીંઠડે હાલ! કાંય નહી તે ચીંઠડે હાલ ફરે! કાંએ નહી તે ભુખામરો અને ગરીબીમા સબડે!" દાદી દાંત કચકચાવી બોલ્યો. "તેના પાલન પોશનના નાંનાં એક ચંડાલ બદમાસ જાહારે ખાઇ જાએ, તાહારે તે બીચારી કાંએ નહી ભુખે મરે! વીસ હજાર રૂપીઆ તમારા બાપે, એ છોકરીના ગુજરાંન સારૂં એક વકીલને, તેનો ટ્રસ્ટી બનાવી, તેના હાથમા આપીયા હતા. પણ ગુલીસ્તાંનને પાલનાર, પેલી સીકનદરની સુના મરી ગીયા પછી, તે બદમાસ તે આખીને આખી રકમ હજંમ કરી ગીયોછ. જાંહાં સુધી સુના સીકનદર જીવતી હતી, તાંહાં સુધી દર'તન તન મહીને, વ્યાજની રકમ તે તેને પુગારતો હતો, પણ તેના મરી ગીયાં પછી, તેને ગુલીસ્તાંનને આજ સુધી એક'દોકડોબી પરખાવીયો નથી."

"અરેરે મારી દીકરી ઉપર આએ કેવો જુલમ!" બાનુ રડી પડી. "આએ કેવી આફત! અરે દીકરી, તું કોણનું ફરઝંદ અને આજે તું કેવી હાલતમા? પણ દાદી એ વકીલને તું ઓલખેછ?"

"ઓલખેછ કરી પુછોછ?" દાદી, પોતાના ખીસાંમાથી એક કાગજ કાહાડી, તે દેખાડી બોલીયો. "તેનો આએ પુરાવો, મારા હાથમા છે. આંએ કાગજ સુના સીકનદરની સહીનુ——

"પણ પેલો વકીલ! તે કોણ?"

"કોણ," "સોલીભઇ! પેલો બદમાસ સોલી——

પ્રકરણ ૩૮ મું.

પચીસ હુંજારે પતાવટ !

"પેલો સોલીભઇ સોલીસીટર !" દાદી બોલ્યો. "તમારી બાપે દીવો લેઇને એ ચોટે ખુશાલ સાહુકારને કાંહાંથી સોધી કાહાડીયો ? કોઇ બીજો વકીલ ગાંમમાં મુવો જીવતો મલીયો નહી કે શું ?"

"હું એ બાબદ કંઇ જાણુતી નથી." બાંનુએ જવાબ દીધો. "મને તો મારાં ગાંય બાપે ખાતરી આપી હતી, કે મારાં બચ્ચાંના ગુજરાંન સારૂં તેઓ જાહુકનો બંદોબસ્ત કરશે. પણ એ મુવો——

"એ મુવો મારા હાથમા બરાબર પકડાયોછે ! હવે એ છુટવો મુશકેલ છે." દાદીએ ખુલાસો કીધો. "જાંહાં સુધી સીકનદરની સુતાને નાંમે જણાયલી ગુલીસ્તાંનને પાલણુનાર પેલી પારસી વીધવા જીવતી હતી, તાંહાં સુધી દર ત્રણ ત્રણ મહીને તે ત્રસ્ટનુ બ્યાંજ, તેને આપતો ગીયો. પણ એક દાહાડે તે અચાનક અચમુચી મરી ગેઇ, અને તે દાહાડથી , તે આજ સુધી એ નખ્ખોદ ગીયાએ એક ખોટું દોહોયુંબી ગુલીસ્તાંનને પરખાવીયું નથી. પણ આંતે તેનુ પાપ ફુટુંછ. મારા પંજામા હવે તે બરોબર સપાડાઇ ગીયોછ ! હું એને જો જતો મુકું, તો હું મારા બાપનો દીકરો નહી !"

દેલાવરની બાંનુ આ નવી આફતની ખબર સાંભલી ઘણીજ દુખી થઇ. પણ લાચાર. તે એખલી શું કરી શકે ? દાદીની મદદ વીના તે આવા કટોકટ મામલામા એક કદમ પણ આંગલ ધરી શકતી નહી હતી.

પણ તે એખલીજ દુખી નહી હતી. દાદીના દુખ કરતા તેનુ દુખ ગમે એટલું બારી હતું, પણ જયારે દાદીના દુખનો તે વીચાર કરતી હતી, ત્યારે તે પોતાનુ દુખ બીલકુલ ભુલી જતી હતી.

એ પછી દાદીએ પોતાના દુખ અને સંતાપની તમામ હકીકત, પોતાની મતરાઇ આગલ લંબાનથી કહી. કેવી રીતે ગુલીસ્તાંના સાથ તેનો પેહલો મીલાપ થયો, અને કેવી રીતે તેણીને જોતાંજ, તે તેના પ્યારમા

સડયો, અને તેણીને પોતાની મોહોરદાર બનાવવાનો પોતે વીચાર કરી, તેની સાથ પરણીને સુખી થવા તેણે કેવી કેવી ઉમેદો બાંધી, તે સરવે હકીકત, દાદીએ બાંનુને વીગતવાર જણાવી દીધી.

એ પછી ગુલીસ્તાંનના ગુંમ થવાની બાબદ ઉપર આવતાં, દાદીએ બાંનુની ખાતરી કીધી, કે ગુલીસ્તાંનું ઘર શોધી કાહાડવાની, અને તેણીનો પત્તો મેલવવા સારૂં તેણે કીધેલી તમામ કોશેસ જ્યારે નીશફલ નીવડી, ત્યારેજ તે તેણીને મલવાની આશા મુકી, પોતાની જીંદગીથી હાથ ધોઇ બેઠો હતો.

એ પછી દાદી પોતાના બાપ બેહરાંમશાહની વાત ઉપર આવ્યો. મીસ ઍતેર (સ્ટેલા) ઉરફે મીસીસ રૂપસીંહ સાથ, પોતાના બાપને શું શું વાતચીત થઇ, અને તે તેણે કેમ સાંભલી, અને ગુલીસ્તાંન સાથે તેણે કરવા ધારેલાં લગન અટકાવવા સારૂં તેના બાપે કેવું ભયંકાર કાવતરૂં મીસ બાલફુર સાથ મલી જઇ રચ્યું, તથા મીસ બાલફુરનુ ખુંન પાછલથી કેવા ભેદભરીયા સંજોગો વચ્ચે થવા પામ્યું, તેની તમાંમ વીગત, દાદીએ બાંનુને ખુલ્લી કરી સંમજાવી. એ પછી મીસીસ રૂપસીંહ શા કારણસર બેહરાંમશાહ પાસ આવી હતી, અને રૂપસીંહે તેણીને શા માટે તેવન પાસ મોકલાવી હતી, તેનો દાદીએ ખુલાસો કીધા પછી, સોલીભઇ સોલીસીટર અને બેહરાંમશાહ વચ્ચે થએલાં પેલાં લખતની બાબદ, જે દાદીએ લાઇબ્રેરીની પડોસમા આવેલા અંધારા ઓરડામાં છુપાઇને સાંભલી હતી, તે બાંનુને વીગતવાર સમજાવી, સોલીભઇ સોલીસીટરની ફીતુર અને ફરેબભરી વરતણુક ઉપર અફસોસ કરવા લાગ્યો.

આ બધી ખાનાખરાબીની ખબરો સાંભલી, દીલાવરની બાંનુના હોસ ઉડી ગયા! પોતાના ખાવીંદની ખુવારીનો દેખાવ કેવો ભયંકર હતો, તે ગોયા તેની નજર સાંમે તેણીને હવે દેખાવા લાગ્યો. કીસમ કીસમની ખુવારીના ખ્યાલોની ખુમારીમાં, બાંનુ બેભાંન બની ચકભમ થઇ ગઇ. ચંપાબાગના સુખી મકાંનની આસે અને પાસે, ઉપર અને નીચે, ચુંબાર ખુવારી ફરી

વસવા લાગી ! ગજબ અને આફતના દારૂગોલાની ગંજાવર ખાણો, એવી તો ચીકાર ભરાઇ ગેઇ હતી, કે સેહજબી શકની ચીંગારી લાગતાંજ, તે સુંદર અને એક વખતનું સુખવાસી મકાન, ફના થઇ જાએ, એવું બની રેહ્યું હતું.

"બાંનુ માય, પેલો રૂપસીંહ એક લોફર રજપુત છે." દાદીએ બાંનુને કહ્યું." એક છાકટા, જુગારી, અને ખુંનીના હાથમા તમારા ધણીનો ભેદ અને ભરમ છે. એ રૂપસીંહે સોલીભાઇને નામની ફૉરજરી કીધીછ. સોલીભઇએ તેને પકડાવીગોછ. પોતાની બઇરી પાસે રૂપસીંહે બેહરાંમશાહને કેહવડાવ્યુંછ, કે વીસ હજારની ફૉરજરી તેણે કીંધીછ, વાસ્તે એ વીસ હજાર રૂપીઆ સોલીભાઇને ભરી દેવા, એકદમ મોકલાવી આપો. જો એ રકમ તુરતને તુરત તમે નહી મોકલશો, તો મીસ બાલાફરના ખુંનનો ભેદ હું જાહેર કરી દેવસ. તે મરશે અને બીજાને મારશે ! હું નહી ધારતો, કે એટલી મોહટી રકમ તમારા વરની પાસથી આજને આજ નીકલે ?"

"વીસ હજાર રૂપીઆ !" બાંનુ રડી પડી બોલી. "મરેરે ! હવે શું થશે ! દાદી આઓ ફજેતી ! આએ રૂસવઇ !"

"મીસીસ રૂપસીંહને મે વીસ હજાર બોલતા સાંભલી'તી !"

"મારી પાસે પચીસ હજારના પચીસ કટકા પડેલા છે." બાંનુએ તુરતજ ઉઠી પોતાની તીજોરીમાંથી હજાર હજારના પચીસ કટકાનું એક બંડલ કાહાડી કહ્યું, "એ બધી રકમ તું લેઇને તે મુવાનો નીકાલ કર."

"ઠીક છે." દાદીએ નોટનુ બંડલ હાથમા લેઇ જવાબ દીધો. "સહવારૂં પડતાંજ, હું કોઇ વકીલની મારફતે, એ રૂપીઆ પેલા સોલીભઇને ભુરપઇ કરાવસ. સોલીને તેના રૂપીઆ જો મલશે, તો તે કેસ આગલ ચલાવશે નહી."

"એનો નીકાલ તો કાલે થઇ જશે. પણ દાદી મારી ગુલીસ્તાંન—તેનું શું ?" બાંનુએ દાદીને કાલાવાલા કરી પુછ્યું.

"આવતી કાલે ફરી એક વખત હું મુજગાંમ પેલાં માકી ડોસાંને ઘેર જવસ." દાદીએ જવાબ દીધો. "ઘણો વખત થયો હું બીલકુલ તીહાં ગીયોજ

નથી. મે માકી ડોસાંને કહ્યું'તું, કે ગુલીસ્તાંનની કઇબી ખબર તમુને જેવી મલે, કે તુરતજ મને જણાવજો."

"તાહારે તો તું મને તારી સાથે કાલે જરૂર લેતો જજે દાદી ?" બાંનુ બોલી. "મારટિંડા સાથ પારકાં બઇરાંઓ ખુલી રીતે વાત કરતાં કદાચ અચકાતાં હોસે, વાસ્તે તું મને જો તારી સાથે લેઇ જશે, તો તે લોક મારી સાથ કંઇ ખુલાસાથી વાત કરશે. હવે પેલા સોલીભઇનું——

"તેનું થઇ રેહશે." દાદી બોલ્યો. "તે ચંડાલને એક નીરદોશ અને નીરાધાર છોકરીને લુટી લેતાં હજી ઘણો વાર થયો નથી, તેટલાં તે એક બીજી નીરદોશ છોકરીને ખુવાર અને ખરાબ કરવા તલપી રેહોછ ? તે મારી બેહન સાથ પરણવા નીકલ્યોછ. પણ કંઇ નહી, હું જોઉછ, કે તે તેની સાથ કેમ પરણેછ !"

"દાદી તું કંઇ હુલડાઇ રખે કરતો ?" બાંનુ દાદીના બોલવાંની ઢપ ઉપરથી ચમકીને બોલી. "મારા બાપ કરૂં, જરા ધીયાંન ઠેકાણે રાખી કાંમ કરજે !"

"બાંનુ માય તમે મારી ફીકર જરાબી ના કરો. હું જીવીયોંબી સરખો, અને મુવોબી સરખો. ફીકર મારી ગુલીસ્તાંનની કરો ! સહવારૂં પડતાં હજી ઘની વાર છે, પણ સહવારૂં પડે, અને તેટલાં જો તમુને ઉંઘ નહી આવે, તો કસતી કરી મારી વાહાલી ગુલીસ્તાંનને સારૂં તનદરોસતી ભણજો ! અને ખુદા તેને સુખી અને ખુશી રાખે, એવી દુવા માગજો."

પ્રકરણ ૩૯ મું.

મોહટાં ઘરનો પોકલ વાંસો!

હંમેશ દુખીઆરાંઓની રાત, દીવસ કરતાં ઘણીજ લાંબી હોય છે.

દીલાવરની બાંનુ, દાદીની ફરમાસ પ્રમાણે, જ્યાં સુધી તે જાગતી રહી ત્યાં સુધી, પોતાની તરછોડાયલી અને તજાએલી દીકરી ગુલીસ્તાંનની તનદરોસતી ભણંવા લાગી. પણ તનદરોસતી તે કયાં સુધી ભણે, અને કેટલી વાર ભણે? રાત સારી એકરારી, બેચેની અને તાંન તોડમાં તે દુખી માતાએ પોતાની વાહાલી દીકરીના સંતાપમા કાહાડી. સહવારૂં પડવાની તે કાગને ડોલે વાર જોતી રહી. પણ જેમ જેમ સહવારૂં પડવાંની તે વાર જોતી, તેમ તેમ તેની એક એક ઘડી, એક એક કલાક જેટલી લાંબી થતી હોય, એમ તેણીને લાગતું હતું.

પણ અંતે તે દુખીઆરી રાતનો છેડો આવ્યો, અને સહવારૂં પડયું.

સહવારૂં પડતાંજ બાંનુ પોતાના ધણીને મલંવા લાઇબ્રેરીવાલાં દીવાંનખાંનામા ગઇ. બેહરાંમશાહ લાઇબ્રેરીમાજ હતા. બાંનુને આવી રીતે સહવારનું પોહોર, એકાએક લાઇબ્રેરીમા આવેલી જોઇ, તેવન વીચારમા પડી, કાંઇ નવી આફતની અટકલ કરવા લાગ્યા.

"કેમ? સહવારૂને પોહોર કેમ આવવું પડ્યું?" બેહરાંમશાહે અજબ થઇ સવાલ કીધો.

"મે ધારીયું, કે તમે કદાચ બાહાર કાંમે જતા રેહશો, તો પછી તમારો મેલાપ થશે નહી, એમ સમજી હું આવી." બાંનુએ જવાબ દીધો. "હું એક અગતના કાંમસર તમારી સાથ વાત કરવા આવીછ બેહરાંમશાહ."

"અગતનુ કાંમ? બાંનુ, આજકાલ બધાંઓજ મારી સાથ અગતનાં કાંમસર વાત કરવા આવેછ." બેહરાંમશાહે કહ્યું. "તારૂં અગતનુ કાંમ શું છે? બોલ, બોલ,—જલદી બોલ વરી શૈં નવું કાંમ નીકલીયુંછ?"

"બેહરાંમશાહ, મને મેહરબાની કરીને કેહવો, કે પેલી ગરીબ ગુલીસ્તાંનનુ શું થયું ? ખુદા ખાતર તમે કંઇબી છુપાવતા ના ! જે હોય તે મને ખરૂંજ કેહી દેજો !"

"ગુલીસ્તાંન ? ગુલીસ્તાંન કોણ ? કેઇ ગુલીસ્તાંન ?" બાંનુનો સવાલ સાંભલતાંજ બેહરાંમશાહ હેબતી ગીયા, પણ પોતાના મંન ઉપર કાબુ રાખી બોલવા લાગ્યા. "બાંનુ તું શું બકેછ ! ગુલીસ્તાંન કેઇ !"

"બેહરાંમશાહ ! બેહરાંમશાહ !" બાંનુ પોતાનો દીલનો જુસ્સો દાબી બોલી." તમે ખુદા ખાતર મારાથી હવે કંઇ ના છુપાવતા ! તમારા દીકરા દાદીબા સાથ મને બધી વાતચીત થઇ ચુકીછ. તેણે મારી આગલ પોતાની બધી વાતનો એકરાર કીધોછ. કેવી રીતે અને કેવા પ્યારથી દાદી તે ગરીબ છોકરી ગુલીસ્તાંનને ચાહાતો હતો, તેની તમામ હકીકત મારી આગલ તેણે કેહીછ. તેણે બધી વાત જાણીછ; ગુલીસ્તાંનની સાથના તેના લગન અટકાવવા તમે શું શું કીધુંછ, તે——

"અલબત તે કુકટી સાંથના તેના લગન થતાં મે અટકાવીયાં." બેહરાંમશાહ ગુસ્સે થઇ બોલ્યા. "તે સારૂં તું શું મારી સાથ મરાવા આવીછ કે ? મારો એકનો એક દીકરો, એક રેંજી પેંજી પારસીની છોકરી સાથ પરણી જાએ, એ શું દીલાવરખાંનના ખાંનદાંનની સોભામા——"

"રેંજી પેંજી ! તમે કેમ જાણીયું કે તે છોકરી રેંજી પેંજી હતી !" ગુલીસ્તાંનને થતું અપમાન બાંનુ સાંખી નહી શકવાથી તે ગુસ્સામા આવી, તેનો બચાવ કરવા બોલી ખરી, પણ તુરતજ તેને એક બીજોજ વીચાર આવ્યાથી, તે નરમ પડી જઇ બોલી. "બેહરાંમશાહ, તમે ઘરાના ઘુમેલાને કંઇ સારૂં સુજ પડતુ હોય, એમ મને લાગતું નથી. દાદી તે છોકરીની જુદાઇમા ઝુરાપો લેઇ બેહોછ. તે ઝુરાપામા ઝુરી તવઇને તાબદાંન થઇ ગીયોછ, તે તમુને દેખાયછ કે નહી ? આવી ભરજુવાંનીમા તેના બાલ સફેદ થઇ ગીયા, તે કંમરમાથી વાંકો વલી ગીયો, અને ખુદા માલુમ હજી તેના હાલ કેવા થશે ! બોલો, બોલો, ખુદા ખાતર બોલો, તે છોકરી કાંહાં છે ! તેનું શું થયું ?"

"તે પોરીનુ શું થયું, તેની મને કંઇ ખબર નથી." બેહરામશાહે જવાબ દીધો. "મને તો તે છોકરી સાથ વાતબી નથી થઇ."

"તાહારે તમે કોઇ પારસે તેનું કાટલું કહડાવવાની તજવીજ કીધી કે શું!" બાંનુ હવે ઉસકેરાઇને બોલી. "દાદી તે છોકરી સાથ પરણી જાએ, તે અગાઉ તમે તે છોકરીનો રસ્તો કરાવી નાખીઓ કે શું?"

"હા. મેં તે લગન અટકાવીયાં. પણ તુંને એટલી બધી તકરાર કરવાનું કારણ?" બેહરામશાહે પુછ્યું.

"જરા સબર કરો!" બાંનુ બોલી. "એ કાંમ તમે મારી પેલી કંમપેનીયન મીસ બાલફુરને સોંપીયું તું નહી?"

"મીસ બાલફુર!" બેહરામશાહના હોસ, એ નાંમ સાંભલતાંજ ઉડી ગીયા, પણ હીંમત રાખી બોલ્યા. "તેનુ શું? તે તો મરીબી ગેઇ—"

"નખોદ! બેહરામશાહ, તમારે માથે સહેતાંન ભમી રેહ્યોછ!" બાંનુ રડમસ થઇ બોલી. "ગુલીસ્તાંનને દાદીથી છુટી પાડવા, અને દાદીની સાથુના તેના લગન અટકાવવા, તમે પેલી મીસ બાલફુર સાથ મલી જઇ એક કાવતરૂં ઉભું કીધુ, અને તેટલાંથી નહી ધરાતાં, તમે તે મડમનુંબી અંતે કાટલું કહડાવીયું! અને તેબી પેલાં સુવા રજપુત રૂપસીંહ પાસે——

"ઓ! મુવો છુટો! ખુદાનો માર પડવાનો વખત થયો! આવી બનીયું!" બહેરામશાહ આએ સખુનો સાંભલી ગાફેલ બની ખુરસી ઉપર ફસડાઇ પડયા.

"ધીરા થાઓ! ગભરાઓ ના!" બાંનુ બોલી. "હું તમુને બચાવવા આવીછ."

"બોલ, બોલ, બાંનુ, એ બધી વાત તેં કેમ જાણી?" તે કંમનસીબ પારસી હવે કાલાવાલા કરી પુછવા લાગ્યો.

"હું તમારી દુશમન નથી." બાંનુએ જવાબ દીધો. "હું તમારા દુખમાં અને સુખમાં ભાગ લેનારી, તમારા હાથની ધરતી છેઉં, મારો વાંક

ગમે એવો નહી માફ થાય તેવોભી હોય, પણ ખુદાને હાજર નાજર જાણી, તેના કસંમ ઉપર હું તમુને જણાઉંછ, કે તમારી સાથ પરણી, એક પરણેતર તરીકેની મારી તમામે તમામ ફરજ, મે પુરેપુરી બજાવીછ. તમારા કેહવાની, કે પુંછવાની મેં વાર જોઇ નથી. પેલા રજપુતે જેની ફારજરી કીધીછ, તેના પુરેપુરા રૂપીયા ભરપાઇ કરવા સહવારનો હું દાદીને મોકલાવી ચુકીછ, સમજીયા. હજુભી તમુને કેહુંછ, કે પેલી ગુલીસ્તાંનનુ તમે શું કીધુંછ, તે મને કેહી દેઓ ?"

"બાંનુ, હું બધું ખરેખર કેહી દેઉછ." હવે બેહરાંમશાહે પોતાના તમામ ભેદને જાહેર થએલો જોઇ, બોલવા માંડયું. "તારી કંમપેનીયંન મરે ! આએ બધી મોહોકાંણ, તે રાંડ કંમજાતથી થઇછ. ચંપાબાગમા આફત, સીતમ, અને માહેતમ, તે ચંડાલથીજ આવેલાં છે. ગુલીસ્તાંનને, દાદીની સાથ તે રાંડે કેથે જોઇ હોસે, તે ઉપરથી તેને ખબર કાહાડી મને જણાવીયું, કે દાદી તે છોકરીના પ્યારમા પડેલો છે, અને તેની સાથે તે પરણવા નીકલીયોછ. તે બેઉ જંનને એક બીજાંથી છુટાં પાડવાની તે કસકુનમે મને હીકમત કેહી, અને મેં તે કબુલ કીધી. દાદીને ગુલીસ્તાંનથી છુટો પાડવાનુ કાંમ તેને પોતે રાજી ખુશીથી પોતાને માંથે લીધું. તેને એક મોહટું કાવતરૂં રચીયું. તે ગુલીસ્તાંનને ઘેર પોહોચી ગેઇ. તેની દયા ખાઇ તે તેના પેટમા ભરઇ ગેઇ. ગુલીસ્તાંને તેની ઉપર વીસ્વાસ મુકીયો. તે ફીતુરી મડમે ગુલીસ્તાંન આગલ એક ફીતુર કીધું. ગુલીસ્તાંનને તેણીએ એવું સમજાવીયું, કે તેની બેહનને એક જવાંન પારસીએ પરણવાની કબુલાત આપી, ફુસલાવીને ફસાવી, અને પાછલથી તે કોઇ બીજી બઇરી સાથ પરણી ગીયો. મારી સાથ આગમજથી ગોઠવણ કીધા પ્રમાણે, હું, દાદી અને એમીલી તેજ દાહાડે સાંજે, ગાડીમા ફરવા નીકલીયાં, અને તેજ વખતે, તે કસકુનમ, પેલી પારસીની છોકરીને હમારી ગાડી જે રસ્તેથી પસાર થવાની હતી, તે રસ્તા ઉપર લેઇને ફરતી હતી. હમારી ગાડીને આવતી જોઇ, તે કરવુકની ભરેલી ઓરતે

એક ચીસ પાડી, પોતાની બેહનને ફુસાવનાર પારસી તરીકે દાદીને ઓલખાવીગો, અને તેની બધરી તરીકે ઍમીલીને જણાવી.

"અને તેં નીરદોશ છોકરીને એવું સમજાવીયું, કે દાદી પરણેલો છે." બાંનુએ દાંત પીસી પોતાનો ગુસ્સાને દબાવી પુછયું.

"પરીણામ એ આયું, કે શરમ અને બેઆબરૂતની મારી, અને પોતાના દીલની તમામ ઉમેદોનો ભંગ થાયલો સમજી તે છોકરી નાસીપાસ થઇ ગઇ, અને જે ઘરમા તે રેહતી હતી, તે ઘેર એકદમ તેજ દાહાડે ખાલી કરી, કોણુ જાંણે કાંહાં જઇ રહી. એ રીતે દાદીના લગન ગુલીસ્તાંન સાથ થતાં અટકીયાં."

"પણ મારી હાલત પેણુામાથી નીકલી ચુહલામાં પડવા જેવી થઇ. દાદીના ગુલીસ્તાંન સાથે થતાં લગન અટકાવવાની સજા, મને ભારી અને ભયંકર થઇ પડી. કેમકે ગુલીસ્તાંનનાં લગન અટકાવવાનુ ઇનામ, મીસ બાલફુર મારી પાસે એવું તો માંગવા લાગી, કે તે ઇનામ હું તેને આપી શકીયો નહીં."

"તેને શું ઇનામ માંગ્યું ?" બાંનુએ પુછયું.

"તેને દાદી સાથે પરણવા માગ્યું." બેહરાંમશાહ બોલ્યા. "દાદીની અંદર તેનો ડોલો પેહલેથીજ ભરાયલો હતો. દાદીમાંજ નહી, પણ દાદીના બાપની મોહટી દોલતમાબી તેની નજર ખોબાઇ હતી. તારી કંમપેનીયંન તરીકે આએ મકાંનમા રેહી, તેને પાતાલ પાંણી ચલાવી, મોરી કોરડી રાખી હતી. તે ગુજરાતી વાંચતા અને લખતાં શીખી હતી. તેને ઝંદ અવસ્તાના કલાંમો મોહડે કીધા હતા. તે કસ્તી કરતાં શીખી હતી. એટલુંજ નહી, પણ પારસી સાડી અને કપડાંબી પેહરવાની પ્રેકટીસ તેને કીધી હતી. તેને સાફ કેહ્યું, કે જોઇએ તો મને તમારા જરથોસ્તી ધરમમા લઇ, મને સદરો કસ્તી પેહરાવો. હું દાદીને મારા જીગરથી ચાહુંછ, અને હું તેની સાથ પરણી તેનો ભવ સુખી કરસ. તે એકની બે થઇ નહી. હું જાહારે બજીદ થયો, તાહારે તે ડોલા ફેરવી ધમકી આપવા લાગી. તેને કેહ્યું કે "જો તમે દાદીને

મારી સાથ પરણુવા નહી સમજાવસો, તો હું સઘળો ભેદ ફોડી દેવસ; એટલુંજ નહીં, પણ કૉનઝરવેટરીમા બાંનુનું ખુંન કોણે કીધું હતું, તે ભેદ હું જાહેર કરી દેવસ, કેમકે તે વાતનો સઘલો ભેદ મેં જાણેલો છે, અને મેં બાંનુને ઉંઘમાં બબડતી સાંભલી હતી."

"તમારાં કીધાં તમનેજ ભારી પડયાં." બાંનુ બોલી. "મારી બીમારીમા મારી ઉપર જાસુસ રાખવાની મતલબથી તમે તેને લાલચ આપવા કેહી, તાહારે એમ થયું કેની!"

"મારા તો ટાંકાજ ઢીલા થઇ ગીયા." બેહરાંમશાહે આગલ ચલાવ્યું. "હું લાચાર થયો. સુલી વચ્ચે સોપારી જેવી મારી હાલત થઇ પડી. ઘણીબી મે તેને સમજાવી, પણ તે સમજીજ નહી. જાહારે તે નહીંજ સમજી, તાહારે——— તાહાંરે મને સેહતાંન સુઝ પડીયો. સેહતાંનનું નાંમ લેતાંજ, સેહતાંને મારી પાસે પોતાનો 'એજંટ' મોકલી આપીયો. રૂપસીંહ સાથ મારી મુલાકાત થઇ, અને——અને તારી કંમપેનીયંનને સદાની નાબુદ કરવાનું કાંમ, મેં તેને સોંપીયું. બાંનુ, તારી કંમપેનીયંત મીસ બાલફરનું ખુંન, રૂપસીંહે, વાદરે, લેડી જમશેદજીના પુલ ઉપર કીધું. મેં તેને ભમાવીને તે તરફ મોકલી, અને રૂપસીંહે તેનું કાંમ તમામ કીધું. હમારી ઉપર કોઇબી રીતનો શક આવે નહી, એટલાં વાસ્તે હું અને દાદી બંને જન મારબલ હૉલવાલી ડીનર પારટીમા તે દાહાડે મોડી રાત સુધી રોકાઇ રેલાં હતા."

"પણ આફ્ત તો જેની તેજ રેહી." બાંનુ બોલી. "મીસ બાલફર મરી ગઇ, અને રૂપસીંહ જમની કાંની સાંમે આવી ઉભો, તે જોયો કેની?"

"તે જંમનોજ 'એજંટ' હતો, એટલે જંમની કાંની આવી ઉભો રેહવોજ જોઇએ!" બેહરાંમશાહે નીરાસીનો દંમ ભરી કહ્યું.

"ખુદાની લાકડીને અવાજ નથી." બાંનુ બોલી. "હવે જો રૂપસીંહનુ મોહાડું નહી દબાયું તો———"

"ઓ! બાપ, મને હવે તેરી લે!" બેહરાંમશાહ દીલાદચ થઇ કપાળ કુટી બોલ્યા. "અરે હું કંમબખતીના ઘેરાએલાને કંઇ સારૂં સુજ પડયુંજ નહી."

બેહરાંમશાહ, હવે હીંમત પકરો." બાંનુએ કહ્યું, "હજીબી સઉ સારૂં થશે. મારા કેહ્યા પરમાણે જો કરો તો—

"તું જેબી કેહ તે કરવા હું તઇયાર છેઉ." બેહરાંમશાહ એકદમ બોલી ઉઠયા. "બોલ—બોલ, તું શું કેહછ બાંનુ?"

"ગુલીસતાંન જો હજી જીવતી હોય, તો દાદી સાથે તેના લગન કરવાની મને તમે કબુલાત આપો." બાંનુએ કહ્યું. "પણ અરે તે જીવતી હોસે કે?"

"મારે કબુલ છે. મોહટી ખુસીથી તે છોકરી સાથ હું દાદીના લગન કરવા કબુલ થાઉછ." બેહરાંમશાહે કબુલાત આપી." બોલ બીજું શું—"

"બસ એટલુંજ." બાંનુ એક ઊંડો દમ ભરી, બોલી. "તમારો દીકરો દાદીબા સહવારનો રૂપસીંહની ફૅરજરીનો નીકાલ કરવા રૂપીઆ લેઇને ગીયોછ. તે હવે આવતો હોસે. હું જાઉંછ. દાદી આવસે તેવોજ હું તમારી આગળ તેને મોકલી આપસ. હાલ તુરત તમારે જરાબી ફીકર કરવી નહી."

પ્રકરણ ૪૦ મું.

કરમ કાલાં, તેના રૂપ ઉજલાં કયાંથી હોય ?

"દાદીઆ, ? તું આગો કે દીકરા ! એટલો જલદી ? કેમ શું કીધું ?"

બાંનુ, બેહરાંમશાહની આગલથી નીકલી જેવી પોતાના દીવાંનખાંનામા જતી'હતી, તેવોજ દાદીને સાંમેથી આવતો જોઇ બોલી.

"પણ તમે હીંયાં કેમ માય ?" દાદીએ બાંનુને ચાલમાથી પસાર થતાં જોઇ પુછ્યું: "તમે કાંહાં ગીવાં'તાં ?"

"હું તારા બાપને મલવા ગેઇ'તી દાદી." બાંનુએ જવાબ દીધો. "તું મારી સાથ ચાલ, મને તારી સાથ કંઇ વાત કરવીછ દાદી."

બાંનુ દાદીને પોતાની સાથે પોતાના રૂમમા લેઇ ગઇ, અને ત્યાં, બેહરાંમશાહે ગુલીસ્તાંનના બાબમા કરેલો તમાંમ ખુલાસો, તેણીએ દાદીને કહી સંભલાવ્યો. મીસ બાલફ્રર કેવી રીતે ગુલીસ્તાંનને ઘેર ગઇ, અને ગુલીસ્તાંન સાથ દોસ્તી પાડી, દાદીથી તેણીને છુટી પાડવા કેવાં કેવાં કાવતરાં તેણીએ રચીયાં, તથા કેવી રીતે ગુલીસ્તાંન પોતાનું ઘેર ખાલી કરી ગેઇ, અને બેહરાંમશાહે મીસ બાલફ્રરનું ખુંન શા સારૂં કરાવ્યું, રૂપસીંહ સાથે તેવનને કેમ ગાંઠ પડી, તે સઘલી હકીકત જેવી રીતે બાંનુએ બેહરાંમશાહને મોંહડેથી સાંભલી હતી, તેવીજ રીતે બોલે બોલ તેણીએ દાદીને જણાવી સેવટે, ગુલીસ્તાંન સાથના દાદીના લગનની કબુલાત બેહરાંમશાહ પાસથી બાંનુએ કેવી રીતે મેલવી હતી, તે સઘલી બીના તેણીએ દાદીની આગલ જાહેર કીધી.

આ સઘલી ખબર સાંભલ્યા પછી દાદીની ખુશાલીનો પાર રહ્યો નહી. પણ અફસોસ ! તે ખુશાલી કેટલી તકલીદી હતી. બાંનુ સાથ દાદી વાતચીતમાં રોકાયલો હતો, તેટલાં બાંનુની નવી કંમપેનીયંન નાજુએ આવી દાદીના હાથમા એક કાગજ આપ્યું.

"એ કોણ લાયું ?" દાદીએ તે કાગજ જોતાંજ ચમકીને પુછયું.

"મી. બેજંનજી બંમબંમે બામદાદની ઑફીસમાથી એવું કહીને મોકલાવ્યુંછ, કે એ કાગજ ચંપાબાગમા આપી આવવું." નાજુએ જવાબ દીધો.

તે કાગજ ચોરાયલું ચંપાવલું અને ડાઘ ડુબવાલું હતું. તે ઉપરના દસકત કોઇ બઇરાંને હાથના ચકરડાં ભમરડા જેવા લાગતા હતા, અને તે ઉપર સરનામુ નીચે પ્રમાણે હતું.

ઘણુજ તાકીદનુ.

ભાઇજી

જમશેદ અથવા દાદી.

કોટમા બામદાદ નુંસના છાપાખાનામા પોંહોચે.

દાદી તુરતજ પરબીડું ફોડી તેમાથી કાગજ કાહાડી વાંચવા લાગ્યો. વાંચતાંજ તેના ચેહરા ઉપર તરેહવાર ફેરફારના ચમકારા થતા બાંનુએ જોયા. પણ બાંનુ તેને કંઇબી પુછે, તેટલાં દાદી બોલી ઉઠયોઃ—

"મલી ! અંતે મલી ! મારી ગુલીસ્તાંન મલી ! પણ અરે ! તે તો મરવા પડીછ !"

દાદી, પાસે પડેલી ખુરસી ઉપર ફસડાઇ પડી છાતી અને કપાલ કુટી રડી પડયો, અને બાંનુ તેના હાથ માહેલું કાગજ લઇને વાંચવા લાગી.

મજગામ. મુંબઇ.

ભાઇજી જમશેદ અથવા દાદી.

લખવા કારણ એ જે ગુલીસ્તાંન ઘની બેહાલ છે. ડાકટર આયો'તો, તે ના કેહી ગીયોચ. ઘરીપલ છે. ભાઇજી, ગુલીસ્તાંન, તમુને મલવા માગેચ. તુમારૂં ઠેકાણું બરોબર મંને ખબર નહી

યન તમે કેહી ગેયલા, કે કોટમા બામદાદના છાપાખાનામા મોકલવું, તેથી તાંહું આએ કાગજ મોકલીચુંચ. તસદીર માફ કરજો, ને વાંચતાને વાર નીકરી પરજો.

લા૦ માકીબઈ ભીખાજી ભાભરભુંજા.

"અરેરે મારી દીકરી—અંતે તારાં મોતના આએ સમાચાર મારા હાથમા આવી પડયા!" બાંનુ પોતાની છાતી કુટી રડી પડી.

"ગુલીરતાંન ખરેછ! મારા ખુદા! મારી ઉપર આએ કેવો જુલમ!" દાદી રડી પડયો.

"નહી નહી, હું તેને એમ મરવા દેવસ નહી! બાંનુ એકદમ ઉઠીને બોલી." દાદી ઉઠ! ગાડી જોડાવ! મને જલદી મારી દીકરી પાસ હમણાં ને હમણા લેઇ જા! મારી દીકરીને હુ મારી નજરે જોઉં! મારી દીકરીને હું મારી છાતીએ દાબું! ઉઠ, દાદી, જલદી ઉઠ. જો તે મરી જશે, તો મને મલવાનો ઓરતો રેહી જશે."

દાદી તુરતજ ઉઠી ઉભો થયો, અને બાંનુ પણ સાડી પેહેરી તઇયાર થઇ. એક વખતની આ લક્ષાપતી ધણીની ધણીઆણી પોતાનો ટેક અને મોભો ભુલી જઇ, મજગામ મધે એક મીસકીન મકાનમા, પોતાની તરછોડાયલી અને તજાએલી દીકરીને મરતી વખતે મલવા, જેવી તે દાદી સાથ પોતાના ઓરડામાથી બાહાર નીકલતી હતી, તેટલાંમા નાજુએ એક બીજું કાગજ લાવી દાદીને આપ્યું. દાદીએ તુરતજ તે ઉગેડી વાંચવા માડયું.

મારા મેહેરબાંન દોસ્ત દાદીબા,

ગેઇ કાલે તુરંગમાથી મારો છુટકો થયો છે. હું મુંબઈ સહાનો છોડી જાઉછું. પણ તે આગમજ તુને એક વખત છેલ્લી વાર મલવા, મારો જીવ ભરાઇ રેહોછે. આએ કાગજ સાથ મારૂં

હાલનું ઠેકાનું બીડેલું છે. આજે રાતની કલકત્તા મેલમા હું કલકત્તે ઉપડી જવસ, અંને ત્યાંથી હું સીંગાપોર નીકલી જવસ.

લી૦ તારો સદાનો શુભઇચ્છક.

રૂસ્તમ જાલ જાબુલી.

"રૂસ્તંમનો છુટકો થયો!" દાદી બાંનુના હાથમા રૂસ્તંમનુ કાગજ આપી બોલ્યો. "કેવું સાંટક! કેવો અજબ સંજોગ!"

"અરેરે ખુદા! આએ કેવો ગજબ!" બાંનું ડચકાં ખાતી બોલી. "શું દીકરીને મરતી વખતે મલવા બાપનો છુટકો થયો? શું દીકરીને મોહોડે પરવા, બાપ સુરંગમાથી છુટો!"

"માય! હીંમત રાખો!" દાદીએ બાંનુને સમજાવી. "ગુલીરતાંન સારી થશે! ખુદા તેનાં દુખ દફે કરશે! તમે જલદી ચાસો!"

પ્રકરણ ૪૧ મું.

કળીનું કરમાવું.

હવે આ ગંમખાર કાહાંણીના દીલભેદક બનાવોને લંબાવવાની હું જરૂર જોતો નથી. વાંચનાર મેહરબાંનો મારી આ વારતાના સેવટ ઉપર આપો આપ આવી લાગેલાં હોવાથી, બાકીના બનાવોની તમામ હકીકતને ઇનતેખાબ રજુ કરવો, હું હવે બહેતર સમજું છું. તોપણ આ સંસારી ચીતારમા હજી ઘણું જાણવાનું અને ઘણું જોવાનું છે.

દાદી અને બાંનુ, બંને જન, ચંપા બાગમાથી, પોતાની મરતી વાહલીના પત્તાને પેગાંમ મલતાંજ, મારતી ગાડીએ નીકલી પડયાં, અને જતાં જતાં તેઓ રૂસ્તમ જાબુલીને પોતાની સાથે લેતાં ગયાં.

રૂસ્તમ, આગલેજ દાહાડે તુરંગમાથી છુટેલો હતો. સરકારની મરજીમા આવે ત્યાં સુધી તેને કેદમાં રાખવાની સજા થએલી હોવાથી, તેને સરકારની મરજીથી છોડવામાં આવ્યો હતો. ફકત દાદીને મલવા સારૂજ તે મુંબઇમા અટકી પડેલો હતો, કેમકે તેણે મુંબઇ છોડી એકદમ સીંગાપોર તરફ નીકલી જવાની તમામ ગોઠવણોની તઇયારી કરી રાખી હતી. પણ કરમના લેખ જુદાંજ હતા. તેના પોતાના માસ અને લોહીની બનેલી તેની દીકરી ગુલીસ્તાંન, આજ સુધી તજાએલી તરછોડાયલી અને હીણપસતીથી હીણાયેલી, તેની નજર સામે વસતી હતી, છત્તાં તે તેણીને ઓલખતો નહી હતો, તે દીકરીને તેની આવી પાહાડ જેવી ઉંમરે, પોતાની નજર સામે મરતી જોવાની તેની 'સરજત,' તે કાંહાંથી ટલે!

'ખરી વાત છે, કે કરંમ કાલાં તેના રૂપ ઉજલાં કયાંથી હોય!'

રૂસ્તંમના ગમનો પાર હતો નહી. બાંનુ અને દાદીએ ગુલીસ્તાંનની તમામ હકીકતથી રૂસ્તમને જાણીતો કીધા પછી, આ હીણભાગ્ય બાપ પોતાની દીકરીને તેની મરતી ઘડીએ, પોતાની ગોદમા દાબવા, બાંનુ અને દાદીની સાથે ચાલ્યો.

ઓ! તે મોતનુ બીછાણું હતું, કે નીરાંત અને શાંતીનુ વતન હતું!

એક નાંહલ્લા: જેવા કોચ ઉપર ગુલીસ્તાંન પડેલી હતી, અને તેના બીછાંણાની આજુબાજુ, બાંનુ, દાદી અને રૂસ્તંમ જાખુલી, આ છાતી ફાટે એવાં દુખનો ગંમ, પોતાના દીલમાજ દાબી, જેમ તેમ શાંતીનો દેખાવ કરતાં, ગુલીસ્તાંનનો મરતો ચેહરો જોતાં ઉભાં હતાં.

બધો ખુલાસો અત્યાર આગમજનો થઇ ગયો હતો. દીલાવરખાંનની બાંનુએ પોતાની મરતી દીકરી ગુલીસ્તાંનને ગલે લગાડી, ધીમે ધીમે તેની આગલ સઘલો ભરમ ખોલી, તેની જણુતી તરીકે પોતે જાહેર થઇ, અને રૂસ્તંમ જાખુલી તેના બાપ તરીકે તેજ વખતે તેને ભેટી પડયો. એ પછી દાદીની ઓલખ બાંનુએ ગુલીસ્તાંનને આપી જણાવ્યું, કે તેના પ્યારમા પડેલો શખ્સ કોઇ નહી, પણ ખા૦ બા૦ બેહરાંમશાહાનો વારેસ અને ચંપા બાગનો માલેક પોતે હતો, અને મીસ બાલફૂરે રચેલાં ભયંકાર કાવતરાંના તેઓ બંને જન ભોગ થઇ પડયાં હતા.

મરતાં મરતાંબી આ ખુલાસાથી ગુલીસ્તાંનની જીંદગીને ગોયા નવો જીવ અને નવું જોર હાંસલ થતું હતું. ગુલીસ્તાંને જયારે જાણ્યુ, કે તે પોતે એક માતબંર અને ખાંનદાંની માયબાપની દીકરી છે, ત્યારે બે વરસની વાત ઉપર ચંપા બાગમા પોતાની જણુતી સાથ તેણીને જે ટપાટપી થઇ હતી, તે દેખાવ તેના મોતના બીછાણા આગલ, તેની નજર સામે આવી ઉભો. જયારે તેણીએ જાણ્યું, કે દાદી, જે આજ સુધી જમશેદને નાંમે ઓલખાંતો હતો, તે કોઇજ નહી, પણ એક આગેવાંન પારસી શેઠીઆનો તે એક પુરો દીકરો, અને ચંપા બાગનો વારેસ અને માલેક છે, અને તે હજી કુમારોજ છે, ત્યારે——ત્યારે તે પોતાનુ સઘલું દુખ ભુલી ગઇ. તેની ખુશીનો પાર રહ્યો નહી, અને હસતે ચેહરે, અઠાગ અને અનંત પ્યારભરી નજરથી તેની તરફ તે ટીકી ટીકી જોવા લાગી.

કોણ તેની કદર બુજે! કોણ તેની કીંમત કરે! કોણને તેનો ખ્યાલ આવે!

જમીન ઉપર એવી કોઇ જબાંન નથી, અને આદમીની એવી જીભ નથી, કે ગુલીસ્તાંનની મરતી વખતની તે ખુશાલીનુ બયાંન તે કરી શકે.

મરવા વગર છુટકોજ નથી. નાખ તેનો નાશ તો નકીજ છે. પણ જીવવાની જ્યારે જરૂર, ત્યારેજ મરી જવું, એના જેવો સંતાપ–કોઇ સંકટમા નથી. એના જેવું દુખ કોઇબી દુનીયાંમા નથી.

આ દેખાવથી બાંનુની છાતી ફાટ ફાટ થઇ રેહી. બે વરશાની વાત ઉપરની તેની તુમાખી, તેની તેંહેકરાઇ, અને તેની ગુમાંની માટે તે પસ્તાવો કરી, હાય હાય કરવા લાગી.

"અરે મારાં ભાયગ ફુટેલાં જે હું ઘરાની ઘુમેલા, તે મને સારૂં સુજ પડયુંજ નહી. અરે દીકરી તું જહારે ચાલી ચલાવી મારે ઘેર મારી સાંમે આવી ઉભી, તેજ વખતે જો તુંને મે મારે ગલે લગાડી હોતે, તો આજે તું કદીબી એમ મરી જતે નહી."

"અરે ખુદા!" દાદી ગુલીસ્તાંનને મુશકેલીથી દંમ ખંચતી જોઇ, દાંતમા પોતાના હોઠ કરડી બોલ્યો. "અરે ખુદા, આવાં આવાં દુખો અને, આવી આવી નીરાસીઓ આદમીને સારૂં આએ દુનીયાંમાં પેદા કરવામા તારી શું મતલબ હોસે! ગુલીસ્તાંન–ઓ! તું અંતે મને મુકી જાએછ!"

દાદી તેજ વખતે ગુલીસ્તાંનનાં બીછાણા આગલ જમીનપર ફસડાઇ પડી, તેનો હાથ પકડી પોતાની આંખોમા દાબી રડતાં બોલ્યા.

"રડો ના, રડો ના, માયજી, ના રડો." ગુલીસ્તાંન ઝીમાઇ જતે અવાજે, પોતાની આસપાસ પોતાનાં વાહાલાંઓને રડતાં જોઇ બોલી. "દાદી, વાહાલા દાદી, દુખી ના થા. હું સુખી થવા જાઉછ."

"એમ હીંમત ના મુકી દે દીકરી ગુલીસ્તાંન." રૂસ્તંમે તેને ધીરજ આપી. "તુને ફકત નબલઇનુ દરદ છે. ખુદા સારૂં કરશે. મે મોહટા ડાકટરોને તેડવા માંનસ મોકલીયાંછ. તે હમણા આવતા હોસે."

"બાવા–બાવા–બાવાજી!" ગુલીસ્તાંનની જીભ ખેચાવા લાગીયાથી તે લડડતી જીભે બોલી. "મા–મા–માયજી, મારી આંખે–આં–આં–આંખે અંધારાં આવેછ! મારે–દાદી કાંહાં છે! અરે–એ બધો વાંક મારોજ છે!"

"ગુલ! ગુલાબ! મારી ગમ જો! ઓ, મને મુકીને તું કાંહાં જાએછ!" દાદી બુમ પાડી રડયો." રૂસ્તમબા—મારી ગુલીસ્તાંન મરેછ, ને તમે જોયા કરોછ!--ઓ–તેના ડોરા ખેંચાયછ, બાંનુ–

"ઓ મારી દીકરી, આજે તુ કેવી કમોતે મરેછ." ગુલીસ્તાનનો દંમ આખર થતો જોઇ બાંનુ રડી પડી.

"ગુલ મને માફ કરજે–મારી ગુલીસ્તાંન–

"સુખી રેહજો–" ડોલા ફાડી નાખી ગુલીસ્તાંન ખેચાતી જીભે બોલી દાદી ઉપર મેહરબાની રાખજો. દાદી—દા—દી–

"અરેરે કોઇ આવો——રે–

"કાંહાં મુવો ડાકટર——હજી

પંણ તેટલાં ગુલીસ્તાંને મોત અને જીવની વચ્ચે એક જબરી તાંણ તોડ કરી, પોતાના ડોલા ફાડી દાદી તરફ જોઇ, સેહજ મલકાઇ હસી, અને એક ઉંડો દમ ખેંચી, આ ફાંની દુનીયાંની જંજાલમાંથી છુટી ગઇ.

"અરેરેરે–જો જો એ કેવી તફરેછ——" બાંનુ બોલી.

"અરેરે દીકરી, તેં અંતે દગો દીધો!" રૂસ્તમે બુમ પાડી.

"ઠંડી–બરફ જેવી ઠંડી."

ગુલીસ્તાંનનો આએ દુનીયાંમા તે છેલ્લો દંમ હતો. ગુલીસ્તાંનની આએ દુનીયાં તરફ તે છેલ્લી નજર હતી. દુખ, અને વિપતી, સંકટ અને સંતાપ, ગરીબી અને મુફલેસી વચ્ચે આ ખુબસુરત, નેક, ભલી પણ દયાંનત અને અસમતની પાક, ઉમેદભરી સદગુણી પારસી નારે, પોતાનો જીવ પોતાના પેદા કરનારને સ્વાધીન કરવા આગમજ, એક છેલ્લો દંમ ખેંચી, એક છેલ્લી નજર તેણીએ પોતાના ધારેલા ધણી તરફ ફરી, આ દુનીયાંની માયા છોડતાં તે બોલી:—

"યથા"

પ્રકરણ ૪૨ મું.

કટલે હંગામ!

તેના દીલની વાત તેના દીલમાજ લેઇને તે મરણ પામી! તેના મનની ઉમેદ તેના મનમાજ લેઇને તે ગઇ! જે જોબનવંતી જવાંની, અને ખીલતી ખુબસુરતીના બાહારમા તે ખીલતી કળી કરમાઇ મુરઝાઇ ગઇ, તે દુખ જેવું દુખ કલ્પી તેનો ચીતાર ચીતારવા કલમ અશક્ત છે.

* * * *

રૂસ્તમે, દાદી તથા બાંનુને ધીરંજ આપી સમજાવ્યું, કે હવે તેઓએ ગુલીસ્તાંનના રવાંન ઉપર વધુ માહેતમ કરવાનુ બંધ કરી, તેઓએ ચંપાબાગ તરફ એકદમ નીકળી જવું, નહી તો તેમની તરફ લોકોનું ધ્યાંન ખેંચાશે, અને તેમ થતાં લોક ચરચા વધશે.

રૂસ્તમે પોતાની વાહાલી દીકરી ગુલીસ્તાંનની પાયદસ્ત સુધી તેની પાસેજ રેહવાનું, તથા સઘલી ધરમ ક્રીયા કરાવવાનુ પોતે માથે લીધું, અને બાંનુ તથા દાદી ગુલીસ્તાંનને છેલ્લો સેજદો કરી, રડતી આંખે અને તુટેલે દીલે, પોતાને મકાંને ગીયાં.

ચંપા બાગમાં તેઓ રાતના નવ વાગાને સુમારે જઇ પુગ્યાં. બંનેના ગંમથી જખમી થએલાં દીલ એવાં તો નીરાસ થઇ ગએલાં હતાં, કે દુનીયાં તેમને મનથી ડુબી ગએલી હતી. પોતાની મીઠી ઉમેદનો નાશ, સુખની ખુવારી, અને આશાનો ભંગ થયા પછી, હવે તે બંનેના દીલમા એકજ સવાલ એકી વખતે ઉભો થયો હતો, કે હવે 'જીવવું કે, નહી જીવવું!'

પણ નહી. ચંપા બાગમા ખુવારી અને ખરાબી, એટલેથીજ અટકી રેહે એમ હતું નહી. ખુદરતની મરજી હજી કંઇક વધારે રંગ દેખાડવાની હતી, એટલે—એટલે બાપાર!

રાતનાં નવને સુમારે બાંનુ અને દાદી રડતી આંખે, અને તુટેલે દીલે, જેવાં ચંપા બાગમાં દાખલ થયાં, તેવાંજ નોકરો અને બાંહીરના લોકોના ટોલનો

હૉલમાં એકઠાં થઇ ઉભેલાં જોઇ, તેઓ બંને જન હેબતી ગીયાં. બાનુ અને દાદીને આવેલાં જોઇ, તેમની આસપાસ ચંપા બાગના નોકરો ઉદાસી ચેહરે, અને રડતી આંખે ફરી વલી, સાલાવજ જેવાં ઉભાં રેહ્યાં. પણ તેઓને ખરી વાત કેહવાની કોઇનીબી હીંમત ચાલી નહી. અંતે બાનુની કંમપેનીયંન નાઝુ બોલી:—"બેહરાંમશાહ શેઠે આપઘાત કીધો!"

"આપઘાત! ઓ——"

કાંનના પરદા ફાડે એવી એક જબરી ચીસ પાડી, બાંનુ બેહોશ થઇ, તેજ ઘડી જમીન ઉપર પટકાઇ પડી. નોકરો તેજ વખતે તેણીને ઉંચકી તેણીનાં રૂમમા લેઇ જઇ, તેણીની સારવાર કરવા લાગ્યા. દાદી આ નવાં નખ્ખોદના સમાચાર સાંભલી હેબતી તો ગીયોજ હતો, પણ હીંમત રાખી પોતાની ઉપર આવી પડેલી આફત સામે ટકી રેહવા, તે મુસ્તકીમ થઇ ઉભો.

તેણે નોકરોને સવાલ કીધો, અને કારભારીએ જવાબ દીધો, કે અગીઆર વાગા સુધી બેહરાંમશાહ લાઇબ્રેરીમાજ હતા. બરાબર બાર વાગે સોલીસીટર સોલીભાઇ આયા હતા. તેવને શેઠને મલવા સારૂં પુછાવ્યું; પણ શેઠે કેહવડાવ્યું, કે તેવનના જીવને સારૂં નથી, તેથી તેવન હમણા મલશે નહી, પણ સાંજના મલશે. સોલીભાઇ પાછા ગીયા, અને સાંજના સાડા પાંચ વાગે પાછા આયા. જરબાંનુ ફરવા જતાં હતાં, તેવન જતાં જતાં લાઇબ્રેરીમા શેઠને મલવા ગીયાં, પણ બારણાં અંદરથી બંધ હતાં. તેવને ઠોક્યાં, પણ કંઇ જવાબ મલીયો નહી. જવાબ નહી મલીયાથી હમુને શક પડીયો, અને હમોએ બારણાં ભાંગી નાખીયાં, તો બેહરાંમશાહ શેઠ ભોંય ઉપર પડેલા દેખાયા. તુરતજ ડાકટર ફાઉલરને તેડાવી મંગાવીયો. તપાસ કરતાં મરનારના હાથમાથી એક નાહાલ્લી જેવી શીસી ડાકટરને મલી.

"તે સીસીમા શું હતું?" દાદીએ પુછયું.

"હાઇડ્રોસીઍનીક ઍસીડ!"

આ દીલને રૂંઢી નાખનારી ખબર સાંભલતાંજ, દાદી અઘલો મામલો પામી ગયો. એક સેકંન્ડમા કેવી રીતે હવે તેને કાંમ લેવું, તેના ઠેડાવ ઉપર

તે ઝટ આવી ગયો. તે સેહજબી ગભરાયો નહી. તેણે સેહજબી ધાસ્તી, કે ગંમગીનીની નીશાની પોતાના ચેહરા ઉપર પ્રગટ થવા દીધી નહી, પણ ધાડે અવાજે તેણે તેજ વખતે સવાલ કીધોઃ–

"સોલીભઇ છે કે?"

"તેવન લાઇબ્રેરીમા કેવારની તમારી વાર જોતા બેહાછ." કારભારીએ જવાબ દીધો. "તેવન કેહવા લાગા, કે હીરાવરખાંનના ખાંનદાંનનો હું જુંનો દોસ્ત હોવાથી, દાદીશેઠ આવે તાંહાં સુધી મારે હીંયાં રેહવુંજ જોઇએ."

"દોસ્ત? બદમાસ! મુજી! દોસ્ત?" દાદી મનમા દાંતીયાં પીસી બોલ્યો. "જાઓ, કાઇ જઇને સોલીભઇને કેહવો, કે હું તેવુંને હમણાં લાઇબ્રેરીમા આવી મલુંછ."

દાદી તુરતજ પોતાના રૂમમા ગયો. અંદર જઇ તેણે બારણાં બંધ કીધાં, અને પોતાની કબાટમાથી એક ઘણીજ નાહલ્લી રીવોલવર કાહાડી તેમા ગોલી ભરી, તૈયાર કરી, તેને પોતાના ખીસાંમા મુકી. એ પછી તેણે પોતાની એક બીજી કબાટ ધીમે રેહી ઉઘાડી, તેમાથી એક નાહલ્લી જેવી શીસી કાહાડી, તે પોતાના દગલાના ખીસાંમા સંતાડી, અને ઓરડામાથી બાહાર નીકલી લાઇબ્રેરી તરફ ગયો.

ધીમે અને મકમ પગલે તે ગુપચુપ લાઇબ્રેરીમા દાખલ થયો, અને દાખલ થતાંજ તેણે લાઇબ્રેરીનાં બારણાં અંદરથી બંધ કરી, કળ દેઇ દીધી.

"દાદીબા, તમારા કુટુંબ ઉપર આવી પડેલી આએ નહી ધારેલી આફતથી, હું ખરેખર દુખી છેઉ." દાદીને લાઇબ્રેરીમા દાખલ થયલો જોઇ સોલી દયાનુ ડોલ ઘાલી બોલ્યો.

"પણ એ આફતનુ મુલ કારણ કોણ છે. મારાં કુટુંબની ઉપર આવી આફત અને ખુવારી નાખનાર કોણ ચંડાલ—મુજી છે." દાદીએ છેડાએલા વાઘ મીસલ ડોલા કકડાવી સોલીભઇને સવાલ કીધો.

"દાદી શેઠ, તમે મારી તરફ ડોલા કકડાવી આવા સખુન બોલોછ, તેની મતલબ શુ?" સોલીભઇએ સવાલ કીધો. "કોણે તમારા કુટુંબ ઉપર આવી આફત લાવી નાખી?"

"તેં ! ઓ કરતુકના ભરેલા કુતરા, તેં પોતે ! " દાદી હીંમતથી બોલ્યો. "તેં પોતે. ઓ દગલબાજ શીતુરી, મુજી, ચંડાલ, હું કેહુંછ, તે તુને સંભલાયછ કે નહી. મારા બાપનો જીવ લેનાર અને મારા હસતાં ઘેરને ખુવારજ કરનાર, તું ચંડાલ, પોતે છે."

" ખબરદાર દાદીમા, મોહોડું સંભાલી વાત કરો." સોલીભઇએ જવાબ દીધો. "મને છેડતા ના. હું હજી કઇ બોલતો નથી. પણ જો તમે મને છેડસો, તો આએ ચંપા બાગમાથી અધરીયાત ગાંસડા પોતલા લેઇ ખાલી હાથે બધાંને બાહારૂ જવું પડશે, કેમકે તમારા બાપની તમામ મીલકત ઉપર મારૂં હક છે."

" ઓ હેરેમન, કસાઇ, હું તે જાનુંછ." દાદીએ કહ્યું. " તારાં બધાં કાવતરાં મને ખબર છે સમજીયો. તું મારી બેહેન સાથે પરણવા માગેછ નહી, બચ્ચા ? "

" તારા બાપ સાથે મને થએલા કરાર—

" ચુપ સુવ્વર ! બંધ કર તારૂં મોહડું." દાદીએ બુમ પાડી. "બસ. તારૂં રૂધ ! સાંભલ, ઓ મુજી, કે આજે તેં બે ખુંન કીધાંછ !"

" બે ખુંન ! મેં ખુંન કીધાંછ ! એ શું બકેછ ?" સોલી ડઘાઇ જઇ બોલ્યો.

" હા. ઓ ખુંની, બે ખુંન !" દાદી ભાર મુકી બોલ્યો. " ઓ ઘેલસપા; એક તો તારાં કારાં કરતુકે અને શીતુરે મારા બાપનો જીવ લીધો, અને બીજો તો એક નવજુવાંમ અને નીરદોશ ઉમેદવંતી છોકરીનો જીવ, તેની ભરજવાંનીમા તેં આજેજ લીધોછ. તે નીરદોશ નાર તારાં કરતુક અને લોભનો ભોગ થઇ પડીછ."

" એ શું બકી મરેછ ?" સોલી ગુચવાડામા પડી બોલ્યો.

" હા. તારાં કરતુકનો તે ભોગ થઇ પડી, અને તે આજેજ આએ જેહાંનની જંજાલમાથી સદાની છુટીછ." દાદીએ જવાબ દીધો." ઓ બેકદર નાતરસ ફીચકારા ચોર ! એક નાવારેસ છોકરીના ગુજરાંન સારૂં તેનો વાલીએ જે ગરકના નાંનાં તારે દસ્તક કીધાં હતાં, તે તું ચંડાલે, ચોરી કીધાથી,

તે બેગુનાહ છોકરી ભુખમરો, મુફલેસી, ગરીબી અને લાચારીનો ભોગ થઇ પડી, અંતે રીબીરીબી આજેજ મરી ગેઇછ, ધ્રુંજેછ કેમ! ઓ બદમાસની ખુનીઆદના ખુની, ચંમકેછ કેમ! ઓ કાફર! તે છોકરીનો જીવ તારે લીધે ગીયોછ! સીકંનદરની સુંનાની છોકરી ગુલીસ્તાંનનુ ત્રસ્ટ, સુંનાના ગુજરી જવા પછી તું પચાવી બેઠો, એ વાત ખરી કે ખોટી? બોલ? ઓ ખુની? બોલતો કેમ નથી?"

"હા, હવે હું સમજીયો!" સોલી બોલ્યો. "મારી નોટ-બુકનો ચોર તો કયો તું નીકલીયો! તેમા એક કાગજ હતું, તે તેં વાચીયું હોસે—

"એક કાગજ? શું તારૂં એકજ એવું કરતુક છે? તે નોટબુકના તારાં કારાં કરતુકની ટીપ શું મેં વાંચી નથી કે? પેલી ખોખરાંબઇને તું ભમાવી ફસાવવા નાયગાંમ લેઇ ગીયો, અને તેને ફસાવવાં જતાં તેના વર મંનચી મરધાને રૂપીઆ પચીસ હજારનો તેં ચેક ભરી આપી, તેની પાસે તેં માફી માગી, તેની નોધ—

"તે વાત તો એમ હતી કે——

"બચાવ કરેછ? અને આજે સુધી ખોટાં વીલો ઉભાં કરી, ખોટા શાખસીઓને મોહટી રકમો આપી, લોકોના ત્રસ્ટો ખાઇ ગીયો, તેની નોધ—

"પણ એ વાત સાથ તુને શુ લાગે વલગે." સોલીરે ગુસ્સે થઇ બુમ પાડી. "બચ્ચા એ નોટ બુક લાવ, નહી તો--

એમ બોલતાંજ સોલી દાદીના આંગ ઉપર ધસી ગયો.

"ખબરદાર! તાંહાંજ ઉભો રેહજે!" દાદી પોતાના પાટલુંનના ગજવાંમાથી તેજ વખતે ઝટ દઇ રીવૉલવર કાહાડી સોલી તરફ ટીકી બોલ્યો. "એક કદમ જો ખીસીયોછ, તો મુવો છુટો એમજ જાણજે!"

"ખુંન! તું શું મારૂં ખુંન--

"જો એકબી ચીસ પાડીછ, તો જાંણ, કે આએ ગોલીથી વીંધાઇ ગીયો. તારા સમ! મશકરી ના સમજતો. આઇ-ઍમ-ઑલ-સીરીયસ." દાદી રીવૉલવરની ઘોડીઉપર આંગલી મુકી બોલ્યો. "જેવી રીતે તેં મને ખુવાર કીધોછ, તેવીજ રીતે તેનો બદલો લેવા, હું તારી સાંમે ઉભોછ. હવ બોલ તુને કાંહાં ગોલી મારૂં!"

"દાદી, તું શું આવી ઘાટકી મશકરી-

"મશકરીના સાલા—વલી કંઇ નવાં શીતુર કરવા સારૂં જીવવું છે કે કેમ?" દાદીએ દ્રઢ આવાજે કહ્યું. "બોલ તારે શું કેહવું છે! બોલ, નહી તો આએ ફોડું છે!"

"અરે પણ સબર-

"નહી-

"અરે એક મીનીટ!

"નહી, એક સૅકંન્ડબી નહી!"

સનનનનનન--

કોમ પુરૂં થયું. દાદીએ આબાદ નેમ ટાંકી પીસ્ટોલ છોડી, અને સોલીની છાતીમા તે વાગતાંજ, તે ત્યાંને ત્યાંજ ભોંય ઉપર મુરદું થઇ પડયો.

દાદીએ તુરતજ સોલી પાસે દોડી જઈ, તેને તપાસી જોઇ, પોતાની ખાતરી કીધી, કે તે જીવે છે કે નહી.

તેને થએલો જખમ કારી હતો. તેની છાતી વીંધાઇ તેમાંથી ધોતમાર લોહીં વેહતું હતું. દાદીએ તે લોહીમા પોતાનાં આંગળાં બોળી જોયાં, તો તે લોહી તેને ગરમ લાગ્યું.

તેજ વખતે દાદીએ પોતાના ગજવાંમાથી પેલી નાંહાંની શીસી કાહાડી, અને તે માહેલી ઝેરી મેલવણી તે એકદમ પીઇ ગીયો. તે પીતાંજ તેના ગલાંમા અગન બલવા લાગી. તે આસપાસ નજર કરી પાંણીની તલબ કરવા લાગ્યો. તેનુ ગલું સુકી રાખ જેવું સકકું થઇ જવા લાગ્યું. તેનો દમ રૂંધાઇ જવા લાગ્યો. તેના જડબાં ખેંચાઇ મરડાઇ જવા લાગ્યાં. તેની છાતી દબાઇ જવા લાગી, અને સેહજ વારમા તે ત્યાંજ પોતાના દુશ્મનની લાશની પાસેજ બેજાંન થઇ પડયો.

પ્રકરણ ૪૩ મું.

ચશ્માંમના ખસમનું સેવટ.

અને હવે આ ગમખાર સંસારી દુખડાંના ચીતારની પાર વીણાની કાહાણીનો દુખદાયક હેવાલ થોડાજ શબ્દોમા ચીતરી, હું મારાં વાહાલાં મેહરબાંન વાંચકોથી રૂખસદ લેઇશ.

દીલાવરની બાંનુ, પોતાના ખાવીંદના આપઘાતની ખબરથી અધમુઇ જેવી થઇ પડી હતી, તે હમણાંજ જરા જરા હોસમા આવતી હતી, તેવામા મેહલમા રાતની ચુપકીદી વચ્ચે એકાએક પીસ્ટોલનો અવાજ સાંભલી, તે ચમકીને ભડકી. આ પીસ્ટોલનો ધડાકો કોઇ આફતની નીશાંની તરીકે તેણીએ ધારી લીધો, અને તેની આગાહી ખરી પડી. કેમકે તુરતજ નોકરોની ધરપકડ અને દોડાદોડી વચ્ચે લાઇબ્રેરીમા થએલાં એક કરતાં બન્ને ખુંનોની ખબર, નાજુએ આવી તેણીને કહી. આ ખબર સાંભલતાંજ બાંનુ બેમગજ બની ગેઇ. તેજ રાતના બાંનુને સખત 'બ્રેન-ફીવર' ચહડી, અને ત્રીજે દીવસે, એક વખ્તની તુમાખી, ગુમાની અને ખુબસુરત 'દીલાવરની બાંનુ' ગુજર પામી.

ખુબસુરત ગુલીસ્તાંન! બીજે દાહાડે, તે કંમનસીબ ખુબસુરતીની રાણીની પાયદસ્ત કાહાડવામા આવી. રૂસ્તંમ જાબુલી, પોતાની દીકરીની પાયદસ્તે થોડાક ઓલખીતાઓ સાથ ગયો, કરંમના લેખ ટળીયા નહી. ગુલીસ્તાંન જેવી કાબેલ, ગુણવંતી, અને દયાનતની નેક ઓરતો પારસી કોમની અંદર સઉ કોઇ હોય, તો ભાશાણુ કરતાઓ અને પારસી છાપાઓને પારસી સંસાર ઉપર ટીકા કરવાનો ખોરાક શાંનો મલે?

ગુલીસ્તાંનના મરણથી રૂસ્તંમને નવો ગંમ લાગ્યો. પોતાની દીકરીના જનમની ખબર, બાંનુના બાપે રૂસ્તંમની ઉપર મોકલવા માટે બાંનુને મના કરી હતી, કેમકે એ દીકરીની હેયાતીની ખબરથી, તે બંને વચ્ચેની આગલી પ્રીતના ગાંઠને નવું જોર મલશે, પણ બાંનુએ પોતાના

વાલીઓની મરજીને તાબે થઇ પેહલ્લેથીજ રૂસ્તંમને એવી ખબર મોકલાવી હતી, કે તેણીએ જનમ આપેલું બાલક જનમ પછી તુરતજ મરણ પામ્યું હતું. કમનસીબીની સરજતનો પેહલ્લો પાયો, હીંયાથીજ નખાયો હતો, અને જે ભુલ સરવેથી પેહલ્લી થઇ હતી, તેજ ભુલે આ દુખી ચીતારનુ છેવટ લાવી મેલ્યું હતું. ગુલીસ્તાંનના મોતના આંસુ હજી તો રૂસ્તંમની આંખોમાથી સુકાયાં નહી હતાં, તેટલાંજ બીજે દાહાડે સહવારના દાદીએ સોલીબઇનું ખુંન કરી પોતે આપઘાત કીધોછે એવી ખબર સાંભલી, રૂસ્તમની દલગીરીનો પાર રહ્યો નહી. દાદીને રૂસ્તંમ દીલોજાનથી ચાહાતો હતો, અને તેટલાં માટેજ, રૂસ્તંમે પોતાની તમામ દોલતનો એખલો વારેસ, દાદીને નેમેલો હતો. પણ સરજતના લેખ જુદાજ હતા!

આ આફતનો ચીતાર બરોબર ચીતરાંઇ શકે એમ નથી. મુંબઇના છાપામા બીજે દાહાડે સહવારના ત્રણ પાયદસ્તો એક એકની હેઠલ છપાઇ હતી, તેમા બે તો ખાંનબાહાદુર બેહરાંમશાહ અને તેના વારેસ દાદીબાની હતી, અને ત્રીજી પાદદસ્તની ખબર, સોલીસીટર સોલીબાઇની હતી. સહવારના પોહોરમા કોરોનરે તે ત્રણે લાસ ઉપર જ્યુરી ભરી, અને તેનો લંબાન હેવાલ સાંજના છાપામા છપાયો, અને તેજ દાહાડે સાંજના ચંપા બાગમાથી મોહટી ગીજલસની રૂબરૂ બાપ દીકરાઓની ભેગી પાયદસ્ત, કાહાડવામા આવી. કેહવાની જરૂર છે, કે સોલીબઇ સોલીસીટરના રવાનને ચંપાબાગમાથી તેના લાગતાં વગલતાંઓ, જ્યુરી ભરાયા પછી તેને ઘેર લઇ ગયાં, અને ત્યાંથી તેને અવલ મંજલ બીજે દાહાડે સહવારના પોહોચાડયો.

દાદીબા અને બેહરાંમશાહની પાયદસ્તથી રૂસ્તંમ જાંઉલી જેવો પાછો ફરીયો, તેવીજ એક બીજી માહેતમ શરૂ થવાની દોડાદોડ ચંપાબાગમા ચાલુ થવાની તઇયારી થતી હતી. રૂસ્તંમને નાજુએ ખબર કીધી, કે ત્રણત્રણ ડાકટરોની કમીટીએ એવું મત આપ્યું છે, કે જે વખ્ત જાએછે તેમા દીલાવરની બાંનુ મરણ પામશે.

ખરૂંનફખોદ તે એ! ખરૂં બાંનુખુરાબ તે એ!

હજી જાણે દીલાવરખાંનવાલાંઓનુ નખ્ખોદ પુરેપુરૂં થયું નહી હોય, અને હજી આટલી ખુવારીભરી ખાનાખરાબી અને સત્યાનાસી અધુરી હોય, તેમ બાંનુના મોતની આફત ડોલા ઘુરકતી ચંપા બાગમાં ભમતી હતી.

આ નવી આફત અને આ નવો ગજબ શું હજી અધુરો રહ્યો હતો ! ચંપા બાગવાલાંઓના કરંમની સરજત ઉપર ગોયા ખુદાનો કોપ ઉતરેલો લાગતો હતો, અને અફસોસ જેવું તો એ હતું, કે એ આફત નજરે જોવા, અને ગજબના ઘાવ ખમવા એખલો રૂસ્તંમ જામુલીજ જીવતો હતો. બાંનુની ધાસ્તીભરી બીમારીની ખબર સાંભલી દે દીવાનો બાવરો બની ગયો, અને જેવો તે તેણીના દીવાંનખાંનામાં દાખલ થવા જતો હતો, તેવાંમાં ત્રણે ડાકટરો બાંનુના ઓરડામાંથી બાહાર નીકલતા તેને સાંમેજ મલ્યા. તે લોકના મોહોડાં જોતાંજ રૂસ્તંમના ગુરા ગગડી ગયા. રૂસ્તંમે ડાકટરોને કાંઇબી પુછવાની તજવીજ કીધી નહી, અને તેજ વખતે પોતાની છાતી ઉપર એક દીવાંના મીસાલ છાપત મારી, રૂસ્તંમે ચીસ મુકી:— "બાંનુ. તેં આખર મને આએ રસ્તો દેખાડયો? "

* * *

અને એક વધુ પાયદસ્ત ત્રીજે દાહાડે ચંપા બાગમાંથી પુર દમામ સાથ કાહાડવામાં આવી. દીલાવરની બાંનુ તરફ લોક લાગણીનો પાર હતો નહી. તે ગુજર પામી, અને તેની આગલી જીંદગીની કાંહાંણી પણ તેના કફન સાથ દફન થઇ.

રૂસ્તંમ આ દુખ અને ગમ સાંખી શકયો નહી. આ ગમના જરબે તેને ઠાકવી, લુલો ટુટો કરી નાખ્યો હતો. બાંનુના મરણ પછી એક પખવાડીએ રૂસ્તંમ જામુલી બીમાર પડી, તે કીરતારની દરગાહમા પોતાનાં વાહાલાંઓને જઇ મલ્યો.

હવે આ ખાનાખરાબીની ખબરનો છેડો આવે છે. આ સત્યાનાસીનો સુમાર હવે પુરો થાય છે.

કીસ્સો તમામ

દીલાવરખાંનના ખાંનદાનનો કોઇજી નબીરો હઇયાત નહી રેહવાથી, તે પુરાંણા ખાંનદાંનનું નાંમ અને નીશાંન નાબુદ થઇ જાએ છે. મોહટા મોહટા ખેતાબ મેલવવાના અભખરા માટે, અને વડાઇની બડાઈ મારી ચારમા ચોહોરા અને પાંચમા પોહોરા થઇ વાજી ગાજી નીકલવા મારે, બેહરાંમશાહ શેઠને જે મોહટા જંગી ખરચો કરવા પડ્યાં હતા, તે ખરચોને પોહોચી વલવા માટે અંતે કરજદાર બની પોતાની તમામ મીલકતો, જે તેવંનને મારગેજ મુકવી પડી હતી, તે મીલકતો અંતે જાહેર લીલાંઉથી વેચાઇ ગેઇ.

ચંપા બાગવાલી તેવનની ગંજાવર મીલકત, દરજીની સોરતીનુ પેહલ્લુ ઇનાંમ છુતી જનાર પેલા મીસ્તર ઉક્કરજી આદામુડીએ પાંચ લાખની મોહોટી રકમે લીલાંઉમાથી વેચાતી લીધી. ઉક્કરજી આદામુડીએ પોતાની કરકસર અને જાતી મેહનતે દરજીની સોરટીના નાંનાંમાથી એકના ચારગણા કીધાં હતાં, તેની કોઇને ખબર વટીક તેવને પડવા દીધી નહી હતી, કેમકે તેવન જાણતા હતા, કે જો તેવનની તીજ્સરી તાજી થઇ છે, એવી ખબર ઇનકંમ ટેકસવાલાને પડે, તો લાગલું એક મોહટું જેવું લાકડું ઘુસાડવા ઇનકમ ટેકસવાલાઓ ચુકે નહી! પણ એવા આદામુડી જેવા બીચારા ઓલીઆ ગપાટો, જ્યારે છત્તે પઇસે ચુપચુપ સાદાઇમા સુખ સમજી સંતોશમા રેહે છે, ત્યારે કુક ભંડોલીઆઓ, ફુલ્લુસ માલીસ છત્તાં ધડ ઉપર ડોક નહી રાખી, હજારોના ધણી હોય એમ ડોલ ઘાલી, ગરીબ છત્તાં ગરીબીમા રેહવા શરમાએ છે, અને ગરીબ છત્તાં તવંગરમા ખપવાના પોકલ ફાંફાં મારેછે. મીસ્તર ઉક્કરજી આદામુંડી એવા નહી હતા. તેવન ગરીબો સાથ વસી, ગરીબો તરફ તવંગરો કરતાં વધારે લાએકી અને ભલમનસાઇથી વરતતા હતા, અને અંતે ચંપા બાગ જેવી મુંબઇની જાણીતી મીલકતના એખલા માલેક થઇ, તેવને બીજાઓને છક કરી નાખ્યા હતા.

જરબ્બુંનુ, અંતે પોતાની લાએકી અને સાલેમાઇની મીઠાં ફલ પામી. જંગબારવાલી જેહાંગીર તેણીને પેહલ્લેથીજ ચાહાતો હતો, અને

તેણે જરને વચન આપ્યું હતું, કે જ્યાં સુધી જર પરણી જશે નહી, ત્યાં સુધી તે કુંવારોજ રેહશે. તે કરાર અને વચનની રૂએ, જેહાંગીર જરને પરણી તેણીને સુખી કરી પોતે સુખી થયો.

ઍમીલી ઉરફે આંમલીબઇ એખલી પડી. ચંપાબાગ વેચાઇ ગયા પછી તે પોતાના એક દુરના ખેશીને ત્યાં સીગનપોર જઇ વસવા લાચારીએ તઇયાર થઇ. તેની ગરૂરી અને ગુમાનીને લીધે, કોઇબી તરફથી તેણીને લાભ થયો નહી. મુંબઇ જેવાં શહેરમા વસેલી, અને લાખો લાડમા ઉધરેલી, આ છીછલી છોકરીને સીગનપોર મધે પોતાના ખેશીઓ સાથ જઇ રેહવું પડયુ, અને અંતે, ચાર વરસ બાદ, એક માતબર સીગનપોરીયા જાગીરદાર સાથે તેણીને પરણવાની ફરજ પડી. આંમલીબઇના અકરાટ અને મરડાટનો તોડનાર સીગનપોરીયો હીજીભઇ ઉરફે હીજો, એક જબરો હાવકો લોડો હતો. સીગનપોરમા મુંબઇની આ શીખેલી અને કેલનાએલી ઍમીલી, આલીને નામે સાસરાંમા ઓલખાવા લાગી. આલીને 'મુંબઇના પેનડાફાટ! ને હારમુનીમ! ભુલી જવાં પડયાં! સ્કુલમા શીખેલી જીયોમૅતરી, અને આલજીબરા, તેના આ સાસરાંમા ઓરણ ઉપર વખાતાં નખાઇ ગીયાં! રંગ બેરંગી બદરંગી સાડીઓ, અને લેસ અને રીબીનના પોલકા અને ધાઘરાને, છેલ્લી સલાંમ કરવી પડી! પફ અને પાઉડરના બાકસોને ભુલી જવું પડયુ! સેંન્ટ અને લવંનડર જ્યાં ને ત્યાંજ રેહી ગીયાં, કેમકે હીજો લોઠો બુમ પાડી કેહતો, કે.—" મારા પઇસા એવા ધત્તરાટ પાછલ ખરાબ કરવા નથી." પરણવા આગમજ, હીજો ઍમીનો એસકાટ જોઇ તરખાઇ તો ગયો હતો, પણ તે ઠડેલ ઠાવકો જાણુતો હતો, કે એવી મુંબઇની ચસકેલી ધસકેલીઓને સીગનપોરનુ પાંણી પાઇ, તો સેહજમા સુધારી નાખશે. તે ઍમીલીને અવાર નવાર કહેતો કેઃ— " જોની આલી, હવે તું મુંબઇની વાતો ભુલી જા. એ, તારી વખાણાયલી મુંબઇ શહેરની આજ કાલની પોરીઓને, મનાલી મનાવી ચલાવનારો ધણી જેવા હમે નહી હો! મારા બાપ કેહેતા'તા કેઃ—

"મુંબઇ આંમ–ઓરત બનીછ સાંઢ ને મરદ થયાછ રાંડ" તે વાત તું ભુલીજ જજે હોકે! તારા મુંબઇના એસકી પોરીયાઓ કેવા ફુકકડ! 'મુંબઇ માસ્તર, હાથમા છત્તર, ને ગજવાંમા પથ્થર.' એ એવા લાડકા સક્કર ડલ્લાઓ, પોરીઓને પેટ ભરી શું જમાડતા'તા! રાંડોના એસકાટના ખરચ કરતાં પરવારે, તો પેટ ભરી જમાડે કે! વલી મુંબઇના ખરચ કેવા. "મુંબઇ માવલી, કમાએ રૂપીઓ અને ગજવામા પાવલી." વાસ્તે તું કાંઇ રીગનપોરૅને મુંબઇ સમજતી રખે હો કે!" આખરે ઍગીલી—હાલ આલી—ને સાદા સંસારમા સંતોશ સમજવાંની રફતે રફતે આદત પડી. સેરૂજતના ખેલ ન્યારા હોય છે.

રૂપસીંહની સામે ફૉરજરીવાલો કેસ ચલાવનાર કોઇ નહી હોવાથી તે છુટી ગયો, પણ અંતે તે તેવાજ કોઇ પરાક્રમને લીધે કલકત્તામા પકડાયો, અને ત્યાં તેને જનમ દેશનીકાલની સજા થઇ.

મીસીસ રૂપસીંહ એખલી પડયાથી તે રંગુન તરફ જઇ વસી. પણ તેના કરમના લેખમા લખાએલી સજામાથી તે છટકી ગઇ નહી. રંગુન મધે જે મકાંનમા તે જઇ વસી હતી, તે મકાંનમા એક રાતે બરમીસ લુટારાઓએ ધાડ પાડી. પણ પુલીસની મદદ વખતસર આવી પુગતાં, લુટારાઓ તે મકાંનને આગ લગાડી વટેલા વારી ગયા, અને મીસીસ રૂપસીંહ ઉરફે મીસ ઍનૅટ તે આગમાં બલી ખાખ થએલી બીજે દીવસે સત્તાવાલાઓને મલી આવી.

માકી ડોસાંએ મરનાર ગુલીસ્તાનની તેના મંદવાડ દરમ્યાન સેવટ સુધી કરેલી મહાવજત, અને ગુલીસ્તાંન તરફ દેખાડેલી જાંનફેસાંનીના બદલામા, તેવંનને રૂસ્તમ જામુલીએ પોતાના મરણ આગમજ પોતાની દોલતનો મોહોટો ભાગ ભેટ તરીકે આપ્યો, અને બાકીની દોલત મુંબઇની યુનીવરસીટીને આરીયું સંગીત કળાની ખીલવણીના લાભ માટે તેણે અરપણ કીધી.

બેશક, ખુબસુરત અવતરવું એ પુરૂં જનમના કરમોનો એક વારસે છે. આદમી માત્રને ખુબસુરત બનવાનો અભરખો રહે છે, અને જેઓ

ખુબસુરત નથી હોતાં, તેથીજ તેઓ બાડેની ખુબસુરતીનો ઉપ્યોગ કરે છે. પણ ઇનસાફ ખાતર કહેવું જોએ કે ગુલીસ્તાંનને તેણીના પુર્વ જનમના કરમોના વારસા તરીકે, ખુદરતી ખુબસુરતી તેના પેદા કરનારે બક્ષેલી હતી. કવી લોંગફેલોની નીચલી લીટીઓ ગુલીરતાંન જેવી ખુબસુરતીની યાદમા અરપણ કરી વાચનારની રજા લેકઉં.

'Beautiful in form and feature,
Lovely as the day,
Can there be so fair a Creature,
Formed of Common Clay.'

'Longfellow.'

સમાપ્ત.

ખતમ થતાં એક ખુલાસો.

આ વારતાના લખનારે આ સંસારની કાંહાંણીનુ સેવટ આવી રીતે લાવી રજુ કીધું છે. દરેક વારતા હમેશાં કાંઇબી મતલબથી લંબાવી જોઇએ છે. વારતા ફકત વારતા તરીકેજ જો વંચાય, અને તેમાંથી કાંઇબી ભાસ નહીં મલે એવી જો તે લખાઇ હોય, તો તે વારતા તરીકે ગણાવી જોઇએજ નહી. એટલાં માટેજ જે વારતા વાંચનારના ધ્યાંનને રોકી રાખે, અને વાંચનારના દીલને ઉસકેરી આપે, અને તેમાથી કાંઇબી ભાંસ મલે, તે લોકપ્રીય થઇ પડે છે. ખરી વારતા તેજ કેહવાય છે. એવી વારતાનેજ વાંચક વરગ પસંદ કરે છે. એક વારતાની ખરી નેમ અને એક વારતાનો પેહલો ગુણ એજ છે. જે વારતા એવી રીતની અસર વાંચનારના મન ઉપર કરે નહી, તે વારતા તરીકે લેખાતીજ નથી.

૧ ત્યારે, એવી વારતાઓ લખવામાં હું ફતેહમંદ નીવડીયો હોઉ, તો તેને માટે છાપાના અધીપતીઓના મારી વીરૂધ ટીકા લેસ ભારખી વજનદાર હોય, એમ હું માની શકતો નથી. આ બાબદની નોંધ લેવાની મને ખાસ જરૂર પડી છે, કેમુકે, રાસ્ત ગોફતાર પત્રના અધીપતી મી૦ પાલનજી બરજોરજી દેસાઇએ તારીખ ૫મી નવેંબર ૧૯૦૫ને દીને, પોતાના છાપામા મારે માથે 'દીલ ઉસકેરનારી, વાતોના લખાન લખનારનો,' આરોપ મેલેલો છે. મારા બચાવમાં કોઇબી બાબદનો જાહેરમાં જવાબ હું કદીબી આપતોજ નથી. અને આપવાની જરાબી દરકાર કરીશ નહી. મારી વારતાઓ હું ચોક્કસ સંસારી સવાલો અને ચોક્કસ સંસારી બદીઓ ઉઘાડી પાડવાની મતલબથીજ લખતો આવેલો છેઉ. પણ 'પ્રોગ્રેસીવ' નીયમવાલા લેખકોની નજરમાં તે અગરજો ગેરવાજબી લાગતું હોય, તો તેમાં મારો કસુર બીલકુલ નથી. હું એવું માનનારાઓમાંનો એક છું, કે કોઇપણ કીસમની સંસારી બદીને, જાહેરમાં ફોડી દીધાથી, તેનો અટકાવ થાય છે. જેમ એક ઘુમડાં માહેલુ પરૂ ફોડીને કાહડી નાંખ્યાથી તે રોગ દુર થાય છે, તેમ સંસારી બદીને સુધારવાનો એ ઇલાજ હું મોતેબર સમજુ છું.

"The diseases of the Society cannot be cured or prevented without being spoken in plain Language."

John Mills Stuart.

એટલા માટેજ મારી વારતા ઉપર જો દીલ ઉસકેરવાનું તોહોમત મેલવામાં આવતું હોય, તો તે કેટલુ ખરૂં અને કેટલું વાજબી છે, તે હું દાનેશમંદ વાંચનારની મુનસફી ઉપર સોપું છું.

વારતા લખવાનું કાંમ શરૂ કીધાને મને લગભગ પા સદી થઇ ગઈ છે. તેમજ જાહેર છાપા સાથના મારા સંબંધને પણ લગભગ તેટલો વખત થયો હશે. એ દરમીયાન મેં અનેક વારતાના પુસ્તકો પ્રગટ કીધાં છે. યશંમનો ખસમ ૧૯૦૬ના સાલનું મારૂં પેહલ્લું પુસ્તક છે. એક વારતા લખનાર તરીકેના મારા પચીસ વરશના અનુભવ પછી, મારે થોડોક આંગત ખુલાસો મારા અંગત વીચારોના સંબંધમા ભવીશમા થતા ગુંચવાડા માટે કરવો જરૂરનો છે.

૨ કેટલાકો એવું ખોટું ખાઇ ગયા છે, કે મારી વારતાના પાત્રોના મોહોડાંમાથી નીકલતા વીચારો, તે મારા પોતાના વીચારો છે. પણ તેમના આવા વીચારો બીલકુલ ખોટા છે. એક વારતામા ચરચાતા સવાલની બંને બાજુ ઉપર અજવાલું નાખવાની તે વારતાના લખનારની ફરજ છે. તેથી એમ નકકી થતું નથી, કે તે વીચારો લખનારના પોતાના છે. ગંગાબાંણુવાલી મારી વારતામા, પારસી સ્ત્રીઓ નાટક કરી શકે યા નહી, તે સવાલને મેં બંને બાજુથી ચરચલો છે. કંમનસીબે તે વારતા લખાયા પછી, એક પારસી સ્ત્રી નાટક તખતા ઉપર નીકલી. તે કંમનસીબ બનાવને જડમુલથી ઉખેડી નાખવા, મારા મીત્ર મી૦ શાપુરજી બેહરાંમજી કાતરકની સામેલગીરી સાથ એકમત બની સર જમશેદજી જીજીભાઇ બારોનેટના પ્રમુખપદ હેઠલ, પારસી અંનજુમનની એક જાહેર સભા મેલવી, એક જાહેર ભાશાંણ મેં ફ૦ કા૦ હૉલમાં આપ્યું હતું. તે યાદગાર સભાની ચરચા લંબાવવાની જરૂર નથી. પારસી કોમની બહેતરીનો તે સવાલ હતો. સેવકને કાંઇ એવીજ અવલી બુધી સુજી, અને તે ઉપરથી હાંમ ભીડી, તે બનાવની વીરૂધ મારો અદના

પુકાર જાહેર સમક્ષ રજુ કીધો, કે જો પારસી સ્ત્રી પારસી સંસારની આજની હાલત જોતાં, નાટક કરવા નીકલે, તો કોમમા એક ખાનેખરાબીભરી બદીની શરૂઆતનું બીજ રોપાય. કોમના મોહટા ભાગનો પણ એવોજ વીચાર હતો, અને પારસી પ્રજામત પણ તેવુંજ હોવાથી, અંતે તે મતની જીત થઇ હતી. પણ બાપરે—બાપરે—પેલી કેહતી તુરતજ મને યાદ આવી, કે 'ધરમ કરતા કરમ નડે.' પારસી નાટકકાર સ્ત્રીની બલા આવી મારે પગે વલગી. પરીણામ એ આવ્યું, કે છાપાવાલાઓમા એ સવાલે મતફેરી ઉભી કીધી. દોસતોની દોસતીમાં ફાટ પડી! કોઇના નસકોરાં વલ્લાં થઇ, ફુંફાડા ચાલવા લાગ્યા, કોઇ હસ્તાં ડાચાં રડતાં થઇ ગીર્યા! કોઇની દાલ વસનાઇ ગેઇ, અને કોઇની દાલ બીલકુલ બરી ગેઇ! આપણ શું કરીએ! સુધારાવાલા દોસતોની સંફમાં મારા-જેવો એક જુના વીચારવાલો કેમ શોભે? હશે! મુકો પડતા, ને ચાલો આગલ! આંપણ તો અનેકવાર કેહી ચુકયા કે, ના ભાઇ, મારૂં અંતઃકરણ જે કહે તેજ મારે તો કરવું. સુધારાને હું પસંદ કરનારો ખરો, પણ હું સરવે વાતમાં મધ્યમપણુજ પસંદ કરનારો. હદ બાહારનું છુટાપણુ પારસીઓના સંસાર સુખની ખુવારી કરનારૂ છે. તમે જાણુતા નથી? 'Liberty! how many Crimes are committed in thy name?'

પણ હું જુદે રસ્તે ઉતરી પડતો હોઉ એમ મને લાગે છે. મારા એવા વીચારોને લીધે, મારા સુધારાવાલા મીત્રો મને તજી ગીયા! સુધારાવાલી મીત્રબેહનોના ટીચકું જરા ચંકઇ ગીયાં! કાંય? તો કેહજો તમો તો સ્ત્રી સુધારાની વીરૂધ છો ... ચુવા છુટા!

પણ થોડાજ વખતમા તે મીત્રો માહેલા થોડાકે પોતાની ભુલભરી તકરારનુ તકલીફીપણુ જોઇ લીધું, કેમકે થોડાજ વખતમા પારસી સંસારમા બનેલા કેટલાક નાખુશ બનાવોથી, તેમની ખાતરી થઈ, કે હદ વીનાનો સુધારો પારસી કોમની ખરાબી કરી રેહ્યો છે. ઓ! મારી આંખોથી તમે જુવો. હું જે જોતો રેહો છું, તે તમે જુવો. હું જે જાણું છું તે તમે જાણો, અને પછી–પછીજ તમો તમારી કોમના સંસારની ખરી ખાંમી અને ખુવારીથી જાણીતા થશો. ત્યાં સુધી તો નહીજ.

પછી સાહેબને કેહુ, કે તે ભાશાંણ થયું, અને પરીંણામમા પારસી સ્ત્રી નાટકકાર, નાટક તખતા ઉપરથી નાબુદ થઇ ગઇ.

તે હીલચાલમા જામે જમશેદે પારસી કોમની જે બેમુલ સેવા બજાવી છે, તેની મારે આ ઠેકાંણે નોધ લેવી જોઇએ છે. પણ જામે જમશેદની એ હીલચાલ કોઈ કોઇ ઠેકાણે રૂચી નહી. મારા વીરૂધીઓએ તે વખતે પારસી સ્ત્રી નાટક કર્યું, તે બાબે મારી ગંગાબાંણવાલી વારતામા આવેલાં પાત્રોના મોહોડાંમાં મેં આંપેલા બોલો, તે મારા અંગત વીચારો છે, એવી દલીલ રજુ કરવાની, તેઓએ તે વખતે તજવીજ કરી હતી. જાહેર પ્રજાને મારે આ પ્રસંગે જણાવવું જરૂરનું છે, કે મારી વારતામા મેં ચીતારેલા વીચારોમા કયા વીચાર મારા પોતાના છે, તે તો મારાં જાહેર ભાશાંણોની નોધજ કહી આપે. આ ખુલાસાની જરૂર એટલાંજ માટે પડી, કે પારસી સંસારનો અભ્યાસ આજ હું વરશોથી કરવા પડયો છું, અને પારસી સંસાર ઉપર મને જાહેર ભાશાણ આપવાં પડતાં હોવાથી, મારી વારતાનાં પાત્રોના મોહોડાંમાં આપેલા વીચારો,

જો કે તે મે પોતે લખેલા હોવા છત્તાં, મારા પોતીકા વીચારો તે હોય, એમ માની લેવાની કાંઇ જરૂર નથી.

૩ એ પછી મારી વારતાને આપવામા આવેલાં નાંમો ઉપર નનામા હુંમલા, જાહેર છાપામાં થયા હતા. દલગીરી સાથે મને નોધ લેવી પડી હતી, કે તે હુંમલા એક મીત્રનીજ કલમથી લખાતા પેલાં રાસ્ત ગોફતાર છાપામાં થયા હતા. અને તે બી—નનામા હુંમલા! એ હુંમલા અગર લખનારના નામ સાથ થયા હોત, તો દીગર સવાલ હતો. અસલ ફરીયાદ એ હતી, કે કાલાં મેંઢાં, અને ઝંન-મુરીદ, એવે નામે અગાઉ બે નાટકો થઇ ગયલા હોવાથી, મેં તેવે નામની બે વારતા લખી, તે નાટકોના નાંમોનો મેં ઉપયોગ કીધો, માટે—મને ફાંસીને લાકડે એકદમ ચહડાવી દેવો જોઇએ! આગલાં વરશોમા થઇ ગયલા આ નાટકોને આધારે જો મારી વારતા મેં લખી હોતે, તોબી આ ફરમાસુ દીલલી નીભી શકતે નહી. વારતાઓ જે મતલબ અને નેમથી લખાય, તો તેને તેવાંજ નાંમ અપાવાં જોઇએ. તેવાં નાંમ આપવામા કાંઇ ગુનેહગારી થતી નથી. અને જો તેમા ગુનેહગારીજ થઇ હોય, તો તેવી કસુર કરનારાઓ ઉપર જાહેર છાપામા થતા હુંમલા નનામે લખીને કરવા, અને કરવા દેવા એ કેવલ નામુનાસેબ લેખાય છે.

છાપાના અધીપતીઓનુ બલ અજીત કહેવાય છે. કયાં સુધી? જ્યાં સુધી તેઓ હાથમા કલંમ પકડી બેસે છે ત્યાં સુધી, પણ ઘણીક વાર એ કલંમ પ્રજાને તરાસદાયક થઇ પડે છે. ઘણીક વાર તેઓ પોતાને મન ગમતું લખાંન વીરૂધમા ચીતરી કાહાડે છે, પણ જ્યારે તે લખાંનની કેટ પકડી સાંમો ધણી પોતાના બચાવમા

તેઓ ઉપર વીગતવાર ખુલાસો લખી મોકલી તે છાપાનાં અધીપતીને છાપવાની અરજ કરે છે, ત્યારે પોતાની વીરૂધમાં જતો ખુલાસો અધીપતીઓ નહી છાપતાં ટુકમા પતાવે છે કે 'હમારી પાસ જગા ફાજલતુ નથી,' યા તો જો છાપે છે તો નહી છાપવા જોગ ખુલાસો છાપી, છાપવા જોગ ખુલાસો રદ કરી છાપવાને ના પાડે છે. છાપાના અધીપતીઓની આવી 'વર્તાણુ ખરેખર વાંધાભરી કહેવાય. જો તેઓ સાંમા ધણી ઉપર હુંમલો કરે, તો તેનો ખુલાસો પણ તેઓને બોલેબોલ છાપવો ઘટે છે.

દાંનેશમંદોની આ શીખાંમણ છે, કે જેની દોસ્તીમા નફો નહી, તેની દુશમનીમા નુકસાંનબી નહી. નફા અને નુકસાંનનો આ હીસાબ જીકર કરનારાઓએ ધ્યાંનમા રાખવો સજાવાર છે. મારા મીત્રોને મારી અરજ છે, કે મતફેરી થયાથી દુશમનીની હદ બાહાર દોડી જવામા તેઓ કાંઇજ નહી, પણ પોતાના મંનની નબલાઇ દેખાડે છે. તકરાર કરવાના તરીકા છે. તે તરીકાને ધોરણે વીચારો દરશાવી શકાય છે. નામુરાદી અને નાસીપાસી અગરજો સર ચહડી હોયં, તો તેવાં દરદોઆલમને દુર કરવાના બીજા બહેતર ઇલાજો, નીરાંતે વીચાર કરતા ઝટ યાદ આવશે. પણ એવી નીરાસી અને નાસીપાસીના ઝેનમા આવી જઇ તમુને નહી છાજે એવાં કંઇ પગલાં તમો બીજાઓ તરફ ભરો, તે આગમજ મારી તમુને ભલામણ છે કે નીચલા હરફોને તમારો મુદ્રાલેખ બનાવી દો.

"Oh wad some power the giftie gie us
To see oursel's as others see us!
It wad frae monie a blunder free us."
And foolish notion.

—*Burns.*

સરવે ચીજની હદ હોય છે. હદમાજ મજાહ પડે છે. પ્રેમ પ્રીત, અને લોભ લાભણી હદમાજ મોજ આપે છે. પણ તેજી જ્યારે હદ ઓલંગી જાએ છે, ત્યારે જીવનો કાળ થઇ પડે છે.

ધ. ન. પટેલ.

ફોરાસ રોડ—મુંબઈ.

ઍડવર્ડ બીલ્ડીંગ.

સોમવાર, તા૦ ૧૮ મી જુન ૧૯૦૬.

એજ કરતાની લખેલી વારતા.

થોડીજ નકલ બાકી છે.

કાળાં મોંઢાં—(સમપુરણ-વારતા) રૂ. ૨ (કીંમત વધારી છે.)

કલીયોપેત્રા—(ચીત્રો સાથ-બીજી આવ્રુતી) રૂ. ૨

કળાવંત—(આરીય સંગીત કળા) રૂ. ૨

પારસી પેગંમબર જરથુસ્ત્રા. (જરથોસ્તી
ધરમ માટે યુનાનીઓની પવીત્ર લડાઈઓના લશકરની
ગોઠવણુવાળા નકશાઓ સાથે.) રૂ. ૧

☞ ચાર પુસતકોનો સામટો લૉટ રૂપીઆ પાંચમાં કરતા પાસથીજ મળશે. પોસ્ટેજ ઉપર. છુટક નકલ કીંમત પ્રમાણે.